

તારીખે અવલિયા એ ગુજરાત

મિરાતે અહમદી (પૂરવણી)

ભાગ-૩




તારીખે અવલિયા એ ગુજરાત
મિરાતે અહમદી (પૂરવણી)
ભાગ-૩
હઝરત અબ્દુલ્લાહ બુરહાનુદ્દીન
કુતબેઆલમ(વટવા)
હઝરત શેખ અહમદ ગંજબખ્શ ખટ્ટૂ
(સરખેજ)

realpatidar.com

તારીખે અવલિયા એ ગુજરાત

મિરાતે અહમદી (પૂરવણી)

ભાગ-૩

મૂળ ફારસી લેખક
મિરઝા મુહમ્મદ હસન
ઉર્ફ
અલી મુહમ્મદખાન બહાદુર

ગુજરાતી અનુવાદ
કાઝી મુહમ્મદ નિઝામુદ્દીન ચિશ્તી ફારૂકી

સંકલન કર્તા
શાહિદ અહમદ જી. કલીમી

પ્રકાશક
એન.બી.એસ. બુક ડીપો
મોરકસવાડ, મીરઝાપુર
અહમદઆબાદ- ૩૮૦૦૦૧ (ગુજરાત)

આ પુસ્તક

હું મારા મર્હુમ પિતા

જનાબ અલ્હાજ ગુલામનબી

''જમીલ'' કલીમી

અને

મારી માતા મર્હુમા હુસેનાબીબી

ગુલામનબીને અર્પણ કરૂં છું.

જેમની અથાગ મહેનત અને દુઆઓના

પરિણામે આજે હું આ દરજ્જાએ

પહોંચ્યો છું.

શાહીદ કલીમી

પુસ્તકનું નામ	:-	તારીખે અવલિયાએ ગુજરાત મિરાતે અહમદી (પૂરવણી)
મૂળ ફારસી લેખક	:-	મિરઝા મુહમ્મદ હસન ઉર્ફ અલી મુહમ્મદખાન બહાદુર
ગુજરાતી અનુવાદ	:-	કાઝી મુહમ્મદ નિઝામુદ્દીન ચિશ્તી ફારૂકી
વેરીફીકેશન	:-	પ્રો.મેહબુબ હુસેન એ.અબ્બાસી
સંકલન કર્તા	:-	શાહિદ અહમદ જી.કલીમી
પ્રકાશન	:-	નંબર-૪
નકલ	:-	૧૦૦૦
એડિશન	:-	પ્રથમ આવૃત્તિ ૧૯૨૩ બીજી આવૃત્તિ. ૧-૫-૨૦૦૯
પેજ	:-	૧૮ + ૩૧૦
કિંમત	:-	રૂા. ૨૦૦/- (પોસ્ટેજ ફ્રી)
ટાઇટલ પેજ	:-	ભાવના રામરખિયાણી
કોમ્પ્યુટર કંપોઝ	:-	જે.કે.કોમ્પ્યુટર ગ્રાફિકસ, ફોન.૨૫૫૦૦૧૧૦
પ્રિન્ટર્સ	:-	કલીમ બુક ડીપો એન્ડ ઓફસેટ પ્રિન્ટર્સ, ખાસબજાર, ત્રણ દરવાજા અહમદઆબાદ - ૩૮૦૦૦૧ ફોન નં. ૨૫૩૫૦૦૫૬

વિષય-સૂચિ

મીરાતે અહમદી (પૂરવણી) B

ઈચ્છા પૂર્ણ થઈ રહી છે

મારી યુવાનીથી એક શોખ અને દિલમાં એક ચિન્ગારી હંમેશા પ્રગટ થતી રહેતી કે ગુજરાતીમાં ગુજરાતના ઈતિહાસ ઉપર પુસ્તકો પ્રગટ થવા જોઈએ.

જ્યારે જ્યારે મારી દુકાનમાં કોઈ ગ્રાહક ગુજરાતીમાં 'મિરાતે સિકંદરી' કે 'મિરાતે અહમદી' અથવા' મિરાતે અહમદીની પુરવણી' વિશે પૂછવા આવતો તો મને ઘણો આઘાત લાગતો. હું આવા પુસ્તકો માટે ગુજરાત વિદ્યાસભામાં પ્રેમાભાઈ હોલમાં પણ ગયો, અને શ્રી જખાનિયાં સાહેબ જે એકાઉન્ટન્ટ છે, એમને પણ વાત કરતો રહ્યો કે આપ અપ્રાપ્ય પુસ્તકો પ્રિન્ટ કરો પણ કદાચ વહીવટી કારણોસર એમણે પણ મારી વાત ઉપર ધ્યાન આપ્યું નહીં. ગુજરાત વિદ્યાસભામાં જે જે પુસ્તકો મને મળ્યા, મે તેને ખરીદી ઈતિહાસ પિપાસુઓની પ્યાસ બુઝાવી, પણ મને એનાથી સંતોષ થયો નહીં.

આ દરમ્યાન મારી પાસે જૂની 'મિરાતે સિકંદરી' ગુજરાતીમાં મળી મેં એને સંભાળીને રાખી.

સમય વિતતો ગયો અને ઘણાં વર્ષો પછી સરખેજ રોજામાં લાયબ્રેરીને વ્યવસ્થિત કરવાનું કામ મેં સ્વૈચ્છિક રીતે હાથમાં લીધું અને સાથે સાથે ત્યાં રોજા કમિટી તરફથી પુસ્તક વેચાણ કેન્દ્રની સ્થાપના કરી.

મારા લાયબ્રેરીના કામથી સરખેજ રોજા કમિટીના માનનીય પ્રમુખ અલ્હાજ અબરારઅલી એસ.સૈયદ કે જેઓ એક પ્રખ્યાત સિવિલ લોયર છે તે ઘણાં પ્રભાવિત થયા. મેં પ્રમુખ સાહેબને મિરાતે સિકંદરી ગુજરાતીમાં છપાવવા અંગે વાત કરી અને પુસ્તક પણ વાંચવા માટે આપ્યું, એમને ઘણું પસંદ પડયું અને આમ મારી ઐતિહાસિક

પુસ્તકો પ્રગટ કરવાની ઈચ્છા પૂર્ણ થવાની શરૂઆત થઈ. એ પછી સરખેજ રોજા કમિટી અને કલીમ બુક ડીપોના સંયુક્ત પ્રકાશનરૂપે 'મિરાતે અહમદી' પ્રકાશિત થઈ અને હવે આપની પાસે લઈને આવ્યા છીએ 'મિરાતે અહમદીની પૂરવણી' જેમાં ગુજરાતના તે સમયના ઔલિયાઓના હાલાત છે. એ સિવાય ગુજરાતમાં તે સમયનાં શહેરો, નિવાસીઓ, ધર્મધામો, મંદિરો, તીર્થધામો, રસ્તાઓ, તળાવો, વાવો, કૂવાઓ, તોલમાપ, નાણું વગેરેની સંપૂર્ણ માહિતી છે. જે ઈતિહાસપ્રેમીઓ માટે એક નજરાણું છે.

ઉમ્મીદ છે કે મારી આ ઐતિહાસિક કોશીશને આપ જરૂર પસંદ કરશો.

સરખેજ રોજા કમિટી તરફથી હવે ઈન્શાઅલ્લાહ નજીકના ભવિષ્યમાં 'તારીખે મુઝફ્ફરશાહી' ગુજરાતીમાં પ્રગટ થશે.

આ પુસ્તકોના પ્રકાશનમાં જે જે લોકોએ મને સાથ સહકાર આપ્યો છે તેમનો હું શુક્રિયા અદા કરૂં છું. ખાસ કરીને પ્રો. મેહબૂબહુસેન અબ્બાસી સાહેબનું જેઓ આ ઐતિહાસિક ગ્રંથ તથા આની પહેલાના ગ્રંથોમાં મને ખૂબ જ મદદ કરી રહ્યા છે.

૧૫-૮-૨૦૦૮ પ્રકાશક

ભાષાંતરકર્તાની પ્રસ્તાવના

સંસાર ચક્રને જોતાં સાંભળી આવે છે કેઃ-

ઝમીનો ચમન ગુલ ખિલાતી હે ક્યા ક્યા,
બદલતા હે રંગ આસમાં કૈસે કૈસે.
કહાં તાજે ખુસરવ કહાં જામે જમ હે,
મીટે નામવર કે નિશાં કૈસે કૈસે.

સુજ્ઞ વાંચકો અને ઈતિહાસ અભિલાષીઓ, આ મિરાતે એહમદીનો બીજો ભાગ છે. પહેલો વિભાગ નગર રચનાનો છે. ઘણા હર્ષભેર પવિત્ર મહાત્માઓએ પાયો નાખ્યો છે. જોશીઓએ શુભ ઘડી વર્તી છે, શહેર વસ્યું, હિંદુ મુસલમાનોની વસ્તી છે, યહુદીઓ, ખ્રીસ્તીઓ, પારસીઓનું નામ સંભળાતું નથી. લક્ષ્મી ભરપુર છે ને તે અહીંની અહીંજ વપરાય છે. આપણો વહેવાર દેશાવર સાથે પુર્ણ પ્રફુલ્લિત છે. રૈયતથી આસૂદા ઓર બેખતર, ન ગમ મુફલિસીકા, ન ચોરીકા ડર. આપણી ભાગ્યરેખાને વધારે લખતાં જગ્યાની સંકોચાઈને લીધે કલમને રોકવી પડે છે. આ ગુજરાતી સુલ્તાનોનું રાજ્ય હતું.

તે પછી દીલ્લીનો દોર થયો, સુલ્તાનોની જગ્યાએ સુબા આવ્યા, ધન દીલ્લી જવા માંડ્યું, પણ સુબાઓ, રાજકુંવરો આવવા લાગ્યા, પછી વઝીરો થયા. આપણે સમુદ્રના રક્ષક હતા, તે દીલ્લીવાળા થયા. આ પુસ્તકનો ઘણો ખરો ભાગ મરેઠાઓની લુંટફાટનો હતો કે જેથી પ્રજા ઘણી પીડાઈ, બગીચા ઉજડ, મહેલો દિપકરહીત અને પુરાંઓ કબ્રસ્થાન થઈ પડ્યા.

અવલીઆ અવલોકનમાં શાહ અબ્દુલ વહાબ સાહેબ, સૈયદ અબ્દુલ ફતાહ સાહેબ, કડી-માંગરોલવાળા શાહ કાઈમુદ્દીન ચીશતી સાહેબ, કડીમાં બાલાપીર, ઉનાવામાં મીરાં સૈયદઅલી દાતાર, મેસાણામાં ગોદડ શાહ, પીંચાલમાં બાવા સૈયા, રાધનપુરમાં દાતા મહાવલી,

ભડીઆદમાં પીર મહમુદશાહ બુખારી, ગેબનશાહ, બાવા ઢોકલ, બાવા લતીફ, સૈયદ મીઠાઈ સાહેબ, શેત્રંજામાં અંગારાશાહ, દ્વારીકામાં હાજી અલી, ભરૂચમાં બાવા પ્યારા, બીબી ફતેશાહ, સુરતમાં ખાજા દાના સાહેબ વિગેરેની નોંધ લીધી નથી.

આ બસેં વરસ ઉપરનું અહમદઆબાદ તમારી રૂબરૂ છે. હવે ઈતિહાસની સાંકળ શ્રીમંત નવાબ સાહેબ મુહમ્મદ જલાલુદ્દીન ખાન સાહેબ બહાદુર રાધનપુરના નવાબ સાહેબે **મિરાતે જલાલી** નામનું પુસ્તક તૈયાર કરાવ્યું છે તેથી જોડાઈ જશે. મિરાતે સીકંદરી સને ૧૦૦૦ હિજરી સુધી, મીરાતે અહમદી સને ૧૧૩૬ હજરી સુધી ને મિરાતે જલાલી ૧૯૧૯ ઈસ્વી સુધી છે.

આ કામ માત્ર દેશ સેવા અને સાહિત્યમાં સહાય અર્થે કરેલું છે તે સજ્જનોને પસંદ આવે ને ખપ પડે કામ લાગે એવી આશા છે.

ભુલચુકની માફી ચાહનાર

દરગાહની પાસે — કાજી મુહમ્મદ નિઝામુદ્દીન
શાહપુર — અહમદઆબાદ. — ચિશ્તી ફારૂકી.
તા. ૧૪ જુલાઈ ૧૯૧૯.

પ્રસ્તાવના

'મીરાતે અહમદી'નો પહેલો ભાગ પ્રગટ કર્યાને ઘણો વખત થઈ ગયો છે. આ બીજો ભાગ પણ પ્રસિદ્ધ થઈ ગયો હોત પણ કેટલીક મુશ્કેલીને લઈને આ પુસ્તક બહાર પાડતાં વાર લાગી છે, તે માટે વાચકવર્ગમાં કચવાટ તો થયો હશે, પણ ઐતિહાસિક ગ્રંથોના વેચાણમાં જે નિરાશાજનક મંદી જોવામાં આવે છે અને ઈસ્લામીઓ તરફથી પણ ઉત્સાહ અને સહાયકવૃતિની જે કમનસીબ ખોટ આડે આવે છે, તે જોતાં અમારા વિલંબ માટે ફરિયાદનું કારણ નહિ રહે.

પહેલા ભાગમાં મુસલમાન રાજસત્તાનું બારીક અવલોકન કરવામાં આવ્યું હતું, ત્યારે આ ભાગમાં પુરાતન અહમદઆબાદનું વીગતવાર વર્ણન આપવામાં આવ્યું છે. શાહી જાહોજલાલીની યાદ દેવડાવતું આ શહેર પહેલા હતું તેવું બતાવવામાં આવ્યું છે. અલબત, આજની મૂડી મજુરીએ જમાવેલ મીલોનાં ચિત્ર તેમાં નથી, તો પણ રાજનગરની આગલી સમૃદ્ધીનું ટુંક બયાન તો છે. તે ઉપરાંત અવલિયા અલ્લાહ અને સંતપુરૂષોનાં વૃતાંતોનો સારો સંગ્રહ પણ આપવામાં આવ્યો છે કે જે ખાસ કરીને મુસલમાનો માટે બહુ ઉપયોગી નિવડશે એવી આશા છે. હિંદુ મુસ્લિમ વસ્તી, તેમના ધર્મ, આચાર વિચાર, તેમનાં ધર્મધામ, તીર્થ, દેવસ્થાનો, કુંડો, મેળાઓ વગેરેનો એહવાલ જુદો આપવામાં આવ્યો છે. વળા મુસલમાન રાજ્ય દરમીયાન ચાલતા વહીવટ, અધિકારીઓનાં કામકાજ તેમજ જુદાં જુદાં ખાતાઓની નોંધ લેવામાં આવી છે અને તે સાથે ભૂમિ વિભાગોની માહીતી આપવામાં આવી છે. આવી રીતે ગુજરાત વિષેની સર્વ જાણવા જોગ બાબતોનો આ ભાગમાં સમાવશ કરવામાં આવ્યો છે. આખું પુસ્તક ફારસીનો અનુવાદ છે કોઈ કોઈ જગોએ અનુવાદકે પોતાના તરફથી ફુટનોટ લખી છે.

આ પુસ્તકમાં ભાષાંતરકર્તાની પ્રસ્તાવનામાં આવેલ ઈસ્લામી બુઝુર્ગોની નોંધ નથી. પણ ઈ.અ. બીજી આવૃતિમાં તે ખોટ પૂરી પાડવાનો પ્રયાસ કરવામાં આવશે. તે માટેની હકીકતો કે સૂચનો મોકલનારાઓના અમો આભારી થઈશું.

પહેલા ભાગને જો કે કંગાલ આવકાર મળ્યો તોપણ આ ભાગ બહાર પાડવાની અમોએ હિમ્મત કરી છે, તેમાં અમારો આશય ઈસ્લામી તવારીખી પુસ્તકોનો શોખ ઉત્પન્ન કરવાનો છે. આ પુસ્તકને વાંચનાર દરેક આ કામમાં સહાય આપશે એવી અમોને આશા છે. ખાસ કરીને અહમદઆબાદના ઈસલામીઓ પાસે તો આ ગ્રંથની એકેક આવૃતિ હોવીજ જોઈએ.

આ પુસ્તકની અર્પણપત્રીકા ઉત્તર વિભાગના લોકપ્રીય કમીશ્નર મી. પ્રાટએ સ્વીકારી છે, કે જેની આ શહેર માટેની જ નહિ પણ આમ પબ્લિક માટેની સેવાઓનું સ્મરણ વસ્તીવર્ગના હૃદયમાં એક કીમતી ખજાના માફક જળવાઈ રહેશે. તેમની આ માયાળુ મંજુરી અમારા પ્રત્યેની સ્નેહભરી લાગણીની એક નિશાની રૂપ છે.

આ સ્થળે અમે આ પુસ્તકના માનવતા બુઝુર્ગ અનુવાદક કાઝી મુહમ્મદ નિઝામુદ્દીન સાહેબ ચિશતી ફારૂકીનો આભાર માનીએ છીએ. તેમની માતૃભાષા ગુજરાતી નહિ હોવાથી જો ભાષાદોષ જણાય તો તે સુજ્ઞ વાંચક વર્ગ દરગુજર કરશે.

પ્રથમ

૧૧.મે. ૧૯૨૩. પ્રકાશક

તારીખે અવલિયા એ ગુજરાત
(મીરાતે અહમદી પુરવણી)
અથવા
(ગુજરાતનો ઈતિહાસ) ભાગ ૩ જો.

વિભાગ ૧ લો. અહમદઆબાદ શહેર.
શહેરની શોભા.

પ્રખ્યાત શહેર અહમદઆબાદની રચના, લંબાઈ, પહોળાઈ, કોટ, પુરાઓના નામ, બગીચાઓ, અવલીઆ લોકોની દરગાહો, દેવસ્થાનો, તથા હિંદુઓના તિર્થો, સરકારી પ્રગણાઓ, હોદ્દાઓ, ફોજદારીઓ, થાણાઓ, તથા થોડાક છુટક વિષયના વર્ણનની શરૂઆત મારી યોગ્યતા અને મને મળી આવેલા સાધનોથી તે દરેક યોગ્ય સ્થળે લખવામાં આવ્યા છે.

હવે જાણવું જોઈએ કે, આ પાનાઓ લખતાં કેટલીક હકીકત પૂર્વણી ભાગમાં લેવામાં આવી છે, કેમકે મારા ઈતિહાસની સાંકળ સદાએ ભવિષ્યમાં બનતા બનાવોથી આ શહેર આબાદ રહે ત્યાં સુધી જોડાયલી રહી છે, અને તેથી આ દેશના બનાવોની નોંધ ત્યાં સુધી ચાલુ રહી સંબંધ રાખશે અને જ્યાં સુધી મારી જીંદગી ટકી રહેશે ત્યાં સુધી એ કામ હું કરતો રહીશ, અને એક પણ બનાવની નોંધ ખોઈ નાખવામાં આવશે નહિં. તેમજ નવરાશની વેળામાં આ કામ કરતાં મને કંઈ પણ રોકાણ થવાની નથી. અને હું સઘળું લખાણની દોરીમાં પરોવી લઈશ. અને ત્યાર પછી જે કોઈ માણસની ઈચ્છા તથા આ કામ વિશે લક્ષ હશે તે લખ્યા વિના રહેશે નહિ.

કવિત : હવે તેં દિલ સાથે ઉમર ઉપર આશા રાખી છે પરંતુ આ આયુષ્ય તો થોડાક શ્વાસ સિવાય બીજું કંઈ પણ નથી; હવે શ્વાસ ઉપર જ્યારે ઉમરનો પાયો નાંખવામાં આવેલો છે ત્યારે જીંદગી સઘળી બરબાદ છે. (બરબાદ : બર - ઉપર, બાદ - હવા)

શોભાયમાન અહમદઆબાદ શહેર.

નવા ઈસ્લામી શહેરો પૈકી આ એક શહેર છે અને તે બીજા ખંડમાં છે કે જે ખંડનો સંબંધ બ્રહસ્પતિથી છે અને લંબાણમાં અઠાવીશ રેખા અને અઢારમાં ભાગ ઉપર અને પહોળાઈમાં ત્રેવીશ રેખા અને પંદરમાં ભાગ ઉપર આવેલું છે અને દિનમાનની પુરી લંબાણ ત્રેવીશ ઘડી અને પાંચ પળની થાય છે અને પુરી ટુંકાઈ છવીશ ઘડી અને વીશ પળની થાય છે.

મુઝફ્ફરશાહના પૌત્ર સુલ્તાન અહમદે તેને વસાવવાની હીંમત કરી હતી, આ વિશે તેની બાદશાહતની હકીકત લખતાં વર્ણન આવી ગયેલું છે. એવું કહે છે કે, ૮૧૩ હીજરીમાં તેનું તખ્તનશીનીનું પહેલું વર્ષ હતું. તે વખતે પોતાના પિત્રાઈ ભાઈ ફિરોઝના દિકરા મોદુદની લડાઈની અગ્નિ ઓલવ્યા પછી અસાવલ કસ્બામાં આવી આશા ભીલને પકડી કેટલાક દિવસ સુધી સાબરમતી નદીના કિનારા ઉપર મુકામ કરી રહ્યા હતા. આ ઠેકાણાના હવા પાણી એને ઘણા પંસદ પડ્યા, તેથી તે નદીના પૂર્વ ભાગ ઉપર અસાવલની પાસેની બાજુએ સપાટ, દ્રષ્ટિ પસંદ અને મન વલણ જગા ઉપર તેનું દિલ ચોંટ્યું, તેથી ઈશ્વરી શોધના કરનારાઓમાં દીપક સમાન **સરખેજવાસી શેખ અહમદ ખટ્ટુની સલાહથી કલ્યાણ કારી ગુરૂવારે માહે જીલકઅદની ત્રીજી તારીખે એટલે જોશીઓની નોંધના મહુરત પ્રમાણે સંવત ૧૪૪૯ વિક્રમાદિત્યનું અને ૧૧૧૪ શાકે શાલીવાહનના દિવસે પંદર ઘડી પાંત્રીશ પળ દિવસ ચઢ્યા પછી પોષ નક્ષત્રમાં અને ચંદ્ર કર્ક રાશીમાં પ્રકાશી વિરાજતો હતો તે વખતે પાયો નાખ્યો.**

૨ સિંહ, ૩ કન્યામાં કેતુ ૪ તલા ૫ વૃશ્ચિક અશ્વપતિ હોવાના લીધે બ્રહસ્પતિને ઘણી ખુશ ખુશાલી હતી. ૬ ધનમાં શની દુશ્મનનું ઘર સત્યાનાશ કરવા બેઠેલો ૭ મકરમાં મંગળ લોહી પીનારો હાથમાં તલવાર લઈ મદદ કરવા ઉભેલો ૮ કુંભ ૯ મીનમાં બુધ સોનેરી લેખણથી કેતુની સાથે હતો. ૧૦ મેષમાં રવી પૃથ્વી વાળનાર રાજસત્તા લઈ બીરાજેલો હતો ૧૧ વરખમાં શુક્ર ખુશીના મનસુબાની ઉદારતા કરતો હતો. ૧૨ મીથુન.

આ જગ્યા પટમાં સાતે ગ્રહ આવી રીતે બાર રાશીઓમાં ફરતા હતા. અને તે વખતે શહેર અહમદઆબાદ વસાવવાની પહેલી ઈંટ પાયામાં મૂકવામાં આવી.

એવું કહેવાય છે કે, આ શહેરની રચનાનો રંગ ચાર માણસો જેમના નામ અહમદ (વખણાયલા) હતા તેમના હાથે રેલવામાં આવ્યો,

પહેલો અહમદ - શોધક શીરોમણી શેખ અહમદ ખટુના હાથમાં દોરડીનો એક છેડો હતો. (સરખેજમાં આપનું મઝાર શરીફ છે)

બીજો અહમદ - આ દેશનો બાદશાહ સુલ્તાન અહમદ.

ત્રીજો અહમદ - મલિક અહમદ જેની કબર (કાલુપુર ટાવરથી બલુચાવાડા જવાના રસ્તા)પાસે છે.

ચોથો અહમદ - ગંજે એહમદનો ખલીફો (પ્રતિનીધિ) કાઝી અહેમદ જૂદ કે જેની કબર પાટણમાં (કાલી બજાર ખાલકપુરાની પાછળ ખાન સરોવર તળાવ પાસે આવેલી છે) અને તેના શીરાણા આગળની પાટી ઉપર લખેલું છે કે, તે પ્રવિણ પુરૂષો અહમદ નામના ચાર જણા જેમના હાથે અહમદઆબાદ વસાયું તેમાંના એક આ અહમદ છે.

સને ૮૧૫ - ૧૪૧૨ માં ત્રણ વરસના અરસામાં ઈંટ ચૂનાના કામનો કોટ, સાબરમતી નદી ઉપર તૈયાર થયો. તે કેડ સુધી પત્થરનો છે. તેમાં બાર દરવાજા, એકસો ઓગણચાળીશ બુરજા, નવ ખુણા, અને છ હજાર સાતસો નવ કાંગરા મૂકવામાં આવ્યા છે. કોટનું ભરતર બે ગાઉ એક જરીબ ફરતું છે. **પત્થરની જુમા મસજીદ અને અરકનો (ભદ્રનો) કિલ્લો બાંધવામાં આવ્યો**. એવી રીતે તેની બાંધણીનું કામ પુરૂં થયું. કોટની દિવાલની ઊંચાઈ સાત આઠ ગજથી વધારે નથી. પરંતુ **શાહજહાંન બાદશાહના વખતમાં સેફખાને અરક કિલ્લામાં રસ્તા ઉપર બનાવેલી ખડકીની પાસે પંદર ગજ ઊંચાઈ છે.** ઉત્તરમાં આવેલા હમણા દીલ્લી દરવાજો કહેવાતા ઈડરીઆ દરવાજાથી દક્ષિણે જમાલપુર સુધી અગીઆરસો પચીશ ગજની લંબાઈ, (ઈલાહી ગજ માપના) અને ભદ્રના ઝરૂખાથી પૂર્વમાં આવેલા સારંગપુરના દરવાજા સુધી પહોળાઈ બે હજાર અને પાંચસો ગજ એટલે બે હજાર બસેં ઓગણત્રીશ વિઘા અને તેર

વસાની આબાદી છે.

શીરાઝ શહેરના હુલવી કવિએ કવિતામાં સુલ્તાન અહમદના નામથી રચના વરસ લખેલું અને વાચા રૂપી પોપટને આ શહેરની બીનાના વર્ણનમાં સાકર જેવા મીઠા વચનો વાપરેલા તે હેઠળ લખાય છે.

કવિત : હુલવી મીઠા વચનીએ એવી રીતે વર્ણન કરેલું છે અને દરેક વચનોમાં સો સો મોતી વાપર્યા છે કે, જ્યારે એક વખતે આકાશ સંચરી બાદશાહનો સાબરમતી નદી ઉપર મુકામ થયો, તે વખતે આ ભોંય ઘણીજ આનંદ ઉપજાવતી જોઈ હતી. અને દુઃખ દરદથી તેની મટોડી એવી સ્વચ્છ હતી કે હવા દીલને આનંદ આપતી હતી. સવારનો મંદ વાયુ ખતા દેશની કસ્તુરીની માફક સુગંધી આપતો હતો. આ સ્થળ સુંદર અને જગા ચોખી જોવામાં આવી. અને સારૂં પાણીવાળું ઠામ અને ચોખી હવા હતી, પ્રભુ પ્રેરણા અને અદર્શ આજ્ઞા થયેથી, બાદશાહના દીલમાં એમ આવ્યું કે, આવા સુગંધી હવાવાળા ઠેકાણે એક મોટુ શહેર બાંધવું જોઈએ. તેજ વખતે બાંધકામ કરનારાઓને બાદશાહે બોલાવ્યા; અને હુકમ કર્યો કે, આજ ઠેકાણે એક ઉત્તમ પ્રકારનું શહેર બાંધો કે જે ઠેકાણે તેના મટોડામાં પડેલા રહેવાશીઓ પણ પ્રભુ પાડ માને. અહીની મટોડી આકાશ ઉપર જઈ પહોંચે અને લોકોના મસ્તકો તારાના ઝુમખાઓને પહોંચે, આથી લોકોના પાયા વધારે મજબુત થાય અને તેનું મથક પૃથ્વીની શોભા થઈ પડે. આકાશના મહેલ જેવી બાંધણી બાંધો, કે જે જોઈ ઈશ્વરી દુતોની આંખો બહેકી જાય, યાજુજ માજુજને કાઢવાને આ દિવાલ, પૃથ્વી ઉપર સિકંદરની દિવાલના જેવી થઈ પડે, પૃથ્વી ઉપર જાણે આકાશ બંધાયો છે, એવું બનાવો કે જેની અંદરનો દેખાવ પૃથ્વી દર્શક પ્યાલા પ્રમાણે થઈ જાય, અને તેની અંદર એક સંપૂર્ણ શહેર બાંધો કે જ્યાંની મટોડી ચીન તથા તાતારની આબરૂને ખોઈ નાખે, તેના નિસાસામાંથી નિપજતી ગીરદ કિંવા ધુમાડી ઈસપહાન શહેરની આંખનો સુરમો થઈ પડે, નેશાપુરને એના ઉપર જીવસાટાની અદેખાઈ થાય, કે ગુજરાત જોઈને ખુરાસાન લોવાઈ જાય. જ્યારે આકાશી વૈભવવાળા બાદશાહના મનમાં એ વિચાર ઠસીને બેશી ગયો ત્યારે ત્યાં વિદ્વાન જોશીઓને બોલાવ્યા, એવા લોકો કે

જે ભરપુર વિદ્યાના ભંડાર હતા. આકાશ ગતિનો તિક્ષણ જોનાર, કે જેમનું જ્ઞાન આકાશથી ભોંય તળીઆ સુધીમાં પહોંચતુ હતું. તેમણે ગ્રહગતિની કુંડળીઓ જોવા માંડી અને આકાશ ગ્રહની કુંડળી બાંધી. જોશીઓ તથા ખગોળ શાસ્ત્રીઓ, સારા વિચાર સુચવનાર અને વિચારવંત, આકાશની સપાટી અગમ નીગમ કહેનાર, દુનિયામાં સર્વ જાતનો જોશ ગણતરી કરનારા, દરેક ગ્રહની પુરવણી જોઈ અને ચારે તરફ દ્રષ્ટિ નાખવા માંડી. ભાગ્યવંત બાદશાહના ફરમાવ્યાથી શુભ ઘડી શોધી હતી. હીજરી સાલનો જીલકઅદ માસ પસંદ આવ્યો. સને ૮૧૩ આઠસોને તેર હતી. જ્યારે બાંધનારે ભોંય ઉપર પાયો નાંખ્યો ત્યારે આકાશએ શાબાશીના પોકારો કર્યા અને જ્યારે પાયામાં રોડા નાખ્યા ત્યારે દુતોએ કહ્યું કે, ભલું થાઓ, કલ્યાણ થાઓ, જ્યારે તે મોટી ઈમારત થઈ તો તેનું માથું આકાશથી પણ ઉચું ગયું અને જ્યારે તે શહેર આબાદીથી ભરપુર થઈ ગયું, ત્યારે સપ્તખંડ પૃથ્વી હતી તે અષ્ટખંડ થઈ ગઈ. નવું વસેલું શહેર શોભીતું થયું અને તે પૃથ્વી ઉપર કાળો તલ જેવું દેખાતું હતું. હવે આ નામદાર શહેરની બીનાની ગોઠવણ નાસીરૂદીન અહમદના હાથે થઈ હતી. તેથી શ્રૃષ્ટિમાં તેનું નામ અહમદઆબાદ પાડવામાં આવ્યું અને તેમાં અહમદ (પેગમ્બર) ની ઉમ્મત આબાદ થઈ. આવી રૂડી બાંધણીનું શહેર નવેનવું વસાયું કે, આકાશે તેના જેવું કદી જોયુંજ નથી. હે પ્રભુ ! તું આ ઉત્તમ શહેરને શ્રૃષ્ટિના અંત સુધી કમી અને નાશમાં લાવીશ નહિ.

દરવાજા

પૂર્વ - કાળુપુર, સારંગપુર, આસ્ટોડીઆ, પૂર્વ ખૂણા તરફના દરવાજા છે.

પશ્ચિમ - સાબરમતી નદી ઉપર આવેલા : દરવાજા ખાનપુર, દરવાજા રાયખડ, અને દરવાજા ખાનજહાં, અને ખાનપુર અને રાયખડની વચમાં ભદ્રની અંદર બે ખડકીઓ (બારીઓ) છે. એક બગીચાની ખડકી તથા એક રાહે ખડ(કી) પ્રખ્યાત છે.

ઉત્તર - શાહપુર દરવાજો, ઈડરીઆ દરવાજો, જેને દીલ્લી દરવાજો પણ કહે છે. દરિયાપુર દરવાજો, શાહપુર અને ઈડરીઆની વચ્ચે હલીમની ખડકી છે જે વાંસી મુકેલી છે અને તેને વાંસી મુકવાનું શાથી બનેલું તે વિશે ભરૂંસા લાયક હકીકત મળી નથી.

દક્ષિણ - જમાલપુર, એક બંધ દરવાજો, જેને ઢેઢીઓ દરવાજો પણ કહે છે અને તેને બંધ રાખવામાં જુદી વાતો ચાલે છે અને રાયપુર દરવાજો.

અરક (ભદ્રના) કિલ્લાની લંબાઈ તથા પહોળાઈ

સાબરમતીના કિનારાથી જુના દરવાજા સુધી જે ઊંચા બુરજો વચ્ચે આવેલો છે, ચારસો સત્યાશી ગજ, અને સુલ્તાન એહમદે બનાવેલી મસજીદથી બગીચાના દરવાજા સુધી ચારસો ગજ છે. તેની અંદર ચૌદ બુરજ છે તેર જુના છે અને **નજમુદોલાએ એક બુરજ વધાર્યો છે,** આ સિવાય બાદશાહી નોબતખાનાનો દરવાજો, ત્યાં બગીચો અને કચેરીનો દરવાજો બાદશાહી સુબાઓના વખતમાં ઉમેરીયા હતા. તે તેમાં ગણ્યા નથી. લોકોમાં એને ભદ્રનો કિલ્લો કહે છે. એ જગા ગુજરાતના સુલ્તાનો અને સુબાઓના રહેવાની છે. એનું નામ શા ઉપરથી પડ્યું તે વિશે જુદા જુદા મતો અપાતા સાંભળવામાં આવે છે; પરંતુ જેના ઉપર ભરૂસો રખાય છે તેના મત એ છે કે, પાટણના અરકનો કિલ્લો રાજાઓએ બાંધ્યો તે ઉપરથી તેવાજ દેખાવનો, અને બુરજોવાળો આ કિલ્લો બનાવવામાં આવ્યો છે, અને તેમાંતે લોકોની માતા ભદ્રકાળીનું સ્થાન છે તેથી તેને જુના વખતથી ભદ્રનો કિલ્લો કહેતા હતા. તેવુંજ અહીં એને પણ લોકો ભદ્ર કહેવા લાગ્યા,

તેથી એ નામ પ્રસિદ્ધ થઈ ગયું. અને એવીજ રીતે ચાંપાનેરમાં કિલ્લાને અને અહમદનગરના કિલ્લાને પણ ભદ્ર કહે છે.

હવે અહમદઆબાદ ગુજરાતી સુલ્તાનોની રાજધાનીનું શહેર ઠર્યું હતું. તેથી સુલ્તાનો અને અમલદારોના વખતમાં તેની આબાદી ધીમે ધીમે વધતી ગઈ, તેમાં વિશેષ કરીને **સુલ્તાન મહેમુદ બેગડાના વખતમાં મોટા મહેલો ભદ્રમાં બાંધવામાં આવ્યા** કે જેની હવેલીઓની દિવાલો હમણા સુધી જોવામાં આવે છે. અને જેનાથી બચી ન શકાય તેવા કાળ રૂપી પ્રલયએ બનાવનારાઓની જીંદગીની ઈમારતની ઈંટોને ધૂળધાણી કરી નાંખી અને તાણી લઈ જઈ નાશવંત મેદાનની અંદર ખુલ્લી મુકી દીધી.

રફી વાઈઝ (ની કવીતા) : જમશેદ અને સંસાર જીતનાર સિકંદર હવે ક્યાં છે ? અને તે ઠાઠ, તે રોફ, તે બાદશાહ લોકો ક્યાં છે ? તાજ, ઝેબો તખ્ત, તથા ફરેદુન બાદશાહનો નગીનો; સિકંદરની નોબત, અને કાવ્યાન લોકોનું નિશાન ક્યાં છે ? સિકંદરના મિનારાથી આ સાદ કાને સંભળાય છે, દારા તું કયા ગયો,, આકાશ વૈભવ સિકંદર તુ ક્યાં છે ? જો તમે સલજુકી લોકોના દખમાં આગળ જાઓ તો કહે જો કે, સંજરને શું થયું ? અને મલિક શાહ કયાં છે ? હવે એ કાલે બનવાનો બનાવ છે કે, બુલબુલ પક્ષીઓ સેંકડો શોકાતુર પોકારે ચીચવાટ મચાવશે અને કહેશે કે, મયુર કંઠી વાઈઝ ક્યાં છે ?

હફત ઈક્લીમ (સપ્તખંડ) નામના પુસ્તકનો રચનાર (અમીન રાઝી) કહે છે કે, શહેર અહમદઆબાદ તેની વસ્તી અને ચોખાઈના લીધે તથા શહેરપણાના કારણથી જગતના સઘળા શહેરો ઉપર શ્રેષ્ટતા ભોગવે છે, સ્વચ્છતામાં દર્પણ સમાન છે, અને ઈમારતો બીજા શહેરોની ઈમારતો કરતાં સરસ છે, જો એવું કહીએ કે, પૃથ્વી ઉપરનો કોઈ પણ શહેર આવી ઉત્તમત્તા અને શોભાવાળું બંધાએલું નથી. તે ઉપમા જરાક વધારે થઈ પડશે. બીજા શહેરોના કરતાં અહીંના બજારો સારા, પહોળા અને શણગારવાળા, રહેવાશી પુરૂષ, સ્ત્રીઓ બધાં સારા નામચીન ચહેરાના; ખરૂં પૂછો તો એવું રૂપાળું શહેર છે કે, એના જેવા બીજા થોડાકજ શહેરો હશે. એને શહેરોની શોભા અને દુનિયાની શણગારેલી કન્યા કહી લોકો બોલાવે છે. અહીં સરસ જાતનું વણાટ કામ છે અને તે પૃથ્વી ઉપર દુર

દેશાવર જાય છે. તથા જમીન તથા સમુદ્રના વહેપારીઓ તેની ઉપર સારો નફો પેદા કરે છે, આ શહેર દુનિયામાં પંકાતું છે. તેમાં ઘણા બજારો તથા મસજીદો આવેલાં છે અને શહેરની આસપાસ ત્રણસોને સાઠ પરાં વસેલાં છે.

જ્યારે ત્રીજા સુલ્તાન મેહમુદની બાદશાહતનો વખત આવ્યો ત્યારે અહમદબાબાદથી બાર ગાઉ ઉપર બીજા મેહમૂદાબાદને પોતાની રાજધાની ઠરાવ્યું, અને અહમદઆબાદથી ત્યાં સુધી બેઉ બાજુએ દુકાનો બાંધી અને લોકોને હુકમ કર્યાથી તેની આસપાસ ઈમારતો બંધાઈ અને ખરૂ જોતાં તે પણ એક શહેર થઈ ગયું હતું. ધીમે ધીમે કારિગરો અને હુન્નરી લોકો અત્રે આવી ભેગા થઈ ગયા, અને વખતે વખતે વણાટ કામ, જરકસબી હીસ્ગળી, કીનખાબ, રૂનો વણાટ, ઈલાયચા, મખમલ, ચિકન કામ અને કારચોબી કામ અહીંના હવા પાણીના ગુણના લીધે રંગ રૂપમાં હિંદુસ્તાનના સઘળા દેશોથી સરસ થવા માંડ્યા. દુનિયામાં ગુજરાતી કામના વખાણના લીધે ઈરાન, તુરાન, રૂમ અને શામના શહેરોમાં અહમદાબાદ પ્રખ્યાત થયું. શહેર અહમદાબાદની વણાટ, કારિગરી કુંદી અને ધોવામણી ઘણી ભપકદાર છે. અને બીજા ઠેકાણે થતી કારિગરોની આ કારિગરી અને સુંદરતાને કોરે મુકતી નથી. **આમીરના જમીનદાર રાજા જેસીંઘે અકબર બાદશાહના વખતમાં એક નવી વસ્તી વસાવી તેનું નામ જેનગર મૂકેલું** અને તેણે પ્રયત્ન કર્યો કે, જે માલ અહમદઆબાદમાં તૈયાર થાય છે તે ત્યાં કરાવવા, વાળ કામ કરનારા તથા વણાટના કારિગરોને ઈનામો તથા ખરચના પૈસા આપી બોલાવ્યા અને કારખાના ઉઘાડ્યા, જ્યારે કુંદી કામ રંગ ખુમાશમાં તેમજ ભભકામાં અહમદઆબાદની બરોબર ન થયું. તો કુંદી કરનારાઓએ જાહેર કર્યું કે, અહમદઆબાદમાં રાયણના ઝાડ છે તેના લાકડા છે જેથીજ કુંદી થાય છે અને એ લાકડા અહીં મળ્યા નથી તેથી સારો ચળકાટ આવતો નથી. રાજાએ કેટલાક ગાડા કુંદી કરવાના ઓજારોના પાટ તથા હથોડા જેવા અહમદઆબાદથી મંગાવ્યા, પરંતુ તેથી કાંઈ લાભ થયો નહિં. ટુંકમાં આ શહેર સત્તર ચકલા અને એંશી રસ્તાવાળું છે, તથા બજારો અને માથા બાંધેલ મહોલ્લા છે, ત્યાં દુકાનો આવેલો છે તે સિવાય માથા ઢાંકેલ અનેક સાંકડી ગલીઓ ઘણી છે અને કેટલાક રસ્તા તો બજારમાં ગણાતા નથી.

ચકલાઓના નામ

(૧) ખાસબજારનો ચકલો :- ભદ્ર અને ત્રણ દરવાજાની વચ્ચે

(૨) પાનકોરનો ચકલો;

(૩)માણેકચોકનો ચકલો;

(૪) ઢીંકવાનો ચકલો;

(૫) તીન લીમડીનો ચકલો;

(૬) ભંડેરીપુરનો ચકલો;

(૭) અઝદરપુરનો ચકલો જે અકબરપુર તથા ખાડીઆ કહેવાય છે.

(૮) રાયપુરનો ચકલો;

(૯) આસ્ટોડીઆનો ચકલો;

(૧૦) જમાલપુર ચકલો;

(૧૧) રાયખડનો ચકલો;

(૧૨) ખાનપુરનો ચકલો;

(૧૩) શાહપુરનો ચકલો;

(૧૪) ઈડરીઆ ચકલો;

(૧૫) દરિયાપુર ચકલો;

(૧૬) સદરજહાંનો ચકલો;

(૧૭) ઝવેરીવાડનો ચકલો;

આ દરેક ચકલામાં ચબુતરો છે. અને ત્યાં ફરનારા નોકરો તથા કેટલાક પેદલો કે જે રાતની ચોકી કરવાને કોટવાલની તરફથી નોકરી ઉપર મુકવામાં આવ્યા છે.

રસ્તા તથા બજારોના નામ

(૧) અઝદરપુર સારંગપુર દરવાજા આગળ.
(૨) ડુમનીવાડ, શેખ સિરાજની હવેલી પાસે.
(૩) અકબરપુર, જુના વખતમાં એનું નામ ખાડીઆ હતું અને અકબર બાદશાહના વખતમાં ક્ષત્રીઓ બાદશાહની સાથે આવી સરકારી નોકરીમાં હોવાથી ત્યાં રહેલા તેથી તેમણે પોતાના બાદશાહના નામથી એ નામ પાડેલું.
(૪) અસલોરીઆ, (આસ્ટોડીઆ).
(૫) બુરહાનુલ મુલ્ક, ઈડરીઆ ચકલામાં.
(૬) બુદુહપુર.
(૭) ખાસબજાર, ભદ્ર આગળ.
(૮) હલીમનો બજાર, લાલ દરવાજાની પાસે.
(૯) કોઠા બજાર, શેખુલ ઈસલામખાનના મદરસા આગળ.
(૧૦) સિકંદરખાંનો બજાર, ખામાસા આગળ.
(૧૧) એતેમાદુલ મુલ્કનો બજાર, ખાનપુર આગળ.
(૧૨) અલુખાન ગુજરાતી, શાહ અલીરઝાની દરગાહ પાસે.
(૧૩) બીછત્રી, સાંકડી શેરી આગળ.
(૧૪) બાઈહરી, પાનકોરની પાસે.
(૧૫) ત્રિપોલીઆ.
(૧૬) તાજપુર.
(૧૭) ભંડેરીપુર.
(૧૮) ભીડા, પહેલાના દિવાન એતેમાદખાનના ઘરની પાસે.
(૧૯) પીપલી, દરબાર એટલે ધબર પીપલી.
(૨૦) દરબાર રાસ્તો ખાન જહાં આગળ.
(૨૧) પાનકોર,
(૨૨) માના, પખાલીઆ રસ્તા પાછળ.
(૨૩) પખાલીઆ.
(૨૪) જમાલપુર.

(૨૫) જલાલપુર.
(૨૬) ઝવેરીવાડ.
(૨૭) ઝામરી, માણેક ચોકમાં.
(૨૮) રાણી બીરકલા.
(૨૯) અબા શેઠના કુવાનો રસ્તો.
(૩૦) ચંગીઝપુર.
(૩૧) દરિયાપુર.
(૩૨) બહેરામ કુવાનો રસ્તો, આ પત્થર કુવો કહેવાય છે.
(૩૩) ઝુઝારખાં (જુઝારખાં)
(૩૪) હીરા સુતારનો ચબુતરો, સાંકડી શેરીમાં.
(૩૫) ખાજા યુસુફ.
(૩૬) ખ્વાસુલ મુલ્ક, શેખુલ ઈસલામખાનની પાછળ.
(૩૭) ખુદાવંદખાં.
(૩૮) ખ્વાજી.
(૩૯) દરિયાપુર.
(૪૦) રાયખડ.
(૪૧) દોલતખાં.
(૪૨) ઢીકવા.
(૪૩) દરિયાખાન મેહરમ.
(૪૪) રંગરેજ રસ્તો.
(૪૫) રકાલી.
(૪૬) રાણી સેરાની.
(૪૭) રાયપુર.
(૪૮) રૂકનુલ મુલ્ક.
(૪૯) રજીઉલ મુલ્ક.
(૫૦) શેખનુર સમરકંદી.
(૫૧) સંગ ભગીન.
(૫૨) સુખા.

(૫૩) ગ્યાસુદ્દીન.
(૫૪) શાહ મકુબ, જુના સુબા શુજાઅત ખાનના ઘર પાસે.
(૫૫) એતેમાદખાનની ધર્મશાળાનો રસ્તો.
(૫૬) સૈફખાન, નાગોરી સરાનો.
(૫૭) સિકંદરખાન એટલે ખેદકરની ધર્મશાળાનો રસ્તો.
(૫૮) દરજીઓનો રસ્તો, એટલે દરજીઓની ધર્મશાળાનો રસ્તો.
(૫૯) શેખ ફરીદ એટલે બુખારાનો રસ્તો.
(૬૦) મુહમ્મદ ભઠી એટલે ત્રણ દરવાજા પાસેનો રસ્તો.
(૬૧) દસ્તુરખાનની ધર્મશાળાનો રસ્તો, આસ્ટોડીઆ પાસે.
(૬૨) અઝીઝુલ મુલ્ક, જમાલપુરની પાસે.
(૬૩) આલમ બુરહાન, એટલે પટવાશેરીનો રસ્તો.
(૬૪) ગાલિબખાન, રાયપુરમાં.
(૬૫) ફરીદપુર, કાળુપુર ચકલાથી મળેલો.
(૬૬) ખજુરી, વલંદાની હવેલી આગળ.
(૬૭) ગુંદી રસ્તો, પાનકોરની ડાબી બાજુએ.
(૬૮) ગોરીખાન.
(૬૯) કંદોઈ શેરી પાનકોરની પાસે.
(૭૦)કામેલુલ મુલ્ક રૂપમતી મસ્જીદ પાછળ (મીરઝાપુર)
(૭૧) હલીમની કોટડી
(૭૨) લાલબાઈ.
(૭૩)મલિક નસીર સુલ્તાન અહમદ ગુજરાતીની દરગાહ પાસે.
(૭૪) મલિક બના, ભંડેરીપુરના ચકલામાં
(૭૫) મુહાફીજખાંની મસ્જીદનો રસ્તો. ઈડરીઆ ચકલામાં મળેલો.
(૭૬) માણેક ચોક.
(૭૭) રાણીના હજીરા.

આ વખતે ઈમારતો તુટી અને પડી ગઈ છે. ખંડેરો એટલા બધા થઈ ગયા છે કે કેટલાક અજાણ્યા નવા નવા રસ્તા મકાનોના ચોકમાં તથા ઓસરીઓ અને દીવાનખાનાઓમાં પડી ગયા છે અને બરાબર જોડાયેલા રસ્તાઓ મુદલ કામ વગરના થઈ ગયા છે.

હે પ્રભુ ! કેવા કેવા સુંદર મનરંજન મહેલો, કેવી સ્વચ્છતા ભરેલા મકાનો, કેવી કેવી ઉંચી ઈમારતો, વિસ્તિર્ણવાસો જે ઉંચા માનના બાદશાહ જાદાઓએ અને ઉત્તમ અંતકરણના અમીર ઉમરાવોએ અને શોખીન સદ ગ્રહસ્થોએ ઘણા નાણાં ખરચી ઈમારતો તૈયાર કરેલી અને તેમાં તેઓ રહેતા, તે દુનિયા હેરફેર અને કાળના કૃત્યોથી વગર દીપકના થઈ ગયા છે અને ખંડેર ગઈ પડ્યા છે. તેમના માલિકોના નામ નિશાન પૃથ્વી રૂપી પૃષ્ટ ઉપર જણાતાં નથી. કહેવત છે કે, “ પ્રભુ સિવાય ઘરમાં કોઈ નથી.” એ સિદ્ધ થઈ જોવામાં આવશે. ઉજડ થઈ ઝાડો નીકળ્યા અને ઘાસ ઉછેરાઈ ગઈ, અને કેટલેક ઠેકાણે ખેતરો થઈ ખેતી થાય છે.

કવિત : સીઝરના રાજમહેલની દિવાલ ઉપર આ કવિતા લખેલી મારા જોવામાં આવી, તે સાથે મારૂં કાળજુ લોહી લુહાણ થઈ ગયું અને છાતીમાં દરદ ઉત્પન્ન થઈ ગયું. આયુષ્યરૂપી મહેલ જે સારો છે અને ઈમારત કરનારાઓના નકશી કામો શોભાયમાન છે, પરતું તે શા કામના ! મોત-કાળ તેને ખરાબ કરી નાખશે.

ટુંકસાર - રાજાધિરાજ કસરા, સ્યાવકશાહની કંઈ પણ અસર જોવામાં આવતી નથી. અને કેટલેક ઠેકાણે નિશાન દાખલ દિવાલો રહી ગઈ છે. જેની અંદર ચામાચીડીઆ અને ઘુવડોનો વાસ થયો છે. ને ભોંયમાં કીડા આવી રહેલા જોવામાં આવે છે. **કુરાનની આયાત છે કે :- “અરે આંખોવાળા કંઈ શીખામણ લો.”**

કવિત : આકાશની સાથે વાતો કરતા મહેલો જેના બારણા આગળ રાજકર્તાઓ દંડવતો કરતા હતા અને અમે જોયું કે, તેના કંગુરા ઉપર હોલાઓ બેસીને કુ કુ કુ કુ (તે ક્યાં છે તે ક્યાં છે) એમ ઉચારતા હતા.

મસજીદો

ગુજરાતી સુલ્તાનો તથા તેમના અમીરો અરબી કહેવત પ્રમાણે કે, " રાજકર્તાનો ધર્મ પ્રજાનો ધર્મ હોય છે, " તેમની હીંમતનો સઘળો ભાગ ધર્મપ્રસારવામાં અને મુસલમાની ધર્મના પ્રકાશને વધારવા તરફ વળેલો હતો, તેથી તે વખતે પત્થરની મસીદો દુર દેશાવરથી પત્થરા લાવીને બંધાયેલી છે. કેટલીક મસજીદો શાહઝાદાઓની બાંધેલી અને મોટા મોટા અમીરોની કરેલી જોવામાં આવે છે, તેમજ બાદશાહોની બેગમો તથા અમીરોની સ્ત્રીઓએ પણ એ કામમાં ભાગ લીધો છે કે જેમના નામો તથા વર્ણન કર્યાથી ઘણું લંબાણ થઈ પડે ને તે હાલ સુધી બાકી રહેલી છે. ચારસો પચાસ અથવા કેટલાકનું કહેવું છે કે, પાંચસો મસજીદો બંધાએલી તેઓ ઉંચી રાતા પત્થરની ઘણીજ સંપૂર્ણ રીતે કરેલી, થાંભલાઓથી મજબુતી આપેલી ઉંચા ઉંચા મિનારા વાળી જોવામાં આવે છે તેમાં કેટલીક શહેરની અંદર અને કેટલીક બહાર છે અને કેટલીક તો એના બાંધનારા ના મકબરાઓમાં ફેરવાઈ ગઈ છે.

અછુતકુકીની મસજીદ (શાહપુર દરવાજા બહાર, દૂધેશ્વર)

એ અછુતકુકીની મસજીદ કહેવાય છે. (હમણાં બડી મસજીદ) તેને મલિક બહાઉદ્દીન, મલિક સારંગના ભાઈ ઈખ્તીઆરૂલ મુલ્કે બાંધેલી છે અને બીજા લોકો જેણે પરિક્ષા કરી છે તેમનું કહેવું અને આ વાત પૂર્ણ પ્રસિદ્ધ છે કે તેના મોટા મિનારા એવી રીતે કર્યા છે કે, એક માણસ અથવા બે માણસ તેમને હલાવે તો ડોલવા માંડી જાય છે અને નવાઈ જેવું એ છે કે, એક મિનારાને હલાવે તો દુર રહેલો બીજો મિનારો પણ ડોલી જાય છે અને તેનું કારણ જણાયું નથી. માત્ર પ્રભુનેજ તે વિશે જ્ઞાન છે.

એમ મહોલાંઓની અંદર શહેરમાં અથવા બહાર મસજીદો આવેલી છે, તેમની ગણતરી થઈ શકતી નથી. ગુજરાતી અમીરોની મસજીદો સિવાય તેમના મકાનો અને રહેઠાણોની કાંઈ નિશાની રહેલી નથી. ઘણી ખરી મસજીદો શહેર તથા શહેર બહાર ખરૂં પૂછતાં બધી મસજીદોમાં કોઈ દીવો પણ કરતું નથી. અને નિમાજ પઢનાર તો ક્યાંથી જોવાય અને કેટલીક તો તુટી ફુટી પણ ગઈ છે. ઔરંગઝેબ બાદશાહની

હકુમતના છેલ્લા ભાગ સુધી આવીજ હાલત હતી. પછી બાદશાહે મરામત કરવા માંડી અને તેમજ મુલકની આબાદી હતી અને મરામત ચાલુ હતી.

શહેર બહારાના પુરાઓ (મોહલ્લાઓ)

શહેરની શરૂઆતની વસ્તીના વખતે આબાદી ઘણી નહોતી. શાહઝાદાઓ તથા અમીરોએ પોતાને રહેવાને વાસ્તે મકાનો તૈયાર કરાવેલા હતા. પાસે પાસે મકાનો બાંધી રહેતા હતા. અને તે મકાનો તેમના નામે પુરા કહેવાવા લાગ્યા. જેમકે અઝદરપુર, કાળુપુર, તાજપુર, જમાલપુર વિગેરે અને તેમના જેવા બીજા પુરાઓનું વર્ણન રસ્તા બજારો અને ગલીઆરીઓ નામના વર્ણનમાં તેઓ વિશે પણ કહેવામાં આવ્યું છે.

જ્યારે શહેર વસાઈ ગયું, ત્યારે શહેરની બહાર વસ્તી વધવા લાગી અને ધીમે ધીમે ઘણા પુરાઓ થઈ પડ્યા. એવું કહેવાય છે કે, **જુના વખતમાં ત્રણસોને સાઠ અને કેટલાક કહે છે કે ત્રણસોને એંશી પુરાઓ** હતા. જે પુરાઓ ગુજરાતી અમીરોએ પોતાના નામથી શહેર ફરતા વસાવેલા છે અને તેમાં પોતાના ફોજ ફાટોં લઈ તેઓ રહેતા હતા. તે પુરાઓ આબાદ હતા. કદી આ હિસાબે જોતાં અકબર બાદશાહના વખતમાં હવેલી પ્રગણામાં ગણાતા ગામડાઓની ગણતરી પણ પુરાઓમાં થઈ ગઈ હશે. આ વખતે જે પુરાઓ દુર છે તે ગામોમાં ગણવામાં આવ્યા છે, જેમકે ઈસનપુર અને અસારવા, આસપુર, સમીપુર, ઈનાયતપુર, શેખપુર અને એવા જે બીજા પુરાઓ છે તે. આ દરેક પુરાઓમાં ઘણી મજબુત, વિશાળ અને સંગીન મસજીદ છે.

પુરાઓ શહેર કોટની પાસે છે તેમાંના ઘણાખરા પૈસાદાર લોકોને સુબાઓની પાસે આવતા જતાં લંબાણ પડતી હતી તેથી તેમણે પોતાના નામથી વસાવ્યા છ તે દરેક પુરામાં એટલી વસ્તી હતી કે, જાણે એક શહેર હોય એમ જણાતું , " **તઝકેરતુલ મુલૂક " નામના પુસ્તકના રૂચનારાએ લખ્યું છે કે, ઉસમાનપુરમાં હુન્નરી લોકોની હજાર દુકાનો છે** અને તેમજ તોફાન તથા ફિસાદો અને હીલા હરકતો આદિ દેશમાં ઉભી થતાં પહેલા સઘળા પુરાઓ વહેપારીઓ, હુન્નરી કારિગરો અને

ધંધાદારીઓ તથા કારકુનો, નોકરો, અધિકારીઓ, સિપાઈઓ તથા હિંદુ મુસલમાનોથી ભરપુર અને આબાદ હતા. લોકોને પૈસા ટકા સારા હોવાના લીધે મોટી મોટી ઈમારતો બાંધી તેમાં રહેતા હતા. મેં (આ ગ્રંથકર્તાએ) સઘળાને તેજ અને આબાદ મારી આંખે જોયા છે અને મળેલા કેટલાક પુરાઓને સારી પેઠે દીઠા છે.

હવે એ એવી રીતે ઉઝડ થઈ ગયા છે અને જંગલ જેવા થઈ રહ્યા છે કે તેની કાંઈ નિશાની જોવામાં આવતી નથી કે ઈમારતો શું અને કેવી હશે અને તેમની હદ ક્યાં સુધી હશે ! તેની ચતુરસીમાં જણાતી નથી. ત્યારે હવે તેમના બાંધનારોઓનો તો શો પતો લાગે ! કદી એમ પણ હોય કે, ઘણા પુરાઓના નામ નિશાન સ્મરણ શક્તિથી ઉડી ગયા હશે પરંતુ કેટલેક ઠેકાણે મસજીદોની મુળ બાંધણી અથવા પત્થર ચુનાના દરવાજાઓ કરેલા તે હાલ સુધી રહેલા છે. તે લોકોએ લોહીના ઘુંટડા પીને કરેલા, કામ ઉપર નજર રાખી ફરીથી આબાદ કરવાના હેતુથી અકબર બાદશાહના તાબામાં આ દેશ આવ્યા પછી સુબાઓ અને અમીરોએ આ તરફ લક્ષ પહોંચાડી કેટલાક અસલ નામનિશાનથી અને કેટલાક લોકોથી મળી શકી તેટલી હકીકત લઈ પોતાની જાણ પ્રમાણે વસાવનારાઓના નામો સામેલ કરી દીધા.

સાબરમતી નદીની આ તરફ શહેર ફરતા પુરા(મહોલ્લા)ઓના નામ

શાહપુર શહેરની પશ્ચિમ દિશાએ સાબરમતીની રેતી પાસે જુની વસ્તી હતી. અને ઔરંગઝેબના વખતમાં મોટા કાજીએ નવેસરથી વસ્તી કરી તેનું નામ **કાજીપુર** આપ્યું અને તેમાં હાલ કહેવાતી **અછુતકુકીની મસજીદ છે કે જે ગુજરાતી અમીર બહાઉદ્દીન ઈખ્તીઆરૂલ મુલ્કે બાંધેલી છે.**

હાજીપુર **હાજી બહાઉદ્દીન ઈજ્દુલમુલ્ક, સુલ્તાન મહમુદ બેગડાના અમીરે** વસાવેલું અને તેની અંદર **પત્થરની મસજીદ** તેની કરેલી છે.

દરિયાપુર **સુલ્તાન મહમુદ બેગડાના અમીર દરિયાખાંએ આબાદ કરેલું** અને **(દરિયાખાંનો ઘુમ્મટ)** ઈંટ ચુનાનો ઘુમટ જેમાં તે દટાયા છે તે તેનોજ કરેલો છે અને ગુજરાત દેશમાં આવી લંબાઈ પહોળાઈનો ઘુમટ કદી બાંધવામાં આવેલો નથી.

મુલતાનપુર વસાવનારનું નામ જાણવામાં આવેલું નથી.

મક્સુદપુર પેહલાના વખતમાં પરૂ હતું અને શાહજહાં બાદશાહની સુબેદારીના વખતમાં તે શાહીબાગ બનાવી દેવામાં આવ્યો.

માહપુર - એનો વસાવનાર **શેખ માહ, શેખ અધનના દીકરા** એક ઓલીયા હતા અને તે **ચિશ્તી ખાનદાનના હતા. તેમની કબર કલેક્ટર સાહેબના બંગલા અને ભીમનાથ મહાદેવની પાસે છે.** હાલ તે નવા પીરના નામે ઓળખાય છે અને રજબ માસમાં તેમનો ઉરસ થાય છે. **(મિરાતુલ ઓલીયા** પુસ્તક ઉપરથી ભાષાન્તર કર્તાના પુસ્તક **તોહફતુલ અબરાર**માંથી.

શેરપુર હમણાં તેમાં સઘળું કબ્રસ્તાન થઈ ગયું છે.

લોધીપુર એનું જુનું નામ બાકરાબાદ.

પનાપુર **બહાદુરખાં સુબાએ ઔરંગઝેબના વખતમાં પોતાની સુબાગીરીમાં પોતાનું નામ મુહમ્મદ 'પના' હોવાના લીધે એ નામ આપી ફરીથી વસાવ્યું.**

જહાંગીરપુર આ જગ્યાએ પુરાની આબાદી હતી. જ્યારે જહાંગીર બાદશાહની સવારી આ શહેરમાં આવી ત્યારે ત્યાં એક તોફાન થયું હતું. તેથી નવેસરથી બાદશાહના નામે આબાદ થયું.

સીકંદરપુર જુની વસ્તી છે.

અહમદપુર જુના કાળથી છે.

હેબતપુર ગુજરાતી **અમીર હેબતખાંએ વસાવેલું અને તેની પત્થરની બનાવેલી મસજીદ** ત્યાં છે.

અસારવા શહેર વસતા પહેલાંની વસ્તીનું છે, હમણાં હવેલી પ્રગણાના ગામોમાં ગણાય છે.

હરિપુર ગુજરાતી સુલ્તાનોમાંના કોઈ સુલ્તાનના વખતમાં **હરીબાઈએ વસાવેલું, એક મોટી સુંદર વાવ, મસજીદ** તથા **તેને દાટ્યા તે ઉપર ઘુંમટ ત્યાં છે** તે સઘળું તેણે બાંધ્યું છે. મજબુત ઉનનું કામ કરનારા અને કેટલાક કારિગરો ત્યાં રહેતા. હવે **અસારવાના** પાડોશના કારણથી વસ્તી ઘટી ગઈ છે.

બીબીપુર ગુજરાતી બાદશાહોના વખતમાં **બીબીમાંએ વસાવેલું**. આ બીબી તે વખતમાં ઘણી ધર્મી ગણાતી અને પુરી ભક્ત હતી. એમનો પંથ ચિસ્તી હતો, અહીંઆ એ રહેતા હતા. **મસજીદ તથા દરગાહ સાથે તેમની આરામગાહ ત્યાં છે.**

હરહરપુર જુની વસ્તીઓ છે.

રૂપપુર જુની વસ્તીઓ છે.

કાળુપુર હાજી કાળુ, મહમૂદી (શાહ બેગડાના)અમીરે વસાવેલું.

રસુલપુર -
ગાલીબપુર -
સૈયદ આબાદ (સરસપુર) } ગુજરાતી બાદશાહોના વખત-ની વસ્તીઓ છે હમણાં તેમની વસ્તી ઓછી થઈ ગઈ છે.

મીઠાપુર -
જમાલપુર -
સાહેબપુર -
સલીમપુર - } જુના વખતથી વસેલા છે.

નુરૂલ્લાપુર સરસપુરની બાજુએ **શેખ નુર મુહમ્મદ અમાનતખાંએ મુહમ્મદ ફર્રૂખસીઅર બાદશાહના વખતમાં વસાવેલું.**

સલીમપુર -
ખેમપુર - } સરકીવાડો
નસીરપુર -

રસુલપુર - } જુની વસ્તીઓ તેમના લોક
બરમાપુર - } પ્રસિદ્ધ નામો માલુમ પડ્યા નથી.

સારંગપુર શહેરની બહાર તેજ નામથી ઓળખાય છે, તે **સુલ્તાન મહમૂદ બેગડાના અમીર કિવામુલ મુલ્ક મલિક સારંગે વસાવેલું અને વચ્ચે ઘણી મજબુત સારા પત્થરની મસજીદ કરેલી સીદી બશીર નામના માણસની કબર** તેની પંગતીમાં હોવાના લીધે અને તે મસજીદની ઈમારતનો અધિકારી હતો. તેના નામથી પ્રખ્યાત થઈ અને મોમીનખાં સાથે સદાશીવ રામચંદ્રની લડાઈના ઘેરાના વખતમાં એ મસજીદ પડી ગઈ એ વિશે એની જગ્યાએ વર્ણન કરવામાં આવ્યું છે.

અફઝલપુર બીજા **સુલ્તાન મહમુદ(બીજા)**ના વખતમાં **અફઝલખાં બિંબાનીએ વસાવેલું, પત્થરની મસજીદ,** ધર્મશાળા અને તેની **દરગાહ** ત્યાં છે.

ભીકનપુર જુની વસ્તી છે.

તોગાનપુર સુલ્તાન મહમુદના અમીરે વસાવેલું.

રાજપુર જુનું વસેલું છે, તેના વસાવનારની ખબર મળી નથી, કે કોણ હતો. આ પુર ઘણું મોટું હતું. એક નાના શહેર સરખું આબાદ હતું અને તેમાં વહેપારીઓ, નોકરો, અમલદારો, કસબી અને નાની જમાતના ઘણા વહોરાઓ રહેતા અને જમીન ઉપર તથા સમુદ્ર માર્ગનો વહેપાર તેઓ કરતા હતા અને તેમાં ઘણા રૂપિયા ખરચી મોટી મોટી ઈમારતો બંધાઈ હતી.

ગોમતીપુર ને વસાવનારની ખબર નથી. તેમાં ઓછી વસ્તી છે.

કાંગસીવાડો -
લાલપુર - } જુની વસ્તીઓ છે.
મુઅઝઝમપુર -
મુઅઝઝમ આબાદ -

મંઝનપુર **શાહે આલમના પૌત્ર સૈયદ મસઉદે** વસાવેલું અને પોતાના દાદાના નામથી પ્રસિદ્ધ કરેલું.

બાબીપુર સફદરખાં બાબીએ આબાદ કરેલું

નવાપુર -
ગંજપુર -
સુલ્તાનપુર -
} જુના છે, અને સૈયદ અબદુર રહીમ રફાઈએ વસાવેલા. તેમની કબર ત્યાંજ છે.

કીશોરપુર રાજપુરની બાજુએ સફદરખાનના કારભારી કીશોરદાસે વસાવેલું. એને ફરતો કોટ હતો, અને તેમાં પોતાને રહેવાનું સરસ ઘર બાંધેલું હતું.

માસુમપુર માસુમકુલી ઉર્ફે શુજાઅતખાન શહીદે ફરીથી વસાવેલું.

મુરાદગંજ બાદશાહઝાદો મુરાદબખ્શ સુબો હતો તે વખતે આબાદ થયેલ.

જમનાપુર -
બેગમપુર ઉર્ફે ખાજાપુર -
} જુના હતા.

રહેમતપુર
ઉર્ફે
વહાબગંજ - ઔરંગઝેબના વખતમાં મોટા કાજી અબ્દુલ વહાબે તે વસાવેલું. અને પોતાના નામથી તેને પ્રખ્યાત કરેલું. તે વખતે ગાંસડી વણાટ માલનું મહેસુલખાતું તેના સગા મુહમ્મદ જમાલના તાબામાં હતું. તેથી વસ્તી વધારવાના સારૂ સુરત બંદરથી આવતા માલનું મહેસુલ અને દાખલા ખાતું અહીંજ સ્થાપેલું અને કામકાજના અર્થે નોકરો ત્યાંજ રહેતા હતા. અને મહેસુલ લેવાનું વધઘટ તથા દાખલા ત્યાંજ લેવાતા હતા. આ કામ હી. સને ૧૧૫૦ સુધી ત્યાંજ થતું હતું.

નેનપુર જુની આબાદ હતી. અને શહેર બહાર ખાતાના ફોજદારની ગઢી ત્યાંજ છે. પુરાની આબાદી ઉજડ થઈ ગઈ છે.

સૈયદપુર આસ્ટોડીઆ દરવાજાની બહાર બીજા **સુલ્તાન એહમદના અમીર કિવામુલમુલ્ક સૈયદ અતાઉલ્લાએ** તેને વસાવ્યું હતું. તેની કબર પણ ત્યાંજ છે.

ચંગીઝપુર બીજા **સુલ્તાન મહમુદ(બીજા)ના ગુલામ ચંગીઝખાંએ વસાવેલું.** તેણે છેલ્લા ભાગમાં હુંજ છું એવા અભિમાનનો ઝુંડો ઉઠાવ્યો હતો. અને સ્થિરતા અને સ્તબ્ધપણું દાખવ્યું હતું. એ વિશેનું વર્ણન તેની જગા ઉપર થઈ ગયું છે.

લેકૂપુર - કંગાલપુર - } જૂના વખતથી હતા

બહાદુરગંજ ગુજરાતી સુલ્તાન બહાદુરનું વસાવેલું હશે.

અકરમપુર મશખરપુર } અકરમુદ્દીન, સુબાના સદરૂસ્સુદુર અને અબુલ મુફાખરખાન તેના ભાઈએ ઔરંગઝેબના વખતમાં પોતાના નામો આપી આબાદ કરેલા જૂના વખતથી હતા.

હીરપુર - નવાપુર - } જૂના વખતથી હતા

અલીમપુર ખુદાવંદખાન મલિક અલીમ, સુલ્તાન અહમદના અમીરે વસાવેલું અને તે સુલ્તાન **અહમદના પુત્ર સુલ્તાન મુહમ્મદનો જમાઈ હતો. તેમાં તેની બનાવેલી પત્થરની મસજીદ છે** અને તેની પાછળજ તેની કબર છે અને **શેખ કમાલ માલવીની દરગાહ તેની પાછળ છે.**

ફરાપુર જેને કાજીપુર પણ કહે છે. એને **શહેરના કાજી અબુલ ફરહખાને ઔરંગઝેબના વખતમાં વસાવેલું હતું ,** અને તેઓએ ત્યાં **પત્થરની સારી મસજીદ બનાવી** ત્યાંજ રહેતા હતા અને શહેરના સઘળા કામો ત્યાંજ રહીને કરતા હતા. મને એક વખત તે મકાનો જોવાની તક મળેલી અને હમણાં તે મકાનોની કંઈપણ એંધાણી નથી. તેને આબાદ કરનાર અને વસાવનાર દુનિયામાંથી નાપેદ થઈ ગયા.

નુરગંજ જે વખતે જહાંગીર બાદશાહ સહેલ અને શીકારના વાસ્તે અહીં આવેલા તે વખતે નુરજહાં બેગમની યાદગીરી દાખલ નામ આપી વસાવેલું. **ગુજરાતી અમીર તાજખાન નરપાલી શાહેઆલમ સાહેબના ઘુમટના બનાવનારની દરગાહ ત્યાંજ છે.**

જોરાવરપુર જવાંમર્દખાં બાબીએ ફર્રૂખસીઅર બાદશાહના છેલ્લા વખતે પોતાના છોકરાના નામથી નવી ઈદગાહ પાસે આબાદ કરેલું.

રસુલાબાદ શાહેઆલમ સાહેબે રહેઠાણ કરી વસાવેલું છે. અને એ સાહેબની કબર ત્યાં છે. અને તે વખતે સૈયદો તથા એમની ઓલાદોના રહેવાની જગા થઈ ગયેલી જે સાદાતે શાહિયા કહેવાય છે. અને મદદ ખરચ તથા ઉરસ ખરચ તથા મુસાફર ખરચના નાણા પોતાના ઉપયોગમાં લઈ નિરાંતે દહાડા કાપતા હતા અને ધીમે-ધીમે સારા સારા મકાનો તથા સુંદર બગીચા બનાવીને રહેતા હતા. સૈયદોના માન અને રોજાની અદબના લીધે સુબા અને અધિકારીમાંથી કોઈ ત્યાં રહેતી રૈયતને કંઈ ઈજા હરકત કરતા નહોતા. અને અસલથી નવ ગામડાઓના સાદાત તથા આ પુરાણી દરગાહથી સંબંધ હતો, મહેસુલ આવદાની, સાયરની ઉપજ, ધંધાદારીઓ જમીનની વેચાણ ખરીદી ગાદીવાળાના અધિકારમાં હતી અને શહેરના ખત પત્રો દરગાહના કાજીની મહોરથી તે જુદા કરતા હતા.

રસુલાબાદ નામે ખામંદરોલપુર, સૈયદ હામીદપુર, સૈયદ રઝવીખાનપુર, ફિરોજપુર, હસનપુર, બગલીપુર, એરંદાપુર, બહાઉદીનપુર આ સઘળા પુરા મહારાજા અભેસિંહની હકુમત સુધી આબાદ હતા. અને ઓમાનબાઈની લડાઈની વખતે ઉજ્જડ અને વગર દીપકના થઈ ગયા. તેના વર્ણનની જગાએ કહેવામાં આવેલું છે.

રઝવીખાનપુર ઔરંગઝેબના વખતમાં મુખ્ય સુબા **રઝવીખાંએ** વસાવેલું.

એરંદાપુર, નેશાપુર, ખિઝરપુર - પહેલાથી આબાદ હતા.

હસદપુર
અને
મહમુદપુર - શાહેઆલમ સાહેબના કારણથી વસાવેલાં.

હામીદપુર શાહેઆલમ સાહેબના દિકરા સૈયદ હામીદ બુખારીએ

આબાદ કરેલું અને તેના પછવાડે શોભીતી હવેલી કરેલી. ખામંદરોલ ગુજરાતી સુલ્તાનોના વખતથી હતું, સુલ્તાન મુહમ્મદના દીકરા સુલ્તાન કુતબુદીને તેમાં ઈમારતો બાંધી હતી અને ઘણી વખતે તે પોતે તેમાં રહેતો હતો. હમણાં તે ઈમારતોની કાંઈપણ નિશાની જોવામાં આવતી નથી અને વસતી પણ નથી.

ઈસનપુર - રસુલાબાદ અને વટવાની વચ્ચે છે, શાહેઆલમ સાહેબે આ પુરાને બે બાજુથી પવિત્ર એવું નામ આપેલું, અને સુલ્તાન મહમુદના **અમીર નિઝામુલમુલ્ક મલિક ઈસને** પોતાના નામથી **આબાદ કરેલું,** રસ્તા ઉપર ખુબી ઉપજાવતી **મસજીદ, તેની દરગાહની સાથે તળાવ તથા બગીચો બનાવેલો.** અહીં ઈંટો ચુનો અને અડદનો લોટ મેળવીને વસ્તીને ફરતો કોટ કરેલો તે હાલ સુધી હતો, અને તેની જમીનમાં આંબા તથા રાયણના ઝાડો છે અને હવેલી પ્રગણામાં એ ગામ દાખલ છે અને એની ઉપજ શાહેઆલમ સાહેબના **રોજામાં ખરચાય છે.**

બહેરામપુર -
મઝોરી - } જુની વસ્તીઓ છે.
અસાવાલ -

કુતબપુર - ઘણું કરીને કુતબે આલમ સાહેબ ત્યાં રહેતા તેથી તેમના નામથી આબાદ થએલું હશે, હમણાં તે ઉજડ છે.

કાસમપુર - સાબરમતી નદી નજીક શહેરથી **દક્ષિણ દિશાએ ઔરંગઝેબના વખતમાં મીર કાસમે આબાદ કરેલું અને તેની દરગાહ ત્યાં છે.**

રાજુપુર - શાહેઆલમ સાહેબના વંશજોના કારણથી આબાદ થયેલું.

ખાનપુર - સાબરમતી નદી ઉપર સૈયદ હસનખાને વસાવેલું, ઔરંગઝેબના વખતમાં બગીચો તથા તેની દરગાહ ત્યાં છે.

સાબરમતી નદીની પેલીપાર આવેલા પુરાઓ.

બારેજા તેમની વસ્તી જુની અને હવેલી પ્રગણાના ગામોમાં તે લખાઈ પણ ગયા છે.

ઉસમાનપુર **કુતબે આલમના શિષ્ય સૈયદ ઉસમાને વસાવ્યું. શમે બુરહાનનું ઉપનામ તેમને મળેલું.** (બુરહાની દીપક) **પત્થરની મસજીદ અને સૈયદ સાહેબની ઘણીજ સુંદર કબર છે** અને શોભાયમાન છે. અહીં વસ્તી ઘણી ઘાટી છે. તઝકિરતુલ મુલૂક રચનારે લખેલું ઉપર આવી ગયું છે ને તે જગ્યાએ આબાદી જોઈ છે, કરીઆણાની ઘણીખરી જણસો હરડે વગેરે અને રાજધાનીની ઉપજ ઘી નાણા વિગેરેનો હેરફેર ત્યાં થતો. હાલ તે બગડી ગયું છે.

ખાનપુર - શહેરના દરવાજાની સામા કે જે એજ પુરના નામ ઉપરથી **ખાનપુર દરવાજો** કહેવાય છે.

નવરંગપુર નવરંગપુરની વસ્તી ઓછી છે, **ઔરંગઝેબ બાદશાહના વખતમાં શહેરનો અમલદાર શુજાઅતખાન હતો તે વખતે નવરંગ મ્યાણે પોતાના નામથી તે આબાદ કરેલું.**

એદલપુર -
ફીરોજપુર -
અઝદરપુર -
} અફગાન લોકોએ જુના વખતમાં આબાદ કરેલા હતા.

સલાબતપુર - સલાબત મુહમ્મદખાન બાબીએ આબાદ કરેલું.

શર્કપુર - જુના વખતથી આબાદ છે બીજા સુલ્તાન મહમુદનો ગુલામ મલિક શરકે (મલિક શાબાન)એ જગા બાંધી છે, અને **શાહજહાં બાદશાહના વખતમાં ગાજીઉદીન હુસેને** બાદશાહી હુકમથી એક બગીચાની પરવાનગી મેળવી **પોતાની કબરનું ઠેકાણું ત્યાં કરેલું.**

શાદમાનપુર અકબર બાદશાહના વખતમાં આજમખાંના દીકરા શાદમાનખાને આબાદ કરેલું.

ઈમાદલપુર - ફરહાદાબાદ ત્યાંના અફગાનોએ જુના વખતમાં વસાવેલાં.

શેખપુર શેખ અઝીઝુલાના પુત્ર શેખ રહેમતુલા ફારૂકીએ આબાદ કરેલું, સુલ્તાન મહમુદ બેગડાના એ પીર હતા. શેખની કબર દરગાહ તથા મસજીદની સાથે ત્યાં છે.

સુલ્તાનપુર ઉર્ફે -નમક-મંડી
કાસમપુર -
નસીરાબાદ -
ફત્તેપુર -

} જુની વસ્તીઓ હતી. કમાલુદ્દીન જવાં મર્દખાન બાબીએ પોતાના દીકરાના નામથી કરેલાં

ઈસાપુર -
રહીમપુર -
મીરજાપુર -

} જુની વસ્તીના છે.

કોચરબ
અને
પાલડી એ પણ પુરાઓમાંજ ગણાય છે અને હવેલી પ્રગણામાં તેમની ઉપજો લેવાય છે.

સાબરમતી નદીની પેલી બાજુના પુરાઓના આશરે છ સાત હજાર સ્વાર પાયદલો મળી સીપાઈ અફગાનો તથા મુહમ્મદશાહ, મુઝફ્ફરશાહ સાથે આ શહેરમાં આવેલા અને અહીંજ રહી પડયા હતા. અને તેમના વંશના પુત્રો મોટા જમાદારો થઈ ત્યાં તે વસ્તા હતા. મને પાકી ખાત્રી છે કે, હવે એ સઘળી વસ્તી ઉજડ થઈ ગઈ છે અને દીપક વિનાના અંધકારમાં જતી રહી છે. જે પુરાઓ વિસ્તારથી લખાયા તેવાજ કેટલાક પુરાઓ લખતી વખતે તેમના નામો સાંભરી આવ્યા હશે અને તે મુકી દેવામાં આવ્યા છે તેની માફી માગું છું.

શહેરને ફરતા આસપાસના બાગ બગીચાઓ.

શહેરની આસપાસ ધીમે ધીમે બગીચા અને વાડીઓ લીલા ઘાસ અનેક માલથી ભરપુર સુંદર ઈમારતોવાળા અને સુગંધી વાયુથી ખુશબોઈ આપતા નહેરો, વહેતી નદીઓ, ફળફુલથી વૃક્ષો, (તેમાં ઘણાં મેવા છે) ગુજરાતી સુલ્તાનો તથા અમીરોએ પહેલાના વખતમાં અને ત્યાર પછી સુબાઓ અને મનસબદારોએ તેમજ ગ્રહસ્થોએ બનાવેલા હતા. જેના વખાણ અને વર્ણનથી દેરક માહિતી મળે છે.

કવિત : સ્વચ્છ અને મનને આનંદ આપનાર કલ્યાણી સ્થળો અને સુખદાયક જગ્યા, લીલોતરી, નદીઓના કિનારા ઉપર ઝાકળના પાણીથી મોં અને હાથ ધોતા હતા. ઝાડો સુંદર સ્ત્રીઓની પેઠે સુંદર ઉભા રહેલા એક બીજાની સાથે મળી નદી ઉપર માથું કાઢેલું અને ડળીઓ ઉપર પક્ષીઓ મધુર કંઠથી, પોતાના સાદને વાજીંત્ર પ્રમાણે કાઢતા હતા. લીલા વૃક્ષો સ્વર્ગવાડી કરતાં સરસ હતા. અને દરેક પાન ઉપર કલ્યાણ કલ્યાણ લખેલું હતું. એમનો વિસ્તાર ઘણો લાંબો છે. હવે ઈમારતો ખંડેર થઈ ગઈ છે અને વૃક્ષોના ઠેકાણે કાંટા ઉગ્યા છે. કેટલાક તો વારસોના હાથથી વેચાઈ ગયા છે અને ખરીદદારે ખેતરો બનાવી દીધા છે. ભાત વિગેરે વાવવાને તેઓએ કામ ચાલું કરી દીધું છે હવે જે હાલ છે તેમની સહેલ કરવા કલારૂપી સુંદરી સરકારી બગીચામાં જવાની રજા આપું છું.

નગીના બાગ - પૂર્વ તથા દક્ષિણની વચ્ચે શહેરની સરહદની જમીનમાં જયાં પુરાઓની ઈમારતો તેને મળેલી છે ત્યાં આગળ છે. નગીના નંગની પેઠે કાંકરીઆ તળાવની વચ્ચે આવેલ છે. શહેર **અહમદઆબાદના વસાવનાર સુલ્તાન અહમદના પૌત્ર સુલ્તાન કુતુબુદ્દીને તે બાંધેલો, આ એક બગીચો છે.** નાનો સરખો કે જે ઘણો વિશાળ નથી પરંતુ તે તળાવની અંદર છે તેથીજ તે ઘણો આનંદ ઉપજાવે છે. તેમાં ચુંવાલીસ કમાનો છે. હમણાં તેમાથી કેટલીક ભાંગી ગઈ છે અને આવવા જવાનો રસ્તો બંધ પડી ગયો છે. **મુઈઝુ દૌલાની હુકુમતના વખતમાં કેટલીક કમાનો પડી ગયેલી તે સરકારમાંથી મરામત કરવામાં**

આવી હતી. અને જયારે પાટવી કુંવર સુબો હતો ત્યારે દીવાને ચાર બળદો કોસ તાણવાને અને માલીઓ નોકર હતા.

કાંકરીઆ તળાવ - (જેને હોજ કુતબી પણ કહે છે.) ઈલાહી ગજથી સાતસો પચાસ ગજ લંબાઈ અને પહોળાઈ કાયદા પ્રમાણે પાંચમો ભાગ બાદ કરીને, ચોરસ ચાર લાખ પચાસ હજારનોજ છે, એક વિઘે ત્રણ હજાર છસો કે જે જુમલે સવાસો વિઘા થાય છે, ખુણાઓ અને પગથીઆથી દરવાજા બંધ કરી દીધેલા છે, કાંકરીયા આ શબ્દનો અર્થ ભરૂંસા લાયક ભાષાતરથી એવી રીતે થાય છે કે , ફતેહખાન જે આગળ જતાં સુલ્તાન મહમુદ બેગડો થયો તેનો સાવકો ભાઈ સુલ્તાન કુતુબે મજકુર ફતેહખાનને પકડવાનો મનસુબો કર્યો અને તેની માસી બી મુરકી હજરત શાહેઆલમની સાથે પરણેલી હતી. અને આ વખતે મરી જવાથી ફતેહખાંની માતુશ્રી બી મુગલીએ શાહેઆલમ સાહેબની સાથે શરેહ મુજબ નીકાહ કર્યા હતા. એ વાત મીરાતે સીકંદરીમાં વર્ણન કરવામાં આવી છે. ફતેહખાનને પકડવાનો તેનો મનસુબો હતો, પરંતુ હાથમાં આવતો નહોતો તેના વાસ્તે મનશક્તિ વાપરી **તળાવ ખોદવા અને નગીના બાગ કરવા હુકમ આપ્યો.** અને તેની પાસે આવેલા ખામંદરોલના મકાનોમાં તે પોતે આવી રહ્યો. કેમકે વખતે એવું બને કે ફતેહખાં પોતે સહેલ કરવા ત્યાં આવી જાય. તો તેને તુરતજ કેદ કરી લઉં. આ ધારણા તેની પુરી પડી નહી. પરંતુ **શાહેઆલમ સાહેબ પોતે,** ત્યાં ઘણા મજુરો અને મહેતાઓ કામ કરતા હતા તે જોવાને ગયા. ત્યાં કાઢેલી માટીમાં કાંકરા હતા. તેમાંથી એક કાંકરો તેમના પગમાં ખુંચ્યો ત્યારે એ બોલી ઉઠ્યા કે, એ કેવો કાંકરો છે, તે શબ્દની અસરથી **એ તળાવનું નામ કાંકરીઆ તળાવ પડ્યું,** અને કેટલાક કહે છે કે, **સુલ્તાન કુતબુદીને તળાવની જગ્યા અને બગીચાનો પાયો નાંખવાને એ સાહેબથી દરખાસ્ત કરી,** તેમણે કાંકરીના આ સ્થળમાં પોતાના હાથે ઈશારત કરી અને કહ્યું કે, અહીં ઠીક પડશે. તેથી કાંકરીઆ કહેવાયું. સુલ્તાનનો મનસુબો ઘણા બગીચા અને બહુ ઈમારતો બાંધવાનો હતો તેમજ તળાવ ગોળાકાર કરવાનો હતો, એટલામાં તો તેના આયુષ્યની વસંતરૂતુ ઉપર એકદમ

કાળનો કૃષ્ણ ઝપાટો આવી ગયો. જેથી તેની શરીરરૂપી ઈમારત પડી ગઈ.

કવિત : નદીના વહેતા પાણી ઉપર બેસી ઉમર શી રીતે વહી જાય છે તેનો ધડો લો. કેમકે આ ચેતવણી બીજા જનાર લોકોથી આપણને પુરેપુરી મળે છે.

હવે તેણે દક્ષિણ બાજુએ એક બગીચો બનાવ્યો હતો કે જેનું નામ મોગરા બાગ આપેલું હતું તે પુરો થયો નહિ તેનો ઘણોખરો ભાગ અને પાણીની હોજો બાકી છે.

શાહવાડી - (બાગ) એક ગુજરાતી સુલ્તાનની બનાવેલી છે અને તે મોજે ફૈઝાબાદની હદમાં શહેરથી બે ગાઉ ઉપર સાબરમતી નદી ઉપર શહેરથી દક્ષિણ દિશાએ છે, તેમાં ઈમારતો કરેલી છે, સુગંધી પુષ્પોના રોપાઓ બહુ હતા અને ઈંટ ચુનાનો કોટ અને ઉત્તર દક્ષિણે બે દરવાજા હતા. અને પત્થરની સડકોના ચમનો, બાસઠ વિઘાનો બગીચો, અને બહારથી પચાસ વિઘા તેના તાબાનો બગીચો છે અને ઘણીખરી ઈમારતો તુટી ગઈ છે. અને જે બાકી છે તેમાં તુટફુટ થઈ પડવાનો તૈયાર છે. મુબારેઝલમુલ્કના અમલના છેલ્લા વખત સુધી સુબાના દીવાનના તાબામાં એ વાડી હતી. અને બીજા બાગોની સાથે સરકાર તાબામાં હતી. પાણી તાણવાને આઠ બળદો અને છ માલીઓ અને ભંગીઆની આ બાગની નીમણુંક હતી. **મહારાજા અભયસિંહના અમલની શરૂઆતથી તે ગામની ઉપજની જમા સુબાના પગારમાં અપાઈ.**

બાગે ફીરદોસ - હવેલી પ્રગણાના તાબાના **ગતરાલ ગામની હદમાં છે અને તે સુલ્તાન મહમુદ બેગડાનો બનાવેલો હતો,** શહેરની પૂર્વ દિશાએ ત્રણ ગાઉના અંતરે તેને ફરતો કોટ કરેલો અને તેમાં બુરજો પણ હતા, મીરાતે સીકંદરીમાં લખ્યા પ્રમાણે તે પાંચ ગાઉ લાંબો અને એક ગાઉ પહોળો હતો. તેની સઘળી ઈમારતો પડી ભાંગી છે પણ કેટલેક ઠેકાણે કોટની દીવાલ અને દરવાજો રહી ગયા છે એવું કહેવાય છે કે, આંબા, રાયણ આમળા, અને એવાજ બીજા " નવ લાખ " વૃક્ષો તેમાં ઉછેર્યા હતા. અને નવ લખા બાગ પણ કહેતા હતા. કેટલાક વખત સુધી

હવેલી પ્રગણાના ગામોમાં તેની ગણતરી થતી અને ઝાડ દીઠ હાંસલની ગણત્રી પ્રગણાના હિસાબમાં લખાતી હતી.

બાગે શાબાન - રખીઆલ ગામની સરહદમાં શહેરથી પૂર્વ દિશાએ એક ગાઉ ઉપર **સુલ્તાન મુહમ્મદના ગુલામ મલિક શરકે બનાવેલો. આ મલિક શર્ક સુલ્તાન કુતબુદીનના વખતમાં વજીરની પદ્વીએ પહોંચ્યો હતો. અને મલિક શાબાનનું માન ભરેલું ઉપનામ તેને મળેલું. તેણે આ બાગના ફરતી દિવાલ કરેલી તે ઈંટ ચુનાની હતી. સુંદર મહેલ બાંધેલો અને બગીચાની મનરંજન કરતી સડકો બનાવેલી અને એક મસજીદ તેમાં કરેલી,** અને તેનું આરામસ્થાન સુંદર ઘુમટવાળું અને પત્થરના પગથીઆ, તળાવ અને એક વાવ તૈયાર કરેલી હતી. સુલ્તાન મેહમુદના વખતમાં પ્રધાનપણાનું રાજીનામું આપી પ્રભુ સેવામાં ગુંથાઈ જઈ તે લક્ષ પોતાના મૃત્યુ સુધી રાખ્યું હતું. રખીઆલની નોકર પેટાની જાગીરમાં બગીચાને સુબાઓએ સામેલ કરી દીધો. હવે તેનું હાંસલ પોતાના ઉપયોગમાં લેવા લાગ્યા.

હરડા વૃક્ષ બાગ - રખીઆલની હદમાં શહેરની પૂર્વ દિશાએ એક ગાઉ ઉપર અસાવલ આગળ હરડાના ત્રણ ઝાડો હતા અને દર વરસે તેને ફળ આવતા હતા. કાળ વિત્યા પછી તે ઝાડો સુકાઈ ગયા. જે ઝાડ બાકી રહી ગયું હતું, તે **નજમુદદૌલાની હકુમતના છેલા ભાગ સુધી ફળ આપતું હતું,** પરંતુ સંભાળ રાખ્યા છતાં તેના ફળો પહેલાં કરતા નિર્બળ થઈ ગયા હતા. સરકારથી એક પાકા કોટની દિવાલ, અને કુવાનું થાળું એક માથોડાના કરી આપેલા હતા. પેદલો તથા માલી ત્યાં રાખેલા હતા અને ખુદ રખીઆલની ઉપજ તેના ખરચામાં વપરાતી હતી, અને દર વરસે હરડાઓ ઉતર્યાથી હુજુરમાં આ કામના વાસ્તે જુદા રાખેલા દરોગાની મારફતે રવાના કરવામાં આવતા હતા. શહેરમાં બખેડા ઉભા થયા પછી સુબાઓ પોતે કબજે કરી બેઠલ. હમણાં આ ઝાડ પણ સુકાઈ ગયું છે.

રૂસ્તમ બાગ - શહેરથી ઉત્તર દિશાએ **સાબરમતી નદી** ઉપર **ગુજરાતી અમીર રૂસ્તમખાંએ** ચાર ઈમારતો તથા મંડપ સહીત

સાઠ વિઘા ભોયની અંદર અને છ કુવા ચાર બેઠકો અને એક પત્થરના દરવાજાવાળો બનાવેલો હતો. તે પણ કાળનો ભોગ બની પડી ખંડેર થઈ ગયો છે અને તેની જમીન બાદશાહઝાદા મુહમ્મદ આઝરશાહની દાખલ કરી લેવામાં આવી.

ગુલાબબાગ તથા શેતુરબાગ - એક બીજાથી જોડાયેલા રૂસ્તમ બાગ પાસે હતા. તે ગુજરાતી સુલ્તાનોના વખતથી હતા. અને તેઓમાં ઈમારતો હતી. અને **બાદશાહઝાદા મુહમ્મદ આઝમશાહની હકુમત વેળા** એ સરકારમાં એના ફુલોનું અત્તર ખેંચાતું. એના ઉપર ત્રણ વરસ સુધી **શાહઝાદે ઈમારતો બાંધી** તેમાં રેહવાનું કર્યું તેથી તે બરબાદ થઈ ગયા. તેની ઈમારતો પડી ગઈ, હમણાં પડતર **જમીન શાહીબાગ તાબે** છે અને જુવાર બાજરીની તેમાં ખેતી થાય છે.

શાહીબાગ - બાદશાહઝાદગીના વખતમાં ગુજરાતનો સુબો શાહજહાંના વકીલોના તાબામાં હતો તેથી સરકારી હુકમથી હવેલી પ્રગણામાં આવેલું ગામ **મકસુદપુરમાં સાબરમતી નદી ઉપર શહેરથી ઉત્તર દિશાએ ઈડરીઆ દરવાજાની સામી બાજુએ સુંદર ઈમારતો તથા મંડપો સહીત ઘણો મજબુત ઘણા નાણાના ખરચથી પાકા કોટની સાથે તથા દરવાજા તથા બુરજો બનાવી સવાસો વિઘાથી અંદર અગીઆર કુવાઓ કરી ઈમારતની ફરતી નહેર લાવી કેટલાક હોજ બનાવી તૈયાર કરેલો.** તેની ઈમારતની સુંદરતા અને સડકોની રચનાના લીધે આ શહેરમાં એક પણ બગીચો તેવો નહોતો. હાજીપુરના બગીચાના દરવાજાના ઠેઠ રસ્તાની બેઉ બાજુ છાંયાવળા ઝાડ ઉંચા મતવાલા જાણે આકાશે એમની ટોચ પહોંચી ગઈ છે અને કન્યા રાશીની સાથે ભાઈબંધીની ગાંઠે વાળી બેઠા છે. જાણે કે એ જગા એક નીલમના રંગનું નાક છે અને બેઉ બાજુએ સુબાઓ તથા ગ્રહસ્થોના બગીચા આવી રહેલા અને દરેક ઠેકાણે આનંદ અને લીલું લીલું થઈ રહેલું. નવાઈ એ કે, રસ્તો મનગમતી પહોળાઈવાળો, આનંદ વધારતા દેખાતો હતો. એના પાણી તાણવાને સો બળદ અને સીતેર માલીઓ અને સાત પેદલ સીપાઈ અને તેનો ઉપરી એક દરોગો અને એક તેવીલદારની ત્યાં નીમણુંક હતી.

અને તુટેલું ફુટેલું દુરસ્ત કરવા દર વરસે સુબા દીવાનને સરકારી ખજાનામાંથી કેટલાક રૂપિયા આપતા હતા. અને આ દેશમાં દંગા ફીસાદ ઉભા થયા જે વખતથી દીવાનનો અધિકાર રહેલો નહિ. તે વેળાએ સુબાઓએ કબજો કરેલો અને ઝાડોની કાઠી દક્ષિણી લશ્કર કાપીને લઈ ગયું. નદી ઉપર શાહબુરૂજ બે દરજા વાળું હતું, નજમુદૌલાની હકુમતના વખતે સાબરમતીમાં રેલ આવ્યેથી મુળમાંથી ઉખડી જઈ પડી ગયું. ઘણી ઈમારતો તુટી ફુટી ગઈ. અને મેવાના ઝાડો અને ગુલાબ તથા બીજા ઝાડ જતા રહ્યા. પરંતુ કેટલાક આંબાળાંના ઝાડો તેમાં શોભી રહ્યા છે. તે કદાચ આ દેશમાજ હશે. તેનો મુરબ્બો ઘણો સારો થાય છે અને અરબસ્તાન તથા ઈરાનમાં તે લઈ જાય છે, હમણાં ગુલાબ વગેરે ફુલોની જગાએ જવ અને બાજરી વવાય છે.

ફરમાનવાડી - સાબરમતીના કિનારાની પશ્ચિમ દિશાએ શહેર સનમુખ અરધા ગાઉ ઉપર નાની દિવાલની સાથે એક દરવાજા સાથે જુના વખતથી સરકારના તાબામાં હતી. કાળ વીતતા તેની ઈમારતો પડી ગઈ અને **શાહ ફર્રૂખશિયર બાદશાહના વખતમાં મહંમદ મરછા નામના માણસે તેના મકાનો ફીરોજખાન લોદીને વેચાતા આપ્યા** અને તેણે તે જગાની મરામત કરી પોતાનું નામ આપ્યું. હમણા તે ઈમારતો પૈકી અથવા તેની કરેલી ઈમારતોમાંથી કંઈ પણ રહેલું નથી.

ફતેબાગ - સરખેજમાં છે. સાબરમતી નદી ઉપર શહેરથી આથમણી દિશાએ ત્રણ ગાઉ ઉપર અકબર બાદશાહના વખતમાં **બીરમખાના પુત્ર મીરજા ખાન ખાનાએ પોતાની સુબેદારી અને સુલ્તાન મુઝફ્ફરની સામે થવા નીમાયેલો હતો અને તેની ઉપર તેને ફતેહ મળી** એ વિશેની હકીકત તેની સુબેદારીના વર્ણનમાં આવી ગઈ છે એ **ફતેહની યાદગીરી કાયમ રાખવા કોટ કરી તેની અંદર બગીચો બુરજો ઈમારતો નહેરોની સાથે બનાવ્યો અને તેને ફતેહબાગ નામ આપ્યું.** આ બાગની હમણા કેટલી ઈમારત અને દિવાલ કાયમ છે તેમાં ખેતી થાય છે અને બગીચાનું ત્યાંથી વિદાય થઈ ગયું છે.

જીત બાગ - જહાંગીર બાદશાહના વખતમાં સેફખાંએ જે

હવેલી ગણાતા જેતલપુર ગામમાં **અબ્દુલાખાન ફીરોજ જંગે ફતેહ મેળવી તે ઠેકાણે તૈયાર કરેલો અને તેનું નામ જીતબાગ આપેલુ** ઘણી ખુશીથી તે ગામમાં દાખલ થઈ ગયો.

અબ્દુલાખાન ફિરોજજંગ હીજરી સને ૧૧૨૦ માં અહમદઆબાદના સુબા હતા તે હૈદરાબાદ નીઝામ સરકારના મુળ ગાદીના સ્થાપકના દાદા થાય અને જગા અહમદઆબાદમાં ઘાંચીની વાડી પાસે છે અને તે મોગલની ગુમતી ના નામે ઓળખાય છે.

દાદાહરિની વાવ - તેને કહે છે કે કુવા આગળ પહોંચવાને રસ્તે ઉઘાડું મથાળું રાખી ચણી લઈ પાણી તાણે છે અને એક રસ્તો ઉપરથી પગથીઆ મુકી હેઠળ પાણી સુધી લઈ જાય છે કે જેથી મુસાફર કોઈ પણ મહેનત વગર હેઠળ ઉતરીને પોતાના ખોબાથી પાણી પી શકે. શહેરની હદમાં પહેલા કાળથી પરોપકારી ઉદાર દાતાર ગૃહસથો લોકોના સુખના અર્થે અને તે રહે ત્યાં સુધીનું પુન્ય ચાલુ રહે છે એ મતલબથી હિંદુ મુસલમાનોએ એવા કામમાં ઘણા નાણાં ખરચ્યાં છે. તે લોંકોના નામો અને બગીચાનું લખાણ કરતાં ઘણું લંબાણ થઈ જાય તે પૈકી પોતાના જોયલામાં સર્વોત્તમ. દાદાહરિની વાવ છે. તેની ઈમારત, ખંડો, પાણીની મીઠાશ તેની મજબુતી દુનિયાની નવાઈમાં એક નવાઈ છે.

અસારવાની સરહદમાં દાદાહરિપુરે વસાવેલું અને મસજીદ ઘુમટ અને કબરની જગા બનાવેલી. સને ૯૬૮ હીજરી એટલે સંવત ૧૫૫૬ એટલે શાકે ૧૪૨૧ ત્રણ લાખ ઓગણત્રીશ મહેમુદીની લાગત આવી. સુલ્તાન મહમુદ બેગડાના વખતમાં બાંધેલી અને તેની અંદર પત્થર પાટી અરબી તથા હિંદીથી લેખ લખેલ જણાય છે. પત્થરના સ્થંભો ઉપર ત્રણ ખંડ છે અને તે ઘુમટના પગથીએ છે તથા ત્યાં મસજીદ પણ બાંધી છે અને ઈમારત પુરી બંધાઈ રહી છે. તેના ખંડ પાણીમાં રહે છે પણ દુકાળના વખતમાં તેમાંથી એક ઉઘાડો પડે છે અને બીજી વાવો તથા પાણી કામો શહેરની સરહદ કસ્બા તથા ગામોમાં બેસુમાર છે.

વિભાગ ૨

ગુજરાતના અવલીઆ અવલોકન

ગુજરાતના સુલ્તાનોની હિંમતનો સઘળો ભાગ મુહમ્મદી ધર્મનો પ્રકાશ વધારવા અને ઈસલામી ધર્મની મદદ કરવા તરફ વળેલો હોવાથી પૂર્ણ પ્રેમ અને મનની ઈચ્છાથી ઘણાખરા પ્રભુની બંદગીવાળા અને આત્મા તથા ઈશ્વરી તત્વ પુરતી મદદ તથા શોભાવાળી ઘટતી સલુકાઈથી અહીં લાવી વસાવેલા અને તેમની સારી બરદાસ રાખવામાં આવતી હતી. અને કેટલાક સુજ્ઞ પુરૂષો ગુજરાતી સુલ્તાનોના સારા ગુણો તથા વખાણ સાંભળી લોકોને સુમાર્ગે દોરવાના હેતુથી અત્રે આવી વસેલા અને તેઓએ જુદે જુદે ઠેકાણે વાસ કરી દેહનો ત્યાગ કરેલો તેમાં વિશેષ કરીને પાટણમાં આવા પુરૂષો ઘણાં હતા અને તે ઉપરથી તેનું નામ પીરાન પાટણ પડ્યું છે. એવું કહેવાય છે કે, મુસલમાનોનું અત્રે રાજ્ય સ્થપાયું તે પહેલા ધર્મ યુદ્ધ અર્થે કેટલાક ધર્મી યોદ્ધાઓ આ દેશમાં આવેલા અને ધર્મની લડાઈમાં કપાઈ (શહીદ થઈ) તેમના આયુષ્યનો અંત આવેલો અને તે વિશેનો પુરાવો ખંભાત બંદરની દરગાહોના લેખ ઉપરથી જોવામાં આવે છે. અહીં સુધી પણ કહેવામાં અવો છે કે, પેગમ્બર સાહેબના જોનારાઓના જોનારાઓમાંથી કેટલાક સાહેબો ત્યાં આરામ લે છે, ખરી હકીકતની ખબર પ્રભુને. પ્રભુ પ્રસન્નતાના પુરૂષોના વર્ણનની માહીતી અને ધર્મ તથા જ્ઞાની વિદ્વાનોના અહેવાલ, કાળના પુગી જવાના લીધે અને દેશના દંગા ફિસાદોના કારણથી જેવા જોઈએ તેવા, તે લોકોના અત્રે આવવા તથા મૃત્ય પામવાના વંશ સહિત ન મળવાના લીધે લેવાયા નથી તેની માફી ચાહું છુ, અને પુસ્તકના પાનામાં પ્રભુપ્રેમી પુરૂષો વિશે ન લખાય તે કામ શુભ નથી માટે તેમના દરજ્જા અને મારી જાણ પ્રમાણે સુજ્ઞ **વિદ્વાન મહમુદ રૂકનુલ હકખાન, નુરૂદીન સાહેબ મુહમ્મદના પૌત્રને વિનંતિ કરી તેમણે મારી અરજ ઉપરથી મસુદો કરી આપ્યો તે ઉપરથી મેં આ પાના ઉમેર્યા છે.** જોકે પાટણ અને ખંભાતની વસ્તી જુની છે પરતું હમણાં તેનાથી મોટું શહેર અહમદઆબાદ થઈ પડ્યું છે, તેથી અહીંથી શરૂઆત કરી છે અને પછી રહ્યું સહયું તેમના યોગ્ય સ્થળે વર્ણન કરી બતાવવામાં આવશે.

પેગમ્બર સાહેબના પગલા

અહમદઆબાદમાં આ પગલાની પધરામણી અકબરશાહના વખતમાં ૯૮૮ હીજરીમાં થઈ હતી. જે વિશે અકબરશાહના વર્ણનના તે વર્ષ વિશે લખતા જણાવી દેવામાં આવ્યું છે, અહીં કલ્યાણ અને અદબ ઉપર નજર રાખી એ વિશે પ્રથમ લખવામાં આવ્યું છે.

સૈયદ અબુતુરાબના વડીલ સૈયદ (હિબ્બતુલ્લા) મીર, સુલ્તાન મહમુદ બેગડાના વખતમાં શીરાઝથી આ શહેરમાં આવેલા, બાદશાહે પૂર્ણ આવકારથી તેમની ભેટ લીધી અને આ સૈયદ ઉપર તે પુરો પ્રેમ રાખતા હતા અને ઘણી વખત તેઓ આબો હવા માફક આવ્યાથી ચાંપાનેરમાં રહેતા અને ત્યાંજ દેવલોક પામ્યા. તેમની કબર ત્યાંજ છે. તેમનો પૌત્ર સૈયદ અબુતુરાબ ગુજરાત જીતવા વખતે અકબર બાદશાહની સેવામાં ગયેલા અને માન ઈકરામ પામેલા, અને તેજ વરસે બાદશાહના હુકમથી હાજીઓના સંઘપતિ થઈ અહીં પાછા ફરેલા. **મક્કેથી પાછા ફરતા એ પગલા લાવેલા અને બાદશાહને અરજ કરી સાથે લાવી શહેરના પુરાઓમાંથી અસાવલ પુરામાં પોતે વાસ કરેલો ત્યાં લઈ આવેલા** અને બીજી વખતે એ ઉપર મજબુત કામ કરવાનો હુકમ આવ્યેથી છ વરસમાં દરગાહ તથા ઘુમટની ઈમારત પુરી કરવામાં આવી હતી. શેખ ફૈઝીએ એક પુસ્તક " રિસાલે કદમીઆ " નામનું રચેલું છે તેમાં એવી રીતે તેની સાલ લખી છે.

કવિત - મદીના પતિની ક્ષેમ કુશળ ભરેલી દરગાહ પ્રભુને પ્યારા લોકોની પુરા પ્રેમની પ્રદક્ષિણા ઠામ થઈ પડી એક હિમંત પુરધામ અને અસરવાળી છે આદિથી અંત સુધી પેગમ્બર સાહેબની એંધાણી છે, અને તેજ પગલાના કવિ વખાણ કરે છે.

કવિત - જે મુકુટ ધારીએ દિવસ પ્રમાણે રાત કરી નાખી તેના વખાણ અર્થે પત્થર પોતાના હોઠ ઉઘાડી દેતા, પત્થર ઉપર તેના આખા કદની નિશાની નથી કેમકે પત્થરે તેમના પગલાના પ્રેમમાં પોતાના શરીરને ખાલી કરી આપેલું.

એમના પગલાની નિશાની પત્થર ઉપર ઘણી જોવામાં આવશે.

કેમકે તેના ઉપર કાળા મજબુત છાંટા હોય છે.

આ શહેર ઉપર આફતો આવવા લાગી ત્યાં સુધી તે જગામાં એ પગલાં હતા. અને સઘળા માણસો તેની પ્રદક્ષિણા કરતા હતા.

કવિત - (હાફીઝ) જે ઠેકાણાઓમાં તારા પગલાં હશે તે જગાને ઘણા વરસ સુધી તીક્ષણ નિહાળનારાને પ્રણામ કરવાની જગા થઈ પડશે.

જ્યારે મરેઠાઓના જુલમ અને લુંટથી અસાવલ ઉજડ થઈ ગયું ત્યારે કેટલાક વિધર્મી લોકોએ આ પગલાં ત્યાંથી રાત્રે કાઢી બીજે લઈ જવાને મનસુબો કર્યો. મજકુર મીરના વારસોને જાણ થઈ અને શહેરમાં તેઓ પોતાના ઠેકાણે લઈ આવ્યા. તે વિશે મજકુર મીરના પૌત્રોમાંથી કેટલાકે કહેલું કે, પહેલા વરસમાં એક બે વખત મોલુદના વખતમાં તથા મોહોરમમાં પરસેવા જેવું પાણી આગળાના ટેરવાની નિશાનીમાંથી નીકળતું હતું. અને બધે ઠેકાણેથી એક ખૂણામાં ભેગું થતું હતું અને તેને શીશામાં લઈ લેતા હતા. હમણા કેટલાક દિવસથી આ પ્રમાણે થતું બંધ થઈ ગયું છે.

બીજા પગલાં - સૈયદ મુહમ્મદ મકબુલ આલમની કબર ઉપર બેસાડેલા છે. એ સાહેબ શાહેઆલમ સાહેબની ગાદીવાળા હતા. અને એ બેઉ પગલા વગર તફાવતે સરખાજ જણાય છે અને તેમનું વર્ણન અને ક્યારે લાવેલા તેની ખબર મળી નથી.

કુતબે આલમ સાહેબ (બટુવો - વટવા)

બુરહાનુદ્દીન લકબ, અબુ-મુહમ્મદ કુશીયત, નામ અબ્દુલ્લાહ, મશહુર કુતબે આલમ સાહેબ એમના પિતા સૈયદ નાસીરૂદીન મહમુદ અને તેમના પિતા મખદુમ જહાંનીઆ હતા. આપનું ખાનદાન બુખારી છે. સૈયદ હસન અસકરી (બીજા અસકરી) ના ભાઈ સૈયદ જાફર મુસન્નાએ એમનું પેઢીનામું પહોંચે છે. સોમવારની રાત્રે સવારના વખતે રજબ માસની ચૌદમી તારીખે સને ૭૯૦ હીજરીની સાલમાં તેઓ જન્મ્યા હતા, અને એ દશ વરસના હતા ત્યારે એમના પિતા ગુજરી ગયા હતા. તેમના **કાકા શાહ રાજુ કત્તાલ** એ તેમનું પાલણ પોષણ કરેલું. બે વરસમાં તેમને ગુપ્ત જ્ઞાનમાં પ્રવીણ કરી દીધા. અને આજ્ઞા આપી કે, ગુજરાતમાં તમારો બોધ અસરકારક થશે એ માટે તે તરફ તમે રવાના થઈ જાઓ અને તલવાર વિગેરે કેટલીક જાતની ભેટો તેમના જન્મતા પહેલાં તેમના પિતાજીએ આવી ખબર કરી હતી કે, છોકરો થઈ મોટો થાય ત્યારે આપજો, તેથી તે તેમને આપવામાં આવી અને તેમને વિદાય કર્યા. **તેમની માતુશ્રી બીબી હાજરા સઆદત ખાતુન** ૮૦૨ હીજરીમાં પાટણ આવી પહોચ્યા. સૈયદ રાજુ સાહેબની ભલામણ પ્રમાણે **શેખ ફરીદ સકરગંજના પૌત્ર રૂકનુદીન કાનેશકર** તે વખતે ત્યાં રહેતા હતા. ત્યાં ઉતરી સંસારી તથા આત્મિક ક્રિયાઓમાં લાગી ગયા.

કહે છે કે, સલ્તાન મુઝફ્ફર મખદુમ જહાંનીઆ સાહેબનો સેવક હતો. તેણે સાંભળ્યું કે, મારા ગુરૂનો પૌત્ર અત્રે પધારે છે તેથી લેવાને ગયા. અને તે શહેરમાં આવીને વિધાભ્યાસ કરવા લાગ્યા. અને તેમણે **મૌલાના અલીશેરની પાસે વિધા સંપાદન કરી** અને જયારે સુલ્તાન અહમદે મોટુ અહમદઆબાદ શહેર વસાવ્યું ત્યારે તેમને વિનંતિ કરવામાં આવી કે, આપ અહમદઆબાદ પધારો તેથી તેઓ ત્યાંથી અહમદઆબાદ આવી રહ્યા. સુલ્તાન અહમદની કવિત્વ શક્તિ સારી હતી. તેથી તેમના વખાણમાં એણે કહેલું છે.

કવિત - કુતબેઝમાનએ મા બુરહા બસસ્ત મારા

બુરહાનેઉ હંમેશા ચુ નામશ આશકારા.

અમારા વખતના કામકાજના અધિકારી બુરહાન અમને જોઈએ છે, તેમના સિદ્ધાન્તો તેમના નામ પ્રમાણે પ્રસિદ્ધ છે. આ વખાણની એક ગઝલની પહેલી શેર છે, તે સેવામાં હાજર થઈ રૂબરૂમાં તેણે કરી સંભળાવી અને પુરી કરી રહ્યા પછી અરજ કરી કે, એનું ઈનામ મળે આશીરવાદ મળવાની કૃપા થશે. ઉત્તર આપ્યો કે, તમારા કુટુંબને મખદુમ જહાંનીઆ સાહેબે આશીરવાદ આપ્યો છે, ત્યારે ફરીથી સુલ્તાને અરજ કરી કે, એમણે મારા દાદા સુલ્તાન મુઝફ્ફર જે મુલક મેળવ્યા તથા ઓલાદના વસ્તે આશીરવાદ આપ્યો છે, અને હું અરજ કરૂં છું કે, આ શહેર સુખી અને આબાદ રહે એવો આશીરવદ આપશો. એવું કહે છે કે, સુલ્તાનની અરજ ઉપરથી એમણે આશીરવાદ દીધો. **"અહમદઆબાદ અ-બ-દુલ આબાદ"** (અહમદઆબાદ કાયમ આબાદ રહેશે)

જુના અસાવલમાં સાબરમતી નદી ઉપર એમણે પોતાનો ઉતારો લીધો અને ત્યાં એક મસજીદ બનાવી કે હમણાં સુધી ત્યાંના રહેવાશીઓની ઈમારતોની એંધાણીઓ રહી ગઈ છે, અને ત્યાર પછી કેટલેક દહાડે વટવા ગામમાં આવી રહ્યા. તે ગામ એમના ખરચના વાસ્તે સુલ્તાને જાગીરમાં આપ્યું. એમની કરામતો લોકોમાં બહુજ પ્રખ્યાત છે. તેમાંથી લોહા લકડ અને પત્થર છે. તે વિશે એમ કહેવાય છે કે, માટીના ઢગલાના જેવી લાકડાની ગાંઠ પડેલી હતી અને એ સાહેબ મધરાતની નીમાજ પઢવા ઉઠ્યા અને ભોગ જોગે એમના પગને એમની ઠોકર વાગી. પગમાંથી લોહી નીકળ્યું અને તેઓ બોલ્યા કે " **ક્યા હે લોહા હેકે લક્કડ હે કે પત્થર હે.** " જ્યારે દિવસ ઉગ્યો ત્યારે માલુમ પડ્યું કે, તેમાં ત્રણ વસ્તુઓનો સમાવેશ થઈ ગયો છે. આ સાહેબને જ્યારે ખબર થઈ ત્યારે એક સેવકને કહ્યું કે, એને ખુણામાં દાટી દે, અને કહ્યું કે, એને ખોદી કાઢનાર તથા એની ખબર ફેલાવનાર વાંઝીઓ થઈ જશે. ઘણા દિવસ સુધી એમજ રહ્યું અને પછી તે તેને કાઢી લાવ્યો. લોકોએ તેના દર્શન કર્યા. તેમાંથી અરધું અકબર બાદશાહ કપાવીને દીલ્લી લઈ ગયા અને અડધું આજ સુધી છે. સને ૮૫૦ હીજરીમાં અડસઠ વરસ ચાર માસ

અને ચોવીશ દિવસની ઉમરે જીલહજ માસની આઠમી તારીખે ગુજરી ગયા. ત્યારે સૂર્યોદયનો વખત હતો. **ઘુમટ તથા પત્થરની મસજીદ સાથે તેમની કબર વટુવા ગામમાં છે.** આ દેશના લોકો તે કબરની પ્રદક્ષિણાને કલ્યાણકારી ગણે છે. હવેલી પ્રગણામાં ગણાતું મજકુર ગામ તથા પાલડી ગામ તથા શીખરી, ઉરસના ખરચમાં તથા વંશના લોકો તથા ગાદીવાળાના ખરચમાં કાપેલા છે, અને હવેલી તાબાનું કજુર (કમાડ) ગામ કુતબી સૈયદોના પાલણ પોષણમાં પહેલાના રાજ્યોની સનદોથી ઈનામ અપાયલું છે. એમની પાછળ **બાર છોકરાઓ અને સત્તર છોકરીઓ હતી.**

પહેલો પુત્ર -

સૈયદ નાસિરૂદીન અબુલહસન સૈયદ મહમુદ ઉર્ફે શાહ બડા.

એમનો જન્મ પાટણ શહેરમાં સને ૮૦૯ હીજરી રમજાન માસની ૨૩ મી તારીખે થયેલો. તેમની માતુશ્રી બીબી સુલ્તાના ખાતુન ખુદાવંદ ખાનની દીકરી હતી. તેમણે યોગશાસ્ત્ર, ઉપદેશ ગાદીની યોગ્યતા સિદ્ધ સાધના તથા આત્મજ્ઞાન પોતાના પિતાજી પાસેથી સંપાદન કરેલાં તે વડીલ પુત્ર અને તેમની ગાદીના ધણી અને ઈશ્વરી જ્ઞાન સમુદ્રપાન કરનાર હતા. અને શાહ રાજુ કતાલ સાહેબે પોતાના સ્થાનમાં પોતાના નાયબ થવાનું લખાણ તથા ઝબો મોકલી આપ્યો હતો. **તેમનું મૃત્યુ વટુવા મુકામે સને ૮૮૪ ના જીલકઅદ માસની પહેલી તારીખ ત્રણ ઘડી રાત ગયે તે થયું હતું. તેમની કબર ઘુમટમાં પશ્ચિમ દિશાએ છે.** એમને પાંચ (૫) પુત્રો હતા. શાહ પ્યારન, સૈયદ ઝાકીર મુહમ્મદ, સૈયદ શેર મુહમ્મદ, સૈયદ જલાલુદીન શાહ શેખજી, શાહ અતીકુલ્લા.

હઝરત શાહ શેખજી :- કે જે ન્હાના પુત્ર હતા. પરંતુ ઈશ્વરી તથા સંસારી જ્ઞાનોમાં સર્વથી શ્રેષ્ટ હતા. એ અસાવલમાં હીજરી સને ૮૫૩ માં જન્મ્યા હતા. જે વખતે એમના જન્મવાની ખબર કુતબે આલમ સાહેબને પહોંચીતે વખતે રૂબરૂમાં બેઠેલા શાહ મુહમ્મદને કહેવા લાગ્યા કે, " ભાઈ મહમુદ ! ખુશ હો, અસાંથી વડો અસાંકે ઘર જલાલુદીન જહાંનીઆ આયો. " તેઓ આત્મયોગ પોતાના પીતાજી પાસેથી શીખેલા અને પોતાના દાદાથી પણ સંપાદન કરેલ અને પોતાના કાકા શાહેઆલમથી

પણ શિક્ષણ લીધેલું હતું. શેખને છાતી ઉપર નાખી શાહેઆલમ સાહેબ કહેતા કે, જે વિદ્યા મેં હાંસલ કરી છે તે શેખજીને આવી જાય. અને એવીજ રીતે બન્યું કે, એ બેઉ સાહેબ ગાદી ઉપર આવી લોકોને ધર્મ ધ્યાન ઉપર ખેંચી ગયા. **એમના મોટા શિષ્યો પૈકી ૧ કાજી મહેમુદ બીરપુરી, ૨ સૈયદ તૈયબ જેમની કબર ઈસનપુરના કોટમાં પૂર્વ તરફ છે.** સૈયદ તૈયબ ૨૫ મી રજબ સને ૯૬૦ હીજરીમાં ગુજરી ગયા. અને **મીરાતે સીકંદરીમાં લખ્યા પ્રમાણે ગુજરાતના રાજની પ્રાપ્તિ સુલ્તાન મુઝફ્ફર હલીમના પુત્ર બહાદુરશાહને અને તેમજ ચીતોડની ફતેહ એજ સાહેબના આશીરવાદથી થયેલી હતી.** તે સાહેબ હીજરી રબીઉસ્સાની માસની ૧૭ મી તારીખે સને ૯૩૧ માં ચાર ઘડી રાત ગયે ગુજરી ગયા. તે વખતે તેમની ઉમર ૯૦ વરસની હતી. **તેમની કબર કુતબે આલમ સાહેબના બીજા ઘુમટમાં** છે.

બીજા પુત્ર -સૈયદ મુહમ્મદ શાહેઆલમ સાહેબ

જેમનું વર્ણન જુદું (પેજ નં.૫૫માં)બતાવવામાં આવશે.

ત્રીજો પુત્ર - સૈયદ અહમદશાહ બડા

તે પોતાના બાપના શિષ્ય છે, એ સને ૮૮૦ હીજરીમાં પાટણ શહેરમાં જન્મ્યા હતા અને ૬૩ વરસની ઉમરે સને ૯૪૨ માં ગુજરી ગયા. **કુતબે આલમ સાહેબના રોજામાં પૂર્વ તરફ એમની કબર છે.**

ચોથો પુત્ર - શાહ હામીદ

પોતાના બાપના શિષ્ય હતા. તે તારીખ ૫ માહે શાબાન ૯૦૯ હીજરીમાં ગુજરી ગયા. **એમની કબર કુતબે આલમના મોટા ઘુમટમાં પશ્ચિમ દિશાએ છે.**

પાંચમો પુત્ર - સૈયદ સાલેહ

પોતાના બાપના શિષ્ય હતા. એ ઘણા વિદ્વાન અને કુશળ હતા, અને અદર્શ રીતે તેમને નાણા આવી મળતા હતા. ગેબી ખજાના ઉપર સત્તા હતી. એમનો ઉરસ ૯ જીલહજ માસને દહાડે થાય છે. **એમની કબર કુતબે આલમ સાહેબના મોટા ઘુમટમાં પશ્ચિમ દિશાએ છે.**

છઠ્ઠો પુત્ર - શાહ અમીનુલ્લા

એ પણ પોતાના બાપના શિષ્ય હતા. એ સૈયદ ઝાહિદ સાહેબના સગા અને મોટા ભાઈ હતા. જ્યારે એમને દાટ્યા ત્યારે રાત્રે સ્વપ્નામાં સૈયદ મુહમ્મદ ઝાહિદને કહ્યું કે, મારી આંગળી પેટીના પાટીઆની હેઠળ બંધ થઈ છે, તે લઈ આવો. એ સ્વપ્ના ઉપર એમણે ભરૂસો રાખ્યો નહિ પરંતુ બરાબર ત્રણ રાતો સુધી એવુંજ સ્વપ્ન આવતું રહ્યું. છેવટે ચોથે દહાડે ઉઘાડી જોયું તો માલુમ પડ્યું કે, ખરેખર પગની આંગળી એમની ઠાઠડીની અંદર રહેલી છે અને તેમાંથી લોહી વહે છે. પછી આંગળીને લાવી કબરની અંદર મુકી. **એમની ઘોર (કબર) મોટા ઘુમટમાં શાહ હામીદની ઘોરની હેઠળ છે.**

સાતમો પુત્ર - સૈયદ મુહમ્મદ ઝાહિદ

એમની હકીકત હવે પછી શાહેઆલમ સાહેબના શિષ્યોમાં વર્ણન કરવામાં આવશે.

આઠમો પુત્ર - સૈયદ મુહમ્મદ અસગર ઉર્ફે શેખ મુહમ્મદ

એમણે પોતાના યોગ, વેદાંતને પોતાના મોટા ભાઈ સૈયદ નાસિરૂદ્દીનથી શીખ્યું હતું. રમજાન માસની તારીખ ૨૬ મીએ એમનું ઉરસ થાય છે. **મોટા ઘુમટમાં પૂર્વ તરફ એમની કબર છે.**

નવમો પુત્ર - સૈયદ મુહમ્મદ સાદિક

એ પણ પોતાના મોટા ભાઈના શિષ્ય હતા એમની ઉમર વીસ વરસની હતી. એમનો ઉરસ રજબ માસની ૨૧ મી તારીખે થાય છે. **કબર શેખ મુહમ્મદની પંગતિએ મોટા ઘુમટમાં છે.**

દશમો પુત્ર - સૈયદ મુહમ્મદ રાજુ

કુત્બે આલમ તથા શાહેઆલમના શિષ્ય હતા. નાનપણમાં છોકારાઓની સાથે રમતા તેમના બીજા ભાઈઓએ એમને પાડી દઈ પુંઠ ઉપર ઘુસ્સા માર્યા. એટલે રડતાં રડતાં કુતબે આલમ સાહેબની સામા ગયા. તેમણે કહ્યું કે, તમારા ભાઈએ જોયું છે કે, તમારી પુંઠમાં પુત્ર નથી તેથી ઘુસા માર્યા એ તેની મહેરબાની હતી. આ ઘુસા માર્યા તેથી તેમને બાર પુત્રો થયા. સફર માસની ૫ તારીખે તેમનો ઉરસ થાય છે અને **એમની કબર મુહમ્મદઆબાદ એટલે ચાંપાનેરમાં છે.**

અગીઆરમો પુત્ર - શાહઆલમ

પોતાના બાપના સેવક અને મોટા ભાઈના શિષ્ય હતા. રાગ સાંભળવાના ઘણા શોખીન હતા. ખાવા પીવાની કંઈ દરકાર નહોતા રાખતા. તેમનો ઉરસ શાબાન માસની આઠમી તારીખે થાય છે અને **એમની કબર કુતબે આલમ સાહેબની દરગાહની બહાર પુર્વ તરફ છે.**

બારમો પુત્ર - સૈયદ ઈલમુદીન,

ધાવવની કાચી ઉમરમાં ગુજરી ગયા.

કુતબે આલમ સાહેબના શિષ્યો જે આ શહેરમાં સુતેલા છે.

સૈયદ ઉસમાન શમે બુરહાની સાહેબ (શિષ્ય)

પ્રભુ તલીનમાં શમે બુરહાની નામ પામેલા **અમીર સૈયદ ઉસમાન મુખ્ય શિષ્ય કુતબે આલમ સાહેબના** છે અને આ દેશના પીરોમાં મોટા છે. નાની ઉમરે તે સેવક બનેલા અને ઉમરનો મોટો ભાગ પીરની સેવા કરવામાં કાઢેલો. તેમની સોબતથી ઘણે ઉંચે દરજ્જે પહોંચેલા અને બેઉ ભવના ઉંચા ઉંચા કાર્ય સિદ્ધ કરી લોકોને પ્રભુ જ્ઞાનનો બોધ આપતા.

એવું કહેવાય છે કે, સૈયદ ઉસમાન ત્યાગી અને પાકા ફકીર હતા. જ્યારે **એમના પૌત્ર સૈયદ આલમનું લગ્ન કાને શકર સાહેબના પૌત્ર શેખ દાઉદની કન્યાની સાથે આદરવામાં આવ્યું** ત્યારે આ સાહેબ જેમ પુરા ભક્ત હતા તેમ સંસારી માયા પુંજી પણ સારી રાખતા હતા. તેથી કોઈ સેવકે અરજ કરી કે, આપને તો ઈશ્વરનો ભરૂસો અને ત્યાગ સંપૂર્ણ રીતે આવી રહેલો છે અને આ લગ્ન શેખ દાઉદ સાહેબને ત્યાં થાય છે તેથી આપણે શું કરીશું ? ત્યારે તેમણે ઉત્તર દીધો કે, પ્રભુનું નામ મને સઘળી રીતે સંભારી લેશે. દરગાહે દંડવત કરતાં પોતાની હકીકત હજરત કુતબે આલમ સાહેબની દરગાહે જાહેર કરી; તે વખતે એવી પ્રેરણા થઈ કે, ઓ ભાઈ શા વાસ્તે મન સાંકડું રાખે છે ! જેટલું જોઈએ તેટલું ખરચ કર. હું ગુપ્ત ધન પહોંચાડીશ અને તે ધન મેં **મીયાં મંજલા**

એટલે શાહે આલમ સાહેબને આપ્યું છે; તે નાણા તમે લઈને વાપરો. એ મેં તમને આપ્યા. આ સાંભળી ઘેર આવ્યા અને મજકુર સેવકને હુકમ કર્યો કે, તમને જેટલું જોઈએ તેટલું ખરચ કરવામાં પાછા હઠશો નહિ. સેવકો તે પ્રમાણે કરતા હતા અને ખરચનો આંકડો જઈને તેમને સંભળાવતા ત્યારે શાહેઆલમ સાહેબ કહેતા કે, સાબરમતી નદી ઉપર જાઓ અને રોજના ખરચ જેટલું ત્યાંથી લેતા રહો, કામથી વધારે લાવશો નહિ. આ પ્રમાણે તેમના કુટુંબમાં કેટલાક દિવસ સુધી મળતું રહ્યું, તે આ દેશમાં પ્રસિદ્ધ વાત છે.

ઉસમાનપુર વસાવવાનું કારણ - એવું કહેવાય છે કે, સૈયદ ઉસમાન સાહેબને પોતાના પીર ગુરૂઓની હજુરમાં રહી પ્રભુ શોધક માણસોને એ રસ્તા ઉપર ચઢાવી દેવાનું કામ ઘણી ઉત્તમ રીતે હાથ આવેલું હતું. લોકો આવી એમને પૂછે ત્યારે ગુરૂની અદબના લીધે સંતાઈને છાના થઈ જાય. એક દિવસે એમના ગુરૂ કુતબે આલમ સાહેબે કહ્યું કે, કેટલાક હજાર માણસોનો પ્રભુ માર્ગ અને આત્મજ્ઞાનનો આધાર તમારી ઉપર રહેલો છે. જો તમો એવી રીતે સંકોચાઈને છાના માના બેશી રહેશો તો ચાલશે નહિ. હવે તમને ઠીક લાગતું હોય તેવા કોઈ બીજા ઠેકાણે જઈ વસો. તેથી કેટલાક દિવસ સુધી તેઓ બહાઉદીન પુરામાં આવી વસ્યા. તે ઠેકાણે પ્રભુ શોધકો અને મોટા મોટા અમીરો વિગેરેની ભીડ થવા લાગી, અને બાદશાહ તથા શાહઝાદાઓ મળી એટલા માણસો ભેગા થવા લાગ્યા કે રસ્તો બંધ થઈ લોકોની આવજાવને ઘણી અડચણ પડતી. તેથી ઘર તથા માલમતાને લુંટાવી દઈને ત્યાંથી નીકળ્યા અને સાબરમતી નદીની પેલીપાર કે જ્યાં હાલ ઉસમાનપુર જોવામાં આવે છે ત્યાં આવી રહ્યા. પોતાની બીબીના વાસ્તે ઉનની બનાવટનો તંબુ ઉભો કરી પોતે સ્નાન કરવા નદી ઉપર ગયા. અને એવા વિચારમાં હતા કે વાસણ હાથ લાગે તો બીબી સાહેબને વજુ નીમાજને વાસ્તે હાથ પગ ધોવા અને મોઢું ધોવાને - પાણી લઈ જાઉં. એટલામાં એક હિંદુનો છોકરો ગદાધર નામનો હાથમાં તાંબાની ગાગર લઈ આવતો હતો. તેની પાસેથી તે તાંબાની ગાગર માગી પાણી ભરીને પોતાની બીબી સાહેબને પહોંચાડ્યું અને કહેવા લાગ્યા કે,

જો પ્રભુ અહીં આ પુરૂં વસાવે તો તમારે અહીં વાસ કરીને રહેવું. તેમણે જવાબ દીધો કે, અમારી પાસે પૈસા ટકા વિગેરેની જોગવાઈ નથી. ત્યારે કહ્યું કે, એજ વાસણને લો અને સાબરમતી ઉપર જાઓ અને ત્યાંથી ભરીને લાવો. ત્યારે તે ગયો અને પાણી ભરવા લાગ્યો, તો પાણીની જગાએ મહોરો વહેતી દીઠી. તે ભરીને સૈયદ સાહેબની સામે લાવ્યો અને ઠલવી દીધી. ત્યારે કહ્યું કે, તારા પિતાની પાસે લઈ જઈને તેમને આપી દે, અને કહ્યું કે, તૈયારી કરી અત્રે આવી વસવાની ભલામણ કર.

તે પછી દરેક જાતના લોકોની સૈયદ સાહેબના તંબુની આગળ આવીને ઠઠ ભરાઈ ગઈ અને ત્યાંજ ઘરબાર કરીને રહેવા લાગ્યા. એમ કરતાં પુરૂં વસાઈ ગયું. અને તેનું નામ ઉસમાનપુર પાડવમાં આવ્યું. એ સૈયદ સાહેબની ઘણી કરામતો પ્રસિદ્ધ છે. જેમાંથી **"મદારિજુલ મઆરિજ" પુસ્તક એમના વંશમાં પ્રખ્યાત છે.** જ્યારે પ્રભુ પ્રેમમાં ઉભરાઈ જતા ત્યારે મોમાંથી કવિત પણ ઉચ્ચારતા હતા. તેમાંથી એક ગઝલ હેઠળ પ્રમાણે છે.

અર્શ ફરશેસ્ત કે દર ખિલવતે દુરવેશાંનસ્ત
રંજ ગંજેસ્ત કે હમસોહબતે દુરવેશાનસ્ત
ખિલ્અત વ દોલતે જાવીદ અગર મીખાહી
ખિરકાએ બા અઝમતે કિસવતે દુરવેશાનસ્ત
કિસ્સએ, ગર્ક શુદન આલમો આં તુફાનરા
ખ્વાંદેબાશી કે હમ અઝ ઝહમતે દરવીશાનસ્ત
ગર્ચે તાઉસ મલાએક બજહાં શેહબાજસ્ત
મગસે માઈદે નેમતે દુરવેશાન્ત
ઝિલ્લે મા મુલકે ખુરશીદ હવાદિસ બાશદ
સાયયે બાર ગહે દોલતે દુરવેશાનસ્ત
કાર ગાહે કે દરેબસ્તા કિલીદે દરેઉ
નફસે ફાતીહએઆં હઝરતે દુરવેશાનસ્ત
સીનએ બેકીનએ ઉસમાં શુદાહ ગંજીનએ ઈશ્ક
ઈ ફુતુહ અઝ મીઝએ હિમતે દુરવેશાનસ્ત

અનુવાદ :

પ્્રભુ રાજયાસન એક પાથરણું છે,
જે સાધુ ફકીરોના સ્થાનમાં પથરાય છે.
દુઃખ એક દ્રવ્ય છે કે જે ફકીરોની સાથે રહે છે.
જો તું સદા રહેતી દોલત નામના પોષાક મેળવવા ચાહે
તો તે મોટાઈનો પહેરવેશ ફકીરોની કફની છે.

દુનિયા ડુબી જવાની વારતા અને નૂહના
તોફાનની વાત તેં સાંભળી હશે.
ફકીરોને પજવ્યાથી આ પીડા ઉભી થયેલી તે તેં વાંચ્યુ હશે.
દુતોનો મોર પક્ષી સૃષ્ટિમાં શાહબાજ છે.
તે ફકીરોની પંગતમાં પીરસાએલા ખાણા ઉપર ભમતી માંખ
જેવો છે.
ટકતી છાયા નાશ પામતા પૂર્વની ફકીરોના દરબારની ઈમારતની
છાયા છે.
જે કારખાનું બારણા વાસીને કામ કરે છે અને તેમાંજ તેની કુંચી
રહેલી છે તે કારખાનું ઉઘાડવાની કુંચી ફકીરોની પાસે છે.
પ્રેમનો ભંડાર નિરદ્વેશી છાતી થઈ છે, ઉસમાનને આ માન પણ
ફકીરોના ઈસારાથી મળ્યું છે.

જમાદીઉલ અવલ માસમાં તારીખ ૧૫ મીએ ગુજરી ગયા. ઉસ્માનપુરામાં આલીશાન મસજીદ અને સુંદર ઘુમટવાળા રોજાની અંદર દફનાવ્યા. આ દેશમાં પોતાનો પરિવાર પોતાની પાછળ મૂકી ગયા છે.

શેખઅલી ખતીબ (ભાષણ કરતા) (શિષ્ય)

પોતાના કાળમાં હજરતઅલી સાહેબના જેવા ગુણ ધરાવનારા અને ભક્તિમાં ઘણાજ આગળ વધેલા હતા. જ્યારે એમની બાર વરસની ઉમર થઈ ત્યારે સર્વથી પરવારીને ખુદાની બંદગી કરવા લાગ્યા. અને માણસનું વાવેલું ધાન મૂકી દઈને ઘાસ તથા જંગલી પોતાની મેળે ઉગેલા દાણા કામમાં લેતા, દિવસે અપવાસ કરી સાંજે અપવાસ તેનાથી છોડતા.

બાર વરસ સુધી એવી રીતે ભક્તિ કરી તેથી મન એટલું બધું ચોકખું થઈ ગયું કે દુતો પ્રભુના વખાણ કરે છે તે સાંભળવા લાગ્યા. તે પાંચે વખતની નીમાજ સાબરમતી નદી ઉપર પઢતા હતા. અને ઘરથી નદી તરફ જતા રસ્તામાં એક ભક્તિલીન દિવાનો પુરૂષ રહેતો હતો તે વારંવાર એમને કહેતો કે, અલી મુસલમાન થા. એનો અર્થ એ સમજતો નહોતો અને બંદગી તથા સ્મરણમાં વધારો કરતા. એક દિવસ તે દીવાનો માણસ કંઈ ખાણું રંધાવી લોકોને ખવરાવતો હતો તે વખતે એ આ રસ્તે થઈને જતાં હતા. દીવાનો દોડીને પાસે આવી એમને પછાડી છાતી ઉપર ચઢી બેઠો અને જોરજુલમ કરીને બે ત્રણ કોળીઆ એના મોંમાં ધકેલી દીધા. આ માણસ પોહોંચેલો છે અને એની સેવા અફળ થશે નહિ એવું એમના મનમાં ઠસી ગયેલું તેથીજ તેણે એમને બેચાર ઘુસા મારી દીધા અને કહ્યું કે, અલી મુસલમાન થા.ધુળમાં આળોટી ખરાબ હાલ હવાલથી ઘેર આવ્યા. અને ઘણીવાર પછી ભાન આવ્યાથી " મુસલમાન થા " એ શબ્દનો અર્થ ખોળવા લાગ્યા અને મનસુબો કર્યો કે કોઈના સેવક બનવું.

હવે આ વખતે બેજ પુરૂષો એ કામ માટે લાયક છે, હજરત કુતબે આલમ તથા હજરત ગંજબખ્શ. કુતબે આલમ સાહેબની સભામાં કોઈ વખત રાગ થતો હતો (એ ઠીક નહિ) એમ ધારી ગંજબખ્શને પીર કરવા એવા વિચારથી બળદગાડીમાં બેસી સરખેજ તરફ જવા નીકળ્યા. જ્યારે સાબરમતી નદીના કિનારા ઉપર પહોંચ્યાં ત્યારે બળદો ઉભા થઈ ગયા. તેમને હાંકવાને ઘણા ઉપાયો કર્યા પણ તે એકે ડગલું આગળ વધ્યા નહિ. એટલામાં એબ ગેબથી એક હાથનો પંજો નીકળી આવ્યો અને પુંઠ ઉપર લાગી એમના અંગરખાને તાણવા લાગ્યો અને શાકના રંગની નિશાની એમના લુગડા ઉપર જણાઈ આવી ત્યારે એ બોલ્યા કે, મને પાછળથી કોઈ તાણે છે, બળદોને મુકી દો જ્યાં એ લઈ જાય ત્યાંજ મારા નસીબમાં લખેલી જગા છે એમ જાણી બળદોને મુકી દીધા, તેઓ જુના અસાવલમાં લઈ ગયા કે જ્યાં કુતબે આલમ સાહેબનું ઘર હતું. કુતબે આલમ સાહેબ પોતાના ખાતા વધેલી ખાસ પ્રસાદી એમના વાસ્તે રાખેલી અને બીજા કેટલાક લોકો સેવક થવા આવેલા તેમને પણ કહેલું કે ધીમા ધીમા ખાઓ પીર આવે છે. આ વખતે શેખઅલી પહોંચી ગયા. તે મનમાં

ધારતા હતા કે પહેલા સેવક બનાવવાની આજ્ઞા લઉં પછી સેવક બનું કુતબે આલમ સાહેબે તેજ પ્રમાણે કહ્યું કે, કોડીયું તેલ અને દીવેટ તૈયાર કરી લાવ્યા છો. એટલુંજ બાકી છે કે, કોઈ સળગાવી દે તેથી પહેલા સેવક બનાવવાની કૃપા કરી. તેજ વખતે પ્રભુ પ્રેમ અને વીરા શેખના દીલમાં પ્રગટ થઈ ગયા અને ધડધડ રોવા માંડ્યું. ચીસો પાડવા અને નાચવા લાગી ગયા. કેટલાક કહે છે કે, ગવૈયાના જે વાજીંત્રો ત્યાં હતા તે પોતાની મેળે વાગવા લાગ્યા. અને કુતબે આલમ સાહેબે તેમને હુકમ કર્યો કે, કંઈ ગાઓ.

હવે શેખ સાહેબ રાગ મિત્ર થઈ પડ્યા અને ઘણીવાર સુધી ઝુઝતા અને કુદતા રહ્યા. ત્યારે પછી કેટલાક સેવક થવાને આવેલા માણસોને હુકમ કર્યો કે, એના મુરીદ થાઓ. કુતબે આલમ સાહેબના રૂબરૂ એમણે તેમને સેવક બનાવ્યા. ત્યારે પછી લોકોને સુમાર્ગે દોરવાના હેતુથી એમને રવાને કરી દીધા. **શેખનો રોજો કદનપુરમાં છે. અને કદનપુર તથા કુતુબપુર** એ બેઉ ગામ એમની ઓલાદની જાગીરમાં છે, અને તે દિવસથી આજ દિન સુધી તેમનોજ કબજો ભોગવટો છે.

શેખ અહમદ ખટ્ટુ

લોકોમાં કહેવાતા ગંજબખ્શ સાહેબ શેખ અહમદ ખટ્ટુએ બાબૂ ઈસ્હાક પાસેથી શિષ્યપદ મેળવ્યું હતું. બાબુ ઈસ્હાક ખટટુમાં આરામ કરી રહ્યા છે. અને એમનાથીજ (હઝરત શેખ અહમદ ખટ્ટુ)થી મગરેબી સિલસિલાની સમાપ્તિ થાય છે. જ્યારે મક્કે હજ કરવા જવાનો ઈરાદો કર્યો ત્યારે પાટણથી ખંભાતમાં આવ્યા, આ વખતે રાસ્તીખાન ખંભાતનો સુબો હતો. મજકુર બંદરથી સ્વાર થઈ રવાને થયા, અને પાટણમાં મજકુરખાનનો બાપ મલિક ફત્તેહુલ મુલ્ક એમને આવી મળ્યો હતો અને પાછા ફરતી વખતે નગરઠઠાને રસ્તે આવી બુખારા ગયા હતા. **એ વિશેનો વિસ્તાર પેશ ઈમામ નિમાજ પઢાવનાર શેખ અબુલ કાસીમે એક મોટું પુસ્તક લખ્યું છે (મિર્કાતુલ વુસૂલ) તેમાં દરશાવી દીધું છે.**

સને ૮૦૨ હીજરી માં મુઝફ્ફરખાનની હકુમતના વખતમાં ગુજરાત આવી શહેરની પશ્ચિમ દિશાએ ત્રણ ગાઉ ઉપર આવેલા સરખેજ

ગામમાં બડાનામના વહોરાના ઘરમાં મુકામ કરી રહ્યા. આ વખતે મુઝફ્ફરખાને બાદશાહ બનવાની ઝંડી ઉંચી નહોતી કરી. અહમદઆબાદ શહેરના કોટનો પાયો નાખતી વખતે દોરીનો એક છેડો સુલ્તાનની વિનંતી ઉપરથી એમના હાથમાં હતો. એમની કરામતો પ્રભુ-જ્ઞાન આત્મ ઓળખના અગણીત દાખલાઓ લોકોમાં પ્રસરાએલા અને કેટલાક મજકુર પીર પુસ્તકમાં દાખલ કરેલા છે. ગુરૂવાર તા ૧૪ માહે સવાલ બપોર પહેલા ૮૪૯ હીજરીમાં પ્રભુ તરફ આ શ્રષ્ટિમાંથી કુચ કરી ગયા. કોઈ વિદ્વાને આવી રીતે સાલ કાઢી છે.

કવિત : તા વ મીમો અલા સમાન માઆ, કાન દાલો યા મિનસ્શવ્વાલ, ઉમ્રહુ દલ્લા અનહુ કુતબુન, રાહાયોમલ ખમીસ વક્તે ઝવાલ

આઠસો ઉપર નવ અને ચાલીશ શવ્વાલ માસની ચાર અને વીશમી તારીખ, તેમની ઉમર એકસો અગીઆર વરસની કુતુબ ક=૧૦૦=ત=૯=બ=૨=૧૧૧ કુચ કરી ગયા ગુરૂવારે બપોરે.

સઘળી ઉમર વગર પરણ્યે તથા ત્યાગીઓની પેઠે કાઢી હતી. અને લગ્ન કરેલું નહિ. **એમની કબર પ્રકાશથી ભરપુર મજકુર ગામમાં (સરખેજ, મકરબા) ઉંચા ઘુમટ દરગાહ મસજીદ તથા તળાવની સાથે છે. સુલ્તાન મુહમ્મદશાહે તેનો પાયો નાંખેલો અને સુલ્તાન કુતુબુદીન તેના દીકરાએ તેની ઈમારત પુરી કરી.** દર ગુરૂવારે ત્યાં દર્શન કરવા શહેરના લોક જાય છે. **તેમની પંગતી આગળ સુલ્તાન મહમુદ બેગડા તથા સુલ્તાન મુઝફ્ફર હલીમને અને સુલ્તાન મુહમ્મદ શાહને દફન કર્યા છે.** તેમના ખલીફા અને આ શહેરના શિષ્યોની દરગાહો આ શહેરમાં છે તે જગ પ્રસિદ્ધ છે. મકબરા ગામ (મકરબો) અને ખટુપુરની વકફ જમીન દરગાહ તથા ઉરસના ખરચમાં વાપરવા ઠરાવ થયેલો છે.

સૈયદ મહમૂદ ઈરજી એટલે શેખ પીર

જ્યારે સૈયદ સાહેબ ઈરજથી મક્કે હજ કરવાને મનસુબે સેવકો, દાસો તથા ગવૈયા લોકોને લઈ રવાને થયા અને અહમદઆબાદમાં આવ્યા ત્યારે ભંડેરીપુરમાં ઉતર્યા અને વહાણું વાતા ગંજબખ્શ સાહેબને મળવા

ગયા. જ્યારે હુંકડા પહોંચ્યા ત્યારે તેમની પાસેથી એક સેવક આવ્યો અને કહેવા લાગ્યો કે, તમને બોલાવે છે. એમણે જવાબ દીધો કે, કોઈ બીજાને બોલાવતા હશે. સેવકે કહ્યું તેમણે ફરમાવેલું છે કે, જો એ હશે તો એમનું નામ શેખ મહમુદ છે. તેમને તેડી આવ. પછી ઉત્તર દીધો કે, શેખ મહમુદ નામના ઘણા માણસો છે, તે કોઈ અહમદઆબાદમાં હશે, સેવકે કહ્યું કે મને ફરમાવ્યું છે કે, જો મહમુદ ઈરજી નામ હોય તો લઈ આવજે, પછી એ આગળ ચાલ્યા અને જ્યારે ગંજબખ્શ સાહેબને દીઠા ત્યારે પગે લાગ્યા તેમણે સલામ કરીને કહ્યું કે, બાબા તમારી આ મુસાફરી ઘણી કલ્યાણ કારી છે, અને ઘરમાંથી ખાણું મંગાવી એમના સનમુખ મુક્યું. એમણે અદબ રાખી થોડું થોડું ખાવા માંડ્યું, ત્યારે બોલ્યા "તકલ્લુફ નહીં કરો" મનમાનતું ખાઓ, ત્યારે પછી એમની સંગતવાળા બહાર બેઠેલા માણસોને અંદર બોલાવ્યા અને દર્શનનો લાભ આપ્યો. તેઓ પગે લાગ્યા અને ગવૈયાઓને પૂછ્યું કે તમે પણ મક્કે જવાનો મનસુબો રાખો છો. તેમણે અરજ કરી કે એજ ઈરાદાથી નીકળ્યા છીએ. ત્યારે ફરમાવ્યું કે, આ બીચારાઓને સારી મતિ પ્રાપ્ત થઈ છે. પરંતુ આ લોકોની સાથે તેમનું ટકવું કઠણ વાત છે. ત્યાર પછી પચાસ ટંકા એમના સાથીઓને ઉજાણીને વાસ્તે આપી રવાને કરી દીધા. અને કહ્યું કે, બીજી મુલાકાતે વિદાયગીરી થશે. પછી કેટલેક દહાડે શેખ મ્હમૂદ રવાનગીની પરવાનગી લેવા એમની સેવામાં ગયા. ત્યારે એમણે કહ્યું કે, બાબુ ઈસ્હાકના ગુરૂ શેખ મુહમ્મદ મગરિબી એ ચાલીસ હજ કરી હતી. અને બીજી કરામતોના વર્ણન કરેલા અને પ્રસાદી આપી કહેલું કે, બીજી મુલાકાતે આવવું. પછી કેટલેક દહાડે એમની સેવામાં ગયા. તે વખતે હજરત શેખ પ્રભુ ધ્યાન બાંધી કેહેવા લાગ્યા કે મેં એની વાણી સાંભળી છે કે, મહમુદને તારી પાસે રાખજે અને આગળ જવા ન દઈશ. અને કહ્યું કે, જેવી રીતે મુજ ફકીરને બાબુ ઈસહાકે દીકરો બનાવ્યો હતો. તેવી રીતે મેં દરવેશે તમને મારા પુત્ર ગણેલ છે. એમને પોતાની સેવામાં રાખ્યા અને સાથીઓને ઈનામો આપી રવાના કરી દીધા. એમની સ્ત્રીને ઈરજથી બોલાવી પોતાની દીકરી કહીને પોતાની પાસે રખી. એ ભંડેરીપુરમાં રહેતા હતા. અને હંમેશા ગંજબખ્શ સાહેબની સેવામાં જઈ પ્રભુ જ્ઞાનનો લાભ લેતા હતા. દિવસે દિવસે એમની ઉપર

તેમની મહેરબાની વધી. રજા લઈ **એક પીર પુસ્તક ગંજબખ્શ સાહેબના વૃતાંતનું લખ્યું છે. તેનું નામ 'તોહફતુલ મજાલિસ' રાખ્યું અને તે પુસ્તકમાં થોડીક પોતાની હકીકત પણ લખી છે.** રજબની તારીખ ૧૦ મીએ એમનો ઉંરસ થાય છે. **તેમની કબર ભંડેરીપુરમાં (કાલુપુર ટાવરની પહેલા શેખ ઈરજી (હિરજી)ની પોળમાં છે).**

શેખ સલાહુદ્દીન.

એમના પિતાનું નામ તુકાજી તે ધર્મે હિંદુ હતા. ગંજબખ્શ સાહેબની સેવામાં આવી મુસલમાન થયા. જયારે તુકાજી મુસલમાની ધર્મ ધારણ કરવા આવ્યા. ત્યારે ગંજબખ્શ સાહેબ કુરાન પાઠ કરતા હતા. તુકાજીને કહ્યું બાબા તાલિબ (બાપા શોધક) આવી જા અને ઉચ્ચાર **"બિસ્મિલ્લાહિ ર્રહમા નિર્રહીમ,** પ્રભુના નામથી પ્રારંભ કરૂં છું. જે પ્રભુ કૃપાળુ અને દયાળુ છે; અને ઈસલામની તરબીઅત કરી અને કહ્યું કે, થોડુંક પાણી લાવો. તે લાવ્યા, પછી તેમાંથી એમણે થોડુંક પીધું ને વધેલું તુકાજીને કે જેનું નામ હવે શેખ તાલિબ પાડવામાં આવ્યું હતું તેને આપ્યું અને કહ્યું કે, પી જા. તેણે પૂર્ણ મનથી પીધું. ત્યાર પછી જે કુરાનનો એ પાઠ કરતા હતા. તે એમને આપ્યું અને કહ્યું કે, વાંચી જા, તે આ પીર પ્રતાપે અને પ્રભુ કૃપાથી તેને વાંચન શક્તિ આવી ગઈ, ને વાંચવા માડયું. પછી એમનું નામ શેખ તાલીબ પોકારવામાં આવ્યું. તે એમની સેવામાં અહોનિશ રહેવા લાગ્યા.

એક દિવસે સુલ્તાન મુહમ્મદ શાહ (બીજા) એમની સેવામાં ભેટ લેવા આવ્યા. અને કહ્યું કે, તુકાજી મુસલમાન થયો છે ને, તેના જવાબમાં ફરમાવ્યું કે, એણે મુસલમાન થઈ એક નવાઈ જેવું કામ કર્યુ છે, સુલ્તાને કહ્યું કે, એનો એક બીજો ભાઈ પણ છે અને તેનું નામ મોલાજી છે, ત્યારે ગંજબખ્શે કહ્યું કે, એને પણ બોલાવો. તે પણ હાજર થયો. તેને કહ્યું કે, ચાર દિવસ થયા પ્રભુ આજ્ઞા થઈ છે કે આવો પુત્ર તને હું પહોચાડું અને બચ્ચાની માતા લાશ ગામમાં છે, કેમકે તુકાજીને બે બાયડીઓ છે. તેમાંથી એકને ગર્ભ છે તેનાથી છોકરો થશે. તે મારો પુત્ર છે, તેને બોલાવો. તેને બોલાવવાને સુલ્તાને મોલાજીને મોકલ્યો. મોલાજીને તેડવા મોકલ્યા

પછી છ દહાડા પછી તે બાઈને છોકરો અવતર્યો (પૈદાઈશ હિજરી સન ૮૨૪, તોહફતુલ મજાલીસ પેજ.૧૨૫)તે છોકરો અને બાઈને લઈને મોલાજી આવ્યો. અને ત્રણ દિવસ પછી તે છોકરાની મા અને ત્યાર પછી તેનો બાપ શેખ તાલીબ મરી ગયા. તે છોકરાનું નામ શેખ સલાહુદ્દીન પાડી તેને પોતાનો દીકરો બનાવ્યો. અને તેને પાળીને પરવરીશ કરીને ઉછેર્યો.

ગંજબખ્શ સાહેબે કહેલું છે કે, જ્યારે મારો દીકરો સલાહુદ્દીન નાનો એક વરસની ઉમરનો હતો ત્યારે મેં એને મારા પેટ ઉપર સુવાડતો હતો. એક દિવસે તે ભોગજોગે અગ્નિમાં પડી ગયો. ત્યારે મેં પોતાના હાથે તેને બહાર કાઢ્યો, ચાર વરસની ઉમરે મારી સામે રમતો હતો ત્યારે મેં કહ્યું કે, બાબા સલાહુદ્દીન તું નાનો હતો ત્યારે મેં તારા વાસ્તે અગ્નિમાં હાથ બાળ્યા હતા, ત્યારે સલાહુદ્દીને ઉત્તર દીધો કે, સાહેબ આ અગ્નિ તો શા લેખામાં છે. મને નર્કની અગ્નિમાંથી કાઢ્યો છે ને, ત્યારે મેં કહ્યું કે, ખરૂં કહે છે. જે માણસ તારી ઉપર અને તારા પુત્ર પરિવાર ઉપર આસ્તા રાખશે તેને પણ તે અગ્નિથી તે પ્રભુના હુકમથી કાઢીશ.

જ્યારે ગંજબખ્શ સાહેબને વિદાય કાળ રોગ પ્રગટ થયો ત્યારે એમને જોવાને સુલ્તાન મુહમ્મદ આવ્યો અને મનસુરના પુત્ર કાજી અબદુલ હૈને સંગાથે લાવેલા હતો, તેને સામો લાવી સુલ્તાને અરજ કરી કે, આપને અહીં દીવો કરવાને કોઈની ઉપર આજ્ઞા થવી જોઈએ. તે વખતે એમણે ફરમાવ્યું કે, આ નાનો બાળ એટલે શેખ સલાહુદ્દીન ખબરદારીથી દીવો કરશે. થોડીકાવાર થોભી સુલ્તાને અરજ કરી કે, દીવો કરવાનું કામ અઘરૂ છે, અને કાજીનો નાનો પુત્ર લાયક અને સદ્‌ગુણી છે, ત્યારે ફરમાવ્યું કે, આ ન્હાનો સલાહુદ્દીનને પણ ન્હાનો જાણશો નહિ. અને મુજ ફકીરને પણ મરેલો ધારશો નહિં. "પરમેશ્વરના ઓલીઆ લોક મરતા નથી" ત્યારે પછી સુલ્તાને શેખ સલાહુદ્દીનનો હાથ લઈ પોતાના મસ્તક ઉપર મુક્યો અને ઘણું માન આપ્યું. રબીઉલ અવલ માસની તારીખ ૨૨ બાવીસમીએ (માર્ચની ૩૦ તારીખ)એમનો ઉરસ થાય છે. અને **ગંજબખ્શ સાહેબની પંગતીએ એમની કબર છે.**

સીરાજુદ્દીન અબુલ બરકાત
સૈયદ મુહમ્મદ શાહેઆલમ સાહેબ

સૈયદ મુહમ્મદ, કુતબે આલમ સાહેબના પુત્ર છે, **એમની માતુશ્રી ગુજરાતી સુલ્તાનોના વજીર ઈમાદુદ્દીન ખુદાવંદખાનના દીકરા કરીમખાનની દીકરી બીબી આમીના સુલ્તાના ખાતુન છે.** એમનો જન્મ ૮૧૭ હીજરી તારીખ ૧૭ માહે જીલકઅદ સોમવારની રાત્રે થયેલો અને તે હીજરી સન 'વારિસઅલી' ૮૧૭ ઉપરથી મળી આવે છે. જન્મ્યા પછી કુતબેઆલમ સાહેબે પેગમ્બર સાહેબની રજા લઈ એમનું નામ મુહમ્મદ રાખ્યું **અને સત્તર વરસની ઉમરે શેખ અહમદ ખટ્ટુ સાહેબના મગરીબીઆ સમુદાયમાં દાખલ કરી જે જબો અને જ્ઞાન મખ્દુમ જહાંનીઆએ શેખ અહમદ ગંજબખ્શ સાહેબને દસ્વત દાખલ આપેલું તે હવાલે કર્યું** અને પોતાના બાપે પણ એમને ઈશ્વર જ્ઞાન આપેલું. તેમની કરામતોના દાખલા આ દેશના લોકોમાં સારી રીતે પ્રસિદ્ધ છે. આ લઘુ પુસ્તક તેમના વિસ્તાર યોગ્ય નથી. ૬૩ ત્રેસઠ વરસની ઉમર સુધી પ્રભુ સેવા કરી શનીવારની રાત્રે મોટા મળસકા પછી જમાદીઉલ આખરની ૨૦ વીસમી તારીખે આઠસો એંસી (હિ.) માં દેહનો ત્યાગ કર્યો. કોઈ કવિએ તેમની સન આ પ્રમાણે કાઢેલી છે.

એનો યાઓ અલા સમા ન માયા
કાના કાફુન મીન જમાદિલ આખેર.
ઉમ્રહુ તાબેઉન બે ઉમ્ર નબી રાહા ફીલેલ સબ્ત વખતે સહર.

આઠસો ઉપર સીતેર અને દશ=૮૮૦ જમાદીઉલ આખરની કાફ=૨૦ મી તારીખ.

તેમની ઉમર નબી સાહેબની ઉમર પ્રમાણે ૬૩ વરસ. શનીવારે સવારે મૃત્યુ પામ્યા.

તેમના વંશના સૈયદો શાહી સૈયદના નામથી ઓળખાય છે અને એમના સિવાય બીજા કુતબે આલમ સાહેબના દીકરાની ઓલાદને કુતબી સૈયદ કહે છે. એમની કબર રસુલાબાદપુરામાં જ્યાં તેઓ રહેતા હતા ત્યાં દરગાહમાં છે અને અહીંના લોકો ત્યાં

દર્શન કરવાને જાય છે, **અહીંની ઈમારતો ઘુમટ ચોકીઓ ઘણા નાણા ખરચી એમના ખરા સેવક તાજખાન નરપાલીએ બંધાવેલી. આ તાજખાન સુલ્તાન મહમુદ બેગડાનો એક અમીર હતો અને એમનો ખરા મનનો સેવક હતો. સુંદર મસજીદ જે ખુદાના વફાદાર લોકોનું ઈબાદત ઘર છે તે મુહમ્મદ સાલેહ બદખ્શીએ તૈયાર કરેલું. બેઉ મીનારા નિજાબતખાંએ વધારેલા. મોટી ધર્મશાળા અને મનરંજન દરબાર સુલ્તાન મહમુદ શહીદે પહેલ વહેલા તૈયાર કર્યા તે પછી સૈફખાંએ પહેલાથી વધારે વિશાળ તૈયાર કરેલાં જે હાલ મોજુદ છે.** મોજે ઈસનપુર તથા સારસા હવેલી પરગણાના, વાસણા, ઉરસ ખરચ તથા ગાદીવાળાનાં નિરવાહમાં તેમજ દરોરા, દંથાલા, મોજે બાકરોલ હવેલી પરગણાનાં તેમજ આંબાલીની, જલાલપુરા વિગેરે છ ગામ ધોળકા પરગણાના, માતરવાસના, મુંધાવાસના શાહી સૈયદોના પોષણના વાસ્તે પહેલાના બાદશાહોના ફરમાન પ્રમાણે નક્કી કરેલા છે.

શાહેઆલમ સાહેબની ઓલાદમાં પાંચ પુત્રો અને ચાર પુત્રીઓ હતી. શાહ રાજુ, સૈયદ બુઢન, સૈયદ શેખ મુહમ્મદ, બીબી રાજી, અને બીબી અમતુલ્લા નાદોદ કસ્બાના મલિક ખોખર ઈસ્હાકની દીકરી બીબી ખુંદાથી પેદા થયેલા, બીબી ખુંદાની કબર એમના પિતાજીની કબરની બાજુમાં છે અને સૈયદ સુલ્તાન મુહમ્મદ, બીબી સૌંકલી, નામે કનીઝ હતી તેના (ઉમ્મે વલદ=કનીઝ) થી અને સૈયદ બેગ મુહમ્મદ અને બીબી અમાન તથા બીબી મંઝલી સિંધના જામ જુનાની દીકરી બીબી મુરકીથી.

શાહેઆલમ સાહેબના મકાનોનું વર્ણન

પત્થરની મોટી મસજીદ મુહમ્મદ સાલેહ બદખ્શીની બનાવેલી. મીનારા, સાહેબ કીરાનની ઓલાદના પુરૂષ નજાબતખાંએ તૈયાર કરાવેલાં.

ઘુમટ બનાવવાનું કામ તાજખાં નરપાલીએ હીજરી સને ૯૦૮ માં દુર દેશાવરથી પથરા મગાવીને શરૂ કરેલું અને દશ વરસની મુદતમાં પુરૂં કરી દીધું.

આ સેફખાંએ ઘુમટની અંદરના ભાગનું સોનેરી કામ કરેલું

ફરીથી આજમખાંએ ઘુમટની અંદર સોનેરી કામ કર્યું.

શાહી તળાવ જેનું નામ મુસ્તફાસર છે તેની પત્થરની પાળો તાજખાં નરપાલીની ઘણીઆણીએ કરેલી, સુલ્તાન મહમુદ શહીદે મોટું જમાતખાનું બનાવેલું કે જે ચાળીસ ગજ લાંબુ અને ચાળીસ ગજ પહોળુ છે. શાહેઆલમ સાહેબના પુત્ર શાહ ભીકને મુસાફરખાનું બનાવેલું અને તેની મરામત પુરી રીતે સેફખાંએ કરેલી.

મુઈઝઝુલમુલ્કે હાથે પાણી લાવવાનું ટાંકુ મસજીદના ચોકમાં મોટું તૈયાર કરાવેલું.

શાહ આલમની અવલાદ

(૧) શાહ મુહમ્મદ રાજૂ

તેમનો નસીબ વંતો જન્મ "વારિસે હુસૈન" શબ્દોમાંથી નીકળે છે (હિ. ૮૩૫) તેમણે કુત્બે આલમ સાહેબ પાસેથી સીધે સીધો મુરીદીનો ઝભ્ભો મેળવ્યો હતો તેથી હ. શાહઆલમ તેમને (પીર) ભાઈ કહેતા હતા. તથા તેમને મુરીદો તથા શિષ્યોનું શિક્ષણ કાર્ય સુપ્રદ કર્યું હતું. તેઓ જન્મથીજ આધ્યાત્મિક મુડી ધરાવતા હતા. તેમના ઘણા ચમત્કારો બાળપણથી જીવનના અંત સુધી પ્રગટ થતા રહ્યા હતા. કહેવામાં આવે છે કે શાહ રાજૂ તેમના વડવાઓના વારસામાંથી ફર્ઝ તથા સુન્નત (નમાઝો) ઉપરાંત રાત દિવસની એક હજાર રકાત નફલ (નમાઝો) અદા કરતા. અને શરીર અશક્ત થતાં પાંચસો ઊભા અને પાંચસો બેસીને પઢતા હતા. તેઓ કહેતા કે મારા વડવાઓથી હું શરમ અનુભવું છું કે તેઓ તો બધી ઊભા રહીને અદા કરતા હતા. તેમની વફાત વર્ષ હિ.૯૨૫ ના મોહર્રમ મહિનાની પહેલી તારીખે રાત્રે થઈ હતી. **તેમની કબર શાહ આલમ સાહેબના ગુંબદની બહારના હુજરામાં અન્ય ત્રણ ભાઈઓ સાથે છે. (શાહ મુહમ્મદ રાજુનું નામ સૈયદ નાસિરૂદ્દીન હતું. તેઓ ફારસી ભાષાના કવિ પણ હતા. 'મુકાશિફએ હ.સૈયદ રાજુ' નામનો તેમનો કાવ્ય સંગ્રહ મળી આવ્યો છે જે અહમદઆબાદના હ.પીર મુહમ્મદ શાહ પુસ્તકાલયમાં મૌજૂદ છે. હસ્તપ્રત નં.૨૩૬૪-F)**

(૨) સૈયદ બેગ-મુહમ્મદ ઉર્ફે શાહ ભીકન

કાજીના બગીચા નજદિક જમાલપુર બહાર નદી ઉપર એમનો ઘુમટ હતો. તે સંવત ૧૯૪૨ ની સાલમાં પડી ગયો છે.

એમનું નામ સૈયદ બેગ મુહમ્મદ ઉર્ફે શાહ ભીકન. એમની માતુશ્રી બીબી મુરકી જામજુનાની દીકરી. મજકુર બીબીના શાહેઆલમ સાથે લગ્નની સંપૂર્ણ હકીકત મીરાતે સિકંદરીમાં લખી છે. એ સાહેબ નવ વરસની ઉમરમાં ગુજરી ગયા. એમના મૃત્યુ કાળની એક વિચિત્ર વાર્તા પસરાઈ છે. સુલ્તાન અહમદના જમાઈ અઝદરખાનના દીકરા મલિક સૈફુદ્દીનના દીકરા મલિક ફખ્રુદ્દીન એ પોતાના બાપથી સાંભળેલી હકીકત એવી રીતે કહી છે કે, એક દિવસે તેના પિતા મલિક સેફુદીને શાહેઆલમ સાહેબથી અરજ કરી કે, સાહેબ મને પુત્ર પ્રાપ્તિ થાય અને એમણે પ્રભુને વિનંતિ કરી જેથી હું પેદા થયો અને નાનપણમાં એકવાર હું મરી ગયો. તે વખતે મારા બાપ તે વેળાએ અસાવલમાં રહેતા કુતબે આલમની પાસે ઘણાજ ગભરાઈ જઈને પહોંચ્યા. એવા મનસુબાથી કે, જો મારો દિકરો જીવતો નહિ થાયતો ટોપી અને ગુરૂ નામું (સજરો) પાછું આપી દઈશ. તે ઘણીજ ગભરાટની ઘડી હતી. જ્યારે કુતબે આલમ સાહેબની રૂબરૂમાં પહોંચી ગયા ત્યારે પોતાને અતિશય ગભરાઈ જવાનું કારણ બતાવ્યું તેમણે કહ્યું કે મીયાં મંઝલેની પાસે જાઓ. શાહેઆલમ સાહેબને તે સાહેબ ઘણી વખતે આ નામથી બોલાવતા હતા. તે શાહેઆલમ સાહેબની સેવામાં આવી પહોંચ્યા અને ઘણી રડાકુટ કરી. તેમણે ઘણી વાર સુધી વિચાર કરીને કહ્યું કે, ઘણું કરીને એની ઉમર એટલીજ હશે. તે ઉપર લક્ષ લગાડવું નકામું છે. પછી મારા બાપે પોતાની પૂર્વે બજાવેલી સેવાઓના લીધે બેઅદબ થઈ અરજ કરી કે, પ્રભુના રૂબરૂ એ ક્યામત (હિસાબ) ના દિવસે પણ એવોજ જવાબ આપશો કે ? તે આ જવાબની દરકાર ન કરતાં મેહલની અંદર ચાલ્યા ગયા. મારા પીતાએ શાહ ભીકન સાહેબ પાસે જઈ અરજ કરી અને તેની માઠી હાલત અને દુઃખી સ્થિતિ તેમણે દીઠી, તે ઉપરથી અંદર જઈ ઘણીજ પળસ્તથી શાહેઆલમ સાહેબને મલિક સેફુદીનની હકીકત જાહેર કરી. ત્યારે તેમણે કહ્યું કે, જો તમને તેના પુત્રના બદલામાં

આપું તો રાજી થશો ? એમણે કહ્યું કે, ઓ "પિતાજી ! જે પ્રમાણે હુકમ હોય તે પ્રમાણે કરો." તેથી શાહેઆલમ સાહેબ એમને પોતાની ઓરડીમાં લઈ ગયા. અને હિંદી બોલીમાં કહ્યું કે, **રાજનજી બકરોતા બદલ બકરોતા,** એવું કહેવુંજ હતું કે, શાહભીકન મરી ગયા. શાહેઆલમે "પ્રભુને વાસ્તે તે છે અને તેની પાસે પહોંચી જઈશું." કહ્યું.

પછી એક સેવકને કહ્યું કે, સેફુદીનને જઈને કહો કે, રખેને તેનો દીકરો મરી નહિં ગયો હોય જઈને તજવીજ કરો, કેમકે એક એવો રોગ પણ હોય છે, મારા પિતા આ વધામણી દાખલ ખબર સાંભળી ઘેર આવ્યા. એટલામાં રસ્તે ખબર સાંભળી કે, તમારો પુત્ર એટલે હું જીવતો થઈ ગયો છું. અને મારા બાપને પીરના પુત્રના મરણની ખબર નહોતી. સાંભળ્યા પછી ઘણો અફસોસ કર્યો.

એમની તથા એમના માતુશ્રી બીબી મુરકીની કબર શહેરની દક્ષિણ દિશાએ તેમના મા બાપ જામ જુનાની દરગાહમાં સાબરમતી નદીના કિનારે છે. એમનો જન્મ અને મૃત્યુ વરસ જણાયું નથી. પરંતુ એમના ઉરસનો દિવસ તારીખ ૧૪ ચૌદ રજબ છે. તે દિવસ લોકો જઈ ત્યાં ફાતીહા વિગેરે પઢે છે.

સૈયદ જલાલુદીન અબુ મુહમ્મદ માહેઆલમ સાહેબ

શાહેઆલમ સાહેબના દીકરા સૈયદ રાજુ, તેમના દીકરા સૈયદ અહમદ, તેમના દીકરા સૈયદ અબદુલ ગફુર, તેમના દીકરા સૈયદ હસન, અને તેમના દીકરા સૈયદ જલાલુદીન અબૂ મુહમ્મદ માહેઆલમ, તે હી. સને ૯૫૯ ના જીલકઅદ માસની છઠ્ઠી તારીખે જન્મેલા, તેમની **માતુશ્રી બીબી ખાંદ ગોહર મલિક ખિઝરના દીકરી છે.** ઘણો કાળ ચક્ર ફર્યા પછી એમના ખાનદાનમાં એમનાથી ઘણી શોભા આવી ગઈ અને જોડણી થઈ, અકબર બાદશાહના હાથે ગુજરાત દેશ ગયા પહેલાં ઘણી ખરાબીઓ થયા પછી મોટા ખાનની સીફારસથી ગાદીવાળાની જગાએ તેઓ હ. શેર મુહમ્મદ બિન અહમદ બિન સૈયદ અરબશાહ બિન હ. **સૈયદ રાજૂના મુરીદ અને ખલીફ હતા** અને યોગ વેદાંત તથા પ્રભુ જ્ઞાન માર્ગનો અભ્યાસ એમની પાસે કરેલો હતો અને

વજીહુદ્દીન અલવી સાહેબથી પણ શિક્ષા લીધી છે. એમની કરામતો ઘણી જગત પ્રસિદ્ધ છે.

એવું કહે છે કે, **સૈયદ અબુતુરાબ શીરાઝીએ** એમને ઉજાણી આપી હતી અને શીઆલાની મોસમ હતી તેથી સઘળા લોકો ગરમ લુગડાં પહેરીને આવ્યા હતા. એમણે પોતાનું ગરમ લુગડું કોઈ ભીખારીને આપ્યું હતું અને એક પેરણથીજ સભામાં આવ્યા, હવે હવા ઘણી ઠંડી હતી. યજમાન એ સૈયદ જલાલના મુખ્ય કારભારી સૈયદ મુહમ્મદ અમીનને કહ્યું કે, સાલ એમના વાસ્તે લઈ આવે. કેમકે હવા ઘણી ટાઢી છે. સૈયદ મુહમ્મદ અમીન સભામાંથી ઉઠીને આવીને વિચાર કરવા લાગ્યા કે, હું દુશાલો કયાંથી લઈ આવું ? કેમકે અમારી સરકારમાં તો હમણાં છેજ નહિં. એટલામાં એક સેવક મુહમ્મદ અમીનની સામે આવીને બોલ્યો કે, એ સૈયદ સાહેબની સેવામાં દુશાલો ભેટ લઈ આવ્યો છું અને ઘણીવારથી ઉભો છું. સૈયદ મુહમ્મદ અમીને લાવીને તે સાહેબને ઓઢાડી દીધો. આ કેટલાક દિવસ વિત્યા પછી વાત ચર્ચાઈ ગઈ. ઉદારતા અને પરોપકારની તેમની હીંમત એટલી વધી હતી કે, તે વિશે કાંઈ લખાઈ શકાતું નથી અને કોઈ વખત તો વાસણો તથા વસ્ત્ર પણ ઘરમાં રહેવા પામતા ન હોતા. ૧૦૦૩ એક હજાર ત્રણ જીલકઅદ માસની ચૌદમી તારીખની રાત્રે તેમનો કાળ થયો. **શાહ આલમ સાહેબની પંગતિએ જુદી જાળીમાં એમની કબર છે.** નુર અઝજહાં રફત-સૃષ્ટિમાંથી પ્રકાશ ગયો (શબ્દોમાંથી સાલે વાફત મળે છે.)

સૈયદ મકબુલે આલમ સાહેબ.

એ સૈયદ જલાલ માહે આલમના પુત્ર છે. એમની માતુશ્રી બીબી આમીના સૈયદ નસરૂલ્લાની દીકરી છે. તેમનો જન્મ રજબ માસની તારીખ ૧૦ હિ.સને ૯૮૯માં થયો હતો તેમણે પોતાના જન્મની સાલ એમાંથી કાઢી :- મનો દસ્તો દામાને આલે રસુલ=૯૮૯

સૈયદ જલાલ માહે આલમ સાહેબે પોતાના મૃત્યુ પહેલા ઝબ્બો અને સાદડી એમના માટે આપી હતી. પોતાના બાપના મૃત્યુ પછી ઘણાં ખરાં સંસારી લોકોને પ્રભુ પ્રેમ પ્રગટ કરાવી દીધો. ગુપ્ત અને જાહેર વિધામાં

પુરા પ્રવિણ હતા. ઘણાં પુસ્તકોના ગ્રંથકર્તા એ સાહેબ છે. **તેમની લખેલી મોટી ચોપડી જુમ્આતેશાહી નામની છે.** જે સાત ગ્રંથો ઉપર આધારિત અને શાહે આલમ સાહેબના સૂવચનો (મલફૂઝ) તથા આધ્યાત્મિક રહસ્યો ધરાવે છે. બીજું પુસ્તક લતાયિફે શાહી છે. જેની અંદર રાત અને દીવસની પ્રભુસેવાઓ કરવાનું વર્ણન છે. એ સાહેબની ટેવ હતી કે, દર શુક્રવારે પાંચસો મહમુદીઓ લોકોને વહેંચી દેતા હતા. અને દરેકને બે મહમૂદી આપતા હતા.

કવિત : એ લોકોની હિંમતો મોટાઓ ઉપર પૂરી થતી નથી. અને હિંમતનો નાનો ભાગ દુનિયામાંથી જતાં સુધી પુરો પડે છે.

એક દિવસ ધારા પ્રમાણે મીજલસ મેળવવામાં આવી અને તે દિવસે કંઈ વસ્તુ એમની પાસે નહોતી કે લોકોને કંઈ વહેંચવામાં આવે. તેમના **મુખ્ય સેવક મોલાના અબ્દુલ શકુરને** પૂછયું કે કંઈ છે? તેણે જવાબ દીધો કે, બાર મહમૂદી છે. ત્યારે ફરમાવ્યું કે છ જણને તે ગુપ્ત રીતે વહેંચી દો. અને બીજા લોકોને રવાને કરી દો. પરંતુ એવું કદી બનેલું નહિ કે, જેમને ઠરેલ ખેરાત મળતી તે કંઈ લીધાં વિના પાછા જાય ! તેથી એ લોકોને બોલાવીને કહ્યું કે, થોડીવાર સબુરી કરો, અને જુઓ તો પ્રભુ શું કરે છે. અને પોતે પ્રભુનું ધ્યાન બાંધ્યું. આ વખતે સૈયદ જલાલ મકસુદ આલમે જુમલતુલમુલ્કને બે હજાર રૂપિયા મોકલવાનું લખાણ કહ્યું કે, બાબા આ તમારી કરામત છે હવે એ રૂપિયા વેરાસર લઈ આવો કે જે મારા ધારા પ્રમાણે લોકોને વહેંચી આપું. આવી જાતની કરામતો એમની ઘણી છે. હી.સને ૧૦૪૫ માં રજબ માસની ૧૨ મી તારીખે એમણે દેહીનો ત્યાગ કર્યો **સેફખાનના બનાવેલા બીજા રોજામાં એમની કબર છે. એમની કબર ઉપર પેગંબર સાહેબાના પગલા મુકવામાં આવ્યા છે.**

સૈયદ જલાલ મકસુદ આલમ સાહેબ.

એ સૈયદ મુહમ્મદ મકબુલ આલમ સાહેબના પુત્ર છે. સને ૧૦૦૩ ના જમાદીઉસ્સાની માસની તા.૧૫ મીએ એમનો જન્મ થયો હતો. વારિસેરસુલ શબ્દથી એમનો સંવત નિકળે છે. અગીઆર વરસની

ઉમરે તેમણે કુરાનનો પાઠ મોઢે કરેલો, પછી વિદ્યાઓ સંપાદન કરવા લાગ્યા. એમણે ખરો વિદ્યાભ્યાસ **મોલાના હુસેન સીસતાની**થી કરેલો અને વિદ્યાભ્યાસ પુરો કરવામાં મકબુલઆલમ સાહેબના સેવક તથા શિષ્ય **મૌલાના અબદુલ અઝીઝ સાહેબ પાસેથી શિક્ષણ લીધું હતું અને આત્મિક જ્ઞાન પોતાના પિતાજીથી મેળવેલું.** નાનપણથી એમનું લક્ષ એ તરફ હતું કે જેમ બને તેમ મારા પિતાજી મારાથી રાજી રહે તે ઉપર લેવો અને સંત સાધુઓ તથ વિધ્વાનોથી એવુંજ કહેવરાવતા કે તમે બધા પ્રભુને વિનંતી કરો કે, મારા પિતાની મરજી પ્રમાણે હું મારા કૃત્ય કરૂં. બે ચોપાઈઓ જે એમણે રચેલી છે તેથી પ્રેમની પુરી સુગંધ આવે છે.

કવિત : હુન્નરના કસબની મતલબ માલ મેળવવાનું છે અને વિદ્યા અને તેને કામમાં લેવાની મકસદ સંપૂર્ણતા છે; ખુદા પ્રેમનો સાર મને તેના દર્શનનો લાભ છે, અને મારા જીવનનો મકસદ તો જલાલ (સાહેબ) છે.

કવિત : કોઠી ઉપર કોઠી પ્રેમરૂપી મધની અરે રઝા (કવિત નામ) છાનીમાની પીલે.

ખુદા પ્રેમની ફળપ્રાપ્તિના ભેદને કહેતાં અરે રઝા છાનો રહી જા. જો નબી સાહેબના યોગ વસ્ત્રને શોધતો હોય તોજ, અલી મુરતુઝા જેવા બધાના પાપો ઢાંકી દે, ઓ રઝા.

રઝા મકસુદ આલમનું કવિત નામ હતું. એ સાહેબના (હ. અલી) વખાણમાં ઘણી કવિતાઓ એમણે કહેલી છે.

કવિત : મારા સદા આનંદી મનમાં સૈયદ સાહેબ છે, મારા અંત અને પ્રારંભ સર્વમાં તેજ છે, તેને ખુદા ચાહે છે અને તે ખુદા પ્રધાન છે; મુજ પીતાના ગુરૂ અને મને ચાહનાર અને મારા શિક્ષક છે,

મકસુદ આલમ સાહેબે લોકોના સંકટ નિવારણ કરવા અર્થે ખુદાઈ આજ્ઞા ધરાવનાર બાદશાહી નોકરી કબુલ કરી હતી. અને હજાર રૂપિયાના પગારથી સદરસ્સુદૂરના હુદ્દા ઉપર હતા અને તે નોકરી શાહજહાં બાદશાહની હતી. જાહેરમાં જોતાં એ સુખચેનથી આયુષ્ય ભોગવતા હતા. આખી રાત જાગતા હતા અને ખુદાની પ્રાર્થના કરતા હતા. **તે લાહોર**

શહેરમાં રબીઉસ્સાની માસની તારીખ ૨૦ મી સને ૧૦૫૯માં જન્નત વાસી થયા. કેટલીક મુદત સુધી ત્યાં ધરવટ દાખલ **પછી ત્યાંથી કાઢી રસુલાબાદમાં લાવ્યા અને એમના પિતાના બીજા ઘુમટમાં દાટયા.**

સૈયદ જાફર બદરે આલમ સાહેબ.

એ સૈયદ જલાલ મકસુદે આલમના પુત્ર છે, શાબાન માસની તારીખ ૧૨ હી.સને ૧૦૨૩ માં જન્મ્યા. એ પોતાના પિતાના સેવક અને શિષ્ય હતા. મકસુદ આલમ સાહેબે પોતાના જીવતા એમને ગાદી ઉપર બેસાડેલ હતા. તે જાહેર તથા ગુપ્ત વિધાઓમાં નિપૂણ હતા. વિશેષ કરી **હદીસ તથા કુરાનની ટીકા તથા ઘણા પુસ્તકો એમણે રચેલા છે. તે પૈકી એક પુસ્તક 'રોઝાતે શાહી' નામનું છે,** તેના ૨૪ ભાગ છે, તેમાંથી પહેલા ભાગમાં ઓલીઆ લોકોનું વર્ણન છે અને તેમાં ઘણી જોવા લાયક બીનાઓ છે, છેલ્લા ચાર ભાગમાં હદીસ એટલે નબી કથન, કુરાન ટિકા અને એવા ઘણા વિષયો છે, અને પોતાના હાથે ઘણું લખાણ (કિતાબત નું કામ) કરેલું છે. તે ઘણી ઝડપથી લખનાર હતા. અઢાર પહોરની અંદર આખું કુરાન લખેલું. અને તેને હંમેશા પોતાની પાસે રાખતા હતા. એક દિવસ મધ્ય રાતની નમાઝ કરીને શાહે આલમ સાહેબ ઉપર ફાતેહા પઢી દરગાહમાંથી નીકળતા હતા એટલામાં એક ફકીરે સવાલ કર્યો કે, મને વાંચવાને એક કુરાન આપવાની મહેરબાની કરશો. તેમણે તુરતજ ઉત્તર વાળ્યો કે, વહાણામાં પુસ્તકાલયમાં જોઈને કાઢી અપાશે. ત્યારે ફકીરે કહ્યું કે, આ તમારી પાસે કુરાન છે, તે કાં નથી આપતા. તે તેને લઈને અંતર ધ્યાન થઈ ગયો. મકસૂદે આલમ પછી એમને સદારતની જગા ઉપર કામ કરવાનું શાહજહાં બાદશાહે કહ્યું ત્યારે એમણે ઈન્કાર કરી અને પોતાના ભાઈ સૈયદ અલી રઝવીને તે હોદો અપાવ્યો. અને પોતે ત્યાગ મુક્તિ માર્ગમાં પડયા. એ ઝિલહજ માસની નવમી તારીખે હી.સને ૧૦૮૫માં મૃત્યુ પામ્યા. **એમની કબર શાહેઆલમ સાહેબના બીજા ઘુમટમાં પશ્ચિમ તરફ તેમના પિતાજીની કબરની પાસે છે.**

સૈયદ મુહમ્મદ અબુલમજ્દ મહેબુબ આલમ સાહેબ.

એ બદરે આલમ સાહેબના પુત્ર છે. એમનાથી ઘણી કરામતો

થયેલી અને પ્રભુપંથ એમણે આ રીતે કાઢી ઉંચે દરજ્જે પહોંચેલા. હી. સને ૧૦૪૭ ના રબીઉલ અવ્વલ માસની બીજી તારીખે જન્મેલા અને તેમના પિતાશ્રીના પ્રતાપે પ્રભુ શોધક બુદ્ધિ અને ઈશ્વર તત્વ ખોળવાનો અભ્યાસ એમના દિમાગમાં સમાએલો હતો, અને ઈસ્લામી ધર્મશાસ્ત્રના ઘણાં પુસ્તકો એમણે રચેલા હતા. નબી સાહેબના વંશનું વર્ણન કરેલી **એક કુરાન ટીકા ફારસી અને જલાલેનના જેવી બીજી ટીકા રચેલી અને નબી કથન (હદીસ)માં જીનતુલ્નુકાત, મિશકાતની ટીકા લખેલી તેમાં ધર્મ ધારણનું તે કરતાં વધારે વર્ણન કરેલું.**

જ્યારે સાહીબ કિરાન બાદશાહે એમના નામનો મુતવલી થવાનો હુકમ પોતાના હાથે લખી હવાલે કર્યો તે વખતે એ નવ વરસની ઉમરમાં હતા. તે જોઈ ઘણાં આનંદી થયા. તે વખતે પુછવામાં આવ્યું કે, કનક પત્ર જોઈ આપ રાજી થયા છો. ત્યારે જવાબ આપ્યો કે, બાદશાહની કૃપાથી મારા બેઉ પાલવ કનકથી ભરપુર છે, પરંતુ બાદશાહના હાથ દસકત જોયાથી મને આનંદ ઉપજ્યો છે. તે પુસ્તક વાંચન અને લોકોને વિદ્યાદાનનું કામ કરતાં વધુ ભક્તિમાં ગુંથાયલા રહેતા. રોજા માસમાં પોતાની ચાલુ સેવા ઉપરાંત સવા કુરાન રોજ પાઠ કરતા હતા. મૌલાના શેખ નુરૂદ્દીન એમના મુખ્ય શિષ્ય હતા. અને એકાંતમાં પણ તેમનાથી વાતચીત રહેતી હતી. તે લખે છે કે જે વરસે મેહબુબ આલમ સાહેબનો કાળ થયો ત્યારે હું જમાદીઉલ આખર માસની મુબારકબાદી આપવા એમની સેવામાં ગયેલો, તે વખતે કહેલું કે, શાહેઆલમ સાહેબના દરબારના દિવસે અમને પણ આમંત્રણ છે, તે એ પ્રમાણેજ બન્યુ કે, તે દિવસથી રોજ રોગ વધતો ગયો જ્યારે ઓગણીશમી તારીખે દરબાર એટલે શાહેઆલમ સાહેબના ઉરસનો દહાડો આવ્યો. તે દિવસે આખો દિવસ સંધ્યાકાળ સુધી પ્રભુ રટના કરતા હતા અને પૂછતા કે, દરબારી મીજલસની વખત થઈ છે કે? ત્યારે જવાબ મળ્યો કે, સૈયદો તથા પીર લોકો આવ્યા છે, અને મીજલસ ભરાઈ છે. જયારે મીજલસ તૈયાર થવાની ખબર સાંભળી ત્યારે કહ્યું કે, જાફર મજીદ આલમને મીજલસમાં મારી જગાએ બેસાડો. તે ફરમાવ્યા પ્રમાણે કરવામાં આવ્યું અને તેઓ તો પ્રભુની પ્રાર્થનાના મીઠા મીઠા વચનો બોલતા બુધવાર તારીખ ૧૯ માહે જમાદીઉલ આખર હી.સને ૧૧૧૧

ના રોજ દેહ ત્યાગી ગયા.

એમની સાલ "મહમૂદ બૂદ સાની શાહઆલમ" છે. એ ફારસી ઈબારતમાંથી ૧૧૧૧ નીકળે છે. **તેમની કબર મકબુલ આલમ સાહેબના ઘુમટમાં પૂર્વ તરફ છે. આ ઘુમટમાં ચાર ઘોરો છે કે, જે પોતાના વખતમાં મહાન પુરૂષો હતા.**

સૈયદ જલાલુદીન હમીદ આલમ સાહેબ

આ મહેબુબઆલમ સાહેબના પુત્ર છે. જમાદીઉલ અવલ માસની બીજી તારીખે હી. સને ૧૦૬૨ માં તે જન્મ પામેલા. તે સેવક અને વિદ્યાર્થી પોતાના પિતાના હતા. અને તેમના રચેલા બે પુસ્તકો પ્રખ્યાત છે એક તો મિરાતુરરૂયા, સ્વપ્નાર્થ અને બીજુ મિફતાહુલ હાજાત, ભક્તિ રીતિ, ક્રિયાકાંડ વિ.

કેટલાક વરસ સુધી મંદવાડ અને નિર્બળતાના લીધે ખોરાક મુકી દીધો હતો અને અંજીર દાડમ વિગેરે ખાઈને રહેતા હતા. હીજરી ૧૧૧૪ ના ઝિલહજ માસની વીસમી તારીખે એમનું મૃત્યુ થયું. **બાપના ઘુમટમાં ચોખંડી બહાર એમની કબર છે.**

સૈયદ જાફર મજીદ આલમ સાહેબ

આ સૈયદ જલાલુદ્દીન હમીદ આલમના પુત્ર છે. હીજરી સને ૧૦૮૧ ના માહે રબીઉસ્સાની માસની અઢારમી તારીખે એમનો જન્મ થયેલો. એ પણ પોતે ખુદાના પ્રેમના હાલમાં લીન રહેતા હતા. અને મોટા દરજ્જાવાળા હતા. ઘણી વખતે જે કહેતા તે થતું. હીજરી સને ૧૧૯૦ ના મોહરમ માસની ૧૮ મી તારીખે ગુજરી ગયા. **બાપની પંગતિએ એમની કબર છે.**

સૈયદ મેહબુબ આલમ સાહેબ

સૈયદ જાફર મજીદ આલમના દીકરા જુવાનીના વખતમાં સહેલ તમાસામાં ઘણો વખત કાઢતા હતા. તો પણ છેલ્લા દિવસોમાં પશ્ચાતાપ કરીને પવિત્ર બનીને ઈશ્વર ભક્તિમાં મચી ગયા હતા. એમની પછી કોઈ રહ્યું નહિ. હીજરી સને ૧૦૪૦ ના સાબાન માસની છવીશમી તારીખે તેમનો કાળ થયો. **તેઓ પોતાના પિતાની પંગતિએ દટાયા.**

હવે હમણાથી તેમના ભત્રિજા સૈયદ મુસાના પુત્ર સૈયદ અબદુશશકુર ગાદીએ બેઠા. અહીં સુધી શાહેઆલમ સાહેબની ઓલાદનું વર્ણન થયું અને હવે તેમના પ્રખ્યાત શિષ્યોનું વર્ણન થશે.

અહીં સુધી એકે છાંટો શીઆ-પણાનો આ સાહેબોને નડ્યો છે એવું જણાતું નથી.

હઝરત શાહેઆલમના ખલીફાઓ

દીવાન સૈયદ મુહમ્મદ ઝાહીદ સાહેબ

એ બુરહાનુદીન કુતબેઆલમ સાહેબના પુત્ર થાય. વિધ્વાન, જ્ઞાનિ અને ભક્ત હતા. શાહેઆલમ સાહેબના સેવક, ભાઈ અને પેશકાર હતા. તેઓનો જન્મ હીજરી સન ૮૪૮ ના રજબ માસની નવમી તારીખે થયો હતો.

મુહમ્મદ ઝાહિદ શાહેઆલમ સાહેબની પેશકારી (અંગત સેવા) નું કામ કરતા હતા. તે પોતાનું શરીર એટલું બધું ચોખ્ખું રાખતા કે, લઘુશંકા કર્યા પછી એક ઝીણી સળી લઈને તેને લુગડું વિંટાળી છીદ્રની અંદર મુકતા કે રખેને હાથ પગ શુદ્ધ કર્યા પછી મુતરની છાંટ બહાર આવી મને અશુદ્ધ કરે તેથી શાહેઆલમ કહેતા કે, મુહમ્મદ ઝાહિદનું મુતરવું બીજાની સેવાથી ઉત્તમ છે. કહે છે કે, પોતાના અંતકાળની વખતે શાહેઆલમે સૈયદ ઝાહિદને કહ્યું કે, આવ તને રાજનજીનો સલામ પહોંચાડું અને મારા પગે એબ ગેબના ખજાનાની કુંચીઓ બાંધેલી છે તે તારે હવાલે કરૂં, એમ કહી પગ હલાવેથી કુંચીઓનો ગણગણાટ હાજર રહેલા લોકોએ સાંભળ્યો. મુહમ્મદ ઝાહિદ સાહેબે સલામ કોરનિશ કરી ઉત્તર દીધો કે, મેં આ કામના વાસ્તે આપની સેવાઓ બજાવેલી નથી, મારી મતલબ તો એક બીજીજ વસ્તુ હાથ કરવાની છે. મારી એવી ઉમેદ છે કે, તે મને મળશે. તે વખતે શાહેઆલમ ઘણા ખુશી થયા અને કહ્યું કે, તારૂં નામ ઝાહિદ છે (એટલે શુદ્ધાચારી) તે પ્રમાણે તારા આચાર વિચાર પણ પૂર્ણ શુદ્ધતાથી ભરપુર છે. તેમને સનમુખે બોલાવી પોતાની છાતીથી વળગાડ્યા અને પોતાની જીભ એમના મોમાં નાખી. આ વખતે જે એમની ઈચ્છા હતી તે વસ્તુ તેમને મળી.

કહે છે કે, **શાહેઆલમ સાહેબનો દેહીત્યાગ થયા પછી પ્રભુ જ્ઞાનની પુંજી ચાર માણસોને મળી. પ્રથમ પુરૂષ ગાદીવાળા સૈયદ નાસીરૂદ્દીન શાહ મુહમ્મદ રાજુને, ૨ સૈયદ મુહમ્મદ ઝાહિદ સાહેબને, ૩ મુખ્ય શીષ્ય મખદુમ સાહેબને, ૪ શરીફ અબુબકર એદરૂસ સાહેબને, કે જે (યમન) અરબસ્તાનમાં આવેલા હેદરમુતાના રેવાશી અને અહમદઆબાદ ઝવેરીવાડાની દરગાહવાળા શરીફ શેખના મોટા દાદા થાય તેમને મળી.**

શાબાન માસની છઠી તારીખે સને આઠસો બાણુંમા એ પરલોકમાં ગયા. કુર્રતે એને નબી એમની સાલ છે. એટલે નબીની આંખોની ઠંડક અને ઉમરના વરસ 'જલવા' શબ્દમાંથી ચુંવાળીશ નીકળે છે અને **વટુવામાં એમની કબર ઘણી પ્રસિદ્ધ છે. તેમની કબ્રની પાસે સૈયદ અરબ શાહ તેમના દીકરા દટાયા છે** તેમનો ઉરસ રબીઉલઅવલ માસની દશમી તારીખે થાય છે.

મૌલાના શેખ અહમદ એટલે મીયાં મખદુમ સાહેબ

એમનું પેઢીનામું આવી રીતે છે. અહમદ બિન શેખ બુરહાન, બિન અબુ મુહમ્મદ, બિન ઈસ્માઈલ, બિન ઈબ્રાહીમ, બિન મુહમ્મદખાન ગોરી કે જે દીલ્હીના બાદશાહોના તરફથી નાગોરમાં આવી હકુમત કરતો હતો, આ ખાન સુલ્તાન મુઈઝુદીન મુહમ્મદ એટલે સુલ્તાન શહાબુદીન ગોરીની ઓલાદમાં હતા. આ પહેલો મુસલમાન બાદશાહ છે કે, જે ગીજનીથી હિંદુસ્તાનમાં આવેલો અને ઈસ્લામી નુરથી આ દેશને પ્રકાશીત પહેલા તેણેજ બનાવ્યો.

એવું કહે છે કે, **મીયાં મખદુમના બાપ મિયાં બુરહાનને પુત્ર પ્રાપ્તિ નહોતી. હવે એણે શેખ અહમદ ખટુના સેવકોમાં પોતાને ગણેલો હતો. તેથી આવીને વિનંતી કરી કે, ખુદા મને પુત્ર આપે અને તેમણે ભવિષ્ય ભાખ્યું કે પુત્ર થશે. અને તેનું નામ મારા નામ ઉપર રાખજો.** તે ઘણો નામાંકિત થશે. ટુંકમાં શેખ અહમદે **સાંસારિક વિદ્યાઓનો અભ્યાસ મૌલાના સદર જહાંથી** કરેલો અને બાર વરસની ઉમર સુધી એમની સેવામાં રહેલા અને બીજા બાર વરસ સુધી જાહેર

અને ગુપ્ત પ્રધાનપણું બજાવેલું. કહે છે કે સેવક થયા પછી ડુંટી હેઠળ હાથ ગયેલો નહિ અને સુતી વખતે ગરદનમાં હાથ નાખી સુઈ રહેતા. તેઓ રસુલાબાદ રહેતા હતા પરંતુ તે ભૂમિમાં પેશાબ જાજરૂ કરતા નહોતા. શાહેઆલમ સાહેબના ગુજરી ગયા પછી પણ એ દશ વર્ષ જીવતા રહ્યા હતા. રબીઉસ્સાની માસની બાવીશમી તારીખે ૬૪ ચોસઠ વરસની ઉમરે અવીનાશી દેશ તરફ કુચ કરી ગયા. વિદ્વાન લોકોએ "આખીરૂલ અવલીઆ" માંથી સાલ કાઢી છે. **શહેરના તાજપુર મહોલ્લામાં એમની કબર છે, દરગાહ, મસજીદ અને ઘુમટ છે.**

સુલ્તાન શાહે ગઝની

એવું કહેવાય છે કે, શાહગઝની ગુજરાતી કોઈ સુલ્તાનના સગા હતા. તે પોતાની જીંદગીના પ્રથમ ભાગમાં ડાકુ લુટફાટ અને મારફાડ કરવાના ધંધા કરતા હતા. અને સુલ્તાનના સગા હોવાને લીધે અને રસ્તા ઉપર એમનું રહેઠાણ હોવાને લીધે જે ઘણા લોકોનો જમાવ તેમની પાસે હતો તેથી કોઈ તેમનો મુકાબલો કરી શકતો નહોતો. એક દિવસે શાહેઆલમ સાહેબના મુખ્ય સેવક શેખ અહમદ તેમના રોજીંદાના કામ સારૂ ચોરાશી ટંકા તાંબાના દરેક સત્તર તોલાનો લઈને જતા હતા. તે શાહેઆલમ સાહેબના રોજનું ખરચ હતું અને દરરોજ એક સેવકને હુકમ કરવામાં આવતો કે, આજ ફલાણા માણસથી અને ફલાણી જગાએથી લેજો. તે લઈને શેખ અહમદ શહેર અહમદઆબાદ જતા હતા. અને દસ્તુર પ્રમાણે તે બજારમાંથી લાવતા હતા. શાહે ગઝની ભોગજોગે એક દિવસ આવી ભેટ્યા. અને તે નાણા ખુંચવી લીધા. તેથી તેણે ગભરાઈ જઈને શાહેઆલમ સાહેબની સેવામાં અરજ કરી તે હસીને બોલ્યા કે પૃથ્વીપતિની પ્રીતિનું બી ગઝનીની દિલરૂપી જમીનમાં વાવવામાં આવ્યું અને આ ફરમાવેલા વચનોની અસર થઈ.

કેટલોક વખત વિત્યા પછી શાહેઆલમ તથા મખદુમ સાહેબ ઘોડાની બ્હેલ ઉપર બેશીને જતા હતા. તે વેળાએ જે કોઈ ત્યાં આવતું તે હાથ ચુમીને એમને પગે લાગતું અને કોઈ સ્વાર આવતો તો ઘોડો મુકી દઈ પગે પેદલ થઈ જતો. હવે જગપતિના પ્રેમનું વૃક્ષ લીલું થવા આવેલું.

શાહ ગઝની પણ સામા આવી લાગ્યો અને અભિમાન રૂપ અને જુવાનીની મગરૂબીમાં અને બાદશાહની સગાઈના ગર્વમાં ઘોડાથી હેઠળ ઉતર્યા નહિ. અને સલામ કરી નહિ. મખદુમે અરજ કરી કે, આ જોયું ? આ જુવાન માણસ અભિમાન આણી જતો રહ્યો છે. ત્યારે શાહેઆલમ સાહેબ હિન્દી ભાષામાં બોલ્યા કે "જો રાજનજી (ખુદા) કા ઊંહાયા (વહાલા) હોવે તો તુજ જેસે ફકીરોકી બરસુતી કન્નાસી (ભંગપણુ) કરે ?" એટલું કહી પણ નહિ રહ્યા હશે કે, શાહ ગઝની ઘોડા ઉપરથી હેઠળ આવ્યો અને ખાનપાનનો ભોગ તથા સગાસંબધીનો ત્યાગ કરી એમની સેવામાં આવી ગયો અને ધ્યાન બાંધી સેવક બન્યો. શાહેઆલમ સાહેબે એમને શુદ્ધ કરવાને વાસ્તે રસોડામાં વાસણ સફાઈનું કામ સોપ્યું અને તેને બોધ તથા શિક્ષાપત્રીને વાસ્તે મખદુમ સાહેબના તાબામાં સોંપ્યા. અને શાહેઆલમ સાહેબનું ફરમાવવું ખરૂં પડ્યું. એમની કરામતો ઘણી પ્રખ્યાત છે, અને **એમના શિષ્યો પૈકી શાહ ફઝલુલ્લા કાશાની મુખ્ય છે કે, જેમની દરગાહ સાબરમતી કિનારે શાહભીકનની દરગાહની સનમુખે છે.** એમનો ઉરસ તારીખ ૧૫ પંદર જમાદીઉલ અવ્વલને દહાડે થાય છે.

શાહ ગઝની ત્રેસઠ વરસની ઉમર ભોગવી સોમવાર સફર માસની વીસમી તારીખે સને નવસો બાવીશમાં પવિત્ર બીજા ભવમાં કુચ કરી ગયા.

એમની કબર શહેર કોટની અંદર રાયખડના દરવાજા નજીક છે. લોકો ત્યાં ફાતીહા પઢવા જાય છે.

મીયાં કુતબુદીન સાહેબ

પવિત્ર લોકોના સૂર્ય સમાન મીયાં કુતબુદીન બિન મહમુદ, બાબુના દીકરા અને તે શેખ સદરૂદીનના અને તે શેખ જલાલના તે શેખ ઈલયાસના અને તે શેખ જલાલ (હાજી જલાલનુરા) અને તે સુલ્તાન ઈબ્રાહીમ અદહમ સાહેબના પૌત્રને જઈ મળે છે. **તે ખંભાતમાં સુતેલા શેખ બાબૂ ચિશ્તીના સેવક હતા અને શાહેઆલમ સાહેબના સઘળા શિષ્યોમાં સૌથી ચઢીઆતા હતા.** તે સને ૮૫૬ હીજરીમાં જન્મેલા.

શાહેઆલમે પોતાની પાઘડી એમના માથા ઉપર મુકી હતી અને તે પાઘડી ઉપર લખેલું હતું કે, આજ્ઞાનો, તથા સેવક બનાવવાની સત્તાનો તથા હુકમ કરવાનો ઝબ્બો હજુરમાં મીયાં મખદુમને આપેલો છે.

કુતબુદીન કહે છે કે, એક દિવસ હું શાહેઆલમ સાહેબના પગે લાગવા ગયો હતો. તે વખતે કંઈ પણ વાતનો સંબંધ ન છતાં કહેવા લાગ્યા કે, કુતબુદીન! કાજીના તરફથી જે માણસ અદાલતમાંથી આવે તે પેગમ્બર સાહેબના તરફથી છે એમ જાણવું અને તેને ઘટતી રીતે આદરમાન આપવું. હવે જ્યારે હું રસુલાબાદ મારા ઘરે આવ્યો ત્યારે મારી સીપાઈગીરીના વખતમાં કેટલાક લોકોનું મેં દેવું કરેલું તે લોકો કાજીના પ્યાદા - નોકરોને લઈને મને લેવાને આવેલા. જ્યારે તેમણે મને દીઠો ત્યારે એકદમ મને ભુંડુ બોલવા લાગ્યા, તે વખતે શાહેઆલમ સાહેબનું ફરમાવવું સાંભરી આવતા મેં પ્યાદા લોકોને ઘણું માન આપ્યું. શાહેઆલમ સાહેબના મુરીદોની અદબ એવી છે કે, શરેહના હુકમોને ઘણું માન આપે છે બધાં કામોમાં મુખ્ય કામ તેમની પાસે શરેહનું છે. તે પોતાની ઉમરના ૮૭ વરસ ભોગવી જમાદીઉસ્સાનીની તા. ૨૦ મીએ સને ૯૪૩ માં પરલોકમાં જઈ મળ્યા. **તેમની કબર ખાનપુરમાં છે.**

કાઝી-ઉલ-આલમ શાહ હમ્માદ સાહેબ

ખુદા સિવાય સર્વ ત્યાગી ધ્યાની લોકોમાં શીરોમણી શાહ હમ્માદ સાહેબની **કબર દરવાજા બહાર સારંગપુરમાં છે. (સારંગપુર પુલ ઉતરીને મીટરગેજ રેલવે સ્ટેશનની સામે આવેલી છે.) તેમના બાપ કાજી મુહમ્મદ નામના હતા.** અને તે કુતબે આલમ સાહેબના સેવક હતા. **એ ત્રણ ભાઈઓ હતા. તેમાંથી એક હમીદ નામના હતા. જેમને કાજી ચાલંદા કરીને કહે છે અને તે કાજી મહમુદ દરીઆઈના બાપા હતા.** બીજો ભાઈ હમ્માદ અને ત્રીજા હામીદ હતા. એ ત્રણે ભાઈઓ શાહે આલમ સાહેબના સેવકો તથા શિષ્યો હતા. શાહ હમ્માદ બાળપણમાં વિદ્યાભ્યાસમાં બાર વરસ કાપેલા અને બાર વરસ સુધી સિપાઈ બની ધર્મની લડાઈમાં વિધર્મીઓની સામા લડેલા અને તે વખતે ખરી મહેનતના પૈસા અને સત્યવક્તાઈને પોતાની મુક્તિના મુખ્ય સાધનો ગણેલા.

જો કોઈ માણસ ઠાઠમાઠ કરી અથવા ધોખાબાજીથી હરામ માલ ખવરાવવાનો મનસુબો કરતો તો તેનું મન રાખવાને તે તેની તરફ હાથ લાંબો કરતાં પરંતુ હાથ લાંબો થતો નહિ અથવા ખાવામાં આવી જાય તો થોડીકવારમાં ઉલટી થઈ પાછું નીકળી જતું. એમના આચારની અસર એમના ઘોડામાં પણ આવી ગઈ હતી. તે પણ કદી હરામના દાણા અને ઘાસ ખાતો નહોતો. તેમણે બાર વરસે બધું મુકી દઈને પ્રભુનું ધ્યાન બાંધ્યું. રાત્રે ઘણી મોડી ઉંઘ લેતા હતા. આ તમોગુણી હતા તેથી કોઈ નકામું એમની પાસે જતું નહિ અને તે પણ નકામી સંસારી વાતો કરતા નહોતા અને જે કોઈ રૂબરૂમાં આવે તે બેભાન થઈ જાય અને સર્વ વિસારી મૂકે. ઘણું કરી તેઓ પરદાની અંદરજ રહેતા હતા અને સેવક પરદા આગળ રહી કોઈ પણ જરૂરતમંદ આવેલો હોય તેની હાજતો અરજ કરતા અને તેઓ કેટલાકના ઉત્તરમાં કહેતા હતા કે, આપું છું અને કેટલાકના ઉત્તરમાં કહેતા હતા કે નહિ આપું. તેથી તે વખતના ધર્મશાસ્ત્રીઓએ એમને મારી નાખવાને એક પત્રિકા ઘડી અને તે વખતના સુલ્તાનને મોકલાવી. તેમાં દર્શાવેલું હતું કે, આ માણસ પ્રભુને પોતાના વચનોમાં મેળવતો નથી અને પોતેજ કરતા હરતા થઈ પડે છે. ત્યારે સુલ્તાને જવાબ દીધો કે, હુસેન બીન મનસુરને ઠાર કરવાને ખ્વાજા જુનેદ બગદાદીએ પત્રિકા લખી હતી. તેવીજ રીતે એમની ઉપર તેમના ભાઈ કાજી ચાલંદા શાક્ષી કરી આપે તો હું મારી નાખવાને વાર કરતો નથી.

મોલવીઓ એ કાજી પાસે આવી પોતાની હકીકત કહી સંભળાવી. કાજીએ કહ્યું કે, જરા રહી જાઓ, હું હમ્માદને શીખામણ દઉં છું અને જો પશ્ચાતાપ કરશે તો ઠીક છે. કેમકે કહેવત છે કે, પશ્ચાતાપ કરનાર જાણે ગુન્હેગારજ નથી એમ જાણવું. નહિંતર પછી હું દસ્કત કરીશ. કાજીએ શાહ હમ્માદને શીખામણ આપી ત્યારે એમણે ઉત્તર વાળ્યો કે, મીયાંજી લોકો તો અજાણ્યા છે. પરંતુ તમો તો માહીતગાર છોવ કે આ વચનો મારા નથી, એનો કહેનાર તો કોઈ બીજો છે. આ મારી ઉપર લખાણ કરનારને મેં વચમાંથી ઉઠાવી લીધો.

હવે આ બધું રચનાર શાહ હમ્માદ તથા કાજી જાયલંદાનો શિક્ષક

મીયાંજી નામનો હતો. તેથી કાજી જાયલંદાએ કહ્યું કે; મારો અને તમારો શિક્ષક છે અને શિક્ષકપણાનો તેનો હક બાળી મુકશો નહિ. તેમણે જવાબ દીધો કે, દુઃખ દેતા પહેલાં સાફ કરી નાખવો જોઈએ. બેઉ ભાઈઓ આ વાતો કરતા હતા. એટલામાં ખબર પહોંચી કે, મીયાંજીના પેટમાં એવો દુઃખાવો છે કે, પ્રાણ કંઠે આવ્યા છે. કાજી જાયલંદાએ કહ્યું કે, મીયાં હમ્માદ તું આ શુ કરે છે ? તેની તંદુરસ્તી પાછી મેળવ. ત્યારે મીયાં હમ્માદ કહ્યું કે, જો મારી પાસે આવે અને આ લખાણ પાછું તાણી લે તો તેનો જીવજાન સલામત રહે. કાજી જાયલંદા દોડતાં દોડતાં મીયાંજીની પાસે આવ્યા અને શાહ હમ્માદે કહ્યું હતું તે કહી સંભળાવ્યું. ત્યારે મીયાંજી બોલ્યા કે, બાસઠ વરસ શરેહના કામો ઉપર સ્થિર રહી મેં કાપ્યાં અને હું પોતે જાણું છું કે, જો હું તેમની પાસે જઈશ તો સાજો થઈ જઈશ. પણ મારી જીંદગીના થોડા દિવસના વાસ્તે શું જાઉં ! હું તો શરેહના હુકમનું રક્ષણ કરૂં છું અને તે ઉપર મારો પ્રાણ અર્પણ કરૂં છું.

ટુંકમાં તે ગુજરી ગયા, તેના ત્રીજા દિવસે શાહ હમ્માદ તથા કાજી જાયલંદા તેની કબર ઉપર ફાતેહા પઢવા આવ્યા અને મીયાંજીના સઘળા શિષ્યો તે વખતે હાજર હતા. દરેક માણસે તેની કબર ઉપર ફુલ ચઢાવ્યા અને જ્યારે શાહ હમ્માદે ફુલ મૂક્યા કે હેઠળ પડી ગયા. બીજી વાર પણ એમજ થયું. હાજર રહેલા લોકો હસવા લાગ્યા. તે વખતે શાહ હમ્માદે કહ્યું કે, શું કરૂં ઉસ્તાદનો હક મારા ઉપર છે, નહિ તો મેં જેમ એને દુનિયાના ભોગથી મુક્ત કર્યા તેમજ ત્યાંના સ્વાદથી પણ દુર કરી દઉં. આ કહેતા વારજ તેની કબર કંપવા લાગી અને શાહ હમ્માદ ફુલ મુકતાંજ કંપારો બંધ થઈ સ્થિર રહી ગઈ અને ફુલ કબરના ઉપર રહી ગયા. એમની ઉમર છત્રીશ વરસની હતી. સવાલ માસની ૨ ૨ મી તારીખે આ દુનિયા મૂકી ખુદાની રહેમતે પહોંચી ગયા.

મલિક અબદુલ લતીફ દાવરૂલ મુલ્ક એટલે દાવલશાહ

એમનું નામ મલિક અબદુલ લતીફ બિન મલિક મહમૂદ છે. બની કુરેશ કુટુંબમાં એમની વંશાવળી પહોંચે છે. **તે સુલ્તાન મહમુદ બેગડાના અમીર હતા. અમરૂન કસ્બામાં (તા.જોડીયા, જી.જામનગર)**

એ સુતેલા છે. તે શાહેઆલમ સાહેબના સેવક તથા ચેલા હતા અને તેમની સેવા કરતા હતા. એમનું વઝુ કરવાનું પાણી એમના સ્વાધીનમાં હતું. દક્ષિણના રાજાઓમાંથી કોઈના પુત્રને રક્તપીતનો રોગ થયો હતો તેથી તેનો બાપ સઘળે ફરી નિરાશ થઈ છેવટે શાહેઆલમ સાહેબની સેવામાં તેને એવી આશાએ મોકલી દીધો હતો કે જો એ લક્ષ આપશે તો એને તંદુરસ્તી થશે.

એક રાત્રે શાહેઆલમ સાહેબ મધ્યરાતની નિમાજનું વઝુ કરતા હતા અને મલિક અબદુલ લતીફ ઉભા હતા. એટલામાં તે છોકરાને લાવી હાજર કર્યો. શાહેઆલમે કહ્યું કે, પાણીની તાસક આ છોકરા ઉપર રેડો. મલિકે હુકમ પ્રમાણે તેના માથા ઉપર પાણી નાખ્યું અને જે બચ્યું તે એમણે પોતે પીધું. એટલામાં તરતજ તે છોકરો સાજો થઈ ગયો. તે વખતે મલિકને કહ્યું કે, આજથી સાલાર મસઉદ ગાઝીની જગ્યા ખુદા તરફથી તમને અપાઈ તે ઉપરથી મલિકની કરામતો દુનિયામાં અને વિશેષ કરીને દક્ષિણમાં પસરાઈ.

કહે છે કે, જ્યારે સુલ્તાન મહમુદ બેગડાએ એમને અમીર બનાવ્યા તે વખતે દાવરૂલ મુલ્કનો ખિતાબ આપ્યો. અમીરીનો ઠાઠ પૂર્ણ છતાં આચાર વિચારના ખરા મિત્ર હતા. તેઓ અમીર થયા પછી સિપાઈઓ અને અરજદાર લોકોની આવજાવ એમના ઘરે વધવા લાગી ત્યારે પડોશીઓને કહેવરાવ્યું કે, તમે માંરૂ ઘર વેચાતું લ્યો. તે લોકોને નવાઈ જેવું લાગ્યું અને ઉત્તર દીધા કે, હવે તો તમારી પાસે સત્તા થઈ, જો અમારામાંથી કોઈ ઘર વેચે તો ખરીદ કરવાના તમારા દહાડા આવ્યા છે તેના ઠેકાણે તમારૂં ઘર વેચો છો ! તે ઘર છોડી મલિક બીજે ઠેકાણે રહેવા ગયા. તે કહેતા હતા કે, લોકોની ધામધુમથી રખેને મારા પાડોશીઓના મન ઉચા થઈ જાય. તે પોતાની જાગીરમાં રેયત સાથે શરેહ પ્રમાણે કામ કરતા હતા.

પછી કેટલાક દહાડે સુલ્તાને મલિકને અમરૂનના ફોજદારની જગા આપી ત્યારે ઘણે વખતે તે તરફના વિધર્મી લોકોથી જીહાદ જેવી લડાઈ કરતા હતા. એક દિવસે રણ ઉતરી ભૂજ જતા હતા. ત્રીજે દહાડે

એક વસ્તીવાળા ગામમાં જઈ ઉતર્યા અને થોડીક વાર એક ઝાડની છાંયામાં વિશ્રામ લીધો અને ઉંઘ લેવાને આંખો ઢંકાઈ ગઈ. જ્યારે જાગ્યા તો શું જોયું ? જુએ છે તો સાથેના લોકો પોતાના ઘોડાઓને જારના તૈયાર ખેતરોમાં ચારે છે. ત્યારે કહેવા લાગ્યા કે, અરે ભાઈઓ ! તમોને ખુદાનો ડર નથી કે, ઘોડાઓને ખેતરોમાં મૂક્યા છે ! તેમણે કહ્યું કે, આજ અમને અપવાસ છે, કેમકે માણસો અને ઘોડાઓને ખોરાકી મળી નથી. અમે તો અપવાસ કર્યો છે પણ જાનવરને શી અકલ કે અપવાસ કરે ! મલિકે કહ્યું કે, જો તમે ખુદા અર્થેજ ભૂખનું સંકટ વેઠ્યું હોય તો તમારા ઘોડા પણ તમારી પેઠેજ પાળે અને તેજ વખતે પોતાના ઘોડાની લગામ કાઢી લઈ ખેતરમાં હાંકી મૂક્યો. ઘોડો ઉભોજ રહ્યો અને ચરવાની તેણે કાંઈ દરકાર કીધી નહિ. ટુંકમાં તે તરફનો જોઈતો બંદોબસ્ત કર્યો અને તે કસ્બા અમરૂનના રજપુતો શરણે આવી ગયા અને તાબેદાર બની ગયા.

એક દિવસ એક કુભાંડી માણસ જેના જન્મથીજ તેની નસેનસમાં દગો ફિસાદ રમી રહ્યા હતા તે મલિક પાસે આવી કહેવા લાગ્યો કે, પહેલા રજપુતની પાસે તેના સગાની એક એવી તલવાર છે કે, એવી બીજી હશેજ નહિં, જ્યારે તે આપની પાસે આવે ત્યારે તે કાઢીને જોઈ જોજો અને તે જોવા લાયક છે અને લડાઈ કરાવવાના ઈરાદે એ રજપુતને કહ્યું કે, મલિકનો તને મારી નાખવાનો ઈરાદો છે અને તેની પાકી ગોઠવણ કરી મુકી છે, તેની એ નિશાની છે કે, જ્યારે તું જાય ત્યારે તે તારી તલવાર લઈને મ્યાનમાંથી કાઢશે. અને આ થયા પછી તને મારી નાખવામાં આવશે. આ સાંભળી તેને ચિન્તા ઉત્પન્ન થઈ, તેણે પોતાના સાથીઓને કહ્યું કે, જ્યારે મલિક મારા હાથમાંથી તલવાર લે અને મ્યાનમાંથી કાઢે તે પહેલા તમે આગળ વધી મલિકને કાપી નાખજો. જ્યારે તે મલિકની પાસે આવ્યો ત્યારે મલિકે કોઈપણ શબ્દ ન ઉચારતા જોવા અર્થે તેની તલવાર હાથમાં લીધી અને મૂઠ ઉપર હાથ નાખતો હતો એટલામાં રજપુતના સાથીઓએ મલિકને કાપી નાખ્યો. આ બનાવ જીલકઅદ માસની ૧૩મી તારીખે ૮૭૯ માં બન્યો. **એમની કબર તેજ કસબામાં કરવામાં આવી અને ઘુમટ તથા દરગાહ તૈયાર કરવામાં આવ્યા.**

મલિકના મરી ગયા પછી તેની કરામતો ઘણી ચર્ચાવામાં આવી અને હમણા પણ જોવામાં આવે છે. હજારો માણસો દુર દેશાવર અને દેશમાંથી મુખ્ય કરી દક્ષિણ અને માળવાથી કેટલાક અપંગ, આંધળા, કેટલાક લગ્નની આશાએ અને કેટલાક પુત્ર પ્રાપ્તિની આશા રાખી આવે છે. કેટલાક પગે બેડીઓ નાખી, કેટલાક મોઢાને તાળાં વાસી પોતાના ઘરથી નીકળી આવે છે અતે એવું માને છે કે, જે ઠેકાણે અરજી મંજુર જશે. તે ઠેકાણે તાળાં ઉઘડી જશે અને બેડી ટૂટી જશે. અને જે ઠેકાણે એમ બને છે તે ઠેકાણાથી આશા પુરી થઈ છે એમ ગણી પાછા ફરે છે અને કેટલાક દરગાહે હાજર થાય છે. કેટલાકને નાણાની જરૂર હોય છે તેને સ્વપ્નમાં કહી દેવાય છે કે, ફલાણા માણસથી એટલા રૂપિયા લેવા અને તેને કહે છે કે, ફલાણા માણસને તેટલા રૂપિયા આપી દે. એમના મૃત્યુ દિવસથી આજ સુધી આ પ્રમાણે ચાલુજ છે.

આ દેશના સુખચેનના દિવસોનો નાશ થતાં પહેલાં જીલકઅદ માસની બીજી તારીખે ઘણા પુરૂષ તથા સ્ત્રીઓ તીર્થ માટે અમરૂન જવા નીકળતા હતા. હું લખનાર કહું છું કે, આશરે એક લાખ રૂપિયાનો વહેપારી માલ અહમદઆબાદથી તે કસબામાં જાય છે અને ચોતરફના માણસો ત્યાં ભેગા થયેથી લેવડ દેવડ અહમદઆબાદી માલની અને કાઠિયાવાડથી આવતા ઘોડા, બળદ, ઉંટની થાય છે. ત્યાં જનારા લોકોનો પહેલો મુકામ સરખેજમાં થાય છે ત્યાં સુધી લોકો જાય છે અને રાત રહી પાછા ફરે છે તેમજ આ મેદનીને પહોંચાડવા સાબરમતી નદી સુધી ઘણા લોકો જાય છે અને મેદનીમાં જતા લોકો કુચ કરી આગળ જાય છે. **તારીખ ૧૨ મીએ તેજ માસે ઉરસના દીવસે મલિકની ઝોજા (પત્નિ) બીબી ફત્તેહશાની દરગાહમાં દરશન ફાતીહાના વાસ્તે શાહપુર દરવાજા બહાર લોકો ભરાય છે. (શાહપુર દરવાજાની બહાર દુધેશ્વર જવાના રસ્તા ઉપર પોલીસ ચોકીની પાછળ બીબી ફતેહશાહની કબર છે).**

શેખુલ ઈસલામ ખ્વાજા અહમદ બિન ડોસન

શાહેઆલમ સાહેબના મુખ્ય શિષ્ય છે. અને તેમની આજ્ઞા પત્રિકામાં પોતાના હાથે "મિસકીનુલ્લાહ" નું ઉપનામ લખેલું છે. આ

પત્રિકાની નકલ રોઝાતે શાહીઆના ઓગણીશમાં પુસ્તકમાં છે. એક દિવસે હઝરત શાહઆલમ સાહેબે ખ્વાજા અહમદ ઉપર ઘણા ઉપકારો કર્યા અને ફર્માવ્યું કે તે કંઈ પણ જરૂરતના વખતે કોઈને સજીવ ગણે નહી. કેમકે સઘળા લોકોને તે મરી ગયેલા જાણે અને ફરમાવ્યું કે, ખરા મરદની એક આસ્તા છે અને રસ્તામાં જે વીરલો પુરૂષ હશે તેજ જય પામશે. બુઝદિલ નુકશાન ઉઠાવશે. અરબી કવિતા કહી પછી કહેવા લાગ્યા કે, યોગની તલવારનો ઘા ખાવો રમત નથી. પાકી આસ્તા હશે તોજ કામ સરશે.

કવિત સાર - બેઉ ભવમાં માશુક રૂપમાં જોડી રહીત બન્યો છે. ત્યારે આશકે પણ સઘળી બ્રહ્માડી ખટપટથી એકલ બનવું જોઈએ. દરેક જણ આ કામમાં ફત્તેહ મેળવતો નથી. પ્રેમ પંથમાં તો તેજ ચળકી નીકળે છે કે, જે મરદ છે અને સિંહ સમાન પુરૂષ છે.

એમની કબર અહમદઆબાદ શહેરમાં શાહપુર દરવાજાની સામે પોલીસ ચોકીની પાછળ છે.

સૈયદ બુરહાનના દીકરા કાઝી સૈયદ ઈસમાઈલ ઈસફહાની

સદાચારી અને માન પામેલ કાજી સૈયદ ઈસ્માઈલ હતા. ભરૂચ બંદરના કાજીપણાનો હુદ્દો એમના તાબામાં હતો. જ્યારે શાહેઆલમ સાહેબ નંદરબાર અને સુલ્તાનપુર જોવાને મનસુબે ત્યાં ગયા. ત્યારે કાજીએ આવી એમના સેવકોના પત્રકમાં પોતાનું નામ નોંધાવ્યું અને શાહેઆલમ સાહેબના ફકીરોની પેઠે પોતાના દહાડા કાપતા હતા. એક દિવસ શાહેઆલમ સાહેબની સભામાં "પવિત્ર મધુ" ની વાત ચર્ચાઈ એટલે કુરાનનો શ્લોક "તેમને તેમનો પ્રભુ પવિત્ર મધુ પીવડાવશે" લાગુ કરવામાં આવ્યો. તે વખતે કાજીએ પુરા પ્રેમથી પ્રશ્ન કર્યો કે, આ પવિત્ર દારૂનું બાહ્ય અસ્તિત્વ પણ હશે ? કે એનો અર્થ પ્રભુ પ્રેમ અને હરિજ્ઞાન થાય છે ? અને પીવું એ કંઈ કાર્ય હશે કે જ્ઞાન શક્તિનેજ કહે છે ? તે વખતે હસીને શાહેઆલમ સાહેબ બોલ્યા, કે નહિ આ મધુ બાહ્ય અસ્તિત્વ ધરાવે છે અને પી શકાશે. તે વખતે એમણે અરજ કરી કે, આ સંસારમાં પીવું થઈ શકે છે. તો તમને પણ પીવા મળ્યું હશે. કાજીએ કહ્યું તેમાંથી

એક ઘુંટ મને પણ મળશે. શાહેઆલમ સાહેબે કહ્યું કે, ઘણુંજ ઠીક છે.

કેટલીક રાતો મારી પાસે મારી સેવામાં મધ્યરાતની નિમાજની વખતે હાજર રહો. તે પ્રમાણે કાજી રહેવા લાગ્યા અને દરરોજ વાટ જોતા હતા. જ્યારે તેમનો વખત આવી લાગ્યો ત્યારે શાહેઆલમે તે મધુનું એક ટીપું કાજીના મોઢામાં નાખ્યું. તે ઉપરથી કાજી કહે છે કે, તેનો પહેલો નિસો જીવને આનંદ આપે છે, અને પ્રભુએ સ્વર્ગ તથા નર્કની હકીકત મને દેખાડી, કાજી શાહેઆલમ સાહેબના સેવક બન્યા હતા ત્યારથી કાજીના હુદાનો પહેરવેશ, માથાનું ફાળીઉં વિગેરે ઉતારી મુક્યા. એક દિવસ એમના ગુરૂએ કહ્યું કે, માથે ફેંટો કાં નથી રાખતા ? ફેટોં રાખવો જોઈએ. કાજીએ તે પ્રમાણે કરી માથે ફાળીયું બાધ્યું. લોકોએ જાણ્યું કે, ફાળીયું બાધવાનો હુકમ થયો હશે. એક અઠવાડીઆ પછી સુલ્તાન મેહમુદ બેગડાએ અરજ કરી કે, કાજી ઈસ્માઈલને આપ હુકમ કરો કે, અહમદઆબાદના કાજીની ગાદી કબુલ કરે. જો એ કાજી નહિ થાય તો શહેર ઉજડ થઈ જશે. શાહેઆલમે કહ્યું કે, લોકોના સુખ અર્થે થોડા દહાડાના વાસ્તે કાજીપણું કબુલ કરો. કાજી ઈસ્માઈલે પશ્ચાતાપ કરી કહ્યું કે, મેં મસ્તાન લોકોનો સ્વાદ ચાખ્યો છે અને ફરીથી હુશીઆર થવાનું શરમ ભરેલું કામ સમજું છું. શાહેઆલમ સાહેબે ઘણી તાકીદ કરી કહ્યું કે, તમારે કબુલ કરવું જોઈએ. ત્યારે લાચાર થઈ કાજીએ અરજ કરી કે, કબુલ કરૂ છું પરંતુ એક શરતની સાથે કે પ્રભુએ જે પ્રેમઅગ્નિ મારામાં પ્રગટ કરેલી છે તે મારા મરતા પહેલા પ્રભુ ઓછી કરે નહિ. પીરે એક ઘડી વિચાર કરીને કહ્યું કે, પ્રભુને અરજ કરવામાં આવ્યાથી તેણે ઠરાવ્યું છે કે, તે તને પાછો એજ સ્થિતિમાં લાવી મુકશે અને ફકીરોની પંક્તિમાં હિસાબને દહાડે તને ગણશે. એવું કહેવાય છે કે, **શાહેઆલમ સાહેબના જનાઝાની નમાઝ કાઝી ઈસ્માઈલએ પઢાવી હતી. એમની કબર બાદુપુર અહમદઆબાદમાં છે,** ઉરસ રબીઉલ અવલ માસની છવ્વીશમી તારીખે થાય છે.

મૌલાના મુહમ્મદ સિદ્દિક (મૌલાના શેખ મહમૂદ સુહરવર્દી)

દહ હિકાયત અને શરાઈફ મહમુદીઆ પુસ્તકોમાં લખેલું છે કે, એમની જન્મભુમી ઠઠ્ઠા પાસે મુલતાન (પાકિસ્તાનમાં) છે અને લાહોરમાં પણ એ રહેલા છે. ત્યાં શાહેઆલમ સાહેબના પીરપણા અને પ્રભુ જ્ઞાન માર્ગના વખાણ નેકદિલ જામ જુનાને સંભળાવ્યા અને તે તથા તેના બાપ શાહે આલમ સાહેબના સેવક તથા સેવા કરનારા હતા. તેમને પીરે ફરમાવેલું કે, ઈસ્લામની પુરેપુરી રીતિઓ તમારા સંબંધીઓથી પળાતી નથી અને જુની રૂઢીઓ મટતી નથી. તે ઉપરથી જામ જૂનાને કહેવામાં આવ્યું કે, જો આ દેશથી ગુજરાતમાં જાઓ અને જેવી રીતે **તમારા કાકા ફતેહખાંએ પોતાની કન્યાને કુતબે આલમ સાહેબને આપી હતી** તેવીજ રીતે તમે પણ પોતાની કન્યાનું લગ્ન કરી આપો તો હાલ અને માલનો લાભ ભોગવો. તે કલ્યાણી પુરૂષ કદી પણ તેના કહેવાથી આડો ચાલ્યો નહોતો તેથી રાજીખુશીથી તેણે એ વાત કબુલ મંજુર કરી અને પોતાના પુત્ર જામ ખેરૂદીન અને જામ સલાહુદીનને મૌલાના સિદ્દિકના મોટા દીકરા શેખ અબદુલ્લાની સેવામા મુકી બે કન્યાઓ લઈ એમની સાથે ગુજરાત આવવાને નિકળ્યો. એ મૌલાનાના દીલમાં એવી ધારણા હતી કે, મુગલી બીબી ઘણી રૂપાળી છે તે શાહેઆલમ સાહેબને પરણાવવી, પરંતુ ઘણીજ ભારે તજવીજ અને સુલ્તાનની ફરમાશથી બાદશાહજાદાને આપવાને અમીરો તથા પ્રધાનોના એક મતે ઘણા પૈસા અને ભારે વૈભવ ઉપર લલચાઈ જઈ એવું મનમાં આવ્યું કે, આવો જબરો વસીલો મળ્યાથી મારા બાપ દાદાના મુલકને કંઈ નુકશાન અને આફત આવશે નહિં અને સરકારી મહેસૂલ માફ થશે. આ બધું થયા પછી અમીરોની સલાહથી સુલ્તાન મુહમ્મદની સાથે એનું લગ્ન કરી આપ્યું અને તેનાથી સુલ્તાન મહમૂદ જન્મ્યો અને બીજી દીકરી બીબી મુરકી શાહેઆલમ સાહેબને અપાઈ અને એમનાથી શાહ ભીકન અને બે દીકરીઓ પેદા થઈ.

શાહેઆલમ સાહેબનો વલણ બીબી મુગલી તરફ ઘણો હતો અને કુતબે આલમ સાહેબે પણ ફરમાવ્યું તેથી સુલ્તાન મુહમ્મદ શાહના મરી ગયા પછી તેમજ એ બાઈની બહેન મરી ગયા બાદ શાહેઆલમ

સાહેબની સાથે એમનું પુનઃ લગ્ન થયું. સુલ્તાન મહમૂદ એમના આશરા હેઠળ રહી મોટા થઈ પોતાના બાપ દાદાના તખ્ત ઉપર બેઠા અને રાજસત્તા પોતાના હાથમાં લીધી. આ લઘુ વર્ણનનો વિસ્તાર **મિરાતે સિકંદરી**માં લખેલો છે.

આ શેખ સાહેબ શાહેઆલમ સાહેબની સેવામાં આવી પહોંચી પગે લાગ્યા અને આજ્ઞા તથા જ્ઞાન પ્રાપ્ત કર્યા તથા જૂના **અસાવલમાં આવેલા કુતુબપુરામાં સાબરમતી કિનારે રહેવા લાગ્યા** અને જામ જૂના સરંજામે ત્યાં કોટ બાંધ્યો જેનું નામ લક્કડ કોટ આપવામાં આવ્યું. **આ શેખની કબર તેજ ઠેકાણે અને મજકુર જામની વસીઅત પ્રમાણે શેખની કબરથી કેટલાક ગજના અંતરે જામની કબર છે અને બીબી મુરકીની કબર બાપની કબરની બાજુમાં છે.** હવે તે વખતે બુખારી સાદાતની દરગાહનો ઠરાવ થયો નહોતો તે ઉપરથી શાહ ભીકન પૂર્વ તરફ પોતાના નાનાની કબર પાસે દફન થયા. આ શેખનું મૃત્યુ જીલકઅદ માસની ચૌદમી તારીખે થયું. એમની ઓલાદ ગુજરાત તથા મુલતાનમાં બાકી છે.

મૌલાના શેખ મુહમ્મદ નુરૂદ્દીન સાહેબ

જગતગુરૂ માર્ગ ઉપદેશક મૌલાના શેખ નુરૂદ્દીન, હાજી શેખ મુહમ્મદ સલેહના પુત્ર હતા. જમાદીઉલ અવલ માસની તારીખ ૧૦ મી હી. સને ૧૦૬૦માં જન્મેલા.

પ્રભુ પ્રાપ્ત બુદ્ધિ અને જન્મની હુશીઆરીના લીધે વિદ્યાભ્યાસ અને પ્રભુ શોધવાનું પુરૂં લક્ષ રાખતા હતા. કહેવત છે કે, કલ્યાણકારી પુત્ર માના પેટથીજ સદાચારી હોય છે તે પ્રમાણે મહાન પુરૂષ હોવાના ચિન્હો ભલાઈ અને સારાપણાના ગુણો એમના કપાળ ઉપરજ જણાતા હતા. શેખ સાદીની ગુલીસ્તાનની ચોપડી નાનપણમાં અર્થ સાથે પોતાની માતુશ્રી પાસે સાત દિવસમાં શીખી ગયા અને ઘણી ખરી જાહેર વિદ્યાઓનો અભ્યાસ આખૂન સુલેમાનના દીકરા આખુન અહમદની પાસે કરેલો અને **પ્રભુ જ્ઞાન, યોગ, કુરાન પાઠ તથા નબી કથન મેહબુબ આલમ સાહેબની પાસે કરેલા, અને સુરહવર્દીયા ખાનદાનની શિષ્યાજ્ઞા**

અને બધા સમુદાયોની શિષ્યાજ્ઞા એમનાથી મેળવેલી. તેઓ અરબી ભાષામાં સૌથી ચઢીઆતા હતા અને એમની બરાબર બીજો કોઈ તે વખતે હતો નહિ.

એ વિદ્વાન સાહેબના વખાણ ચાર ખુંટ ધરતીમાં થવા લાગ્યા. દુર દેશાવરથી વિદ્યાર્થીઓ એમની બોધ આપનારી પાઠશાળામાં આવી રહીને વિદ્યાભ્યાસ કરતા હતા. આ પાઠશાળા તેમના એક શિષ્ય અને સેવક શેખુલ ઈસલામખાન અહમદઆબાદના સદર સુબાએ એક લાખ કેટલાક હજાર રૂપિયા ખરચી તેમના વાસ્તે બનાવેલી અને તેમની યોગ્યતા પ્રમાણે તેમના પગારો કરી આપવામાં આવતા હતા. એમના શિક્ષણથી હજારો માણસો એમની અકસીર જેવી સોબતમાં રહેવાનો લાભ લેતા હતા. આ પાઠશાળાની બીના હી. સને ૧૧૦૨ માં થઈ હતી. અને ધીમે ધીમે જેમ જેમ ઘરો તથા જમીનો લેવામાં આવી તેમ તેમ ઈમારતો બંધાતી હતી. તે સને ૧૧૦૯ માં એ પાઠશાળા બંધાઈ રહી. **હોવઅલમસજીદો અસસિસૂ અલત્તકવા મિન અવ્વલે યોમ**માંથી મજકુર સાલ નીકળે છે એટલે તે મસજીદ પવિત્રતાઈના પાયાવાળી છે. ઈમારતોનો ઘણો ખરો ભાગ સને ૧૧૧૧ માં પુરો થયો છે. તેની સાલ **મદરસતુન ફીહલહુદા લીલ આલમીન** માંથી એ સન નીકળે છે. એટલે આ એવી પાઠશાળા છે કે, એમાં બેઉ ભવના લોકોને બોધ મળે છે. એક લાખ ચોવીસ હજાર રૂપિયા એની ઈમારતોમાં ખરચ થયું છે અને સાવલી પરગણામાં આવેલું લેસુંદરા ગામ ચાંપાનેરની સરકારના તાબાનું નબી સાહેબના મોલુદ ખરચ માટે અને કડી પરગણામાં આવેલું ભઠાગામ અને પાટણ તાબાનું રણાસણ અને બે રૂપિયા રોજના ભોજન ખરચની મદદ અર્થે પાઠશાળાના વિદ્યાર્થીઓને જોઈતું આપવા પગાર કરવાના વજીફામાં આપેલા છે.

લખવા મકસદ કે એ સાહેબ પહેલાના મહાન પુરૂષો જેવા ગુણ ધરાવતા હતા. અને તે વખતમાં મહા વિદ્વાન, મોટા જ્ઞાની પાકા સદાચરણી અને પુરા ઉદાર હતા. તેમણે દરેક વિદ્યામાં પુસ્તકો રચેલા છે. ઘણા પુસ્તકોની ટીકા અને નોટો લખી છે. **એમની પુસ્તક રચનાનો આંકડો એકસો સીતેર અને તે ઉપરાંત કેટલાક પુસ્તકોનો છે.** તેમાંથી અલહમ્દ

અધ્યાયની ટીકાની દશબાર હજાર બેતો છે અને **અલિફ લામ મીમ** નામના કુરાનના ભાગની ટીકાની આશરે લગભગ સાઠ હજાર બેતો છે અને તેમજ બીજા રચેલા પુસ્તકોથી એમની વિદ્વતા પ્રકાશી નીકળે છે.

સને ૧૧૪૩ માં મક્કે જઈ હજ કરી હતી અને ત્યાંથી પોતાના દેશમાં પાછા ફર્યા હતા. તે પછી રાત દિવસ ભક્તિ સિવાય બીજું કામ નહોતું. રોજની ભક્તિ ઉપરાંત દરરોજ એક કુરાન પાઠ કરી જતા હતા. દર રાત્રે બેવાર મધ્ય રાતની નીમાજ પઢતા હતા, અને જ્યારે રાત્રે પાસુ ફેરવતા ત્યારે હજાર વખત કલમો અને હજાર વખત દરૂદ પઢી જતાં, પંદર વરસની ઉમરથી મર્યા ત્યાં સુધી ચાળીશ દિવસનો એકાંતવાસ કદીએ ચુક્યા નહિ. તેમણે બાદશાહી મદદ ખરચનો પગાર કદી પોતાને વાસ્તે કબુલ કરેલો નહિ. આટલો બધો ઠાઠ છતાં કદીએ નાણું પોતાના હાથમાં ગ્રહણ કરેલું નહિ. એમની ઉમર ૯૧ વરસની પુરી થઈ હતી. તેઓ શાબાન માસની નવમી તારીખ મંગળવારની મધ્ય રાત્રે હી. સને ૧૧૫૫ માં ખુદાતાલાની રહેમતે પહોંચી ગયા. તેમના મૃત્યુની સાલ ઘણા લોકોએ લખેલી છે, તથા તેનું એક પુસ્તક રચવામાં આવ્યું છે તેમાંથી **શ્રેષ્ઠ તથા સંપૂર્ણ ((વારિસે અહલેબેત))**માંથી મજકુર સાલ નીકળે છે. **એમની કબર એમની દરગાહમાં મજકુર મદરસા નજદિક છે.** એમના વંશમાં પાંચ પુત્રો અને ત્રણ પુત્રીઓ હતી. (૧) શેખ મુહમ્મદ સાલેહ, (૨) કાઝી નિઝામુદ્દીન ખાન (૩) શેખ મહમૂદ (૪) શેખ ફખરૂદ્દીન (૫) અબુલ બસીર બહાઉદ્દીન.

શેખ મુહમ્મદ સાલેહ (પહેલો પુત્ર) : એમનું લોક પ્રસિદ્ધ નામ પીર બાબા હતું. જન્મ વખતથીજ સુલક્ષણા હતા. વિદ્યા નમૃતા અને સુઆચારી હતા, એ ઘણા ઉદાર હતા. **પોતાના પિતા મૌલાના શેખ મુહમ્મદ નુરૂદ્દીનના સેવક**, એમની ગાદીના ધણી અને શિષ્ય હતા. પહેલાથી છેવટ સુધી જાહેર વિદ્યાઓ તથા યોગ વેદાંતનો અભ્યાસ એમણે પોતાના પિતાની પાસેજ કરેલો અને સાત વરસની ઉમરે આખું કુરાન તેની છટા સાથે મુખ પાઠ કરી ગયેલા.

એ વાત સાંભળી તે વખતના સુબા શાહઝાદા બહાદુર મુહમ્મદ

આઝમ શાહે પોતાની રૂબરૂ એમને બોલાવ્યા હતા, અને રહેમાન અધ્યાય (સુરહ) વગર ચુકે એમની પાસે પઢાવીને સાંભળી તે ઘણોજ રાજી થયો અને આશ્ચર્ય પામ્યો. તેણે પોતાની પાસેથી પોશાક અને પોતાની જાગીરમાંથી વીરમગામ તાબાનું તાજપુર ગામ ઈનામમાં આપ્યું અને તે ઈનામનું ફરમાન બહાલીનું હજુરમાંથી મંગાવી આપ્યું. હજુરમાંથી બે વખત તેમને દીલ્લીએ આમત્રણ થયું હતું. એક તો ફર્રૂખશીઅર બાદશાહના વખતમાં અને મુહમ્મદશાહ બાદશાહના વખતમાં, અને દરેક વખતે બે હજાર રૂપિયા વાટખરચીના આપવામાં આવ્યા હતા તથા દરબારમાં તેમનું સારી રીતે સનમાન થયું હતું અને બાદશાહની પુરી કૃપાવૃષ્ટિ એમના ઉપર થયેલી હતી. રોકડ, પોશાક તથા હાથી ઈનામમાં અપાયેલા. આ દેશના ઘણા ખરા વિદ્વાનો એમની વિદ્વતા તથા નિપુણતાને માનતા હતા અને એમના અભિપ્રાયને સર્વથી ઉત્તમ ગણતા હતા. મતલબ કે શુદ્ધતા, આચાર, સ્વભાવ, ઉદારતા, વિદ્યા અને ધીરજના ધણી હતા અને દુર દેશાવરમાં તેમના એ ગુણો પંકાતા હતા. જમાદીઉસ્સાની માસની સોળમી તારીખે હી. સને ૧૧૪૭ માં દીલ્લી મુકામે એમની દેહી પડી. ત્યાંથી તેમને લાવી તેમનાં **દાદા મૌલાના મહમુદની દરગાહમાં મસજીદ આગળ દફનાવવામાં આવ્યા.** એમની સાલ "અજબ ઈત્તિફાક" શબ્દોમાંથી નીકળી છે એમના બાપ મોલાના નુરૂદ્દીને એમને મરી ગયા પછી સ્વપ્નામાં દીઠા અને એમ કહેતા હતા કે, મારા કાળ પછી મને **મુરાદ બખ્શનું** માન નામ મળ્યું છે અને એજ શબ્દમાંથી સાલ પણ નીકળે છે. અને કહ્યું કે, મારા ફાતીહામાં મીઠી થુલી વાપરવી. જે કોઈ કંઈ માનતા રાખવા ચાહે તે મીઠી થુલી ઉપર મારા નામે ફાતીહો દેવરાવે. પ્રભુ કરશે તો તેની ઉમેદ બર આવશે. જ્યારે મોલાના એ જાગૃત થઈ મુરાદબક્ષ શબ્દના અક્ષરોની કીંમતના આંકડા મુક્યા તો સાલના આંકડાની બરોબર થયાં. જે કોઈ બાધા રાખે છે તે મીઠી થુલી કામમાં લે છે.

તેમને બે રૂપીયા રોજ પ્રમાણે શિક્ષક અને મુતવલીપણાના પગારમાં બારમી અને અગીઆરમીના કે જે આ હિસાબે બસે ત્રેવીશ રૂપિયા થાય છે અહમદઆબાદ સરકારના ખજાનામાંથી દરેક માસના

ફાતીહા ખરચને હુજુરમાંથી અપાતા હતા. અને સારી ગોઠવણથી તે એ કામો કરતા હતા. મહીજ ગામ અહમદઆબાદ પરગણાનું એમના નામ ઉપર ઈનામ હતું. તેમને પાંચ પુત્રો હતા અને એક દીકરી (૧) બહાઉલહક (૨) રૂકનુલહક (૩) રજાઉલહક (૪) ફેઝુલહક (૫) કાજી નીઝામુદીનખાન (બીજો) (સદરૂલહક) એવા પાંચ હતા.

કાજી નીઝામુદીનખાન (બીજા પુત્ર) : કાજી નીઝામુદીન મોઢે પાઠ કરનાર (હાફિઝે કુરાન) મહા વિદ્વાન, તત્વશોધક, તત્વગ્રહક અને ગણીતમાં મોટા શાસ્ત્રી હતા. સર્વે ગુણોની યોગ્યતા, ગધપધમાં સર્વેથી ચઢીઆતા હતા. શાહઝાદાઓ તથા અમીરોની સોબતમાં રહેતા હતા. પોશાક તથા હાથીનું ઈનામ પામેલા. હી. સને ૧૧૫૧ માં અહમદઆબાદ શહેરના કાજીની ગાદી હજુરમાંથી એમને આપવામાં આવી અને તે પાછા ફરી પોતાના દેશમાં આવ્યા અને શરેહના ઈન્સાફના કામો કરવા લાગ્યા અને અદલ ઈન્સાફના મુકદમાઓ સારી તજવીજથી કરતા.

તે હી. સને ૧૧૬૫માં ગુજરી ગયા. પોતાના બાપની બાજુએ પૂર્વ તરફ દાટવામાં આવ્યા. એમને વંશ નહોતો, પુત્રરહીત હતા. **ફઝીલતે ઈલ્મ** નામનું પુસ્તક અને **મીઝાનુસ્સાઅત, તફસીલુલફુસુલ, રિસાલએકહવા**, અને બીજા પુસ્તકો એમના યાદગાર રહી ગયા. મુહમ્મદશાહ બાદશાહના ફરમાનથી અહમદઆબાદ હવેલી પરગણાનું વ્યાંચગામ તથા એજ પરગણામાંનું બારેજ ગામ હાકેમોના પરવાનાની સત્તાથી એમના સંબંધીઓને આપેલા છે.

શેખ મહમૂદ (ત્રીજો પુત્ર) : એમને શેખ બડા કહેતા હતા. તે હુશીઆર અને લાયક યુવાન હતા. તે ભરજુવાનીમાં ગુજરી ગયા હતા. એમને પુત્ર પરીવાર નહોતો. પાંચમી રબીઉલ અવ્વલે તે મરણ પામ્યા. મહીજનું લાબસાપુર એમના સંબંધીઓને ઈનામમાં અપાયેલું છે અને **એમના વડીલ મોલાના મહમૂદની દરગાહમાં એમની કબર છે.**

શેખ ફખરૂદીન ચોથા પુત્ર :- તેમને શેખ બુઝુર્ગ પણ કહેતા. તે માના પેટથીજ બહેરા અને બોબડા હતા, પરંતુ અક્કલ હુશીઆરી તેને ઘણી હતી. અક્ષરો ઘણા સુંદર લખતા હતા. આખું કુરાન ઘણીવાર લખેલું

ત્રીશમો પારો મોઢે જોયા વગર લખી જતા.

અબુલ બસીર બહાઉદ્દીન પાંચમા પુત્ર :- નાનપણમાં મરી ગયેલા અને મોલાનાની પુત્રીઓ પણ સભ્ય શીઅળ અને પતિવૃતા હતી.

સાદાતનું વર્ણન :- કેટલાક મહાન પુરૂષોની હકીકત લખ્યા પછી મારા મનમાં આવ્યું કે પહેલા સૈયદ લોકોનું વર્ણન કરવું જોઈએ કે જે લોકો આ દેશમાં આવીને વસ્યા અને જેમના પુત્રોની પેઢીઓ ચાલતી આવે છે. હવે તેમનું ટુંક વર્ણન કરૂં છું, દરેક બાપદાદાની વંશાવાળી પણ તે સાથે આપું છું, તેમજ તેમના રહેઠાણો પણ કથું છું. ત્યાર પછી તેમાંના દરેકની વિગતવાર હકીકત જે જણાઈ આવી છે તે બતાવવામાં આવશે.

(૧) બુખારી સૈયદો :-

બુખારી સૈયદોમાં આ દેશમાં કુતબેઆલમ સાહેબનું ખાનદાન તથા શાહેઆલમ સાહેબનું ખાનદાન છે, એમના સિવાય બીજુ ખાનદાન જણાયું નથી અને પ્રસિદ્ધ પણ થયું નથી. આ ખાનદાનની હકીકત ઉપર લખવામાં આવી છે.

(૨) કાદરી સૈયદો :-

સૈયદ અબદુલ કાદર જીલાનીના પૌત્રો છે તેમાંથી **સૈયદ જમાલ પથરી, સૈયદ અબદુલ જલીલ, તથા સૈયદ અબદુલ કાદર** પ્રખ્યાત છે અને બીજાઓ પણ હશે.

(૩) શીરાઝી સૈયદો :-

એમની ત્રણ ટુકડીઓ છે. એક **સૈયદ જાફર શીરાઝીની અને સૈયદ કમાલુદીન શીરાઝીના** પુત્રો એમની જુમા મસજીદ આગળ દરગાહ છે અને ત્રીજા **સૈયદ અબુતુરાબ શીરાઝી** એમાંથી દરેકનું પેઢીનામું તથા સંપ્રદાય જુદા જુદા છે.

(૪) રફાઈ સૈયદો :-

સૈયદ અહમદ કબીર રફાઈના વંશજોમાંથી **સૈયદ અબદુરરહીમ રફાઈની કબર અહમદઆબાદના કોટ બહાર સુલ્તાનપુરમાં છે** અને તેમના પુત્રમાંથી શાહ અલીજી ગામધણી છે.

(૫) મશહદી સૈયદો :-

સૈયદ શરફુદીન મશહદી મખદુમ જહાનીઆના જમાઈ હતા અને તે **ભરૂચમાં સુતેલા** છે અને **સૈયદ મુહમ્મદ મુરાદ, સૈયદ મહબૂબે આલમના શિષ્યની કબર નવતાડમાં છે.**

(૬) એદરૂસી સૈયદો :-

શરીફ અબુબકર હઝરમુત (યમન દેશમાં એક શહેર)ના રહેવાસીના **પુત્ર શરીફ શેખ એદરૂસી જેમની દરગાહ ઝવેરીવાડામાં છે અને તેમના સાહેબજાદાઓ ભરૂચ તથા સુરતમાં સુતેલા છે.**

(૭) તિરમીઝી સૈયદો :-

એમનો સંબંધ **સૈયદ યહયા તિરમિઝીથી છે અને તે મખદુમ જહાંનીઆના શીષ્ય હતા. વડોદરામાં માતરીઆ તળાવ ઉપર એમની દરગાહ છે.**

(૮) ભકતરી સૈયદો :-

મખદુમ સૈયદ બદભકતરીના વંશજો એ પણ મખદુમ જહાંનીઆના શિષ્ય હતા.

(૯) ઉરેઝી સૈયદો :-

સૈયદ ખુંદમીર તથા સૈયદ યાકુબ જે (પાટણમાં) બીબીપુરામાં સુતેલા છે અને તેમના વંશજો ઉરેઝી સૈયદો છે.

કાદરી સૈયદો

સૈયદ જમાલ પથરી કાદરી સૈયદ હુસેનના પુત્ર

એમનું પેઢી નામું સૈયદ અબદુલકાદર જીલાની સાહેબ બડા પીરના પુત્ર સૈયદ અબદુલ વહાબ સાહેબ સુધી જઈ પુરૂં થાય છે. એમના પિતાશ્રી હરમુઝના રસ્તે થઈને દક્ષિણમાં આવેલા અને પથરી **અહમદનગર તાબાનું ગામ છે ત્યાં આવી રહેલા,** એ લોકોને ઉપદેશ આપતા, સુલ્તાન બહાદુર ગુજરાતી કોઈ ચઢાઈ અર્થે દક્ષિણમાં ગયેલા અને પાછા ફરતી વખતે સૈયદ જમાલને ઘણા માન મરતબાથી ગુજરાતમાં લાવેલા. દરગાહની ઈમારત એમના વાસ્તે બનાવીને તૈયાર કરી હતી. અને તેમાં એમને રાખ્યા હતા. સૈયદ સાહેબને પાંચ પુત્રો હતા. સૈયદ

અમીનુલ્લા, સૈયદ યતીમુલ્લાહ, સફી અલ્લાહ, સૈયદ હુસેન તથા સૈયદ બદરૂદીન, સૈયદ યતીમુલ્લાહ બુદ્ધિવાળા પુરૂષ હતા. તે લોકોને શીખવવાનું કામ કરતા હતા. બાપના મરી ગયા પછી ગાદીએ બેઠા. **સૈયદ જમાલની કબર રાયખડ આગળ શહેરમાં છે.** સને ૯૭૧ હીજરીમાં ગુજરી ગયા. આ સૈયદનો ઉરસ શાબાન માસની ત્રેવીશમી તારીખે થાય છે.

સૈયદ અબ્દુસ્સમદ ખુદાનુમા

આપનો મઝાર ભદ્રમાં છે. (વીજળીઘરથી ટેલીગ્રાફ ઓફિસ તરફ જતા જમણી તરફ છે) તારીખ ૫ જમાદિ-ઉલ-અવ્વલના દિવસે ઉરસ થાય છે. વફાત હિ.સ.૧૧૦૯.

સૈયદ ગ્યાસુદીન

સૈયદ અબદુલ વહાબના પુત્ર સૈયદ અબદુલ જલીલના તે પુત્ર થાય છે. એમને લોકો શાહજી કહેતા. એમની દરગાહ ખાનપુરમાં કુતબુદીનમીયાં શાહીના રોજા પાસે છે. એમનું પેઢીનામું હજરત સૈયદના અબદુલ કાદર સૈયદના અબદુલ જબાર સાહેબને જઈ મળે છે. **સૈયદ ગ્યાસુદ્દીન તથા સૈયદ અબદુલ વહાબના પિતા ગુજરાતમાં આવી શહીદ થયા. અહમદઆબાદ તાબે સરસવણી (તા.મહેમદાવાદ)માં તેમની કબરો છે.** એમની કરામતો જગત પ્રસિદ્ધ છે. સૈયદ ગ્યાસુદીનનું ઉરસ ૧૩ મી મોહરમને દહાડે થાય છે અને એમના પુત્ર સૈયદ અબદુલ જલીલનું ઉરસ સફર માસની ત્રીજી તારીખે થાય છે.

સૈયદ કુતબુદીન

ગુજરાતમાં આવેલા અને એમના પૌત્ર અબદુલ ખાલીક સાહેબની દરગાહ શહેરમાં જમાલપુરની અંદર છે. એમનું પેઢીનામું હઝરત સૈયદ અબદુલ કાદરના પુત્ર સૈયદ અબદુલ વહાબે જઈ પહોંચે છે. **ધોળકા** તાબાના ખાનપુર તથા ચુહાર ગામો અબ્દુલ ખાલીકના નામની જાગીરમાં છે.

શીરાઝી સૈયદો

સૈયદ અહમદ બિન સૈયદ જાફર શીરાઝી

એમની કબર શહેરની અંદર આસ્ટોડીયા દરવાજા પાસે છે

જ્યાં એમના નામની મસ્જિદ પણ છે. શીરાઝી ખરા પેઢીનામાવાળા સૈયદ શીરાઝ છે. એમના વડીલ પુરૂષ સૈયદ મહમુદ શીરાઝથી આવી સીંધમાં રહ્યા હતા. એમના પૌત્ર સૈયદ જાફર સિંધથી અત્રે આવ્યા અને કેટલાક દિવસ રહી તેમના પુત્ર સૈયદ અહમદ ત્યાંથી રવાને થઈ અત્રે આવી રહ્યા અને તેમને સૈયદ સાહેબે પોતાની ગાદી ઉપર બેસાડ્યા. પછી પોતે સિંધ તરફ પાછા ફર્યા. આ સૈયદ સાહેબને બીજી વિદ્યાઓનો અભ્યાસ છતાં કુરાન પાઠ કરવાની છટા વખાણવા લાયક હતી. સૈયદ અહમદ જાફરની ઘણી કરામતો જોવામાં આવી છે. તેમણે મોટી મોટી માહીતીઓ મેળવેલી, તેઓ ત્યાગી અને એકાંતવાસી હતા. તેમણે ભક્તિમાં ભાતભાતની મહેનતો કરેલી. નીમાજની બે રકાતમાં અર્ધુ કુરાન પુરૂં કરતા હતા. ભારે મહેનત કરવાના હેતુથી જમીનના રસ્તે મક્કા ગયેલા અને ત્યાં ગયા પછી જો ભોંજન ન મળે તો છાના માના ઝાડના પાંદડા ખાઈ પોતાની ભુખને મારતા હતા. તેઓ કીંમતી વસ્ત્ર પહેરતા હતા અને જો અધિકારીઓ પગાર કરી આપતા તો એ કબુલ કરતા નહોતા.

જે વખતે હુમાયું શાહે ગુજરાત જીતી લીધું તે વખતે ઘણા ખરા વિધ્વાનો તથા પીર લોકો અહીં અહમદઆબાદથી નીકળી બીજી જગાએ જતા રહ્યા. પરંતુ એ પોતાના સગા સંબંધીઓ સહીત અત્રેજ રહ્યા. દરેક જણાને ગુપ્ત રીતે બે શેર ધાન આપતા. તેમણે ચાલીસ વરસ એકાંતવાસમાં કાઢ્યા. શુક્રવાર તથા ઈદની નીમાઝના વાસ્તે માત્ર બહાર નીકળતા હતા. અને વખતો વખતની નીમાઝ જમાત સાથે પોતાના ઘરના ઉમ્બરા આગળ પઢતા હતા. આ બધું હુશીઆરીની વખતે કરતા હતા અને બેભાન સ્થિતિમાં તથા પ્રભુ પ્રેમ પ્રગટ થતી વખતે કોઈ માણસ એમની હકીકતથી વાકેફગાર થઈ શકતો નહોતો. એક વખતે બાર વરસ સુધી શુકર તથા ઈદોની નીમાઝ વખતે પણ બહાર આવ્યા નાહતા.

આ બાર વરસ બહાર નહિ આવવાનો બનાવ તે વખતે બન્યો હતો કે જે વખતે સાંગા રાણાએ ચીતોડથી આવી અહમદનગરમાં લુંટ કરી હતી અને કેટલીક સૈયદાણીઓને કેદ કરી લઈ ગયો હતો તથા તેમને તાલીમ અપાવી નાચતા ગાતાં શીખવ્યું હતું. આ ઉપરથી સૈયદ અહમદે

એકાંતવાસ લીધો હતો. પાકી બાધા રાખી હતી કે, જ્યાં સુધી ગુજરાતી હાકમ એનો બદલો નહિ લે ત્યાં સુધી એકાંતથી બહાર પગ નહિ મૂકવો. જ્યારે સુલ્તાન બહાદુરે ચીતોડની જીત મેળવી તે વખતે એ પોતે બહાર આવ્યા. એક વખતે પોતાના સેવકના કહેવા ઉપરથી ગેર મોસમી કેરીઓ સુલ્તાન મહમુદ બેગડાની ઈચ્છા પ્રમાણે મોકલી હતી. તે દરબારમાં હાજર રહેલા લોકોને વહેંચી આપતા દરેકને બે બે પહોંચી. તા. ૧૬ સફર માસ હી. સને ૯૪૪ માં એમનો કાળ થયો. (આપના ખાનદાનના લોકો ભરૂચમાં આજે પણ મોજુદ છે. ભરૂચ શહેરના કાઝી સૈયદ નુરૂદ્દીન હુસૈન આજ ખાનદાનના છે).

સૈયદ અબુતુરાબ શીરાઝી

એમના વડીલ પુરૂષ શાહમીર શીરાઝથી મુહમ્મદઆબાદ ઉર્ફે ચાંપાનેરમાં આવી હી. સને આઠસો આઠાણું ૮૯૮ માં સુલ્તાન મહમૂદ બેગડાના વખતમાં આવી રહેલા. **એમની દરગાહ ત્યાં છે.** આ લોકો ગુજરાતી સુલ્તાનોના કહેવા પ્રમાણે અહમદઆબાદમાં આવી પરૂ વસાવી રહેવા લાગ્યા. તેઓ અકબર બાદશાહની તરફથી હાજીઓના સંઘપતિ બનેલા અને તે પ્રસંગે હજ પઢવા મક્કે ગયેલા અને ત્યાંથી નબી પગલા લઈ આવેલાં એ વિશે ઉપર લખવામાં આવેલું છે. હી સને ૧૦૦૩ ની સાલમાં જમાદીઉલ અવ્વલ માસની તેરમી તારીખે એમનો કાળ થયો. તેમના નવા વસાવેલા અસાવલમાં **(બહેરામપુરા કેલીકો મીલની પાછળ)માં એમની કબર અને તે ઉપર ઘુમટ તથા દરગાહ છે.**

સૈયદ કમાલુદ્દીન શીરાઝી

શાહ મીર શીરાઝીના પુત્ર છે. જુના અસાવલ**(બહેરામપુરા)**ની **જુમામસજીદ પાછળ એમની કબર છે.** એમનો ઉરસ સવાલ માસની ચૌદમી તારીખ થાય છે.

રફાઈ સૈયદો

સૈયદ અબદુર્રહીમ

સૈયદ અહમદ કબીરના વંશમાં છે. રાયપુર દરવાજા બહાર સુલ્તાનપુર એમનું વસાવેલું છે અને એમની કબર પણ ત્યાંજ છે.

ઉરસ ચૌદમી શવ્વાલે થાય છે.

શાહ અલીજી ગામધણી

અબદુર્રહીમ સાહેબના પૌત્ર છે. એમણે યોગ વેદાંતમાં એક કવિત પુસ્તક રચેલું છે, તેની બોલી ગુજરાતી હિંદી છે અને તે અર્થમાં મગરબી સાહેબના ફારસી કાવ્ય સમાન છે. એમની દરગાહ શાહ ગઝનીની દરગાહ પાસે રાયખડમાં છે. (ખમાસા ચોકીથી જમાલપુર જવાને રસ્તે દારૂલ ઉલુમ શાહેઆલમની સામે છે.) એમનો કાળ તારીખ ચૌદ માહે જમાદીઉલઅવ્વલ સને ૯૭૩ માં થયો. તેમની ઉમર સતોતેર વરસની હતી. તે હિસાબે આપની પેદાઈશ હિ.સ.૮૯૬માં થાય છે.

શાહ અલીજી નાદિરૂલ્લા

એમનું નામ સૈયદ અબ્દુલ કાદર અને તેમના બાપનું નામ સૈયદ મુસ્તફા, અને તે **શાહ અલીજી ગામધણીના પુત્ર છે. એમની કબર તેજ ઘુમટમાં છે.** ઉરસ અઢારમી તારીખે સફર માસમાં થાય છે.

એદરૂસી સૈયદો

સૈયદ અબદુલાના પુત્ર સૈયદ શરીફ એદરૂસી :-

એમની દરગાહ શહેરની અંદર રીલીફ રોડ, ઝવેરીવાડમાં છે. એવું કહે છે કે એમનામાં નમ્રતા તથા સભ્યતાના ગુણો પરિપૂર્ણ હતા. અને એવું કહેતા હતા કે, કોઈ માણસ મારા પગ ચુમે છે તો મને એવું લાગે છે કે જાણે તેણે મારી આંખોમાં તીર માર્યા અને કોઈ હાથ ચુમે છે તો જાણે તેણે મને થપડ મારી. એમનો કાળ તારીખ ૨૫ રમજાનને દહાડે થયો. **તેમના રચેલા ઘણા પુસ્તકોમાંથી અકદે-નબવી નામનું આ દેશમાં ઘણું પ્રસિદ્ધ છે. એમના પુત્ર સૈયદ અબદુલ્લા ભરૂચમાં અને પૌત્ર સૈયદ મહમુદ સુરતમાં સુતેલા છે.**

મશહદી સૈયદો

સૈયદ મુહમ્મદ મુરાદશાહ

મેહબુબ આલમ સાહેબના શાગરીદ હતા, **એમની કબર નવતાડ ઘી કાંટામાં છે.**

ઉરેઝી સૈયદો

સૈયદ ખુંદમીર ઉરેઝી

સૈયદ બઢાના પુત્ર સૈયદ યાકુબના પૌત્ર છે તેમના કાકા સૈયદ શાદીના સેવક તથા શિષ્ય હતા. સૈયદ શાદી સૈયદ યાકુબના દીકરા અને સૈયદ મહમુદ કબીરના અને સૈયદ મહમુદ કબીર નીઝામુદ્દીન અવલીઆના સેવક સૈયદ હુસેન ખનક (સફેદ ઘોડો) સવારના ભાઈ થાય તે ઈરાન દેશથી આવી પાટણમાં રહી પડેલા.

એવું કહેવાય છે કે, જ્યારે બાળ અવસ્થામાં સૈયદ ખુંદમીર ધાવવાનું ચાહે ત્યારે **તેમની માતુશ્રી બીબીજી** વજુ કરી એક દુગાનો પઢી (મોં હાથ ધોઈ નમાઝ પઢી) પ્રભુની પ્રાર્થના કરતા કે, ઓ ઈશ્વર ! આ બાળક જો તારા દરબારમાં વખણાઈ જવા જેવો હોય તો એને ઉગારે નહિંતર એને માટી ભેગો માટી કરી નાખ ત્યાર પછી ધવડાવતા હતા. એ જ્યારે અઢી વરસના થયા ત્યારે એમના પિતાજી ગુજરી ગયા અને માતાજીએ પાળી પરવરીશ કર્યા અને કાકા એમની ઉપર નજર રાખતા, એ જાહેર તથા છુપા ભાગમાં સદગુણી હતા. તેમણે અગીઆર વરસની ઉમરે પોતાની ગાદીએ બેસાડી પોતે બીજા ભવમાં રવાને થઈ ગયા. ત્યાર પછી બીજા પિત્રાઈઓના ઝઘડાના લીધે સૈયદ હુસેનની સ્વપ્ન આજ્ઞા પ્રમાણે પોતાની માતુશ્રીને લઈને પાટણથી નીકળી અહમદઆબાદને વતન બનાવ્યું અને અહીં ઘર ખટલો કરી ગ્રહસ્થ થયા.

સૈયદ બુરહાનુદીન કુતબે આલમની સેવામાં જઈ જ્ઞાનમાર્ગ વિદ્યાભ્યાસી તેમજ **સૈયદ અબદુલ ફત્તાહને પણ ગુરૂ બનાવ્યા, સૈયદ અબદુલ ફત્તાહે સૈયદ અલાઉદીનથી અને તેમણે સૈયદ મુહમ્મદ ગેસુદરાઝથી માર્ગોપદેશ લીધેલા.** સૈયદ ખુંદમીર કહેતા હતા કે મને જે જ્ઞાન મળ્યું છે તેના મેં ત્રણ ભાગ કર્યા છે એક ભાગ મેં પોતે મારા વાસ્તે રાખ્યો છે અને બીજો પુત્ર પરિવારના વાસ્તે અને ત્રીજો સારા માણસો હોય તો તેમને આપીશ.

એવું કહે છે કે, **સુલ્તાન અહમદનો વજીર મલિક શાબાન એમને ઘણું માનતો હતો** અને એ પણ એની ઉપર ઘણો ભાવ રાખતા

હતા. તે ઉપર તેના દીકરા મલિક ખુશ-બાશને કહ્યું હતું કે, મને કામકાજ ઘણા રહે છે તેથી દરરોજ હું સૈયદ સાહેબની સેવામાં જઈ શકતો નથી. તેથી તું જજે અને આશીરવાદ લેતો રહેજે. એક દિવસે બીબીજીએ પોતાના દીકરાને કહ્યું કે, દરગાહ બનાવવાને મલિક શાબાનની પાસે જગ્યા માગો. એમણે મલિક ખુશ-બાશને કહેવાથી તેણે ઉત્તર દીધો કે, મેં એક દરગાહ મારી વાસ્તે બનાવી છે જો પસંદ આવે તો તે આપને ભેટ કરૂં છુ. ગાડી જોડી બીબીજી સાહેબ તે તરફ ગયા અને ત્યાંની માટી સુંઘીને બોલ્યા કે આ મારી જગ્યા છે. મલિક ખુશ-બાશે ત્યાં ઘુમટ તૈયાર કરેલો હતો. તેથી અરજ કરી કે, એની અંદર તમારે ઘોર કરવી ત્યારે ઉત્તર દીધો કે, જે કોઈ તમારા અમારામાંથી પહેલા મરે તે તે ઘુમટમાં દટાય. પ્રભુ ઈચ્છાના લીધે મલિક ખુશ-બાશ પહેલા મરી ગયા તેને તેમાં રાખ્યા. **સૈયદ ખુંદમીર રબીઉસ્સાની ૧૦ મી તારીખે સને ૮૭૪ હીજરીમાં ગુજરી ગયા. બીબીપુરામાં એમના માતુશ્રીના મકબરામાં રાખવામાં આવ્યા.**

બીબીજી સાહેબ

એ એમના પુત્ર સૈયદ ખુંદમીરના મુરીદ બન્યા, **એમનું નામ મુગલી બિન્તે મૌલાના ઝિયા** હતું અને એ માન નામ પ્રભુ દરબારમાંથી એમને મળેલું અને તેમના બાપ એક પવિત્ર માણસ હતા. તેમની માતુશ્રી મૌલાના ઝીઆની દીકરી મુગલી છે.

એવું કહે છે કે, એ બીબી ઘણી ધર્મી, પવિત્રતા, અને શીયળ હતી. પીર લોકોથી પ્રભુ જ્ઞાનનો માર્ગ એમને પહોંચેલો, જ્યારે એમના સ્વામી ગુજરી ગયા હતા તે વખતે એમના પુત્રની ઉમર અઢી વરસની હતી. તે બાળકને પરવરીશ કરીને ઉછેર્યો. જ્યારે યોગ્યતા લાયક થયા ત્યારે પ્રભુ ઓળખવાનો લાભ આપ્યો. અને એમના હાથે સેવા પ્રતિજ્ઞા કરી.

એક દિવસે પોતાના પુત્રના હાથમાં એક મહોર આપી કે ચોટે જઈ લુગડું વેચાતું લઈ આવો. તેમના હાથમાંથી મહોર પડી ગઈ તેથી તેણે ભોંયમાં જોવા માંડ્યું તો બે મહોરો દીઠી તેથી તે બેઉને ધૂળમાં નાંખી દઈ ઘેર આવ્યા. ત્યારે બીબીએ પુછ્યું કે, લુગડું કેમ નહિ લાવ્યા ?

ત્યારે ઉત્તર દીધો કે, મહોર હાથમાંથી પડી ગઈ જ્યારે તે જોવા માંડી તો બે મહોરો દીઠી. ત્યારે મેં વિચાર કર્યો કે, રખેને કોઈ બીજાનો હક મારા હાથમાં આવી જાય તે ઉપરથી બેઉને મૂકી દીધી. બીબીએ કહ્યું કે, હાથમાંથી પડી ગઈ કે, તરત મારી પાસે આવી, અને આ ગોખમાં જુઓ એ રહી. તારીખ ૪ જમાદીઉસ્સાની માસમાં ગુજરી ગયા. હવે એજ ચોથી તારીખે સૈયદ ખુંદમીર પણ મરી ગયા હતા તે ઉપરથી એમનો ઉરસ પાંચમીએ ઠરાવ્યો. અને લોકોમાં એજ તારીખ ઠરી ગઈ. **બીબીપુરામાં પોતાના રોજામાં દફન થયા.**

સૈયદ યાકુબ ચિશ્તી ઉરેઝી

એમણે પ્રતિજ્ઞા **એમના પીતા સૈયદ ખુંદમીર** આગળ કરેલી, બાળપણમાં એ ઘણા ફુટડા તથા રૂપવંત હતા તેથી **મલિક ઈખતિઆરે તેમને દત્તક લેવાની નજર રાખવા માંડી.** સૈયદ ખુંદમીરને મન ઉપર પ્રેરણા થઈ તેથી સુંદર વસ્ત્ર પહેરાવી મલિકની પાસે મોકલી દીધા અને કહ્યું કે, એને તમારા પુત્ર વ્યવહારમાં સોંપી દીધો. મલિક એમને પોતાની પાસે રાખવા લાગ્યા. ગુપ્ત તથા ઉઘાડી વિદ્યા શીખવી દીધી એને ઘણીજ કૃપાને લીધે એમને **ખુંદસઈદ (કલ્યાણી) ઉપનામ આપ્યું.** એક દિવસ ઘણી મહેરબાની થઈ અને તે વખતે પોતાના માથામાં ઘાલેલી ટોપી સૈયદ યાકુબને આપવા ધારેલું, તે લેવાની તેમણે ના પાડી અને કહ્યું કે, આ મહેરબાની મારા ભાઈ મલિક મીસકીનને કરવી. આ મીસકીન મલિકનો દીકરો હતો.

જ્યારે એ પોતાના ઘેર ગયા અને સૈયદ ખુંદમીર એનાથી વાકેફ થયા ત્યારે પોતાની રૂબરૂ બોલાવી ભારે ઠપકો દીધો અને કહ્યું કે, મેં તને જે કામના વાસ્તે એમને હવાલે કર્યો હતો તેવો અવસર આજ આવ્યો અને તે અવસર તેં ગુમાવી દીધો. થોડાક નાણા આપી કહ્યું કે, એનો મેવો ખરીદ કરી મલિક સાહેબની સેવામાં પહોંચી જાઓ અને અરજ કરો કે, મારી તો મોટી આશાઓ છે અને તે આશાઓ મને પુરી કરી આપો, જ્યારે તે મલિક સાહેબની રૂબરૂમાં પહોંચ્યા, ત્યારે સર્વ કહી સંભળાવી અરજ કરી. ત્યારે મલિકે કહ્યું કે, અરે કામના ધણી કલ્યાણી પુત્ર આ

તારૂં કામ નથી. કામના અધિકારી કરતાં પણ તું વધારે છે પોતાની સનમુખે બોલાવી જ્ઞાન માર્ગની માહિતીના રસ્તા બતાવી દીધા અને પોતાના હાથે પોતાની ટોપી એમના મસ્તક ઉપર મુકી દીધી અને કહ્યું કે, જો લેવા દેવાનું કામ મારા અધિકારમાં હોત તો મારા પુત્રને આપત, પરંતુ હું ઈશ્વરી દ્રવ્યનો સંભાળનાર છું. જયાં હુકમ થાય છે ત્યાં આપું છું. પ્રભુના હજારો ઉપકાર છે કે, તને આપવાની આજ્ઞા થઈ છે. તું મારા પુત્ર કરતા પણ અધિક છો અને **સૈયદ યાકુબને મલિક મિસકીન વીશે વસીયતો કરી** અને કહ્યું કે, મેં તમને શીખવ્યા હવે તમે તમારી તરફથી એને શીખવજો. એમણે પોતાની ટોપી મલિક મીસકીનને આપી.

પીર પુસ્તકમાં લખેલું છે કે, **શાહેઆલમ સાહેબ અને સૈયદ યાકુબની વચ્ચે ઘણી ઘાટી દોસ્તી હતી.** સીતેર વખતે એવું બન્યું છે કે, આ બેઉ સાહેબે શરીરમાંથી પેરણો કાઢી ગળે મળેલા અને પેરણો બદલેલા અને એક બીજાનું પેરણ પહેરેલું, અને કહેતા હતા કે, આ પેરણો શીષ્યપણા (ખીલાફત) ના છે. એ પણ કહેવાય છે કે, આ સાહેબ ઘણા સદાચારી હતા. વિદ્વાનો, બાદશાહો અને રાજકર્તા, દરવેશો, અને વેદાંતી ભક્તો વિગેરે માણસો એમની સેવામાં હાજર રહેતા હતા અને દરેક પોતાની ગજા પ્રમાણે લાભ મેળવી જતા હતા.

(સમા) રાગની મીજલસમાં લોકોને પ્રભુ પ્રેમ ઘણો વ્યાપી જતો અને લોકો બેભાન બની પ્રેમરસ પીતા હતા. અને તેમની પાસે જે કંઈ હોય તે સઘળું ગવૈયાને આપી દેતા. ઘણા આશાવંત એ મીજલસોમાં હાજર રહેતા અને તેમની આશાઓ પુરી થતી હતી. એ તેમનું ફરમાવવું છે કે, મિજલસની ઘડી ચુકવી મોત કરતાં પણ દરવેશોને વધારે દુઃખદાયક છે. મોત કરતા ફોત (ચુકવું) વધારે દુઃખ ભરેલું છે. એવું કહેલું છે તેમાં એજ ભેદ છે. એમણે તારીખ ૧૨ જીલકઅદ સને ૯૧૭ હીજરીમાં દેહી ત્યાગ કર્યો.

શાહ વજીહુદ્દીન અલવી ઉરેઝી

એ શેખ વજીહુદ્દીન અહમદ, **શેખ નસરૂલ્લાહ અલવીના પુત્ર** અને શોધક શીરોમણી અને તત્વ શોધકના પ્રમુખ હતા. એમના વખણાયલા શરીરમાં ગુપ્ત અને પ્રત્યક્ષ સદગુણો સમાયલા હતા. એમના વંશના માણસો **પોતાનું પેઢીનામું મુહમ્મદ અરીઝ બિન જવ્વાદ ઈમામ સુધી લાવી મુકે છે.**

(બીજી પુસ્તકોમાં આપની વશાંવલી ઈમામ મુહમ્મદ તકી સુધી પહોંચે છે.) **આપનો ખાનદાન યમની હતો. પછી મક્કા (સાઉદી-અરેબિયામાં પવિત્ર શહેર)માં આવીને આબાદ થયા. સૈયદ બહાઉદ્દીન પહેલા સંત પુરૂષ છે જે ગુજરાતમાં સુલ્તાન મુઝફ્ફરશાહ (પહેલા)ના સમયમાં આવ્યા. આપના દિકરા મુઈનુદ્દીન પછી સૈયદ અતાઉલ્લાહ અને એમના દિકરા અમાદુદ્દીન અને એમના દિકરા નસરૂલ્લાહ બધા કાઝીની પદવીએ રહ્યા. કાઝી નસરૂલ્લાહ ચાંપાનેરમાં સુલ્તાન મહમૂદ બેગડાના સમયમાં રહ્યા. સુલ્તાન મુઝફ્ફરશાહ હલીમે (બીજા) એમને અહમદઆબાદમાં લાવીને પોતાના મહેલની પાસે રાખ્યા અને એમનો મકબરો પણ એ જ જગ્યાએ છે. આપે આશરે ત્રણસો પુસ્તકો લખ્યા છે.** આપના વધારે પુસ્તકો આપને પીર મુહમ્મદશાહ લાયબ્રેરીમાં જોવા મળશે અને કેટલાક પુસ્તકો મુંબઈની જુમ્મા મસ્જિદમાં છે.)

સૈયદ બહાઉદીન મક્કી સાહેબ, વજીહુદ્દીનના વડીલ, બીજા સુલ્તાન મહમુદના વખતમાં અરબસ્તાનમાંથી હિંદુસ્તાનમાં આવેલા અને મુહમ્મદઆબાદ ઉર્ફે ચાંપાનેરમાં આવી ઘર કરી રહી સંસાર કર્યો હતો અને પુત્ર પરિવારના પિતા થયા હતા. તે વખતનો સુલ્તાન હમેશાં ગુપ્ત અને ખુલ્લી રીતે તેમની બરદાસ રાખતો હતો, કેમકે તે ઘણા પવિત્ર પુરૂષ હતા. **તે મુહમ્મદઆબાદમાં પરલોકે ગયા.**

એમના પૌત્રોમાંથી સૈયદ ઈમામુદીન વીરમગામ તાબે પાટડીની કાજી પણાની ગાદી ઉપર સુલ્તાની હુકમથી કામ કરતા હતા અને **શાહ વજીહુદ્દીન મુહમ્મદઆબાદમાં** હી. સને ૯૧૦ ના મોહરમ માસમાં

જન્મ્યા હતા. શેખ શબ્દ ઉપરથી તેમનું જન્મ વરસ નીકળે છે. પાંચ વરસની ઉમરથી તેત્રીશ વરસની ઉમર સુધી વિદ્યા સંપાદન કરવામાં એ રોકાયા હતા અને છેલ્લા અંતકાળ સુધી અહમદાબાદમાં લોકોને શીખવવાનું કામ કરતા હતા. એમણે ઘણા પુસ્તકો રચેલા, વિષયો લખેલા, ટીકાઓ કરેલી, અને ઘણા ખરા શીખવાના ધોરણી પુસ્તકોની નોટો કરેલી તે એમનું સંભારણું રહી ગયું છે. લોકોમાં એ ઘણા નીપુણ વખણાઈ ગયા છે. લોકોના ટોળેટોળા એમની સેવામાં હાજર રહી લાભ મેળવતા હતા. એમની છુપી ભક્તિ પણ પુરેપુરી હતી. કોઈ ઠેકાણે જતા આવતા નહોતા. તે પાટણમાં રહેલા શાહ કાજન ચીસ્તીના સેવક હતા પરંતુ **એમણે ભક્તિ જ્ઞાન શેખ મુહમ્મદ ગવાલીઅરીથી મેળવેલું હતું.** અને યોગ માર્ગમાં એમના ધોરણે વરતાવો કરેલો છે અને એમનીજ પાસે પોતાનું કાર્ય સિદ્ધ કરેલું છે.

જ્યારે મુહમ્મદ ગૌસ અહમદઆબાદમાં આવ્યા ત્યારે છાના તથા પ્રત્યક્ષ પ્રભુ જ્ઞાનના ધણી **શેખ અલીમુત્તકીએ** કેટલાક વિદ્વાનોના મતથી કેટલાક અહંકારી ઉંચા શબ્દો ઉચારવાના કારણથી મુહમ્મદગૌસને મારી નાંખવાનું મેહજર લખ્યું હતું. એની ઉપર શાહ વજીહુદ્દીનની સહી નથી તેથી તે વખતના સુલ્તાને કહ્યું કે, એ સહી કરે તો હું હુકમ દઉં, શાહ વજીહુદ્દીન જે વખતે ગૌસના ઘેર ગયા. ત્યારે તેમને જોતાં વારજ તે મોહીત થઈ ગયા અને તે કાગળને ફાડી નાંખ્યો અને શેખઅલીને કહ્યું કે, એ સાહેબના ગુણોના સાહિત્ય ઉપર તમારૂં ધ્યાન દોરાયું નથી અને કહેવા લાગ્યા કે, ઉઘાડી રીતે શરેહનું કામ શેખઅલીના જેવું કરવું જોઈએ. અને અંદરખાને ભક્તિભાવમાં મારા ગુરૂ જેવું થવું જોઈએ.

ભરૂસાદાર ખબર લેતાં એમ સિદ્ધ થયું છે કે, શેખ મુહમ્મદ ગૌસ દાવત વિગેરે ઉપાસનાઓના વિદ્વાન હતા. અને તેમાં પુરેપુરા જ્ઞાની હતા. શાહ વજીહુદ્દીન સાહેબે અઠ્યાસી વરસની ઉમરે મોહરમ માસની છેલ્લી તારીખે આ ભવથી પેહલા ભવમાં જઈ મુકામ કર્યો. એમનું વરસ **"શેખ વજીહુદ્દીન"** થી નીકળે છે, અને શહેર કોટની અંદર **ખાનપુરમાં જે ઠેકાણે એમની વિશાળ પાઠશાળા હતી તે એમની આરામ ભૂમી થઈ છે.**

એમના એક સેવક અને શિષ્ય સાદકખાને પાઠશાળા તથા ઘુમટ બનાવી ધર્માદા કામ કરેલું અને **તેમના પૌત્ર શેખ અહમદે ટાંકુ તથા મસજીદ બનાવરાવી છે.** તેમના વંશના લોકો પોતાના વડીલોનો ધડો લઈ હંમેશા વિદ્યાભ્યાસ અને જ્ઞાન માર્ગની શોધને લક્ષ આપી વિદ્વાન બનતા આવેલા છે અને ઔરંગાબાદ, હૈદરાબાદ તથા તેના ફરતા મુકામો તેમજ બુરહાનપુરમાં પણ એમના વંશના લોકોનો વાસ છે. **(વલી ગુજરાતી ઉર્દુના મશ્હુર શાયર આજ ખાનદાનના હતા)**હવેલી પ્રગણામાંનું ગામ બારેજડી તથા છુટક જમીનો એમના કુળના માણસોના ભરણ પોશણમાં બાદશાહી સનદોથી ઈનામમાં આપેલ છે અને સવા રૂપિયો રોજ અહમદઆબાદ વસાવનાર સુલ્તાન અહમદના લંગરની સાથે પાઠશાળાના વિદ્યાર્થીઓ તથા મુસાફરોના ખરચને વાસ્તે ઠરાવી આપેલો છે.

નુરબક્ષી સૈયદો

સૈયદ મુહમ્મદ નુરબક્ષ જોનપુરી અને તેમના પુત્ર રાજુ શહીદ

મોટા મોટા અવલીઓમાં શ્રેષ્ટ અને કુળવંત લોકોમાં ચઢીઆતા સૈયદ મુહમ્મદ નુરબખ્શ છે **કબરીઆ ખાનદાન (સંપ્રદાય) ની ઝંડી એમના હાથે ઉપડતી હતી.** અને **શેખ નજમુદીન કબરીના ખલીફા (ગાદી યોગ્ય) હતો. ઘણા પુસ્તકો રચનાર તથા કરામતોના ધણી હતા.** યોગ્ય વેદાંત તથા તત્વજ્ઞાનમાં ઘણા માહિતગાર હતા. એમની ખ્યાતી પહેલા જોનપુરમાં થઈ અને તે ભૂમિમાં કરામતોના કારણથી પ્રસિદ્ધ થયા. હિંદુસ્તાનમાં એમના ઘણા સેવકો છે, મુખ્ય કરી ધાનદાર જીલ્લામાં એમનું નામ પંકાયું અને તે તરફ મનની વલણ થઈ અને દેશાટન કરતાં કરતાં અહમદઆબાદ તરફ આવી લાગ્યા.

લોકો તેમનામાં મોહિત થઈ ગયા. શહેર, ગામડા અને કસ્બાના ઘણા લોકો એમના સેવક બન્યા. પાલણપુર અને સરહદની પ્રજા વીરમગામ પરગણું, માંડલ તથા દસાડા વિગેરેના ઘણા લોકો એમનો ભાવ રાખે છે. ધીમે ધીમે એમની કરામતો જાહેર જોઈ એમના મુરીદોએ તેમને મુહમ્મદ મેહદીના પદવી આપી અને વખતે નકી આવનાર મેહદી અવતાર એજ છે એવું માનવા લાગ્યા અને આ પૃથ્વીનો અંતકાળ છે

તેથી આ વખતે તેઓ પ્રગટ થયા છે, તે એજ મુહમ્મદ છે કે અંતકાળ ફરી આવનાર હતા અને આ આસ્તા એમના મગજમાં જામી ગઈ. પણ તેમના ગુરૂએ આ પ્રમાણે આજ્ઞા નહોતી કરી. મુરીદોએ આ બિદઅત ચાલુ કરી હતી, એમના મુરીદો (ચેલો) ગુજરાતી સુલ્તાનોમાંથી સુલ્તાન મહેમુદ, સુલ્તાન મુઝફ્ફર (ત્રીજા)ગુજરાતનો છેલ્લો સુલ્તાન, એતેમાદખાન વજીર, શેરખાન, મુસાખાન પોલાદી પાલનપુરના અમલદારે આ વાત ગ્રહણ કરી કે મેહદી તો એજ છે અને આ શહેરના કેટલાક ધંધાદારીઓ એજ આસ્તાને શરણે છે.

જે વખતે પોતાના પિતા શાહજહાં બાદશાહના વખતમાં શાહઝાદા બહાદુર ઔરંગઝેબ ગુજરાતની સુબાગીરી ઉપર આવેલા; તે વખતે સૈયદ રાજુ વિગેરે સૈયદો પાલણપુરની સરહદથી આવેલા અને સરકારી નોકરીમાં રહેલા હતા અને એમની પાસે ઘણે ઉંચે દરજે ચઢેલા અને હુજુરી હતા. શાહઝાદો એમને ઘણું માન આપતો અને પૂર્ણ લક્ષ આપતો, ઘણી વખત એમની સાથે વાતો કરતો. એક દિવસે હાજર રહેલા લોકોમાં બાદશાહઝાદાના મોઢામાંથી વચન નીકળ્યા કે, સૈયદ રાજૂ મોટો માણસ અને બહાદુર છે. હાજીરીઓમાંથી કેટલાક એમની આસ્તાના વાકેફગાર લોકોએ અરજ કરી કે, એમની આસ્તા ખોટી છે અને એમનો મેહદવી પંથ છે અને કહે છે કે, આવનાર મેહદી આવીને ગયો અને ઈસ્લામીઓની એ વિશે એવી આસ્તા છે કે, મેહદીના પ્રગટ થયા પછી તોબા (પશ્ચાતાપ) કબુલ થાય નહી. તેથી નમાજ પઢી એ ખુદા પાસે દુવા (વિનંતિ કરી મતલબ માગવી) કરતા નથી. શાહઝાદે કહ્યું કે, કોઈ અવસરે સભામાં પરિક્ષા કરવી જોઈએ.

એક વખતે સૈયદ રાજૂ વિગેરે બીજા સૈયદો દરબારમાં હાજર થયા. તે વખતે એ આવનાર મેહદીનું વર્ણન ચરચાવવામાં આવ્યું. દરેક જણે ઈસ્લામી ધર્મ પ્રમાણે ઉત્તર આપ્યો. સૈયદ રાજૂએ કહ્યું કે, મેહદી આવીને ગયા. અને હવે આવવાના નથી. શાહઝાદા વિદ્વાનોની તરફ જોઈને બોલ્યા કે આ વિશે તમે શું કહો છો ? તે લોકોએ જવાબ દીધો કે, પુસ્તકોમાં લખેલું છે કે, ખોટા વેશધારી (દજ્જાલો) ઘણા થયા છે. અને દુનિયામાં

નિકળ્યા છે. અને તેમને મારનારાને મેહદી કહે છે. જો એ આસ્તા પ્રમાણે મહેદી કહે તો ઠીક છે નહિંતર તે આવનાર ખરો વાયદો થયેલો મેહદી શ્રૃષ્ટિના અંતકાળે આવશે.

આ લોકો સૈયદ મુહમ્મદ નૂરબખ્શને મેહદી કહે છે તેનું કારણ શું અને સાબીતી શી છે ? સૈયદ રાજૂએ જવાબ દીધો કે, અમારી સાબીતી વાઢી નાખતી તલવાર છે એવો અમારા ગુરૂનો હુકમ છે. તે અહીં સુધી કહેતામાં ઘણી ગરમા ગરમી આવી ગઈ. શાહઝાદે સભા વીસરજન કરી અને એમને વિદાય કર્યા પછી કેટલાક દહાડે નોકરીમાંથી કાઢી મૂક્યા. સૈયદ પોતાના સાથીઓને લઈ શહેરમાંથી નીકળી ગુલાબ બાગમાં આવી રહ્યા. તેમણે બીજે દિવસે વિચાર્યું કે, આવી માઠી હાલતથી બરતરફ થઈ અહીંથી રવાને થવું, લાજભરેલું અને શરમનું કામ છે. તેમજ અમારા પંથના રસ્તાથી એ ઘણું ખોટું કામ છે. હવે મારે ચારે બાજુથી નુરબખ્શ જાતના લોકો તથા મુરીદોને ભેગા કરી એક મોટી લડાઈ કરવી. તે પછી તેમણે પાલણપુર વિગેરે ઠેકાણે લખાણો કર્યા, તથા શહેરમાં તેમના જે લોકો હતા તેમને પણ કહાવ્યું. હવે ધંધાદારી વિગેરે જે લોકો પાસે હતા તે એકદમ ભેગા થઈ ગયા. શાહઝાદાને એની ખબર થઈ ત્યારે (કવિતસાર - ઝરણાની આવક તેની પ્રથમ વેણથી ઝાલવી જ્યારે ભરાઈ જાય તો હાથી પણ ખાલી કરી શકે નહિ.) આલીમોને બોલાવીને પૂછ્યું કે એ બાબતમાં એ લોકોની સાથે શું કરવું જોઈએ ? તે લોકોએ જવાબ દીધો કે, એ માણસો નવીનતા પંથી છે અને મારી નાખવા લાયક નથી. પહેલા એમને ચેતવણી આપવી કે, તમારે અહીંથી પોતપોતાના ઘરે જતું રહેવું, અને જો કોઈ માથા ફરેલ વગર અદબની વાતો કરે તો મારી નાખવા જોઈએ. આ વાત ઉપરથી એક અમલદાર કાજીના જાહેરનામા સાથે તેમની તરફ રવાના થઈ ગયો અને હુકમ કર્યો કે, તમે નોકરીમાંથી બરતરફ થયા છો, તો તમારે અહીંથી કુચ કરી જતા રહેવું જોઈએ કેમકે અહીં રહેવું અને થોભવું ઠીક નથી. તેઓએ ઉત્તર આપ્યો નહિ અને ગયા પણ નહિ. પછી શાહઝાદાએ એક ભરૂસાદાર માણસને મોકલ્યો. તેણે કહ્યું કે, શાહઝાદાનો હુકમ છે કે, તમારે અત્રેથી જતા રહેવું અને વગર સ્વાર્થે

તમારૂ અહીં થોભવું સુલ્તાની કેરને પાત્ર થશે, અને તેનો ઉપાય તમારાથી થશે નહિ. તે લોકોએ કહ્યું કે, પીરનો હુકમ એજ છે અને બીજી વાત અમને કબુલ મંજુર નથી. એ સાંભળી સુલ્તાનની લાગણી દુ:ખાઈ આવી. તેથી એ લોકો ઉપર કઠણ મનના લશ્કરી નોકરોને જવાનો હુકમ કર્યો, અને કહ્યું કે, તંબુની રાસો કાપી નાંખી એમને જબરદસ્તીથી ઉભા કરી કાઢી મૂકો, થોડુંક લશ્કર તેમની પાછળ મોકલ્યું કે જો અભિમાન આણી લડવા તૈયાર થઈ જાય તો તેમને કાપી નાંખવા, જ્યારે ખીદમતગારોએ રાસો કાપી નાખી ત્યારે તે લોકોએ તલવારો તાણી દીધી તેથી જે ફોજને નીમવામાં આવી હતી તે ફોજ લડવા મંડી ગઈ. આ વખતે લડાઈની ખબર શાહઝાદાને પહોંચી ત્યારે શહેરમાંથી બીજી ફોજ મદદે મોકલી. તેણે તે ભટકાતા ધર્મવાળામાંથી એકેએકને કાપી નાખ્યો, દુરથી એ લોકો કુમક અર્થે આવેલા અને સાધારણ લોકો હાથમાં લાકડીઓ ઝાલી ભેગા થયા હતા. તે જીવની બીકમાં નાશી જઈ કોરાણે ખશી ગયા અને સૈયદ રાજૂ તથા તેમના સાથીઓમાંથી એકેએક કતલ થઈ ગયા અને શુન્યકાર સંસાર ભણી ઉચાલા ભરી ગયા. આ લોકોના ઈમાન પ્રમાણે રાજૂ શહીદ (ધર્મની લડાઈમાં માર્યા ગયા) કહેવાયા.

આ શેહરમાં ધંધાદારી લોકો પીંજારા, પાયા કરનાર, વસમો બનાવનાર, દુધ વેચનાર સાબલીઆ ઘણા ખરા મેહદવી છે, અને પાલણપુર, ધોળકા, વિરમગામ, દસાડા અને માંડલમાં તમામ લોકો એ ઈમાનને ખરૂ માને છે. આ લોકોને નુરબખ્શી કહે છે પરંતુ એ લોકો ઘણા ખરા અજ્ઞાન છે. હદીસ તથા ફીકાની (ધર્મ શાસ્ત્રની) એમને ખબર નથી. ટંટા બખેડા સિવાય બીજું કંઈ કામ આવડતું નથી. થોડા સરખા વાદ વિવાદમાં લડવા લાગી જાય છે.

ચિશ્તી ખાનવાદા (સંપ્રદાય)

(૧) ચિશ્તી ઘરાણાના મોટા પીર અજમેરવાસી ખ્વાજા સાહેબ છે, તેમને બધા તરફની યોગ્ય વંશવાળીઓ જઈ મળે છે.

(૨) કાદરી, એટલે બગદાદવાળા વડા પીરને જઈ મળનારા કાદરી.

(૩) સુહરવર્દી, શેખ શહાબુદીન સુહરવર્દી તથા હિંદુસ્તાનમાં બહાઉદ્દીન ઝકરીઆ, મખદુમ જહાંનીઆ, શાહેઆલમ સાહેબ વિગેરે છે.

(૪) સત્તારી, શાહ વજીહુદીન સાહેબ તથા મુહમ્મદ ગૌંસ ગવાલીઅરી છે. આ ચાર સંપ્રદાયવાળા લોકો આ દેશમાં જોવામાં આવે છે, **શેખ સાદી સુહરવરદી હતા અને અમીર ખુશરૂ ચિશ્તી, સુલ્તાન અહમદ તથા મહમુદ બેગડા ચિશ્તીઆ હતા. બાકીના બાદશાહો સુહર્વદી જણાય છે.**

શાહ બારકુલ્લા ચિશ્તી

સુલ્તાનુલ મશાયખ (ધર્મ ગુરૂઓના મહારાજા) નિઝામુદીન અવલીઆ (દીલ્લીવાળા) ના સેવક તથા શિષ્ય (મુરીદ તથા ખલીફા) છે. **ઈડરીઆ દરવાજા (દિલ્હી દરવાજા) બહાર હાજીપુરાની વાડી પાસે, (મુસા સુહાગ કબ્રસ્તાનની સામે) એમની દરગાહ છે.** જ્યારે શાહેઆલમ સાહેબને પરમેશ્વરના દરબારથી શાહેઆલમ (જગત રાજા) નું માન નામ મળ્યું અને પેગમ્બર સાહેબે ખબર આપી કે, પ્રભુએ તને શાહેઆલમ નામ આપ્યું છે, તે વેળાએ એમણે જાહેર કર્યું કે, હું એ નામને શી રીતે પ્રગટ કરૂં, ત્યારે કહ્યું કે, તારે તારા પીર અને પિતા કુતબે આલમ સાહેબની પાસે જવું તે તેને શાહ બારકુલ્લા ચિશ્તીની પાસે મોકલશે અને આ ખિતાબ ત્યાંથી થશે.

ટુંકામાં શાહેઆલમ ત્યાં ગયા, એમણે શાહેઆલમને જોતાંજ હસીને કહ્યું કે, આવો શાહેઆલમ. જ્યારે શાહ બારકુલ્લાની પાસે ગયા અને વિદાય થવાની રજા આપી, તે વખતે શાહ બારકુલ્લા પોતાના રોજાની દીવાલ ચણાવતા હતા. અને મુરીદ લોંકો ઈંટો માટી વિગેરે આપતા હતા. શાહેઆલમ પણ પોતાના માથા ઉપર ભાર ઉંચકીને લાવ્યા અને તે ગારનું

તગારૂં હતું, **જયારે શાહ બારકુલ્લાએ આ પ્રમાણે જોયું ત્યારે ફરમાવ્યું કે, આવો શાહેઆલમ તમને બાદશાહી છત્ર શોભે છે,** તેમને પાસે બેસાડી જ્ઞાન માર્ગની ઓળખ કરાવી દીધી અને દીવાલ ઉપરથી હેઠળ આવી **તેમના નાના ભાઈ શાહ અતાઉલ્લાને** લઈ ગયા, ત્યાં જઈ જુએ છે તો ચોલા રાંધેલા એક દેગ તૈયાર છે તે ઉંચકાવીને લાવ્યા અને શાહેઆલમને આપી અને સેવકોને કહ્યું કે એમની સાથે જાએ અને જયારે જે જગાએ આકાશની હેઠળ અને પૃથ્વીની ઉપર શાહેઆલમ શાહેઆલમ સાદ થાય ત્યાંથી પાછા ફરજો. શાહેઆલમ ચોલાની દેગ માથા ઉપર ઉંચકીને કુતબેઆલ સાહેબ તરફ જવાને નીકળ્યા.

જયારે બજાર વચ્ચે શહેર અંદર ત્રણ દરવાજામાં પહોચ્યા. ત્યારે એક આંધળો, અપંગ, બોબડો, ઢોલ લઈને ભીખ માગતો હતો. જયારે એ તેની નજીક નીકળ્યા ત્યારે પ્રભુએ તેને પગ, જીભ,કાન,તથા આંખો આપવાની કૃપા કરી, તે ઉભો થઈ ગયો, અને શાહેઆલમ કહેવા લાગ્યો અને બીજા માણસો અને દુકાનદારો આકાશ હેઠળ પૃથ્વી ઉપર શાહેઆલમ શાહેઅલામ પોકારી ઉઠયા. શાહેઆલમ શાહ બારકુલ્લાના સેવકો ભણી જોઈને બોલ્યા કે હવે તમો પાછા જાઓ કેમકે તેમને અહીં સુધીનો હુકમ હતો. સેવકો પાછા ફર્યા. શાહેઆલમ, કુતબેઆલમ સાહેબની સેવામાં પહોંચ્યા અને વીતેલું સંભળાવ્યું, અને ચોલાની દેગ સન્મુખે મૂકી અને પ્રખ્યાત કહેવત ''ચિસ્તીઉને પકાઈ અને બુખારીઉને ખાઈ'' ની મુળ મતલબ એ છે.

મુસા સુહાગ

લોક પ્રસિદ્ધ એ વાત છે કે, ચિસ્તી ધરાણામાં મુરીદ હતા, હાથમાં ચુડીઓ ઘાલતા હતા અને નાચનાર ગાનારના ટોળા ભેગા ફરતા હતા. રોઝાતેશાહીમાં લખેલું છે કે, મીયાં મુસા સુહાગી નામથી ઓળખાતા, અહમદઆબાદની હદમાં રહેતા હતા અને હાથમાં બંગડીઓ ઘાલતા હતા. જે દિવસે એમનો કાળ થયો તે દિવસે શાહેઆલમ સહેબને ખુદાએ જાણ કરાવી. તેમણે પોતાના મુખ્ય ખલીફા મીઆં મખદુમને હુકમ કર્યો કે, મીયાં મુસા ગુજરી ગયાં છે. તમે વહેલાસર જાઓ અને દફનના કામમાં

ભાગ લો, અને ખબર રાખવી કે, કોઈ એમની બંગડીઓ કાઢે નહિ. તે જેવા જીવતા હતા. તેવાજ તેમને દાટજો.

જેવી રીતે તે જીવતાં સ્ત્રીના વસ્ત્રમાં પોતાને ગુપ્ત રાખતા હતા. તેમજ મરી ગયા પછી પણ એમની કબરની કોઈને ખબર નથી. **શાહી બાગ જતાં એક વંડામાં (મુસા સુહાગના કબ્રસ્તાનમાં) ચાર કબરો એકજ સરખી છે, તેમાં કોઈને ખબર નથી કે એમની કબર કઈ છે ! એ ભેદની ખુદાને ખબર ! દશમી રજબે એમનો ઉરસ થાય છે.**

શેખ હસન મુહમ્મદ ચિસ્તી.

નામ : શેખ મુહમ્મદ, **કુન્નીયત :** અબુ સાલેહ, શેખ હસન મુહમ્મદ નામથી પ્રસિધ્ધ થયા. અબુ સાલેહ શેખ મુહંમદ પ્રસિદ્ધ નામ, **શેખ હસન મુહંમદ, શેખ અહમદમીયાંજીના પુત્ર અને તે શેખ નસીરૂદ્દીન સાનીના પુત્ર,** પ્રભુ જ્ઞાન તથા ધર્મશાસ્ત્ર એટલે જાહેર અને ગુપ્ત જ્ઞાનમાં શ્રૃષ્ટિમાં એમની જોડના થોડાક જણ હશે. પાંચ અથવા છ વરસની ઉમરે **ખીલાફત તથા ઈરાદત શેખ જમાલુદ્દીન જમ્મનથી પામેલા અને શેખ મુહમ્મદઅલી નુરબખ્શ સાહેબથી કાદરીઆ, નુરબખ્શીઆ તેફુરીઆ અને બીજા સંપ્રદાયોની ખીલાફત મળી હતી.** આ મુહમ્મદ અલી સાહેબ ઘણા સદાચરણી અને પવિત્ર માણસ હતા. તે અગમ નીગમની હકીકત - ભૂત તથા ભવિષ્યની બરાબર કહી બતાવતા હતા. હઝરતે કુરાન તકાસુર અધ્યાય (સુરતથી) છેલ્લાં સુધી એમની પાસે શીખેલા અને ઉમરે પહોંચ્યા પછી **પોતાના પિતાજી પાસેથી પણ ખીલાફત મળેલી,** જન્મ વખતથીજ પવિત્ર, નિર્દોષ માણસ હતા. બાપના જીવતામાંજ એમની કીર્તિ વ્યાપી ગઈ, નાની ઉમરથીજ લોકોના ઈમાન એમની ઉપર ઠરેલા હતા. સુલ્તાન મહમુદ શહીદ અને બીજા અમીરો એમને ઘણું માનતા હતા.

અસારવા વિગેરે ચૌદ ગામો શેખ સાહેબના વજીફામાં આપેલા હતા. અને શાહપુર જે દરવાજાની બહાર છે અને રૂકનુલ મુલ્કનો ચકલો (હાલ શાહપુરનો ચકલો) આ શેખના ખરચમાં આપેલા હતા. જેવી રીતે પ્રભુ જ્ઞાન અને ગુપ્ત ભક્તિ હતી તેમજ ઉઘાડી રીતે ધન દોલત પણ ઘણી

રાખતા હતા. વલી લોકોના ઉરસ તથા દરવેશોને ખવરાવવામાં ઘણું ખરચ કરતા હતા. તે ખરચતા પણ કંઈ રકમ વધતી જતી, અને **શાહપુર દરવાજાની અંદર મોટી મસજીદ એજ શેખ સાહેબની બનાવેલી છે.** આઠ નવ વરસની મુદતમાં તૈયાર થયેલી અને એક લાખ રૂપિયાની તેની ઉપર લાગત આવેલી છે, એ બંધાતામાં રાજ ફેરફાર થઈ ગયો અને શેખ સાહેબની માલમતાની લુટફાટ થઈ ગઈ. કેટલીક દીવાલો તથા મિનારા ના તમામ રહી ગયા. મસજીદ બનાવવાનું વરસ કવિતમાં કોતરાવી કમાનની ડાબી બાજુએ ચોઢ્યું છે તે આ પ્રમાણે છે. કવિતસાર - દુનિયાના ઈશ્વરી સત્તાધારી શેખ હસને આ મસજીદ બનાવી, કેમકે ભક્તિ કરનાર ત્યાં જઈ આ શેખ સાહેબની દુવા માગે; આ ઉંચી પંક્તિનું મકાન જ્યારે શેખે બાંધ્યું ત્યારે તેનું વરસ આકાશ વાણીથી "બિનાય શેખ" લખવામાં આવ્યું.

બિનાય શેખમાંથી સાલ ૯૭૨ (હિ.)નીકળે છે, તફસીરે મુહમ્મદી કવિતમાં લખેલી. એ સાહેબની રચના વિદ્વાનોમાં પસંદ થઈ ગઈ છે. અને **બેઝાવી તફસીર** (કુરાનની સમજણ) ઉપર પણ નોટો લખેલી છે અને બીજી નોટો વિગેરે પણ છે. એક્તાળીશ વરસ સુધી ગાદી ઉપર રહ્યા. તેમાંથી સતાવીશ વરસ બાપની રૂબરૂ અને ચૌદ વરસ એમના ગુજર્યા બાદ. એમનો જન્મ હી. સન ૯૨૩. તારીખ ૨૮ માહે જીલકઅદ શનિવાર હી. સને ૯૮૨ ના દિવસે દુનિયાને મૂકી, ઉમર ૫૯ વરસ. **(આપનું મઝાર શરીફ શાહપુર ચકલા પાસે ઢાલ ઉપર છે, જ્યાં એમના વંશજોની બીજી કબરો પણ છે).**

એમના ચાર દિકરા અને બે દિકરીઓ હતી.

(૧) શેખ કમાલુદીન
(૨) શેખ મુહમ્મદ, જે પોતાના પિતાના જાનશીન થયા અને કુતુબના મરતબાએ પહોંચ્યા.
(૩) શેખ કુતુબ મુહમ્મદ, બુરહાનપુર તરફ જતા રહ્યા અને ત્યાં જ આપનો વિસાલ થયો. શેખ માજનના રોજાની પાસે આપની કબર છે.

(૪) શેખ મુહમ્મદ સાલેહ

(૫) બીબી ખદીજા

(૬) બીબી આયેશા, જે અચ્છીમાં ના નામથી મશહૂર થયા. ખૂબ જ નેક, આબીદહ, ઝાહીદહ હતા. હંમેશા ઝીક્રમાં અને કુર્આન શરીફ પઢવામાં રહેતા.

મીયાં શેખ મુહમ્મદ ચિશ્તી

ખુદાની ગુપ્ત સત્તા ધરાવનારાના પ્રમુખ, ખુદાઈ જ્ઞાનવાળામાં સર્વ શ્રેષ્ટ સમસુદીન ખિતાબ બિન શેખ હસન મુહમ્મદ ચિશ્તી ખુદાના સરજાવેલા માણસોમાં એક આશ્ચર્ય જેવા માણસ હતા. જે કરામતો એમનાથી બહાર પડી છે તે વર્ણન રૂપી ઘેરાથી ઘણા વધારે અને વિસ્તીર્ણ છે, એમનો જન્મ સને ૯૫૬ માં છે, અને વિદ્યાભ્યાસ તથા યોગ વિગેરે પોતાના પિતાજી પાસેજ કરેલો અને બીજે કોઈ ઠેકાણેથી કંઈ લીધેલું નથી. પિતાજીના ગુજર્યા પછી તેમના આત્માથી સ્વપ્નામાં મળી અઘરા પ્રશ્નો સાફ કરી લીધેલા.

તેમણે સૈયદ જલાલ માહેઆલમ સાહેબથી મુલાકાત કરી હતી. તે સાહેબે ઘણો આવકાર આપ્યો હતો. અને એમના વિષે કહ્યું હતું કે, ઘણા લોકો એમનાથી લાભ લેશે. એમની કરામતની ખ્યાતી શ્રૃષ્ટિમાં ચારે તરફ પ્રસરાશે, સુફી યોગ વેદાંતી પુસ્તકો એમનાથી ઘણા રચાશે અને એમનું લખાણ તથા ભાષણ યોગી લોકોના વિવાદોનો ચુકાદો કરી આપશે.

જ્યારે બાપની જગાએ ગાદી ઉપર બેઠા ત્યારે ખુલ્લી ફકીરી ગ્રહણ કીધી. કેટલાક મુરીદો તથા મિત્રોએ અરજ કરી કે, ગુજરાતી સુલ્તાનોએ જાગીરની જે સનદો આપના બાપ દાદાને આપી છે. તે લઈ જઈ અકબરશાહને દેખાડી તેમને નવેસરથી છોડાવવાની ગોઠવણ કરીએ જેથી અમારા રોટલા સેહજથી મળી આવે અને મનને નિરાંત થાય. ત્યારે એમણે ઉત્તર દીધો કે, ફકીરને શી જરૂર છે કે, ફરીથી આ સંસારી બાદશાહની પળસી કરે અને ખરો પાલણહાર ખરા અવિચળ રાજવાળા બાદશાહને મૂકી દે, આ વિશે એ લોકોએ ઘણી મહેનત કરી પણ એમણે

કબુલ કર્યું નહિ. છેવટે એ સનદોને લઈને મસજીદના હોજમાં ધોઈને નાંખી દીધી. જ્યારે એમની ફકીરી ચળકી નીકળી એટલે શત્રુઓને બળાપો થયો. ત્યારે શહેરમાંથી નીકળી **સાબરમતી નદીના કિનારા ઉપર આવી મલિક મકસૂદની મસ્જિદમાં એકાંતવાસ રહેવા લાગ્યા.** તે શુક્રવારની નમાજ વખતે શહેરમાં પોતાની દરગાહમાં આવતા હતા. કોઈ કોઈ વખતે તો ચાલીશ દિવસ સુધી ત્યાં ધ્યાન બાંધી રહી જતા. કેટલાક વરસ એવીજ રીતે કાઢ્યા. અને યોગ સાધનાઓ પુરી કરી દીધી. કેટલાક વરસે કરામતો જાહેર થવા લાગી અને લોકો ઈમાન લાવ્યા તથા મુરીદ થયા. ત્યારે શહેરમાં રહેવા લાગ્યા અને યોગ તથા ધર્મશાસ્ત્ર વિગેરે શીખવવા લાગ્યા.

પીર લોકોના ઉરસોમાં ઘણી વખતે સાજનું રાગ સાંભળતા હતા, એ વખતે એમની સ્થિતિ બદલાઈ જતી હતી. અને આંખમાંથી આંસુ વહેતા હતા. એવું કહે છે કે, **એમને આકાશવાણી થઈ કે, શેખ મુહમ્મદ આ વખતનો કુતુબ છે.** તે પ્રમાણે તા. ૨૬ માહે રમજાન સને ૧૦૦૨ હીજરીમાં આ શેખ સાહેબે પોતાના વલી નામના મુરીદને કહ્યું કે, થોડીક સાકર લાવી વહાણામાં નમાજની વખતે હાજર રહેજે. હું ઈસારો કરૂં એટલે શરીફ સાહેબને આપજે, હવે **સતાવીશામી તારીખે ઝવેરીવાડાના રોઝાવાળા શરીફ શેખ એદરૂસીએ** આવી શેખ મુહમ્મદ સાહેબની સાથે મુલાકાત કરી અને વહાણાની નમાજ પઢી ફાતીઓ વિગરે પુરો કરી બધાની આગળ આવી શેખ મુહમ્મદ સાહેબથી હાથ મેળવી કહ્યું કે, **કુતબીયતની મુબારકબાદી આપું છું** અને ચો તરફથી સાદ સંભળાતો હતો કે, શેખ કુતુબ, તે પછી સાકરની પ્રસાદી આપી અને શરીફે તે પ્રસાદી સઘળા હાજર રહેલા લોકોને વહેંચી આપી અને પહોર દહાડો ચઢે રજા લઈ ઘેર ગયા.

એવું કહે છે કે, એક વખત ખ્વાજા નસીરૂદ્દીન ચિરાગે દહેલ્વી તથા બીજા દીલ્લીના પીરોના દર્શન કરવા દીલ્લી આવેલા. ખ્વાજા નસીરૂદ્દીનની દરગાહમાં તે વખતે કોઈ મુજાવર હાજર નહોતો. એમણે પોતાના સેવકોને પણ બહાર મુકી દીધા અને પોતે ઘુમટની અંદર આવ્યા. એટલામાં એકદમ ચિરાગ દહેલ્વીની એક પત્થરાની કબર એકદમ ફાટી

ગઈ અને આ સાહેબ કબરની અંદર ઉતરી પડ્યા. કોઈ મુજાવર આંખ અખાડે જોતો હતો. તેણે આ બનાવ જોયો. અને બીજાઓને ખબર કરી. ઘુમટ અંદર સેવકો તથા મુજાવરો આવીને અચંબામાં ઉભા થઈ ગયા. એ બે ઘડી સુધી કબરની અંદર રહ્યા હતા. તે પછી નીકળ્યા તે વખતે એમનો ચહેરો ચંદ્ર સૂર્ય સમાન ચળકી ઉઠ્યો હતો. એ વાત દીલ્લી દેશમાં પ્રસિદ્ધ છે. અને હમણા સુધી તે એક પત્થરની વચ્ચે પડેલી ફાટ જોવામાં આવે છે. જ્યારે આ વાત દીલ્લીમાં ચર્ચાઈ ગઈ ત્યારે ત્યાંના અમીરોએ આ વેળાએ અજમેર મુકામે પડેલા જહાંગીર બાદશાહને અરજ કરી કે, આવો વલી આ વખતે દીલ્લીમાં આવ્યો છે. બાદશાહે આ વાત સાંભળી એક ફરમાન લખી મોકલ્યું કે જ્યારે એ પાછા ફરતાં અજમેરમાં ખ્વાજા સાહેબના દર્શન કરવા આવે ત્યારે એમને રાહ ખરચ તથા સરંજામ આપી અહીં મોકલવા, અને કહેવું કે મને મળે. જ્યારે એ અજમેરમાં આવ્યા ત્યારે દરગાહને સલામ તથા પગે લાગી બાદશાહને મળીને તેજ દિવસે રવાના થઈ ગયા. જો કે, બાદશાહે બીજી જાગીર આપવાની અરજ કરેલી પરંતુ એમણે કબુલ કરેલું નહિ. પણ એક ગામ જે બાદશાહજાદાની જાગીરમાં હતું તે કબુલ કરવાનો બાદશાહે આગ્રહ કર્યો.

એવું કહે છે કે, સને ૧૦૨૭ માં જહાંગીર બાદશાહ અહમદઆબાદમાં પધાર્યા હતા તે વખતે **સૈયદ અહમદ કાદરીની મધ્યસ્તપણાથી એમની મુલાકાત કરી હતી.** એક દિવસ એ બાદશાહને મળવા આવેલા તે વેળાએ બાદશાહ વાઘોનો તમાસો કરતો હતો. એટલામાં એક વાઘ તળાપ મારીને પાંજરૂ તોડી બહાર નીકળી આવ્યો. બધા લોકો તે જોઈ નાશીને સંતાઈ ગયા અને આ શેખ મુહમ્મદ સાહેબ તેજ જગાએ ઉભા થઈ રહ્યા. વાઘ કુતરાની માફક આગળ આવી પોતાનું માથું એમના પગ ઉપર મુકી લાડ કરતો હતો.

રવીવારે પહોર દિવસ ચઢ્યે રબીઉલ અવ્વલ માસની નવમી તારીખે આપનો વિસાલ (મરણ) થયો અને **એમના પિતાની કબરની પૂર્વ તરફ આપની દફનવિધિ થઈ, જે શાહપુર ચકલા પાસે એમના વંશજો દફન થયા ત્યાં કબર છે.** 'વાસીલેહક મુહમ્મદ ચિશ્તી'થી આપના વિસાલ (મરણ)ની સાલ નિકળે છે.

એમને ચાર દિકરા હતા

(૧) **હસન મુહમ્મદ** જે હંમેશા અલ્લાહકને દુઆ માગતા હતા કે મને ઈમાનની સલામતીથી મારા પિતાની જીંદગીમાં ઉઠાવી લેજે. કેમ કે એમના વિયોગનું દુઃખ સહન કરવાનું મારામાં જોર નથી. જ્યારે એમના પિતાના વિસાલની ખબર હસન મુહમ્મદને થઈ ત્યારે બેભાન થઈ ગયા અને ત્રીજા દિવસે સંસારને મૂકી પ્રાણત્યાગ કર્યો (ગુજરી ગયા).

(૨) **બીજા પુત્ર શેખ મહમૂદ** હતા. આ સાહેબજાદા એમને ઘણા વહાલા હતા. તે એકાંતવાસમાં બહુ રહેતા અને કોઈ જગાએ જતા આવતા નહોતા. એ જ વરસે રબીઉસ્સાની માસની છઠ્ઠી તારીખે ગુજરી ગયા.

(૩) **ત્રીજા પુત્ર શેખ સીરાજુદ્દીન** હતા. તે ઘરના મુખત્યાર અને સઘળું કામ એમને હવાલે હતું તેમણે પોતાના પિતાની વસીઅત પ્રમાણે પોતાના ભત્રીજા શેખ યહ્યા સાહેબને બાપની ગાદી ઉપર બેસાડ્યા અને પોતે ગાદી ઉપર બેઠા નહિ અને સાતમી તારીખે હી. સને ૧૦૫૦ માં પરલોક પામ્યા.

(૪) **ચોથા પુત્ર શેખ અઝીઝુલ્લા** નામના હતા એમને શેખ સિરાજુદ્દીન સાહેબે પાળી પરવરિશ કરેલા.

મીયાં શેખ યહયા ચિશ્તી

નામ : યાહ્યા, અબુ યુસુફ. **કુન્નીયત**, મુહિઅદ્દીન. **ખિતાબ,** ઈબ્ને શેખ મહમૂદ બિન શેખ મુહમ્મદ ચિશ્તી.

પીર લોકોમાં શેખ ઓલીઆમાં પ્રમુખ, સદાચરણીઓમાં સર્વોત્તમ, મક્કા મદીનાના પ્રવિણ પુરૂષ બેઉ દ્વારોના દર્શન કરનાર પ્રાચીન કાળના પીરો જેવા ગુણ ધરાવનાર આ પીર હતા ખરૂં જોતા જુના પીરોમાં પણ એમના જેવા ભાગ્યેજ હતા. એમનો જન્મ ગુરૂવાર તારીખ ૨૦ માહે રમજાન હી. સને ૧૦૧૦ માં થયો હતો. વીસ વરસની ઉમરે જાહેર અને છાની વિદ્યાઓનો અભ્યાસ પોતાના વડીલની પાસે કરીને પરવાર્યા હતા. અને ક્રિયાઓ તથા તપો છેકછેડા સુધી કરેલા. કુરાનના હાફીઝ (મોઢે પાઠ) પણ હતા એમના દાદાના જીવતા **કેટલાક વખત સુધી સૈફખાન તથા ઈસારતખાનની નોકરીમાં પણ રહેલા.** પરંતુ ખુદાની

બંદગી અને આચાર વિચાર જવા દેતા નહોતા.

સુરતની મુલકગીરીના વખતે એક દિવસે એક ગામ ઉપર ઘેરો નાખી લુટ કરવામાં આવી તે વખતે તે બધા લશ્કરી લોકો ગામમાંથી દાણા ઘાસ વિગેરે લુંટી લાવી પોતે અને ઘોડાને ખવરાવવા લાગ્યા. આ સાહેબ ઘોડાની લગામ ઝાલી એક ખુણામાં કોરાણે બેશી રહ્યા. એમના સોબતી લોકોએ ઘણો આગ્રહ કર્યો કે, તમે પણ ખાઓ અને ઘોડાને પણ ખવરાવો અને આ જગા સિવાય બીજે ઠેકાણે કંઈ મળવાનું નથી. એમણે માન્યું નહિ અને ભુખ્યાને ભુખ્યા ઉંઘી રહ્યા. એકાએક એબ ગેબથી એક માણસ આવી લાગ્યો અને તેના એક હાથમાં ચુરમાના મુઠીઆ જે ખજુરો કહેવાય છે તે હતા અને બીજા હાથમાં ઘાસનો ભારો હતો. તે એમને આપ્યો જેનો ઉપયોગ કરી પોતે તથા ઘોડો ધરાઈ ગયા. પછી માલુમ પડ્યું કે તે માણસ ખવાજા ખીઝર (પયગમ્બર)હતા.

એમના વડીલના ગુજરી ગયા પછી એ ગાદીએ બેઠા અને કોઈ ઠેકાણે જવા આવવાનું કામ છોડી દીધું. **મુહમ્મદ ઔરંગઝેબ બાદશાહે અહમદઆબાદની સુબેગીરીના વખતે પોતાના શિક્ષક મલિક નીઝામને એમની સેવામાં મોકલાવી આશીર્વાદની માગણી કરેલી,** આ પીર સાહેબે ઉત્તર કહેવરાવ્યો કે, દરવેશોની મુલાકાતનો સાર એમનો આશીર્વાદ છે, અને હું ફકીર અહીં રહી આશીર્વાદ દઉં છું. જો બાદશાહ પ્રભુ છાયા છે અને તેના હુકમને માન આપવું જોઈએ એમ હોય તો તેમ કરાશે. પરંતુ અસરકારક આશીર્વાદ તો મનથી એમજ અપાશે. છેવટે બાદશાહ એમની સેવામાં આવી પહોંચ્યો, અને અરજ કરી કે, પેગમ્બર સાહેબના દીનની ચઢીઆતી કળા રહે એવો આશીર્વાદ દો, એમણે કહ્યું કે, પ્રભુ ચાહે તો એજ થશે. એમણે કહ્યું હતું તેજ પ્રમાણે થયું, કે ઔરંગઝેબ બાદશાહ થયો. અને દીનની મદદ જોઈતી રીતે તેના વખતમાં આવી.

ત્યાર પછી જ્યાં સુધી શાહઝાદાપણામાં હતા ત્યાં સુધી એમની સેવામાં બસો રૂપિયા દર વરસે મોકલતા હતા. અને બાદશાહ થયા પછી દર વરસે એક હજાર રૂપિયા રોકડા, ખુરજી, કમરપટો અને પોતાના હાથનો લખેલો પત્ર મોકલવામાં આવતો હતો.

આ શેખ યહયા સાહેબને મોલુદ (ઓછવ) તથા વગર વાજીંત્રના રાગ ઉપર ઘણો પ્રેમ હતો. અને આ ધારો ચિશ્તી ખાનદાનમાં વધારે વહાલો છે, પીરોના ઉરસો અને મિજલસોમાં હંમેશા એ લોકોમાં રાગ થતો રહે છે, એવા રાગો નહિ થવા દેવાની બાદશાહની ઘણી તાકીદ હતી. તેથી મિર્ઝા બાકર મહોતસીબ (કર્મ આજ્ઞા પળાવનારા) અધિકારીએ મોલુદ પઢનાર અને ગવૈયાઓથી મુચરકા લીધા હતા કે કોઈ ઠેકાણે મોલુદ પઢવો નહિ અને રાગ રંગ કરવો નહિ, તેથી એ બે વાના દરેક ઠેકાણે બંધ પડ્યા હતા. પરંતુ આ શેખ સાહેબની દરગાહમાં હંમેશા મોલુદ પઢાવવામાં આવતો એથી મહોતસીબ તથા બીજા લોકોને ઘણું માઠું લાગતું હતું. એક દિવસે મહોતસીબે ઠરાવ કર્યો કે, મોલુદ પઢનારાઓને પકડી એમની દરગાહથી બહાર કાઢવા તથા પુરી શિક્ષા અને શિખામણ આપવી, આ ખોટે મનસુબે આવી મીર અરબના ઘરમાં બેઠો. જ્યારે એ ખબર શેખ સાહેબને પહોંચી ત્યારે એમણે પોતાના મુરીદોને કહ્યું કે, બધા હથીઆર બાંધી તૈયાર થઈને બેસો. જો મહોતસીબ આ તરફ ખોટે મનસુબે આવે તો મારી દેજો અને પોતે પણ નીમચા નામની તલવાર લઈને બેઠા. જ્યારે એ ખબર મીર અરબ તથા મહોતસીબને પહોંચી ત્યારે મીર અરબે કહ્યું કે, પ્રથમ હું જઈને શેખ સાહેબને સમજુતી આપું છું. જો માનશે તો ઠીક નહિંતર પછી તમે જાણો અને તમારૂં કામ જાણે, મીર અરબે એમની સેવામાં આવીને જાહેર કર્યું કે, મહોતસીબ આ મનસુબે આવ્યો છે તેથી હું ધારૂં છું કે, કેટલાક દિવસ આ ઈરાદો બંધ રાખવો, અને બાદશાહનો હુકમ લઈને ચાલુ કરશો, શેખ એ સાંભળી ભારે ગુસ્સામાં આવી ગયા અને કહેવા લાગ્યા કે, બાદશાહ કોણ છે ? હું બાદશાહ છું જેને ચાહું તેને તખ્ત ઉપર બેસાડું છું, જાઓ અને મહોતસીબને કહો કે, વેળાસર આવે. મીર અરબ ઉઠીને આવ્યો અને વીતેલી હકીકત જાહેર કરી અને કહ્યું કે, હમણાં તારૂં ધારેલું પુરૂ પડી શકાતું નથી. ત્યાંથી ઉઠીને તે પોતે આવ્યો. શેખે આ કામને દંગા ફીસાદનું મુળ દર્શાવી **શેખ નિઝામના પુત્ર શેખ અબદુલ્લા**ની માર્ફતે કેટલીકવાર લખી બાદશાહની હજુરમાં મોકલ્યું પરંતુ અબદુલ્લાએ તેને વખારે નાખ્યા સરખી આનાકાની કરી દીધી. અને શેખના

દુશ્મનોએ બાદશાહ સુધી એમના પત્રો પહોંચવા દીધા નહિં. છેવટે એમણે **સૈયદ અલી રઝવીખાન**ની માર્ફતે એક પત્ર મોકલ્યો. એમણે બાદશાહની રૂબરૂમાં મૂક્યો. બાદશાહએ પત્રનું ચુંબન કર્યું અને મસ્તકે મુકી ઘણી માફી માંગી અને ચાર પત્ર તેના વિશે મોકલ્યા. એક તો તે વખતના **સુબા રાજા જશવંતસિંહને,** એક **કાજી મુહમ્મદ શરીફ** ઉપર, એક **દીવાન નિઝામુદ્દીન અહમદ** ઉપર અને એક **બહાઉદ્દીન બખ્શી** ઉપર મોકલ્યો કે, **મીર બાકર મહોતસીબ**ને પુરી તાકીદ કરી કહેવું કે, ફરીથી એ કામ કરે નહીં એટલે ફરીથી આવા કામોમાં હાથ ઘાલે નહીં અને મતફેર વિશયમાં શરેહની પકડ કરે નહિ. તમે ચારે જણે જઈ મારા તરફથી આ કામની માફી માગવી અને એક હજાર રૂપિયા તથા ચાર તોલા અત્તર એમની સેવામાં ભેટ મૂકવા.

આ ચારે જણે મહોતસીબને ઘણી તાકીદે આ કામની મનાઈ કરી અને સેવામાં આવી માફી માગી મોકલેલી વસ્તુઓ ભેટ મુકી. ત્યાર પછી કોઈ માણસ કોઈ માણસથી મોલુદ તથા રાગના વાસ્તે તકરાર નહોતો કરતો.

બે વખત આ શેખ સાહેબ મક્કે હજ કરવા ગયેલા. પહેલી વખતે એમના માતુશ્રી એમને કોઈ પ્રકારે આજ્ઞા આપતા નહોતા કેમકે તે કહેતા હતા કે, જો તમારા ગયા પછી હું વૃદ્ધ ડોશીનું મોત આવી જાય તો કોણ કફન દફન કરશે ? તમારો **ભાઈ શેખ ફરીદ** પણ અહીં નથી દક્ષિણ દેશમાં ગયો છે. બનતી ખાતરી કરીને કહ્યું કે, અમે બેઉ ભાઈઓ હજ કરી વેળાસર તમારી સેવામાં આવી પહોંચીએ છીએ તે પ્રમાણે હજ કરી મદીનામાં નબી સાહેબના રોજાના દર્શન કરી વહેલાસર માતુશ્રની સેવામાં આવી પહોંચ્યા.

માતાની દેહી પડ્યા પછી પાછા મક્કા મદીનાની પ્રેમ અગ્નિ પ્રગટી ઉઠી અને ત્યાંજ જઈ વસવાને મનસુબે લોકોને જાણ કરવા સિવાય જળમાર્ગે જવા સારૂ **ખાડીયાના મોલાના કાસીમની મસજીદમાં વાસો કર્યો.** શહેરના ઘણા માણસો તેમને વિદાય કરવા ત્યાં આવ્યા. અહીંઆ એક **અબદુલ વાહીદ** નામનો વહોરો હતો. તે જાહેર વિદ્યાઓમાં માહિતગાર અને પવિત્રાઈ તથા આચારમાં પ્રખ્યાત પુરૂષ હતો. તેમજ

યોગવેદાંતી સુફી મતવાળાને ધિક્કારતો હતો. અને રાગ સાંભળનારાઓનો પાકો દુશ્મન હતો. જ્યારે તેમના પાડોશમાં આ શેખ સાહેબ આવી ઉતર્યા. તે વખતે અબદુલ વાહીદની ટોળીના માણસોએ કહ્યું કે, આ શેખ સાહેબ મક્કે જાય છે, અને આપણા પાડોશમાં ઉતર્યા છે તેથી એમને મળવા જવું જોઈએ. એ રાગ દુશ્મન હતો અને આ પીર રાગ મિત્ર મોલુદ સાંભળનાર હતા તેથી તેણે કહ્યું કે, એમને મળવા શું જાઉં ! એતો ગેં ગેં સાંભળે છે, અને મોલુદ તથા રાગને એ શબ્દોમાં વખોડી કાઢ્યા અને પોતાના પુસ્તકોના અભ્યાસનું અભિમાન આણી અહંકારી મદ્યમાં પડી ગયો. એ અરસામાં સેવકોએ આવીને અરજ કરી કે, ફલાણા માણસે આવા શબ્દો ઉચાર્યા છે, શેખ સાહેબે એને મળવાનું માંડીવાળી ઘણા રીસે ભરાયા અને કહ્યું કે, આ શેખ પોતે ગેં ગેં કરશે.

હવે તેજ દિવસે સંધ્યાકાળની એટલે મગરેબની નમાજની વખતે મુલ્લાં અબદુલ વાહિદ ઈમામ બની નમાજ પઢાવવા લાગ્યો અને જ્યારે તે **ગેરીલ મગદુબ** શબ્દ ઉપર પહોંચ્યો, ત્યારે ગેં ગેં કરવા લાગ્યો. તેણે પોતાને જાળવી ઘણી મહેનત કરી કે, ગેરીલ મગદુબે કહે પણ તે બની શક્યું નહિ. છેવટે નમાજ અધુરી મૂકી પોતાની જગાએ બીજાને ઉભો કર્યો ત્યાર પછી જ્યારે નમાજ પઢાવતો ત્યારે તેજ પ્રમાણે ગેં ગેં કરતો પણ આગળ વધી શકતો નહિ. એમનો સાદ રહી જતો પણ નમાજની અંદર બોલી શકતો નહિ. તે જીવ્યો ત્યાં સુધી એમજ રહ્યો. આ વાત ઘણેખરે ઠેકાણે સાંભળવામાં આવી છે અને નાના મોટામાં પ્રખ્યાત છે.

જ્યારે અહીંથી રવાના થઈ સુરત બંદરે પહોંચ્યા ત્યારે લોકોએ કહ્યું કે, વહાણમાં પેશાબ જાજરૂ અને વજુ કરવાની ઘણી તસ્દી પહોંચે છે, ત્યારે એ પીર સાહેબે ઉત્તર દીધો કે, આ કામ શું કરવા કરવું પડે કે, આ જરૂરીઆતનો ખપ પડે. જ્યારે એ વહાણમાં બેઠા ત્યારે બુંનની કાફી સિવાય કાંઈ નહોતા પીતા અને નિંદ્રા, પેશાબ જાજરૂ કરેલું નહિં. જે વજુથી સવાર થયા હતા તેથી જદદે પહોંચ્યા. રસ્તામાં ચાળીશ દિવસ વિતી ગયા હતા. આ પીરની આ કરામત પ્રસિદ્ધ છે. પગના દરદના લીધે કદી મક્કા અને કદી મદીનામાં રહેતા હતા. એક વરસ મક્કામાં અને એક

વરસ મદીનામાં રહેતા હતા. તે ચૌદ વરસ ત્યાં રહ્યા. નમાજ પઢતા મસ્તક ભોય ઉપર મુકી (સિજદામાં) રવીવારે સફર માસની ૨૭ સતાવીશમી તારીખે સને ૧૧૧૧ હીજરીમાં જન્નતનસીન થયા. **ત્રીજા ખલીફા હઝરત ઉસમાનના રોજા પાસે એમની કબર મદીનામાં છે, એમની ઉમર ૯૧ વરસની હતી. એમની ઓલાદ હાલ છે.**

શેખ અલી મુત્તકી

બિન શેખ અબુ મુહમ્મદ, બિન શેખ હસન, બિન રાજા, સલમાન ફારસીના વંશમાં હતા. **શેખ મુહમ્મદ ચિશ્તી સાહેબના મુરીદ, તથા ખલીફા હતા.** પવિત્રતા અને શુદ્ધતામાં એમના જેવો બીજો તે વખતે કોઈ નહોતો, કોઈના ઘરનું રાધેંલુ નહોતા ખાતા પરંતુ પોતાના પીરના ઘેર કદી તેમને મળવા જતા ત્યાં ખાતા હતા, અને તેમની ખોરાકી સદાએ એવી હતી કે, ભાજી પાલાવાળા નદી કિનારે આવીને લીલોતરી ધોતા હતા. અને તેમાંથી નકામો ભાગ કાઢી નાંખી દેતા, એ ફેંકી દીધેલી ભાજીને લાવી હાંલ્લામાં બાફીને ખાતા હતા. તે ઘણા વિદ્વાન હતા. **કેટલાક તેમના રચેલા પુસ્તકો, પણ છે,** એમની કરામતો પ્રસીદ્ધ છે, છેલ્લા દહાડામાં પગે અચકી પડ્યા હતા. અને ફરવા હરવાની સત્તા નહોતી. તારીખ ૧૧ રજબ હી. સને ૧૦૪૦ માં ગુજરી ગા. **એમની કબર જુના અસાવલમાં શાહ ભીકનના રોજાની સામે છે.**

મખદુમ શેખ અઝીઝુલ્લા

તે લોકોમાં મુતવક્કલ અલલ્લા કહેવાય છે, ખુદા ઉપર ભરૂસો રાખનાર. એ કરામતના ધણી અને ખુદાઈ જ્ઞાનવાળા યોગી હતા. એમના પુત્રો ઘણું કરી વિદ્વાનો થયેલા છે, **એમની કબર મખદાનપુરમાં છે,** (હાલ માદલપુર) સફર માસની ૨૩ ત્રેવીશમી તારીખે ગુજરી ગયા.

મખદુમ શેખ રહમતુલ્લા

શેખ અઝીઝુલ્લા સાહેબના પુત્ર છે, સિદીકી છે, એ ઘણા શુદ્ધ માણસ હતા સુલ્તાન મહમુદ બેગડો એમનો મુરીદ હતો. એમના વસાવેલા શેખપુરમાં એમનો રોજો છે (એ ફારૂકી છે સિદિકી નથી.)

ખુશતરા બીબી

શેખ અઝીઝુલ્લાના પુત્ર શેખ સાદુલ્લાના દિકરા શેખ રફીઉલ્લાની દીકરી હતા. અને સગાઈથી શેખ મુહમ્મદ ચિશ્તીની માસી છે. એ બાઈ ઉત્તમ પ્રકારના ભક્ત હતા. અને જ્ઞાનીઓમાં પહેલી પંક્તિના હતા. એમની ઉમર લાંબી થઈ હતી.

જયારે જહાંગીર બાદશાહ હી. સને ૧૦૨૦ માં અહમદઆબાદ આવ્યો હતો. ત્યારે બીબી સાહેબને બોલાવી મળવાનું કહેલું. ત્યારે તેમણે ઉત્તર વાળેલો કે, અમે પડદે બેસનારી સ્ત્રીઓ છીએ, અમારે બાદશાહોથી મળવાની કાંઈ જરૂર નથી. જો આશીર્વાદ ચાહતા હોવ તો, વગર દીઠે કરૂં છું, બાદશાહે માફી માંગી આસ્તાવંત બનયો, **એમની કબર નસીરાબાદમાં (કોચરબ)શેખ અત્તાઉલ્લા વલદે શેખ નસરૂલ્લા ચિશ્તીના રોજામાં છે.**

મીયાંખાં ચિશ્તી

ત્યાગીઓના પ્રમુખ હતા. **સાબરમતી ઉપર સુલ્તાનપુરામાં ઓરડી બનાવી** પ્રભુ ભક્તિ કરતા હતા. **મલિક મક્સુદની બનાવેલી મોટી પત્થરની મસજીદ પાસે એમની કબર છે, (શાહીબાગ નદી કિનારે)** આવી રીતે એમનું પીર **પેઢીનામું ખ્વાજા નસીરૂદ્દીન ચિરાગ દહેલ્વી સાહેબને જઈ મળે છે.**

મીયાંખાં ચિશ્તીના પીર શેખ નિઝામુદીન નારનોલી, જેમની કબર ખુર્દ (નાના) ખટુમાં છે અને તે ખ્વાજા હસન સરમસ્ત બીન ખ્વાજા સાલારના મુરીદ અને તે ખ્વાજા ઈખત્યારૂદ્દીન ઉમરના મુરીદ અને તે ખ્વાજા શાદીના મુરીદ અને તે ખ્વાજા નસીરૂદ્દીન ચિરાગ દહેલ્વીના મુરીદ.

એમનો એવો ધારો હતો કે, કોઈથી મળતા નહોતા જો કોઈ મળવા આવે તો અંદરથી પુછે કે, તમે કોણ છો ? જો પોતાનું નામ બતાવે તો પુછે કે, કદી મારાથી મળ્યા છો ? જો એમ કહે કે હું કદી મળ્યો નથી તો ઓરડીનું બારણું ઉઘાડી થોડીકવાર અંદર બેસાડે, પછી કાઢી મૂકે, જો કોઈ કહે કે, એકવાર મળેલો છું. તો કહે કે હું ફકીર તેવોજ કે જેવી રીતે

તમે મને જોયા છે તેવોજ છું. હવે ફરીથી જોવાની શી જરૂર છે ?

એક દિવસે શેખ મુહમ્મદ ચિશ્તી સાહેબ પોતાના પિતા શેખ હસન મુહમ્મદ ચિશ્તીની રજા લઈ મીયાંખાં ચિશ્તીને મળવા ગયેલા અને સાંકળ ઠોકી. ધારા પ્રમાણે માંહેથી ઉત્તર મળ્યો કે, કોણ છે ? તે વખતે શેખ મુહમ્મદ સાહેબે મનના ઉભરાથી ઉત્તર દીધો, કે હમણાં હમણાં સુધી કોણ કોણમાંજ છોવ ? મીયાંખાં થોડીકવાર સુધી વિચારમાં ડુબી ગયા. પછી ઠંડા નિસાસા મુકી કહેવા લાગ્યા, આવો માલુમ પડ્યું કે, શેખ હસન મુહમ્મદના પુત્ર આવ્યા છે, ઓરડીનું બારણું ઉઘાડી વાતો કરવા લાગ્યા. આ વાતનો મરમ પ્રભુ જાણે શું છે, જમાદીઉલ અવ્વલની પાંચમી તારીખે એ ગુજરી ગયા.

મીયાં ગેબનશાહ

આ દીવાના હતા અને **લોકોમાં બાબા ગેબી કહેવાતા. ઘણી વખત શેખ મુહમ્મદ ચિશ્તીની સેવામાં આવતા હતા.** તે ઘણા બુઝુર્ગ માણસ હતા.

જે વખતે સુલ્તાન મુઝફ્ફર (નાથુ) અહમદઆબાદમાં આવ્યો. અને અકબર બાદશાહના નોકરોથી તખ્ત લઈ લીધું અને આ દેશ તેના કબજામાં ગયો ત્યારે શેખ સાલેહ મુહમ્મદ બીન શેખ હસન, બાબા ગેબી આગળ આશીર્વાદ અર્થે ગયો, ત્યારે બાબા ગેબીએ કહ્યું, શું સુલ્તાન મુઝફ્ફર આવ્યો. મુઝફ્ફર તો હુંજ છું. છેવટે થોડા દિવસમાં મુઝફ્ફરે હાર ખાધી અને નાશી ગયો છેવટે પકડાયો અને મરાયો, **આ બાબાની કબર શાહપુર દરવાજા બહાર છે.** એમને લોકો ગેબનશાહ કહે છે, માનતામાં લોકો અડદ જવારની રોટલી અને બકરીની છાતી રાંધીને લાવે છે અને એમના દર્શન કરી આશાએ પહોંચે છે. ત્રેવીશમી રજબને દિવસે ઉરસ થાય છે.

કેટલાક બીજા પીર લોકો.

જેઓમાંના કેટલાક આ દેશમાં સુતેલા છે અને કેટલાક આ શહેરમાં છે કેટલાકે આ સુબાના પરગણા તથા કસ્બામાં દેહ મુકી છે. અને કેટલાક દેશાવરથી અત્રે આવી પાછા ફરી અહીંથી રવાને થયા છે.

મોટા શેખઅલી મુત્તકી

એ શેખ હિસામુદ્દીનના પુત્ર અને તે અબદુલ મલિક મુત્તકિ કાદરી અશ-શાઝલી અલ-મદની ચિશ્તીના પુત્ર થાય, એમના વડીલ જોનપુરમાં રહેતા હતા અને એમની જન્મભૂમી બુરહાનપુર છે. એ સાત આઠ વરસની ઉમરના હશે. તે વખતે **એમના પિતાશ્રી શાહ બાજન ચિશ્તીની સેવામાં લઈ ગયા હતા અને મુરીદ કરાવ્યા હતા** અને તેટલામાંજ ત્યાં ગુજરી ગયેલા. એ મનુષ્ય દેહધારણ કરવાના કારણથી સહેલ તમાશા ઘણું જોતા હતા. અને જુવાન થયા પછી બાદશાહો અને ધર્મ ગુરૂઓને પસંદ પડયા હતા. અને માન્ડુ (માલવા)ના કોઈ અમીરને ત્યાં નોકરી કીધી અને થોડો ઘણો સંસારી માલ મેળવ્યો હતો. એવામાં પ્રભુએ પોતાના ભણી એમને તાણ્યા અને દુનિયા નાશવંત છે એમ ધારી તેના ઉપરથી મન ઉઠાવી લીધું અને **શેખ અબદુલ હકીમ, જે શાહ બાજનના સાહેબઝાદા થતા હતા તેમની સેવામાં હાજર થઈ ચિશ્તીઆ ખાનદાનમાં મુરીદ થઈ ખિલાફતનો ઝબો પહેર્યો અને ત્યાંથી મુલતાન ભણી ગયા અને શેખ હિસામુદ્દીન મુત્તકીની સોબતમાં રહેવા લાગ્યા.** એમની સોબતમાં યોગ વેદાંત આચાર વિચારની મદદ લીધી. બે વરસમાં બેઝાવી અને એનુલ ઈલમની કુરાન ટિકાઓનો અભ્યાસ કર્યો અને **મક્કે હજ કરવા જવાનો મનસુબો કર્યો અને ત્યાં જઈ શેખ અબુલ હસન ભકરીની સોબતમાં રહ્યા** અને એમનું શિક્ષણ લીધું તેમજ ત્યાં રહેતા બીજા વિદ્વાનો તથા પીર લોકોની સોબતનો લાભ મેળવ્યો અને **મુહમ્મદ સખાવીના દીકરા શેખ મુહમ્મદથી કાદરીઆ, શાઝલીઆ, મદનીઆ, મગરેબીઆની ખીલાફતનો ઝબો પહેર્યો અને મક્કામાં રહેવા લાગ્યા** અને યોગ વેદાંત (તસવ્વુફ) તથા હદીસ (નબી કથન) ના તે વખતમાં મળી આવતા સઘળા પુસ્તકો તથા ગ્રંથો હોંશે વાંચી ગયા. અને જલાલુદ્દીન સ્યુતીનું જમઉલજવામે નામના પુસ્તકને કક્કા વર્ગી હદીસોથી રચી અને કથન તથા કૃત્યરૂપી હદીસો ગોઠવીને પ્રકરણની રીતોમાં લાવી મુકી, અને ફિકા (ધર્મ શાસ્ત્ર) ના વિષયો પ્રમાણે ગોઠવણ કરીને ફરીથી તે વિશે મહેનત કરી તેનો સંગ્રહ તૈયાર કર્યો. એમના સઘળા પુસ્તકોમાં મુખ્ય

તલકીનુત્તરીક છે કે જે લખવાને પ્રભુ આજ્ઞા થયેલી અને બીજું પુસ્તક, **હુકમ કબીર** નામનું છે, જેમાં યોગ વેદાંતના સાર મળી આવે છે. **શેખ ઈબ્નેહજર તે વખતે મક્કાના બધા વિદ્વાનોમાં સર્વોત્તમ અને મોટા શાસ્ત્રી હતા તે એમના ગુરૂ શિક્ષક હતા** અને ઘણી વખતે તે કહેતા કે એ મારા શિષ્ય નહિ પણ શિક્ષક છે અને આ શેખનો તે મુરીદ થયા હતા અને તેમને ખીલાફત આપવામાં આવી હતી. આ શેખ થેલીઓ રાખતા હતા તેમાંથી એકમાં ખાવા પીવાના વાસણો તથા જણસો હતી. જેમકે ચોખા અડદ ઘી વીગેરે અને બીજામાં કુરાન અને ખપના કેટલાક પુસ્તકો અને પાણીની મશક ઘણી મોટી, અને પોતાના હાથે રાંધતા હતા. અને કામ કરવામાં કોઈની મદદ માગતા નહોતા પણ જરૂરની વખતે પૈસા આપી કામ લેતા હતા.

સુલ્તાન બહાદુર શાહના વખતમાં અહમદઆબાદમાં પગલાં કર્યા હતા. સુલ્તાને એમની પૂર્ણ વિદ્યાના વખાણ સાંભળી મીલાપ આકર્ષણમાં ઘણો વધારો કર્યો હતો અને મળવાની અરજ કરી, આ સાહેબે તે કબુલ કર્યું નહીં, અને હંમેશા ઓરડીના બારણાં વાશી કોઈને અંદર પેસવા નહોતા દેતા. જ્યારે સુલ્તાનની ચાહના અતિ ઘણી થઈ ગઈ ત્યારે સિંધમાંથી આવી મદીના જવાના મનસુબે અહમદઆબાદમાં રહેલા **કાજી હાજી અબ્દુલ્લા સિંધીને** અરજ કરી, આ કાજી આ શેખ સાહેબથી ઘણી માયા રાખતા હતા અને ઘણું માનતા હતા. તેણે કહ્યું કે, એકવાર તો સુલ્તાનની અરજ માન્ય કરવી જોઈએ. જો મરજીમાં આવે તો તેની સાથે વાત કરજો અને મરજીમાં ના આવે તો ના કરશો. એ સાહેબે ઉત્તર દીધો કે, તેની ચાલચલણમાં કેટલાક નાદુરસ્ત કામો તેના વસ્ત્ર વિગેરેને જોતાં જાહેર રીતે વખોડવા લાયક છે. તો તેને જોવાનું કામ શી રીતે કરી શકું. અને તેને ન કરવાના કામથી રોકવાનું અને કરવું જોઈએ તે કામ કરવાનું શી રીતે ના પાડી શકું. નોકરો જે જાણે છે તે પ્રમાણે કહે છે, જ્યારે સુલ્તાન એમની સેવામાં આવ્યો ત્યારે જે શીખામણ આપવી હતી તે આપી. બીજા દિવસે ગુજરાતી સુલ્તાને એક કરોડ ટંકા ભેટ દાખલ મોકલ્યા. તે સઘળા રૂપિયા કાજી અબદુલ્લાને આપી દીધા અને કહ્યું કે બાદશાહની મુલાકાત

અને આ રૂપિયા તમારી મારફતે મળ્યા છે એથી એમનો સંબંધ તમારી સાથે છે.

શેખ સાહેબની સુન્નતો તથા નબી સાહેબની હદીસોની એમની સદાએ સુગલ રહેતી. એમની ક્રિયાઓ હંમેશા સુન્નતો તથા હદીસ પ્રમાણે વર્તવાની હતી. અને તે વખતના સઘળા પીર લોકો તથા મોટા માણસો એમને માનતા હતા, અને મહેનતના પૈસાથી ખોરાક ચલાવતા. અને ઘણી વખતે એવું બનેલું કે, કુવાની અંદર પાણી હતું અને હરણ કુવા આગળ આવી તરસ્યા ઉભા રહેતા. તે પાણીનું વાસણ લઈને કાંઠા ઉપર મુક્તા એટલે પાણી ભરાઈને ઉપર આવી જતું તે પશુઓ ધરાઈને પાણી પીતા હતા. સુલ્તાન મેહમુદ શાહ ત્રીજા ગુજરાતી ઘણી ખરી વખતે એમની સેવામાં હાજર થતો. આ સાહેબને પાણી વીશે ઘણો વહેમ રહેતો અને કોઈપણ રીતે આ વહેમ ટળતો નહોતો, એમણે થાળી લોટો મંગાવી પોતાની ટોપીને ત્રણવાર ધોઈ તેમાં નાખી દીધા અને ચોથી વખત ધોવાનું પાણી જાળવી રાખ્યું અને કહ્યું કે, બાબા મહેમુદ આ પાણી શરેહ પ્રમાણે શુદ્ધ અને ચોખ્ખુ છે, અને તેમાં વહેમો ઉભા કરવા શેતાની શંકાઓ છે, આ પાણીને પીઓ અને તેથી કંઈ શંકા ઉભી થઈ નહી. એમનો જન્મ સને ૮૮૫ હીજરીમાં, અને જમાદીઉલ અવ્વલ માસની બીજી તારીખે હી. સને ૯૭૫ માં કાળ થયો. તેમની ઉમર ૯૦ વરસની થઈ હતી. **તેમની કબર મદીનામાં છે.**

શેખ અબદુલ વહાબ સાહેબ

શેખ અબદુલ વહાબ વલી અલ્લા, અલ મુત્તકી અલ કાદરી અલ હનફી અલ મંડવી (અલ માલવા)-મક્કીના દીકરા હતા. **તે શેખ અબદુલહક મોહદ્દિષ દહેલ્વીના પીર થાય.** એ માંડુગઢમાં જન્મ પામ્યા હતા. એમના પિતા માંડુગઢના મોટા માણસ હતા. અને તે ભૂમિમાં હુલ્લડો થવાના કારણથી બુરહાનપુરમાં આવી રહ્યા હતા. તેમના મા બાપ એમની બાળ અવસ્થામાં ગુજરી ગયા હતા. અને ફકીરી તથા કુંવારાપણાના લીધે દેશાટણના દુઃખો સહન કરતા હતા. એમણે ગુજરાત દેશ, દક્ષિણ ભારત, લંકા તથા સરાન્દ્રીપની ઘણી મુસાફરી કરી હતી. તે ૨૯ વરસની ઉમરે

મક્કા પહોચ્યા હતા. અહીં એમના બાપની ઓળખાણના લીધે તથા એમનાથી પહેલાંની માયાના કારણથી એમના આવવાની ખબર સાંભળી **શેખ અલી મુત્તકી (મોટા)** મળવાને આવ્યા અને ઘણી મહેરબાની કરી અને પોતાની પાસે પોતાના વાસમાં રહેવાને વિનંતી કરી. બેપરવાઈના કારણથી તેમણે પહેલી મુલાકાતમાં એ વાત મંજુર કરી નહિ પણ પછી તેમની ચાલુ કૃપાઓ જોઈ સોબતમાં આવી રહ્યા હતા. તે તેમના પુસ્તકો રચવાનું લખાણ કરતા અને લખેલાને મેળવી જોવાનું કામ કરતા અને લખવાનું ઘણું કામ કરતા હતા કોઈ કોઈ વખતે રાત્રે હજાર દોહરા (બેતો) લખતા હતા. દિવસનું લખાણ તો એ કરતાં જુદુજ હતું. એમની સેવા અને આજ્ઞા એવી પાળતા હતા કે, જાણે ખરા મનથી ગુરૂલીન થઈ ગયા હોય (ફનાફિશ શેખ) આ પીરની સેવામાં બાર વરસ રહ્યા અને ચુંવાલીશ હજો પઢી હતી. અને તેટલી મુદ્દત મક્કામાં રહ્યા હતા.

એક વરસે પીસ્તા મળી ગયા પછી કેટલાક સગા સંબંધી ઉપકારાર્થે અહમદઆબાદમાં આવેલા અને મેહદવી લોકો એમની સાથે જુની અદાવત રાખતા હતા. તેના તોફનના લીધે તેજ વરસે મક્કા પાછા જતા રહ્યા હતા. અને તે હજનો મેળો ચુક્યા નહિ. મક્કા મદીનાના લોકો તથા મીસર અને યમન દેશના પીર લોકો એકમતે એમને વલી અને ઉંચી પ્રકૃતિના માણસ માને છે.

મલિક મુહમ્મદ ઈખ્તીઆર

સુલ્તાન મહમુદ બેગડાનો એ એક અમીર છે. જ્યારે સુલ્તાન મહમુદ તખ્ત ઉપર બેઠો ત્યારે દરેકને ખાનનો ખીતાબ આપ્યો હતો. મલિક મુહમ્મદ ઈખ્તીઆરે ખાનનો ખીતાબ કબુલ કરેલો નહિ અને કહ્યું કે મારૂં નામ મુહમ્મદ છે તેથી એના કરતા કયો ખીતાબ સારો હશે પરંતુ જાગીર વિગેરે અમીરીની કબુલ કરી તેનો ઉપયોગ કરવા લાગ્યા. એક કાળ એના ઉપર વીતી ગયો.

એક વખતે **આ મલિક પાલખીમાં બેશી મીઠાપૂરની તરફ જતા** હતા. આ તાપનો વખત હતો તેથી એક આંબલીના ઝાડ હેઠળ ઉતરી વિસામો લીધો. ત્યાં મસ્જિદના એક ખુણામાં બેશી એક મુલ્લાં

બાળકોને શીખવે છે તે જોયું. **આ મુલ્લાં શેખ હમીદુદીન નાગોરીનો પૌત્ર હતો અને એનું નામ શેખ કબીરૂદીન હતું.** એક ઘડી ઉંઘ લઈ ઉઠીને આ મુલ્લાંની સાથે બપોરની નમાજ પઢી, તે પઢી રહ્યા પછી આ મુલ્લાં સાહેબે કૃપાદ્રષ્ટિ કરી મલિક ભણી જોયું અને મલિકના મનને પોતાની તરફ તાણી લીધું, મલિક બેભાન થઈ ગયા ત્યાર પછી ભાન આવ્યેથી ઉઠ્યા અને પોતાના ઘેર પાછા ફર્યા. એવીજ રીતે દરરોજ એ મુલ્લાં સાહેબની સેવામાં જતા હતા. એક દિવસે આ પીર મુલ્લાંએ કહ્યું કે તમે ગ્રહસ્થ છો અને શા વાસ્તે અને શું કરવા અહીં આવો છો. એ વાત એકાંતમાં કહી કહ્યું કે તમારા કામો પડતા મૂકો છો ? જો ખુદાને શોધવાનો મનસુબો હોય તો ઠીક, નહિતર તમારે તસદી લેવી નહી. મલિકે કહ્યું કે આજ હું મારા મનની સલાહ લઉં છું કે, કઈ તરફની મને એ આજ્ઞા આપે છે ? મારે કયું કામ કરવું અને કયું મૂકવું તે પૂછી જોઉ છું. શેખ સાહેબે કહ્યું વારૂ ઠીક છે.

મલિક પોતાના ઘેર આવ્યા અને દરેક જણના પગાર અને લહેણું ચૂકવી આપ્યું અને તેની ઉપર વધારે પણ આપ્યું. સઘળા દાસ દાસીઓને બોલાવ્યા અને જેમની ઈચ્છા પરણવાની હતી તેમને પરણાવી દીધા અને જેમની ઈચ્છા છુટા થવાનો હતી તેમને છુટા કર્યા. રોકડ તથા જણસની યાદી લખી સુલ્તાનની સેવામાં મોકલી દીધી અને અરજ કરી કે, સુલ્તાનના પ્રતાપે મને મનની કોઈ પણ હોશ અને આશા રહી નથી, હવે મેં દુનિયાનો ત્યાગ કરી તેને છેલી સલામ કરી છે. જેને સરકારની મરજી તેને આપી દેશો. સુલ્તાને જાણ્યું કે કંઈ ઈતરાજીથી એવી વાતો એના મોમાંથી નીકળે છે તે ઉપરથી ઘણા દિલાસા દીધા અને પુરૂં લક્ષ આપ્યું નહિ. મલિકે કહ્યું કે, સુલ્તાનની સેવામાં મારી એક આખી ઉમર વીતી ગઈ, હવે મારી એવી આશા છે કે, તેની નોકરી કરૂં કે જે બાદશાહોના પુસ્તકો ઉપર રાજનું તાજ મૂકે છે. આટલું કહી ત્યાંથી ઉઠી તે પોતાને ઘેર આવ્યા.

સુલ્તાને મલિકના મિત્ર દરિયાખાન તથા અલફખાનને બોલાવી વિતેલું વર્ણન કરી દીધું. એ બેઉએ અરજ કરી કે, તેમને અમે સમજાવીએ છીએ. સુલ્તાને યાદીનો કાગળ એમને આપ્યો. પછી એ બેઉ મલિકના

ઘેર આવ્યા, મલિકે એમનો મનસુબો જાણી લઈ કહ્યું કે મારૂં માથું દાઢી અને મુછો બોડી નાખ. કેમકે તેમને ખાતરી હતી કે એ ખોરાકથી મોટા થયેલા છે તો એમને કાઢી નાખવા ઠીક છે, હજામે સઘળું બોડી નાખ્યું.

પછી પોતાની સ્ત્રીને બોલાવીને કહ્યું કે, જે મીલકત તમારી પાસે છે તે તમને આપી અને હું રજા આપું છું કે, તમે તમારા મા બાપને ઘેર વિદાય થાઓ, અને જો પુરૂષ કરવાની ઈચ્છા હોય તો તમને અધિકાર છે. અમે તો ખુદા તરફ જવા નીકળ્યા છીએ. અને સંસાર તથા બાળ બચ્ચા, સ્ત્રીનો ત્યાગ કર્યો છે. તે બાઈએ ઉત્તર દીધો કે, જો ખુદા ભણી જવાના રસ્તામાં સ્ત્રીનો ત્યાગ છે તો હું કાંઈ કહી શકતી નથી. અને જો મને રાખવાનું બનતું હોય તો તમે જ્યાં પગ મુકશો ત્યાં હું પણ આપનો સંગ કરીશ અને સાથે રહીશ.

કવિત :- "છાયાની પેઠે તમે જ્યાં જાઓ ત્યાં હું પણ રહીશ."

જે વખતે નાશવંત ગ્રહસ્થ ધર્મમાં મને કાળજાની કોર કહેતા. અને અવીનાશી દ્રવ્ય પ્રાપ્ત થયા પછી મારાથી વિરાગ ખોળે છે. જો મારા ઉપર મન હોય તો સાથે રહેવાની આજ્ઞા આપશો. તેમણે કહ્યું કે દરદાગીના કાઢી દુર કરો અને આ જુના વસ્ત્રને પહેરી લો. એ બાઈએ એમજ કર્યું.

ત્યાર પછી મલિકે સ્ત્રીનો હાથ ઝાલી ધોળે દહાડે દરીઆખાન તથા અલેફખા(ભોકાઈ)ની સામા નીકળીને ચાલતા થયા અને પોતાના પીરના ઘર તરફ રવાના થઈ ગયા. મિત્રો તે જોઈ અચંબામાં પડી ગયા. અને એ હકીકત તથા પેલો કાગળ સુલ્તાનની રૂબરૂ લાવી મૂક્યો. અને કહેવા લાગ્યા કે, એને તો ભૂત વળગ્યું છે. અને એમને ઘેલછા વ્યાપી ગઈ છે. ટુંકમાં એવી રીતે મલિક પીરની પાસે પહોંચી ગયા.

પીરે કહ્યું :- ભલે પધાર્યા કે તમારા આવ્યાથી કીંમતી હજારો પ્રાણ દરેક ડગલે વારી નાખવા જોઈએ.

પીર ઉઠ્યા અને મલિકની બીબીનો હાથી ઝાલી પોતાની સ્ત્રી પાસે લઈ ગયા અને કહ્યું કે, આ બાઈ આ વખતના ઈબ્રાહીમ અદહમની સ્ત્રી છે એની સંગતને બહુ કીંમતી કરી માનો અને એમની સેવા કરવામાં કંઈ બાકી રાખશો નહિ. પછી તે પીર, મલિકને જ્ઞાન ધ્યાન શીખવવા

લાગ્યા. મલિક સાધના ઉપાસનઓમાં જોઈતી મહેનત કરતા ને આત્મજ્ઞાનનો ઘણો શ્રમ લેતા. એવું કહે છે કે, દરરોજ બજારમાં થઈ સાબરમતીથી પીરને વાસ્તે પોતાના માથા ઉપર સાબરમતીનું પાણી લાવતા હતા. લોકો તેમનું આ કામ જોઈ તે ગાંડો થયો છે એવા શબ્દો કહેતા હતા. કેટલાક દિવસ વિત્યા પછી લોકો તેમનામાં મોહિત થતા ચાલ્યા અને તે નિપુણ પુરૂષ છે એવું માનવા લાગ્યા. તે ત્યાં સુધી વધી ગયું કે, હજારો માણસો તેમને પગે લાગવા હાજર થતા હતા. અને દર્શનની આતુરતાથી વાટ જોઈ બેશી રહેતા હતા.

હવે આ મલિક, પીરનું કામ ભંગ થવા લાગ્યું તે વાત તેને પસંદ પડી નહિ તેથી તે લોકોને દુર કરવા મલિકે યુક્તિ રચી તે એવી રીતે કે, એકથી કંઈ વસ્તુ લે અને બીજાને આપી દે, તેથી ધીમે ધીમે લોકોના મન એમની ઉપરથી હઠી ગયા અને એમની પાસે લોકો આવતા બંધ થયા તેથી મલિકનું કામ સંગીન થવા લાગ્યું. ખુદાએ તેને મુહમ્મદ ઈખત્યારના નામથી જગતમાં પ્રસિદ્ધ કર્યો. એમણે ખુદા સિવાય બીજા બધાથી મન ઉઠાવી લીધું.

એવું કહે છે કે, શાહે આલમ સાહેબના મુરીદોમાંથી કોઈએ મલિકની સેવા કરવા માંડી તે ઉપરથી કોઈએ શાહેઆલમ સાહેબને અરજ કરી કે, આપના ફલાણા મુરીદે મલિકની સેવા કરવા માંડી છે અને આત્મશોધનું કામ એમની પાસે કરે છે અને પોતાનું કાર્ય એમની પાસેથી સિદ્ધ થશે એવું માને છે. શાહેઆલમ સાહેબે ફરમાવ્યું કે, શી અડચણ છે અને આ કવિત પોતાના મોઢામાંથી ઉચ્ચારવા લાગ્યા.

કવિત :- બેઉ ભવમાં જે કલ્યાણી થવા ઈચ્છતા હોય તે મુહમ્મદ ઈખત્યારની સેવા કરશે.

એક દિવસે શાહેઆલમ સાહેબ અને મલિક મુહમ્મદ ઈખ્તચાર સાહેબ રસ્તામાં મળ્યા. અને એકે બીજાની પાસેથી ઝબ્બો માંગ્યો. ત્યારે મલિક બોલ્યા બખ્શીશનું કામ શાહ એટલે બાદશાહનું છે. શાહેઆલમ સાહેબે કહ્યું કે, મલિક એટલે પણ શાહ એટલે બાદશાહ થાય છે. છેવટે શાહેઆલમ સાહેબે મલિકને પેરણ આપ્યું અને એમણે પોતાની ટોપી

એમના સામા મુકી. **શેખ કબીરૂદ્દીન તથા મલિક મુહમ્મદ ઈખત્યારની કબરો વહોરાઓના મકબરા પાસે સરસપુર તથા રાજપુરની વચ્ચે છે.**

અફઝલખાં શહીદ બિંબાની

સુલ્તાન મહમુદ શહીદ (ત્રીજા)ના વજીરોમાંથી એક વજીર હતા. અને સંસારી વૈભવ તથા ઠાઠમાઠ છતાં એમનું પુરૂં લક્ષ ધર્મ અને આત્મ સુધારા ઉપરજ હતું. એવું કહે છે કે, જ્યારે અધિકારીની ગાદી ઉપર બેસતા ત્યારે એક ખીદમતગાર એમનું કફન લઈને એમની આગળ ઉભો રહેતો અને કહેતો કે, અફઝલખાન અભિમાની થતો નહી. ખબરદારી રાખ, મોત આગળ આવે છે; અને એ પ્યાલો ચાખવાનો છે. આ હુકુમત અને અધિકાર ઉધારના છે. છેવટે મોત અને નાશ નજરમાં રાખી કામ કર કે કાલે ખુદા પાસે તને પકડાપકડી થાય નહિ. આવી રીતે દરેક વખતે શીખામણ અને બોધના પોકારો તે કરતો અને એ બીકથી થર થર કંપીને કામ કરતા હતા.

જે વખતે બુરહાન લુણહરામે ત્રીજા સુલ્તાન મહમુદને શહીદ કર્યા, આસેફખાન તથા ખુદાવંદખાનને તેડાવીને મારી નાખ્યા અને ત્યાર પછી જ્યારે અફઝલખાનને બોલાવ્યા ત્યારે બુરહાનની દ્રષ્ટિ એમના ઉપર પડી કે તુરતજ એમના વખાણ કરવા લાગ્યો અને કહ્યું કે, તમે મારો હાથ ઝાલો તો હું તમોને છેક છેવટ સુધીના માનને પહોંચાડી દઈશ. તે વખતે અફઝલખાં સાહેબે કહ્યું કે, તારા મગજમાં કેવી હવા ભરાઈ ગઈ છે કે તું આવી વ્યર્થ વાતો કરે છે. જ્યારે તે એમની સોબત મેળવવાને નિરાશ થયો ત્યારે એમને પણ મારી નાખ્યા. આ બનાવ મહમુદઆબાદ (મહેમદાવાદ) શહેરમાં ગુરૂવારની રાત્રે જમાદીઉલ અવ્વલ માસની તેરમી તારીખે હી. સન ૯૬૧ માં બન્યો. **એમની કબર અહમદઆબાદના કોટની બહાર રાયપુર તથા સારંગપુરની વચ્ચે છે.** એમની કબરના દર્શન લોકોના મનની ધારણા પામવાને અને આશાએ પહોંચાડવાને ઘણા ગુણકારી છે.

મલેક (મલિક) ઝૈનુલ આબીદીન

કે જેઓ અફઝલખાં શહીદ બિંબાની ના ભાઈ છે એમની

કબર પણ એમના ભાઈ પાસે પૂર્વ ભણી છે. એ સાહેબ મુરીદ તથા ખલીફા મીયાં કુતુબુદ્દીન શાહીના છે. તે જ્ઞાન ધ્યાન તથા કરામતોના ધણી હતા. **તેમના મકબરા પાસે બનાવેલી મોટી ધર્મશાળા તથા અફઝલપુર એમનું વસાવેલું.** તે એમના વંશવાળાના કબજા ભોગવટામાં હતું. હાલ તે ઉજડ પડેલું છે. **પત્થરની મસજીદ કે જે મકબરાની પાસે હતી તે એમની બનાવેલી હતી. તે ઘણી** રૂપાળી અને સુંદર બનાવટની હતી. એનો ઘાટ ઘણો રૂપાળો હતો. જે વખતે **નજમુ દૌલાના છોકરા મોમીનખાંએ** અહમદઆબાદ શહેર ઉપર કબજો કર્યો હતો તે વખતે મરેઠાઓએ આવીને ઘેરો ઘાલ્યો. આ મસજીદ કોટની પાસે હતી તેથી એવા મનસુબે કે, મરેઠાઓ આવીને મોરચાબાંધી કરે નહિ અને એમાં ભરાઈ ન બેસે તેથી આખી મસજીદમાં કાઠી ભરી દઈ બાળી નાખી અને તેને પાયમાલ કરી દીધી.

અરે પ્રભુ તેના ઉપર કેટલા નાણા ખરચયા હશે તેની વિગત યોગ્ય સ્થળે લખાઈ છે. **એક બીજી મસજીદ જમાલપુરમાં સરદારખાંની દરગાહની પાસે છે તે પણ અફઝલખાન બિંબાનીની છે.**

ચાર અહમદ અને બાર બાબા.

(જે અહમદઆબાદના કોટના મદદગાર હતા.)

ચાર અહમદ

૧. શેખ અહમદ ખટ્ટુ, જે સરખેજમાં છે અને એમની થોડીક હકીકત (પેજ નં.૫૦) ઉપર લખવામાં આવી છે.

૨. સુલ્તાન અહમદ, શહેર અહમદઆબાદ વસાવનાર.

૩. મલિક અહમદ, જે કાલુપુર ટાવરથી બલુચાવાડા જવાના રસ્તા પર નજીક સુતેલા છે.

૪. કાજી અહમદ જુદ જેમનું વર્ણન પાટનગરના પીરોના વર્ણન સાથે (પેજ ૧૫૬) ઉપર આવે છે.

બાર બાબા.

૧. **બાબા ખોજુ** }
૨. **બાબા લાળુ** } ધોળકામાં છે.
૩. **બાબા કરામત** }

૪. **બાબાઅલી શેર** } સરખેજમાં છે, બાબા અલી શેર મસ્તાન હતા અને નગ્ન રહેતા હતા.

જે વખતે ગંજબખ્શ સાહેબ મળવા આવતા ત્યારે કહેતા લુઘડું લાવો. આ શરેહનો કોટ આવે છે. ઉરસ દશમી જમાદીઉલ અવ્વલના દિવસે થાય છે.

૫. **બાબા મહમુદ** (ઠંડા પીર બાબા)

૬. **બાબા તવક્કુલ** :- નસીરાબાદ (કોચરબ)ના કબ્રસ્તાનમાં, ઉરસ ૧૯ મી મોહરમના દિવસે થાય છે.

૭. **બાબા લૂલૂઈ** :- એમનું નામ અબુ મુહમ્મદ છે. મઝુરીમાં મઝાર છે (જમાલપુર પુલની પાસે) તા. ૧૦ સફરના દિવસે ઉરસ થાય છે.

૮. **બાબા અહમદ હન્કોરી** :- એટલે બાવા નાલબંદ, એ નાલબંદ નહોતા, ખાસ બજારમાં નાલબંદોની જુની મસ્જીદ છે ત્યાં તેમનો મઝાર છે અને નાલબંદો આખો દિવસ ત્યાં બેસે છે તેથી એમ

કહેવાય છે. તેમનો ઉરસ જીલકઅદની ૧૯ મી તારીખે થાય છે. તે નિઝામુદ્દીન ઓલીઆના ખલીફા છે.

૯. **બાબા લઘા** :- હલીમની ખડકી નજીક (ડો.વાસુદેવ ત્રીપાઠી હોલની પાસે છે) શાહપુર.

૧૦ **બાબા ઢોકલ** :- શહેર બહાર શાહપુર અને દીલ્લી દરવાજાની વચમાં દુધેશ્વરમાં. તા. ૯ રજબે ઉરસ થાય છે.

૧૧. **બાબા સચ્ચાહ** :- જેમનું નામ હઝરત શેખ મહમુદ સૈલાની છે. તેમનો મઝાર વિરમગામ તાલુકાનાં મોટી આમોદ ગામમાં છે.

૧૨. **બાબા કમાલ માલવી** :- એ શેખ કમાલ માલવીના નામથી ઓળખાય છે. એમની કબર અયલમપુરામાં મલિક અયલમ મસજીદ પાછળ છે. મીરાતે સિકંદરીમાં લખેલું છે કે, આ ઘણા પ્રવીણ પુરૂષ હતા. માલવાના બાદશાહ સુલ્તાન મહમુદ ખીલજી ફકીર ફકરાને ઘણું માનતો હતો. જયાં જયાં સારા સારા જ્ઞાની ધ્યાની કરામતવાળાનું સાભળતો ત્યાં ભેટો નજરાણા મોકલી એમની મરજી સંપાદ કરતો હતો. તેમ એમની સાથે પણ પહેલાની ઓળખાણ હતી, સદાએ રોકડ તથા ભેટ મોકલતો હતો અને આશીરવાદ માગતો કે, પ્રભુ કને મારી ગુજરાતની બાદશાહત થવાનો આશીરવાદ માંગો. આ મારી આશા પુરી થયા પછી તમારી દરગાહ અને સેવકોના ખરચ માટે ગંજબક્ષ સાહેબના વજીફા પ્રમાણે ત્રણ કરોડ ટંકા ગુજરાતીનો ઠરાવ કરીશ અને પાંચસો સોનાના ટંકા ભારે તોલના ભેટ દાખલ સેવામાં મોકલી દીધા.

સુલ્તાન અહમદના દીકરા સુલ્તાન મુહમ્મદને કેટલાક લોકોએ ખબર કરી કે, શેખ કમાલ ફકીર ડીંગો હાંકે છે અને કુંવારા રહી એકાતવાસમાં ભક્તિનો વેશ બતાવે છે અને મણેક મોતી અને નાણાના મોહી છે કે, સુલ્તાન મહમુદ ખિલ્જીએ જે સોનું મોકલ્યું છે તેને કુરાન કવરમાં રાખે છે. એ વાતની પુછપરછ કરતાં ખરી સાબીતી મળી અને તે

નાણા સુલ્તાન મહમ્મદે ખુંચાવી લીધા. આથી એ પીરનું મન ઘણું દુઃખ્યું અને અહોનિશ પ્રભુ વિનંતી કરી એવું માગતા કે સુલ્તાન મુહમ્મદ રવાને થઈ જાય અને તેની જગાએ સુલ્તાન મહમુદ કાયમ થાય અને સુલ્તાન મહમુદને લખ્યું કે, ગુજરાત તરફ રવાના થાઓ. તે એંશી હજાર સવારોની સાથે ગુજરાત જીતવા બહાર પડયો. તે ઈતિહાસ જે પ્રમાણે કહે છે તે કામની બાબતમાં એવું બન્યું કે, અમીરોએ સુલ્તાન મુહમ્મદને પદભ્રષ્ટ કર્યો અને તેના પુત્ર સુલ્તાન કુતબુદ્દીનનો રાજયભિષેક કર્યો.

જયારે સુલ્તાન મહમુદના આવવાની તથા તેના મોટીસંખ્યાના લશ્કરની વખતે વખતે ખબર આવવા લગી. તે વખતે સુલ્તાન કુતબુદ્દીન, હઝરત બુરહાનુદ્દીન કુતેબઆલમની સેવામાં હાજર થઈ એમનો મુરીદ થયો અને અરજ કરી કે, આ દેશની બાદશાહત આપના બુઝુરગોની કૃપાથી અપાયલી છે અને મહમુદ ખીલજી આ દેશ ઉપર ચઢી આવ્યો છે તે વાત હાલ પસરાઈ ગઈ છે. હું આશા રાખું છું કે, તેનું તોફાન સહેલથી આપની કૃપા દ્રષ્ટિના લીધે મટી જઈ દુર થશે. તેમણે ઉત્તર આપ્યો કે, તમે નિરાંત રાખો. પ્રભુ મોટો શક્તિમાન છે પરંતુ દરવેશ ફકીરને દુઃખ દેવાથી આ બનાવ બનેલો જણાય છે અને તે તમારા પિતાજીના વગર વિચારના કૃત્યથી એની ઉત્પતિ છે એનું ઔષધ પણ કરવામાં આવશે. અને ફરમાવ્યું કે, કોઈ શેખ કમાલ પાસે જઈ માફી માગી આવો.

હાજર રહેલા લોકોએ કહ્યું કે, આ કામના વાસ્તે શાહમંઝન એટલે શાહઆલમ સિવાય બીજો કોઈપણ યોગ્ય પુરૂષ નથી. ત્યારે એ બોલ્યા કે, ખરી વાત. તેમને જોઈ બોલ્યા, કે ભાઈ તમે જાઓ, એમને મારો આશીર્વાદ કહો અને માફી માગીને કહેજો કે, બાપના ગુન્હાની દીકરાને શિક્ષા થતી નથી. કેમકે પ્રભુએ કુરાનમાં કહ્યું છે કે, એકનો ભાર બીજો ઉચકી શકતો નથી. માટે સુલ્તાન મહમુદને લખો કે, સલાહ કરી પાછો ફરે. બાપની આજ્ઞા પ્રમાણે શાહેઆલમ સાહેબ પીર કમાલ પાસે આવી સંદેશો કહ્યો. એમણે કબુલ કર્યું નહી, તેમણે પાછા ફરી આવીને પિતાજીને અરજ કરી. તેમણે ફરીથી એમની સેવામાં મોકલ્યા. એવી રીતે ત્રણવાર નમ્રતા પૂર્વક વિનંતિનું કામ પુરૂ થયું.

છેલ્લી વખતે શેખ કમાલને રીસ ચઢી ગઈ અને કઠણ શબ્દો વાપરવા લાગ્યા અને કહ્યું કે, સાત વરસ સુધી, ભક્તિ કરી ખુદાની પાસે અરજ કરેલી કે, ગુજરાતનું રાજ મહમુદ ખીલજીને મળે અને તે પ્રમાણે મેં તેને અપાવ્યું. હવે હમણાં જેના બાપે મારા ઉપર જુલમ કરેલો તેના દીકરાને ગુજરાતનો બાદશાહ બનાવી રાખવો અને ફકીર દરવેશના દોસ્ત મહમુદ ખીલજીની આશા પુરી થયા સિવાય પાછો કાઢું એતો થઈ શકતું નથી. અને હે સૈયદ પુત્ર ! મીયાં બુરહાનુદ્દીનને આશીર્વાદ પહોંચાડી કહો કે, કમાનમાંથી તીર નીકળી ગયું છે હવે તે પાછું કમાનમાં આવે એ અશક્ય છે. શાહેઆલમ સાહેબ હસીને બોલ્યા.

કવિત :- ખુદાએ ઓલીઆઓને એવી સત્તા આપી છે કે, છુટેલા તીરને પાછો લાવી મૂકે.

આ સાંભળી પીર કમાલને રીસ ચઢી અને કહેવા લાગ્યા કે, આ બાળકનો ખેલ નથી. માટે 'લોહે-મેહફુઝ' (ખુદાની પાટી-સ્લેટ)ઉપર નજર નાખી જુઓ કે, ગુર્જર દેશ ટાંક (રાજપુત) બાદશાહોના હાથમાંથી નીકળી જઈ મહમુદ ખીલજી નામ ઉપર કાયમ થયો છે. અને હાથ ઉંચો કરી મુઠી મારી એક કાગળ હાથમાં લાવીને શાહેઆલમ સાહેબને આપ્યો અને કહ્યું કે, ગુર્જર દેશના રાજનું આ ફરમાન છે. એમાં મહમુદ ખીલજીના નામ ઉપર રાજ લખેલું છે. હવે એ બાબતમાં વધારે ગડબડથી કંઈ લાભ થશે નહિ. હવે પાછા ફરી જાઓ અને તમારા પિતાશ્રીને તેની ખબર કરો. એ સાંભળી હાશમી લોહી ગરમાઈ ગયું, તરતજ તે કાગળના કકડે કકડા કરી નાખ્યા અને કહેવા લાગ્યા કે, વિધાતરા ભવનનું આ લખાણ કુતબેઆલમ સાહેબની સલાહ સિવાય કબુલ મંજુર નથી.

આ વખતે પીર કમાલ પરિણામ જોઈને બેહોશ થઈ જઈ, કહેવા લાગ્યા કે, હે સૈયદ પુત્રે જોર કર્યું, એટલુંજ કહીને સંસારમાથી પરવારી ગયા. આ બનાવ હી. ૮૫૫ માં બન્યો જ્યારે કુતબે આલમ સાહેબને એ ખબર થઈ ત્યારે બોલ્યા કે, મીયાં મંઝલે તાકીદ કરી એમાં જરા ઢીલ કરવી હતી. સુલ્તાન મહમુદ ખીલજીની છેવટની કારકીર્દી વિસ્તારથી તે ઈતિહાસમાં વર્ણવેલી છે. ખુદા તે ભેદ જાણે.

શેખ કમાલ કીરાની (કિરમાની)

એક દિવસે કુત્બે આલમ સાહેબ આ શેખ કમાલને મળવા ગયા હતા, આપ કાળા મણકાની તસબી ફેરવતા હતા. તે જોઈ શેખ કમાલે કહ્યું કે, તસબીના કાળા મણકા ફકીરોના વારસામાં છે ત્યારે તેમણે કહ્યું કે, કોઈ માણસે મોટા ગણી રાખ્યા હોય તેના વિશે શું કહો છો. શેખ કમાલે માથા ઉપર બેઉ હાથ મારીને કહ્યું કે, કમાલની શી મગદુર છે કે, તમારા વારસાની ફકીરીની વાત પોતાની જીભે ઉચ્ચારે, પરંતુ આ વાણા રાખવાનું આ જાહેર ફકીરોની ફકીરીની એક નિશાની છે તેથીજ મેં મર્યાદા વિના વાત કરી તેની માફી ચાહું છું. કુતબે આલમ સાહેબે તસબી મુકી દીધી અને શેખ કમાલે પણ પોતાની તસબી સામી મુકી. શેખની તસબી મુંગાની હતી. હવે બેઉના મણકા મેળવી દઈને કાળા રાતા મણકાની તસબીઓ બનાવી. એક કુતબેઆલમ સાહેબે લીધી અને એક શેખ કમાલે. શેખ કમાલ મુરીદ તથા ખલીફા સૈયદ નેમતુલ્લા વલીના હતા અને તે શેખ અબ્દુલ્લાહ યાફઈ યમની અલ-મતુફીના મુરીદ તથા ખલીફા છે. એમની કબર બહેરામપુરમાં છે. (આ ચાર અહમદ અને બારા બાવાઓની સંપૂર્ણ માહિતી માટે વાંચો "અહમદઆબાદના રૂહાની સ્થાપકો" જેમાં માહિતી સાથે એમના મઝારશરીફના ફોટાઓ પણ છે.)

શેખ સિરાજ

સૈયદ જાફર બદરે આલમે સદ હીકાયતે શાહી (શાહે આલમની સો વાર્તાઓ) લખી છે તેમાં આ પ્રમાણે તેની હકીકત વર્ણન કરવામાં આવી છે. એક દિવસે શાહે આલમ સાહેબે શેખ સિરાજને ફરમાવ્યુ કે, એક દહાડે સુલ્તાન મહમૂદ બેગડાને આત્મશોધનમાં તારી જરૂર પડશે. અને તે પ્રેમના રોગની દવા તમારાથી થશે તે વખતે તમારે આના કાની કરવી નહિ. અને એની આશા પ્રમાણે કામ કરી આપજો.

શેખ સિરાજે પોતાની ભક્તિ, વૈધકના પહેરવેશમાં સંતાડી હતી. **એ કુતબે આલમ સાહેબના મુરીદ હતા અને કુતબેઆલમ સાહેબના ખલીફા મઝુરીમાં કબરવાળા શેખ અલી ખતીબથી શિક્ષા મેળવેલી હતી.**

એક કાળ વિત્યા પછી સુલ્તાનને આત્મશોધનનો રોગ પેદા થયો અને શાહેઆલમ સાહેબે તેની સીફારસ હકીમ સિરાજને કરેલી હતી તે સાંભરી આવી, તેથી તેમને શોધવા માંડયા. હવે એતો વૈધકનું કામ કરતા હતા. તેથી એમને શોધી કાઢવાનું બનતું નહોતું. એથી એમનું મન ઘણું ઉચાટમાં રહેતું હતું. પછી બાદશાહના ખીજમતગારોમાંથી કોઈ માંદો પડયો અને ઔષધ કરવાને શહેરના વૈધોને બોલાવ્યા. પણ કોઈથી ફાયદો થયો નહિ. પછી તેના માણસો હકીમ સીરાજને લઈ ગયા. તેના ઈલાજથી તે સાજો થઈ બાદશાહને સલામ કરવા ગયો, હકીમે તેને એકાંતમાં કહેલું કે, જો સુલ્તાન પૂછે કે, તારૂં ઓસડ કોણે કર્યુ તો તે વખતે કહેજે અને મારૂં નામ બતાવજે પણ તે એકાંતમાં કહેજે. એ હકીમ તેજ છે કે જેની શાહેઆલમ સાહેબે આપને સીફારસ કરી હતી. અને જો સુલ્તાન મને મળવાનું કહે તો કહેજે કે, મને બોલાવી વૈધોમાં નોકર રાખે અને વૈધોને જે પ્રમાણે સલુકાઈ કરતા હોય તે પ્રમાણે મારી પણ કરવી. જો આત્માના ઈલાજની ખુશી હોય તો મને કોઈ વખતે એકાંતે બોલાવતા રહેવું. શાહે આલમ સાહેબના હુકમ પ્રમાણે મતલબની વાત આવી મળશે.

ટુંકમાં જયારે ખીજમતગારની મારફતે સુલ્તાનની સલામ થઈ ત્યારે સુલ્તાને બીમારીની હકીકત અને તેનું ઔષધ પૂછયું. તેણે સઘળી હકીકત માંડીને કહી બતાવી. કેટલાક દહાડા પછી એકાંતમાં બોલાવ્યા. અને તેમના પગ ઉપર મસ્તક મુકી દઈ ઘણું રડવા લાગ્યા અને પોતાની હકીકત જાહેર કરી. હકીમે પૂછયું કે, ખુદાઈ પ્રેમ તમને કેટલો છે ? બાદશાહે જવાબ દીધો કે, હરિ ઉપકારથી મને એટલો પ્રેમ છે કે, આ મારા બાપદાદાની ચાલતી આવેલી બાદશાહતનો હું બાદશાહ છતાં બજારમાં લુગડું અને રોટલા વિગેરેની ભીક્ષા માગવાને હું લાંછનનું કામ ન જાણું ને એમ કરૂં, જો એજ રસ્તે ખુદા મળતો હોય તો ચુકું નહી અને બજારના લોકો મને ઈટાલા મારે અને કાંકરા ફેંકે અને જે ખુદાઈ પ્રેમ તમને પ્રાપ્ત છે તેના દશમાંથી દશમાં ભાગનો મને મળે તો તે આ રાજ કરતાં અને ખરૂં પુછો તો આખા જગતના રાજ કરતાં વધારે સારૂં છે. ત્યારે હકીમે કહ્યું કે, પરમેશ્વરનો પાડ માનો અને હવે રાજ ત્યાગની

જરૂર નથી અને બાદશાહને આત્માનો રસ્તો દેખાડી શિક્ષા આપવા લાગ્યો અને તેની આશા પુરી કરી. રબીઉલ અવ્વલ માસની છઠી તારીખે શેખ સિરાજનો ઉરસ થાય છે. મીરાતે સીકંદરીમાં સુલ્તાન મહમુદ બેગડાને બોધ આપવાનું કામ અંતરથી વર્ણન કરેલું છે.

શેખ પીર

અહમદઆબાદની બહાર અહમદપુરમાં એમની કબર છે. એ શેખ મુહમ્મદ ગૌસ સત્તારીના મુરીદ તથા ખલીફા છે. એમના મુરીદ મહમુદ કશમીરીના દીકરા શેખ ફત્હુલ્લાહએ એક પુસ્તક એમના ચરિત્રનું લખેલું છે. તે પરથી જણાય છે કે, શેખ પીર, શેખ જલાલના દીકરા અને શેખ જલાલ, શેખ જાફર ચિશ્તીના દીકરા છે. એમનું વતન ચાંપાનેર છે અને શેખ પીર પોતાના ઘેરથી નીકળી આવેલા અને ઘણી મુસાફરીઓ કરેલી અને મક્કે હજ પઢેલા અને ઘણા લાભો મેળવેલા. એમના પિતા તથા વડીલે શીખામણ દીધી હતી કે, જેટલો વખત મળે તેટલો વખત કુરાન વાંચવામાં વાપરવો એન પાણીથી વઝુ અથવા માટીથી તયમ્મુમ કરતા રહેવું. મહાન પુરૂષોએ લાભ આજ સુધી મેળવેલા છે તે કુરાનથીજ મેળવેલા છે. અને **શેખ શાહબુદ્દીન સુહરવરદીએ** આ કામની ઘણી તાકીદ કરેલી. શેખ પીર એમના પીર સાથે અહમદઆબાદ આવેલા, અહીં ગ્રહસ્થાશ્રમ કરેલો અને અહીંજ મળી ગયા. **શેખ સૈફુલ્લા વિગેરે એમની ઔલાદના માણસો શુધ્ધ આચરણના હતા.**

મૌલાના સદરજહાં

એમની કબર નુરગંજમાં છે. એવું કહે છેકે, **મીયાં મખદુમ, મૌલાના સદરજહાંની** પાસે દરરોજ જતા હતા અને જે વખતે શાહેઆલમ સાહેબની કંઈ હકીકત એમના સામે કહેવામાં આવતી ત્યારે બેઅદબ બની ઈનકાર કરતા હતા અને મીયાં મખદુમે એવું નિશ્ચય કરેલું કે એમની પાસે હું કદી નહિં જાઉં.

જ્યારે શાહેઆલમ સાહેબની સેવામાં આવ્યા ત્યારે હસીને તેમણે કહ્યું કે આજ મૌલાનાની પાસે જઈ પાઠ કર્યો છે ? તેમણે કહ્યું કે,

હાજી, તે વખતે શાહેઆલમ સાહેબે કહ્યું કે કદીએ મૌલાનાની સોબતનો ત્યાગ કરવો નહિં. એમની સોબતમાં ઘણો લાભ છે અને આ વખતે તે ઘણો કિંમતી પુરૂષ છે. આવો જ્યારે દરરોજ હુકમ થતો ત્યારે મિયાં મખદુમ લાચાર થઈ મૌલાનાની પાસે જતાં. આ વાત વારંવાર બનતી. એક દિવસે મૌલાનાએ શાહેઆલમ સાહેબની ઘણી નીંદા કરી તે સાંભળી મિયાં મખદુમ રોઈ પડ્યા. તે રડવાનું કારણ મૌલાનાએ પૂછયું, ત્યારે મખદુમે કહ્યું કે, મને તમારા વાસ્તે રડવું આવે છે. એમણે પૂછયું કેમ ? ત્યારે કહ્યું કે, ખરી વંશાવળીના સૈયદ, કૃત્ય, ચાલચલણ, અને પવિત્રતાઈમાં પયગમ્બર સાહેબ સમાન તમારા વખતમાં અને તમારા શહેરમાં છે છતાં તમે તેમની સેવાનો લાભ લેતા **નથી**. એટલું જ નહિ પણ એમની નિંદા કરવામાં ચૂકતા નથી. ત્યારે **મૌલાનાએ** વિચાર કરીને કહ્યું કે, જો તમારા પીર મારી સાથે ચાર શરતો કરે તો હું મળવાને આવું. પ્રથમ તે રેશમી લુગડા પહેરે છે જ્યારે હું આવું છું ત્યારે પયગમ્બર સાહેબના જેવા લુગડા પહેરે. પાથરણા કસબી હોય છે જે દિવસે હું આવું તે દિવસે તેવો નહિં હોવા જોઈએ. મિયાં મખદુમે કહ્યું કે, એમનો પહેરવેશ અને ભોંય પાથરણા શરેહ પ્રમાણે જ હોય છે અને જે પહેરવેશથી ઘરમાં બેસે છે તેજ વસ્ત્રે બહાર આવે છે અને બહાર આવ્યા પછી ખુદા, ચાહે તેવા ખેલ કરે છે. તે પ્રમાણે લોકોને હીરગળી લુગડા નજરે આવે છે. મૌલાનાએ કહ્યું કે મારી સાથે વિદ્યાપૂર્વક વાત કરે અને એવી વાત ન કરે કે, ખરા ઈમાનવાળામાં કોઈ પ્રકારે તકરાર ઉત્પન્ન કરે. દરેક માણસને જતી વતે કંઈ નાણું આપે છે તે મને આપે નહિં. કેમ કે એ મહેનત કરીને પૈસા લાવતા નથી. એ લોકોથી વસુલ કરેલા નાણાં હોવા જોઈએ અને તે માલ હલાલ નથી. જો એ ચાર શરતો કબૂલ કરે તો હું આવું છું. મખદુમે કહ્યું કે પ્રભુનું નામ લઈ ચાલો જઈએ. હવે એમાં વાર કરવી ઠીક નથી. મૌલાનાએ કહ્યું પહેલાં તમે જઈ એમની ખબર કરો. જો કબૂલ કરે તો આવુ છું. મખદુમે કહ્યું કે, તમે જે શરતો અહીં કહી બતાવી તે પરમેશ્વરે એમને જણાવી દીધી. સંદેશો કહાવવાની જરૂર નથી. મૌલાનાએ કહ્યું, ઓ પરમેશ્વર તમારી તેમની ઉપર એટલી બધી આસ્તા છે.

ટુંકમાં મૌલાના અને મિયાં મખદુમ સવાર થઈ શહેરમાંથી રસુલાબાદ આવ્યા તો મૌલાનાએ કહ્યું કે, તમે જઈને ખબર કરો. મખદુમે કહ્યું કે, જો હું જઈશ તો તમને શંકા ઉત્પન્ન થશે કે, મેં જઈને એમને ચેતવી દીધા હશે. દરવાનને કહ્યું કે, ખબર કર, દરવાને ખબર કરી અને ઉત્તર મળ્યો કે, દીવાનખાનામાં બેસો. જ્યારે દીવાનખાનામાં આવ્યા તો જોયું કે સાદડી પાથરેલી છે તે ખજુરીની વણેલી છે. મૌલાનાએ મખદુમને કહ્યું કે, એ તો ઠીક થયું, મખદુમે કહ્યું કે ખુદા ચાહે તો બધું ઠીક થશે. થોડીક વાર પછી શાહેઆલમ સાહેબ આવ્યા. મૌલાના તેમને જઈ ભેટ્યા. ત્યારે જોયું કે એક લુંગીનું પોતીયું પહેરેલું છે, કામળ ઓઢેલી છે અને પાઘડી પણ કામળની માથે મૂકી છે. મૌલાનાએ ઈસારો કરી કહ્યું કે, એ ઠીક થયા. શાહેઆલમ સાહેબે કહ્યું કે, ફરિસ્તા (દૂતો)ના પણ દર્શન થશે કે નહિ ? મૌલાનાએ કહ્યું કે, ના ત્યારે શાહેઆલમ કુરાનની આયાત (શ્લોક) બોલ્યા. જે કોઈ માણસ ખુદાના દર્શન કરવા ઈચ્છતો હોય તેણે સુકૃત્ય કરવા જોઈએ ને ખુદાના દર્શન કરવા જોઈએ ને ખુદાઈ સેવામાં બીજાને ભાગીદાર બનાવવો નહિં, એ સાધારણ આજ્ઞા છે. હવે કહો કેમ નહિ થાય ? મૌલાનાએ કહ્યું કે, ફરિસ્તાઓ સુક્ષ્મ શરીરે છે એમનાથી પ્રકાશ સહન થઈ શકે નહિં. માણસ માટી વિગેરેનું તત્ત્વ ધરાવે છે તેથી સહન કરી શકે તે અને એમ તો પ્રભુ સત્તાવાળો છે કોઈ બીજા સાધન ઉભા કરી ફરિસ્તાને પણ દર્શન દે. મૌલાનાએ કહ્યું કે, અમે આધાર લઈ એ આસ્તા બાંધનાર છીએ અને એ વિશે કંઈ આધાર નથી. પણ કેટલાક કહે છે કે જીબ્રીલ ફરિસ્તાને દર્શન મળશે. કેમ કે કામળીમાં દાખલ થયા હતા. ત્યારે શાહે આલમે કહ્યું કે કેમ વર્ણન થએલું નથી. **ઈમામ ફકરૂદીન રાઝી** પોતાના પુસ્તક ઈસબાત રોયત દર્શન સત્યતામાં કહે છે કે, જીબ્રીલને દર્શન થશે. તેમજ મીકાઈલ, ઈસરાફીલ અને ઈઝરાયેલને તથા અરશ ઉંચકનારા અને સઘળા ફરિસ્તાને થશે. એ પુસ્તક મંગાવી ખરૂં દેખાડી આપ્યું. હમણાં સુધી એ વિષય ઉપર મારી નજર ગઈ નથી. પછી શાહેઆલમ સાહેબે કહ્યું કે, કુરાનમાં ફરમાવેલું છે કે, "જો પ્રભુ ભોંય ઉપર ખોરાકી વિશાળ કરે માણસોને વાસ્તે તો તે હુલ્લડવાળા બને છે

અને અમે જોઈએ છીએ કે સુલેમાન, યુસુફ અને સિકંદરને ખોરાકી પુષ્કળ મળી હતી. તે તુફાની નહોતા એતો પ્રભુના ખરા ચાકર હતા. તો તોફાની અને પુષ્કળતાનો શો સંબંધ રહ્યો. મૌલાનાએ જવાબ દીધો. ત્યારે શાહેઆલમ સાહેબે કહ્યું કે, આ જવાબ ફલાણી તફસીરમાં લખેલો છે. હું તે વિષે વાંધો લઉં છું. મૌલાનાએ તે વાંધાનો ઉત્તર દીધો નહિ અને સવાલથી જુદોજ ઉત્તર દીધો. તે પણ શાહેઆલમ સાહેબે કોઈ તફસીરમાં છે એમ સાબીત કર્યું અને તેને રદ કરી દીધો. તે અહીં સુધી કે, મૌલાનાએ દશ જવાબ દીધા. તે બધી ટીકાઓમાંના હતા તે કહી સંભળાવી રદ કર્યા. મૌલાના થાકી ગયા. અને શાહેઆલમથી તે સાંભળવાની વિનંતી કરી.

શાહેઆલમ સાહેબે ફરમાવ્યું કે, અરબી પુસ્તકોમાં ઠરાવેલું છે કે, જ્યારે ક્રિયાપદને કર્મની સાથે વર્ણન કરવામાં આવે છે ત્યારે ક્રિયાપદ કર્તા થઈ જાય છે. જેમકે, "બનલ અમીરો મદીનતન." જ્યારે એમ કહેવાય કે, મોટા મદીનાની બીના અમીરથી છે તેમ અહીં બસ્તતન બસતમાં અને ખસતન ફરમાવેલું નથી. પરંતુ બસ્તલ્લા ફરમાવ્યું છે તેથી બસ્તા પ્રભુની સત્તામાં હોય તેને બગીની જરૂર છે અને તે હોવું દુરસ્ત છે. કેમકે બસ્ત પોતે હમણાં સુધી બનેલું નથી. જો અઢાર હજાર પ્રાણીઓના ઠેકાણે સીતેર કરોડ પ્રાણીઓ કોઈને આપે તો એ તેની સત્તાના પ્રમાણમાં તે કંઈ લેખામાં નથી. મૌલાનાએ વખાણ કરીને કહ્યું કે, આપ પ્રભુ જ્ઞાન વિદ્યા વર્ણન કરો છો. શાહેઆલમે કહ્યું કે, તમે એક શબ્દથી પ્રભુજ્ઞાનનો ભાર મારી ઉપર શા વાસ્તે મૂકો છો. અને હાથ મારીને દેખાડ્યું કે, વાંચતી વખતે ઓશીકા પછવાડે નારંગીઓ બારણા પછવાડે મુકેલી હતી. તેની ઉપર રૂ લપેટેલું હતું. એ નારંગીઓને ચુમીને મૌલાના રવાના થઈ ગયા અને જ્યારે ઉમરા આગળ પહોંચ્યા ત્યારે તેમની મુઠીમાં સમાય એટલા નાણા બાંધેલા છે. મીયાં મખદુમ તરફ જોઈને કહ્યું કે, ત્રણ શરતો તો અમલમાં આવી અને આ ચોથી શરત અમલમાં ન આવી. તમે આ નાણા લઈને પાછા લઈ જાઓ. મીયાં મખદુમે કહ્યું કે, મહેરબાની કરીને હવે પછી પરિક્ષા કરશો નહિં બેઅદબી મુકી દો અને નાણા કબુલ કરો. મૌલાનાએ કહ્યું કે, આ બની શકતું નથી, નાણા તો પાછાજ લઈ જાઓ. મીયાં મખદુમે કહ્યું કે, જવાબ આવતા સુધી તમારે વાટ જોવી. મૌલાના

ઉમરા ઉપર બેશી ગયા અને મીયાં મખદુમે હકીકત અરજ કરી. શાહેઆલમ સાહેબે ફરમાવ્યું કે, મૌલાનાને કહો કે, તમે શહેરના વિદ્વાન તથા ધર્મી પુરૂષ છો. જો મને ધર્મશાસ્ત્ર વિશે કંઈ પૂછવું હોય તો હું તમારાથી પૂછું. હવે તમે પોતેજ ઈન્સાફ કરીને કહો કે, એ રકમ મેં તમને આપી છે ? અથવા કોઈ મારા માણસે તમને આપી છે ? અથવા તમે મારા ઘરમાંથી ઉઠાવી લીધી છે ? એમ બન્યું હોય તો મને એ વિશે કહેવું યોગ્ય છે જો એમ બન્યું નથી તો મને પૂછવાની શી જરૂર છે ! આ નાણા તો જગકર્તાના છે કે, જેણે ખાણો ઉત્પન્ન કરી છે અને તેમજ તમારી ચાદરના પાલવમાં પેદા કરી દીધા છે ત્યારે તમારે તે લેવું ઠીક છે. જો તમે તમારો માલ મને બખ્શીશ આપો તો મને લેવાને અડચણ નથી. મીયાં મખદુમે મૌલાનાની આગળ તે સંદેશો પહોંચાડી દીધા. મૌલાનાએ તે રકમ લીધી અને કહ્યું કે, તમારા પીર જેમ ઈશ્વર જ્ઞાનમાં સંપૂર્ણ છે તેમજ ધર્મ શાસ્ત્રમાં પણ પરિપૂર્ણ છે. મૌલાનાએ ત્યાર પછી એમની સેવામાં આવવાનું ચાલુ કર્યું અને તેના શુભ લાભો લેવા માંડ્યા.

કવિત :- માશુકની શેરીની ઉડતી રજથી શુદ્ધતાના વસ્ત્ર ખંખેરી નાખ્યા. મને એની ખબર નહોતી કે મારે પોતાને એક દિવસે સુરમા દાખલ તે વાપરવી પડશે.

મૌલાના ઈમાદુદીન તારમી (એમનું નામ મુહમ્મદ છે)

એમના પિતા શીરાઝ (ઈરાન) પાસે તારમ ગામના વહેપારી હતા ત્યાંથી કસબી, જવેરાત, જડેલો તથા મોતી ટાંકેલો તંબુ તૈયાર કરી હિંદુસ્તાનમાં આવ્યા. હિંદુસ્તાનના બાદશાહે આ તંબુની ખરીદી કરી નહિ અને તે પાછો આપ્યો. ત્યાંથી ઝંખવાણા પડીને અહમદઆબાદ આવ્યા. જ્યારે શાહેઆલમ સાહેબની સેવામાં આવી પહોંચ્યા ત્યારે એમની હકીકત સાંભળી તે તંબુ મંગાવ્યો અને એક લાખ રૂપિયાના વાસ્તે વેચાતો લીધો અને પછી લુટાવી દીધો અને ઈરાની સિક્કાના નાણા પોતાના બેસવાના ગલીચા નીચેથી અપાવ્યા. જ્યારે તે વહેપારી પોતાની કીંમતના સઘળા નાણા ઈરાની સીક્કા લઈને શાહેઆલમ સાહેબની સેવામાં આવ્યો. અને અરજ કરી કે આપની કૃપાથી દુનિયાની કોઈ પણ હોંશ મારા મનમાં

રહી નથી. પણ એકજ આશા છે કે હું વૃદ્ધ થયો છું અને મારે સંતાન નથી. આપ ધ્યાન આપો તો મારે પુત્ર થાય. ત્યારે એમણે જવાબ દીધો કે, પ્રભુ તને પુત્ર આપશે અને ધર્મનો થાંભલો થશે, મારા નામે એને નામ આપજે અને તેને વિદાય કર્યા. જ્યારે આ માણસ પોતાના શીરાઝ દેશમા ગયો તો પ્રભુએ તેને પુત્ર આપ્યો. **ત્યારે શાહેઆલમ સાહેબના હુકમ પ્રમાણે મુહમ્મદ નામ અને ઈમાદુદીન ઉપનામ આપવામાં આવ્યું.**

ઈમાદુદીન મુહમ્મદ મોટો થયો, તેણે વિદ્વતા ઘણી મેળવી અને જગત પ્રસિદ્ધ થયો. તેણે સાંભળ્યું હતું કે, મારે જન્મવાનું કારણ શાહેઆલમ સાહેબનો આશીરવાદ છે. તેથી ગુજરાતમાં આવ્યો અને **મલિક કુતુબુદીન એમના મોટા ખલીફાનો મુરીદ બન્યો.** વપરાતી સંસાર સંબંધી વિદ્યાઓમાં શ્રૃષ્ટિમાં જોડ રહીત હતો. તે આત્મવિદ્યામાં પણ સંપૂર્ણ થયો અને લોકોને બોધ તથા જ્ઞાન આપવા લાગ્યો **એમના શાગીરદોમાંના શાહ વજીહુદ્દીન અલવી છે.** તેમનો જમાદીઉલ અવ્વલ માસની બીજી તારીખે ઉરસ થાય છે.

મૌલાના અહમદ બીન સુલેમાન કુર્દી

કુર્દીસ્તાન એમની જન્મભૂમી છે, **એમના પિતા મૌલાના સુલેમાન** છે, તે અહમદઆબાદ આવ્યા. તેમણે **શેખ અબદુલ હક્ક દીલ્લીવાળાની પાસે વિદ્યાભ્યાસ કરેલો** અને મહા પંડિત બનેલા. **એમણે પુસ્તકો ઘણા રચ્યા છે.** દુનિયામાં એ પુરા નામાંકિત થયા હતા. સઘળી વિદ્યાઓનું તેમને જ્ઞાન હતું. શાસ્ત્રત્વ અને તર્ક તથા વેદાંતમાં પુરા માહિતગાર હતા. ઘણી ખરી ભાષાઓમાં એમના રચેલા પુસ્તકો છે. અને તર્ક વિગેરે વિદ્યાઓ આ દેશમાં એમનાજ લીધે પસરાઈ. એમના રચેલ પુસ્તકો પૈકી એક (ફયુઝુલકુદસ) છે તે શુદ્ધ ભાષામાં લખેલું છે અને તેમણે પ્રભુ પ્રેરણા મૌલાના શરીફ પાસેથી મેળવેલી. **શરેહ મુવાફીક અને અક્કલી વિદ્યાઓ વલી મુહમ્મદખાન** પાસેથી, યોગ તથા **વેદાંત અને કુરાન વાંચન વિદ્યાઓ મીયાં શેખ ફરીદથી, ગણીત શાસ્ત્ર શાહ કુબાદથી જેમનું નામ દિયાનતખાં હતું. હદીસ અને બીજી કેટલીક વિદ્યાઓ પોતાના પિતા મૌલાના સુલેમાન પાસેથી શીખેલી.** તારીખ ૨૧ માહે

જમાદીઉસ્સાની પાછલા પહોરે સોમવારે ગુજરી ગયેલા. **મૌલાના નુરૂદ્દીન એમના મોટા શાગરીદ હતા,** તેમણે આવી રીતે એમનું મૃત્યું વરસ કાઢ્યું છે. ''શમએ કે બુદ અંજુમને ઈલમ ગુમ શુદહ'' જે દીપક હતો તે વિદ્યાની સભામાંથી ગુમ થયો. **મુસા સુહાગ સાહેબની દરગાહથી આથમણી દિશાએ મસજીદ પાછળ મૌલાના અહમદ તથા મૌલાના સુલેમાનની કબરો છે. (આપની અવલાદ આજે પણ કુતીયાણા જે જૂનાગઢની પાસે છે ત્યાં મોજૂદ છે. એક મોટો મદ્રસો અહિંયા હતો, જે ઘણાં સમયથી બંધ છે).**

મીયાં ખૂબ મુહમ્મદ ચિશ્તી

આ એક દરવેશ સંપૂર્ણ જ્ઞાની શાયર અને વક્તા હતા. વેદાંતી પુરૂષ હતા. ''જામેજહાંજુમા'' નામના પુસ્તક ઉપર ટીકા લખી છે. **''અમવાજે ખુબી'' તથા ખુબ તરંગ પુસ્તક એમના શ્રૃષ્ટિમાં વખણાઈ ગયા છે.** હી. સને ૧૦૨૩ ના સવાલ માસની ચોવીશમી તારીખે ગુજરી ગયા. મૃત્યુ વરસ ''ખૂબ તહી'' માંથી નીકળે છે. **એમની કબર ફરહતુલ મુલ્કની મસજીદ જેને શાહ ખૂબની મસ્જિદ પણ કહેવામાં આવે છે. તેની બાજુમાં ખારૂના દરવાજાના મહોલ્લામાં ચૌટાની(ના નાકા) પાસે છે.**

સૈયદ તાજુદ્દીન

સૈયદ તાજુદ્દીન મખદુમ જહાંનીઆના ખલીફા છે. **એમની કબર મુહમ્મદ બેગની હવેલી પાસે મીરજાપુરમાં છે.** શવ્વાલ માસની બીજી તારીખે ઉરસ થાય છે.

શાહ મેહબુબ મસ્તાન

કાળુપુર દરવાજા બહાર એમની કબર છે શાબાન માસની ૧૮ તારીખે ઉરસ થાય છે.

મીયાં ખામાશાહ

શહેર અહમદઆબાદમાં કબર છે. તેમનો ઉરસ તા. ૧૪ જમાદીઉસ્સાનીના દહાડે થાય છે. **(ખમાસા પો.ચોકી પાસે એમનો મજાર છે અને ખામાસા ઈલાકો એમના નામે મશહુર છે).**

સૈયદ અબદુલ લતીફ રિસાલદાર

સરખેજના તળાવ ઉપર કબર છે. જમાદીઉલ અવ્વલની ઓગણત્રીશમી તારીખે ઉરસ થાય છે.

હાજી જમાલ

બહેરામપુરમાં કબર છે રજબની ૨૬ મી તારીખે ઉરસ થાય છે.

સૈયદ અબદુલ કરીમ શેર સ્વાર

(વાઘના સવાર) **આસ્ટોડીઆ દરવાજા બહાર કબર છે.** રજબ માસની ૩જી તારીખે ઉરસ થાય છે.

શેખ ઈસા

બહેરામપુરમાં કબર છે. શાબાનની ૨૨મી તારીખે ઉરસ થાય છે.

ગંજ શહીદ

અસાવલની પાસે છે. જમાદીઉસ્સાની માસની ૨૯ મીએ ઉરસ થાય છે.

પીર ગેબ

ગંજ શહીદ પાસે કબર છ રજબની ૧૯ મીએ ઉરસ થાય છે.

ગૌહર શહીદ

કાંકરીયા તળાવની પાસે એમની કબર છે.

સાલાર શહીદ

કંટોરીઆ તળાવની પાસે કબર છે રજબ માસની ૧૬મી તારીખે ઉરસ થાય છે.

મીરાં શાહ સઈદ શહીદ

ઈસનપુર (એનપુર)માં કબર છે. રજબની તા. ૨૫ મીએ ઉરસ થાય છે.

બાલાપીર

આસ્ટોડીયા અને રાયપુર દરવાજાની વચ્ચે કિલ્લાની દીવાલની નીચે શહરેની અંદર આપની કબર છે. રજ્જબ મહીનાની ૧૪મી તારીખે ઉરસ થાય છે.

સૈયદ પીર મુહમ્મદ શાહ સાહેબ

આ શહેરમાં આવી જામે મસજીદમાં રહેતા હતા અને અંતકાળ સુધી ત્યાંજ રહ્યા હતા. હમણાં પણ એમના મુરીદો ત્યાં રહે છે. **કાદરી સીલસીલામાં મુરીદ હતા અને મીયાં વજીહૂદ્દીનની તરફથી પણ એમને ખીલાફત મળેલી.** યોગ વેદાંત અને ક્રિયાના ધણી હતા. ઘણા લોકોને આત્મબોધ આપી તરબીઅત કરતા હતા. તે પરણેલા નહોતા, એકાંતવાસમાં દિવસો કાઢતા હતા અને કોઈ ઠેકાણે જતા આવતા નહોતા. યોગ (તસવ્વુફ) માં ઘણા ઉંચા મત ધરાવતા હતા. કોઈ કોઈ વખતે અડચણકારક ઉંચા વચનો ભેદની વાતો પણ કહી ઉઠતા હતા. જેમકે તે કહે છે કે,

કવિત :- હું પીર મુહમ્મદ છું, અને ખુદાની આંખ છું. ખુદાના સોગંદ ખાઈને કહું છું કે લોકોની આંખો કાણી થઈ ગઈ છે.

એ એમના વચન છે. ખુદા જાણે કે, એનાથી એમની શી મતલબ હશે. ઉઘાડી રીતે જોતાં ઘણાં વાંધા ભર્યા વચનો છે અથવા આ વચનોનો સાર હુંપણાના તત્વનો છે,

આ સૈયદ સાહેબના મુરીદો ઘણા વહોરાઓ થયા અને એમને પીર માનવાની આસ્તા રાખવા લાગ્યા. આ વખતે આખૂન અબદુલ અઝીઝનો દીકરો ઝૈનુલ આરેફીન પીરી મુરીદીનો ધંધો કરતો હતો. અને ઘણા વહોરાઓને મુરીદ કરતો હતો. એથી આ સૈયદ સાહેબ તથા તેમના મુરીદોને ઘણું માઠું લાગતું. આથી આ સૈયદ સાહેબના કેટલાક મુરીદો સૈયદ સાહેબની સલાહ લઈને ઝૈનુલ આરેફીનની ઘણી લાજ લઈ પકડી લાવી મુચરકા લીધા કે, હવે પછી કોઈને મુરીદ કરવો નહિ અને આ કામ કદી કરવું નહી. આ સાંભળી જવાંમર્દખાન બાબી ઘણો ગુસ્સે થયો અને પોતાના માણસ મોકલ્યા કે, સૈયદને પકડી લાવો. અને અહીં હાજર કરો. જો આ અમલદાર અધિકારી છે તો ભદ્રમાં બેસે. અનવરખાં બાબી સૈયદ સાહેબનો મુરીદ હતો. તેણે વિનંતી કરી માફી માંગી સૈયદ સાહેબને બોલાવાનું કામ બંધ રખાવ્યું.

પરંતુ આ બનાવ બન્યાથી સૈયદ સાહેબને લાજ અગ્નિ પ્રગટી

ઉઠી અને મનનું ગભરાવું અને બેચેની ઉત્પન્ન થઈ લોટવા લાગ્યા અને પાસા ફેરવવા લાગ્યા. સેવકો જોકે એના કાન અને શરીર ઉપર પાણી રેડતા હતા તોએ આ અગ્નિ ઓછી થતી નહોતી. ત્રણ ચાર દિવસ સુધી એવી પ્રકૃતિ રહી છેવટે જમાદીઉલ અવ્વલ માસની ૨૭ મી તારીખે હી. ૧૦૬૩ માં ખુદાની રહેમતમાં પહોંચી ગયા. **તો શહેરમાં સલાહુદીનખાનની હવેલી પાસે દફન થયા. (પાનકોરનાકા પાસે પીર મુહમ્મદ શાહ રોડ ઉપર)તેમના મુરીદોએ એમનો ઘુમટ, મસજીદ, બગીચો વગેરે ઈમારતો સારી બનાવી છે.** (આપ બીજાપુર (દક્કન)ના રહેવાસી હતા. ૯ (નવ) વરસની ઉંમરમાં મક્કા શરીફ જતા રહ્યા. ૨૦ (વીસ) વરસની ઉંમરમાં અહમદઆબાદ પાછા ફર્યા. ૪૦ (ચાલીસ) વરસ જુમ્મા મસ્જિદમાં રહ્યા. હિ.સ.૧૧૦૦માં આપનો જન્મ થયો. **સૈયદ અબ્દુર્રહમાન આપના ચાચાથી ખિલાફત અને ઈજાઝત મળી.** નાનપણમાં માતા-પિતાનો સાયો સર પરથી ઉઠી ગયો હતો. ચાચાએ પરવરીશ તાલીમ આપી. આપ હાફીઝે કુર્આન હતા. (કુર્આન મોઢે હતું) આપ ઉલુમે જાહિરી અને બાતિનીમાં કમાલ હાસિલ હતું. હિન્દી તથા ફારસીમાં આપે ઘણાં પુસ્તકો લખ્યા છે.

શેખ અલી રઝા સરહિંદી

સરહિંદથી આ શહેરમાં આવેલા અને જાથુના રહેવાશી થઈ પડેલા, **પોતાના વડીલોના નક્શબંદી ખાનદાનમાં મુરીદ હતા. ખીલાફત તથા આત્મજ્ઞાન મીયાં શેખ યહયા ચિશ્તીથી ચિશ્તી ખાનદાનમાં મેળવેલું.** રાગ સાંભળી બેભાન થનારા તથા તેના સ્વાદને પહોંચનાર હતા. રાગની મીજલસમાં ઘણી વખતે એ મસ્તાન થઈ જતા અને આંખોમાંથી લોહીના આંસુ જગદીશના પ્રેમમાં પડતા હતા અને બેશુદ્ધિમાં ઝુમતા હતા. તે આખી રાત જાગી ખુદાની સેવા કરતા હતા. દેખાતી સંસારી સારી હાલતને પુરે પુરી મુકી દીધી હતી. ફિરોઝ જંગની સાથે દક્ષિણથી આવેલા ઘણા ખરા અમીરો એમના મુરીદ તથા આજ્ઞાંકિત હતા. તે જીલકઅદ માસની ૨૧ મી તારીખે હી. સન ૧૧૪૨ માં ગુજરી ગયા. **ઝવેરીવાડ રીલીફ રોડની પાસે એમની કબર છે.**

એમના વડા પુત્ર મુહમ્મદશાહ, વિદ્યાર્થી અને સારા અક્ષર લખનારા હતા. તેમણે એમના ઉપર પત્થરનો ઘુમટ બનાવેલો છે એમની અવલાદની જાગીરમાં કોચરબ, સુઘલ તથા રણાસ ગામો અપાયેલા છે.

સૈયદ મુહમ્મદઅલી

યોગ વેદાંતી આત્માજ્ઞાની તત્વ ઓળખનાર, ગુપ્ત તથા પ્રગટ રટના કરનાર, શહેર અહમદઆબાદના વતની હતા. જુવાનીના વખતથીજ સંસારના ત્યાગી હતા. એકાંતમાં રહેતા હતા. **અફઝલખાં બિંબાનીની બનાવેલી મસ્જીદથી બહાર જમાલપુર દરવાજાના રસ્તા ઉપર રહેતા હતા. આ અફઝલખાન બીજા સુલ્તાન મહમુદનો વજીર હતો.** એમની મસજીદ આગળ રહી એક પ્રભુની સેવામાં ભક્તિ કરતા હતા અને પ્રભુ પ્રસન્નતા શોધતા હતા. મક્કા તથા મદીના ત્રણવાર હજ પઢવા ગયા હતા. હી. સન ૧૧૫૪ ના સફર માસની તારીખ ૭ મી રવીવારે રાત્રે તેઓનો કાળ થયો. **તેઓ તેજ મસ્જીદના ચોકમાં દટાયા. (જેને હાલ મુહમ્મદ અલીની મસ્જિદ કહે છે, જમાલપુર ચકલામાં રોડ ઉપર આવેલી છે)** ઉમ્મી કવિત નામ ધારણ કરનાર મીર હીસામુદ્દીને વરસ લખવામાં કેટલાક કવિત કહેલા છે.

કવિત :- પ્રભુ આદ્યરૂપના જ્ઞાનના મોજા મારતો સમુદ્ર અને ચળકતા દીલના પીર, આત્મશોધનાવાળાના પીર માનવંત સૈયદ ઈશ્વર ઓળખવાના જ્ઞાનનો પ્રકાશીત દીપક, ધર્મશાસ્ત્રીના આંખની દીપક કીક, દીલવાળાના પુજનીક અને ધર્મવાળાનું અભિમાન મુહમ્મદનીસાથે જો અલીને જોડી દો તો તમારા નાજુક ગુલાબી હોઠથી તેમનું પુરૂં નામ ઉચ્ચારાય.

તેઓ સફર માસમાં સાતમી તારીખ રવીવાર લગભગ મધ્ય રાતે આ નાશવંત સંસારમાંથી અવીનાશી ભવમાં જઈ વસ્યા. સરસ્વતીથી ઉમ્મી (કવી) એ એમનું મૃત્યુ વરસ માગ્યું. ત્યારે તેણીએ કહ્યું કે, પાંચવાર યા મુહમ્મદ યા અલી કહો.

ઈબ્રાહીમ શહીદ

નેનપુર બારા (નેનપુરા બાળા)ની પાસે ત્યાં જવાના કારણથી પ્રખ્યાત છે. રજબ માસની તા. ૨૬ મીએ ઉરસ છે.

શાહ અબ્બાસ

મંઝુરીમાં સુતેલા છે, પુસ્તકો રચનાર, યોગી વેદાંતી અને પરીપૂર્ણ માણસ હતા. **મશહદી રઝવી સૈયદ હતા.** હી.સને ૧૦૨૦ માં આ શહેરમાં આવેલા, પછી મકકે ગયા અને પાંચ વરસ ત્યાં રહી સને ૧૦૨૬ હી. માં **અહમદઆબાદ આવી સને ૧૦૬૩ હી. માં ગુજરી ગયા.**

કવિત :- સીન-વાવ-જીમ અલા અલફે હિજિરિઆ, હજાર હી. ઉપર ૬૦+૩ હતા કા-વ બા-વહાદ- રબીઉલઅવ્વલ - રબીઉલઅવ્વલ માસની ૨+૫ = ૭ મી તારીખ હતી. ઉમર ઉમરહ-દીલ-આ-ન-હકીમ= ઉમ્મર હકીમમાંથી = ૮+૨૦+૧૦+૪૦ = ૭૮ ની હતી. રાહ-લૈલ-અલ-ખમીસ ફી રબીઉલ અવ્વલ = રબીઉલ અવ્વલમાં ગુરૂવારની રાત્રે જતા રહ્યા. **મંઝુરીમાં પત્થરની મસજીદ બનાવી છે.** જેની મરામતની જરૂર છે અને હમણાં સુધી ટકી રહી છે. તેમનો તા. ૭ મી રબીઉલ અવ્વલ માસના દહાડે ઉરસ થાય છે.

એવા બુઝુર્ગોનાને દિનના અહેવાલ કે જેઓ ગુજરાતના શહેરો, કસબા અને ગામડામાં આવીને રહ્યા અને ત્યાં જ ગુજરી ગયા.

પાટણ(નહરવાલા)ના પીરો

સૈયદ મુહમ્મદ (તકી) બ્રહ્મણ

પાટણના ઓલીઆ લોકોના ચરિત્ર દર્શાવનાર પુસ્તક **મનાઝિલુલ ઓલીઆમાં** સૈયદ અહમદ જહાંશાહ સાહેબે લખેલું છે કે, સિદ્ધરાજ જયસિંહના રાજની વખતે તેના રાજ્યાસન ઉપર આવ્યા પછી ચાલીશમે વરસે સૈયદ મુહમ્મદ બ્રહ્મણ બ્રાહ્મણના વેશથી આવી રાજા સિદ્ધરાજ જયસિંહના નોકર થયા હતા. તે દરરોજ રસોઈ તૈયાર કરી તેને ખવરાવતા હતા. એવી રીતે વીસ વરસ કામ કર્યું. એક દિવસે રાજાએ જાણ્યું કે, એ બ્રાહ્મણ નથી પણ મુસલમાન છે. એમને એકાંતમાં બોલાવીને પૂછ્યું કે, તમે બ્રાહ્મણ છો કે નહિ? એમણે ઉત્તર દીધો કે, હું મુસલમાન છું. રાજાએ એમને જીવતા બાળી મુકવાનો વિચાર કર્યો. તે વખતે એ ગુજરી ગયા અને એમની દેહી બદલાઈ ફુલની ઢગલી થઈ ગઈ. રાજાએ માણસોને બોલાવીને કહ્યું કે, આ ફુલ લઈને એક ચાદરમાં બાંધી તળાવ ઉપર દાટી દો, તે પ્રમાણે થયું. **હાલ એમની કબર પાટણમાં સહસ્ત્રલીંગ તળાવ ઉપર છે.**

બાબા (હઝરત શેખ) હાજી રજબ (સુલ્તાન મુહમ્મદ)

સિદ્ધરાજ જયસિંહના વખતમાં જ્ઞાનીઓના શીરોમણી અમીરલ રોમ **શેખ બાબા હાજી રજબ રફાઈ, સૈયદ અહમદ કબીરના મુરીદ તથા ખલીફા** હી. સન ૬૧૬ માં પાટણમાં આવ્યા. એમના આવવાનું વરસ આફતાબો ઈસલામમાંથી નીકળે છે. તે હી. સને ૬૭૦ માં રજબ માસની બારમી તારીખે **પાટણમાં ગુજરી ગયા અને ત્યાંજ એમની કબર છે.** કુફ શિકનમાંથી મૃત્યુ વરસ નીકળે છે. (ભીમદેવ સોલંકીનો જમાનો છે ન કે સીધ્ધરાજ નો) (પાટણમાં સહસ્ત્રલીંગ તળાવના કિનારે આપને દફન કરવામાં આવ્યા).

શેખ અહમદ દહેલ્વી (ઉર્દૂ બાબા દહેલ્યા)

બાબા દહેલ્વી (દહેલિયા) **શેખ મુહમ્મદના પુત્ર શેખ**

મુહિઅદ્દીન અલી દહેલ્વીના ખલીફા હતા. સિદ્ધરાજ જયસિંહની હકુમતના વખતે હી. સને ૫૩૩ માં **પાટણ આવ્યા.** રોનકે ઈસલામ આમદમાંથી આપના આવવાની સાલ નીકળે છે એ બાવીશ વરસ સુધી ભક્તિ ગાદી ઉપર રહ્યા હતા. અને હી. સન ૫૫૫ માં ગુજરી ગયા હતા. નુરે કિબ્રીયા અલ્લાહ મૃત્યુ વર્ષ છે. કેટલાક કહે છે કે, સિદ્ધરાજ જયસિંહને સૈયદ મુહમ્મદ બ્રહ્મણે મુસલમાન કર્યો હતો પરંતુ તે પાછો હિંદુ થઈ ગયો હતો. અને બીજી રીતે માલુમ પડે છે કે, બાબા હાજી રજબે તેને મુસલમાન કર્યો હતો. અને પ્રભુ ઐક્યતાના શ્લોક ભણાવેલા કે તરતજ તે અંતરધ્યાન થઈ ગયો. કેટલાક કહે છે કે, બાબા હાજી રજબે તેને મારી નાખ્યો છે પરંતુ નક્કી કંઈ જણાતુ નથી કે મુસલમાન થયો કે, મારી નાખ્યો. હિંદુઓ કહે છે કે જોગીઓના કહેવાથી માલુમ પડ્યું છે કે, રાજા સિદ્ધરાજ જયસિંહ હમણા સુધી જીવે છે. મુસલમાન એ થયો નથી ને મરાયો પણ નથી. પ્રભુએ તેને અલોપ કરી દીધો છે. પ્રભુ જાણે. પરંતુ આ હકીકત ભરૂસાદાર નથી. ગમે તેમ થાય પણ સિદ્ધરાજ જયસિંહ અલોપ થઈ ગયો. **(પાટણમાં ખાન સરોવરની નજદીક પૂર્વ તરફ હઝરત સુલ્તાન હાજી હુદ (ર.હ.)ના મઝારની નજીક આપનો મઝાર છે)**

સુલ્તાન હાજી હુદ

મક્કા મદીના તીર્થી હિંદુસ્તાનના દીપક અબુલ બરકાત સુલ્તાન હાજી હુદ, **અબુ સાલેહ અબદુલ્લાના પુત્ર,** રાજા કરણ સોલંકીના વખતમાં **પાટણમાં આવ્યા.** તેમના આવવાનું વરસ 'બલુહુશ શમ્સ' છે અને તેમનું મૃત્યુ રજબ માસની પંદરમી તારીખે હી. સન ૫૩૬ માં થયું 'ઈશકુલ્લા' શબ્દમાંથી એ સાલ નીકળે છે. એમનું પેઢીનામું હારિસ બીન નોફલમાં જઈ મળે છે, ફકીહ અબુલલેસ સમરકંદીના પીત્રાઈ ભાઈ થાય છે. **(પાટણમાં આપનો મઝાર, ખાન સરોવર પાસે એક ચોતરા પર આવેલ છે.)**

શેખ અહમદ અબ્બાસી અરફાતી

ખુદા પ્રેમીઓના પ્રમુખ ઈશ્વરજ્ઞાનીઓના આગેવાન શેખ

અહમદ અરફાતી અબ્બાસી હી. સન ૫૬૧માં સિદ્ધરાજ જયસિંહના વખતમાં **પાટણ આવેલા,** તે મક્કેથી આવ્યા હતા. તેઓ મૂળ તાઈફના રહેવાસી હતા. ઘણી ઉંચી પદ્ધતિ અને ચઢીઆતી પદ્દીઓના માલીક હતા. તે જબલે અરફાત ઉપર હમેશાં ઈબાદત કરતા હતા. તેથી અરફાતી ઉપનામ થયું. તે શાફઈ પંથના હતા. સાદિક બિન અબ્બાસમાં જઈ એમનું પેઢીનામું મળે છે. તે હી. સન ૬૪૫ માં પાટણમાં ગુજરી ગયા.

શેખ મુઈઝઝુદ્દીન સુલેમાન (ફારૂકી, ચિશ્તી, મૌજે દરિયા) શહીદ

એ સુલ્તાન અલાઉદ્દીનની સાથે અહીં પહેલ વહેલા આવી ગુર્જર દેશના દર્પણ ઉપરથી ઝલકતી તલવાર વડે, ચઢેલા કાટ એમણે દુર કરેલો. **એ દીલ્લીથી પાટણ આવેલા અને અહીંજ શહીદ થયા હતા.** એની હકીકત એવી છે કે, પેગમ્બર સાહેબે સુલ્તાન અલાઉદ્દીનને સ્વપ્નમાં પ્રેરણા કરી કે, અલાઉદ્દીન તુ અલાઉદ્દીન (દીનની ઉંચાઈ) છે. તુ ગુજરાતની તરફ જા કેમકે પાટણનો રાજા કરણ ઘણી જુલમી રાજનીતિ ચલાવે છે અને મુસલમાનોને દુઃખ દે છે. તેને પાણીવાળી તલવારથી કાપ અને ઈસલામને નવેસરથી શોભા આપ. તે જાગ્યો અને અચંબામાં પડ્યો કે ખુદા ! આ કેવું સ્વપ્ન છે. પછી બીજે દિવસે રાત્રે ફરીથી સ્વપ્નમાં જોયું કે, પેગમ્બર સાહેબ ફરમાવે છે કે, અલાઉદ્દીન ગુજરાત જીતવાની તૈયારી કર અન મુસલમાનોના સરદાર મૌલા અલીએ એક તલવાર સુલ્તાન અલાઉદ્દીનના હાથમાં દીધી અને પોતાનું મસ્તક સુલ્તાનની પુંઠ ઉપર મુક્યું.

જયારે સુલ્તાન જાગ્યો ત્યારે જોયું કે, કેડે તલવાર બંધાયેલી છે અને હાથમાં તેની મૂઠ છે. તરતજ ઉઠી મોં હાથ ધોઈ સવારની નમાઝ પઢી અને તેજ વખતે ગુજરાત જીતવાની તૈયારી કરવા માંડી. શેખ અલાઉદ્દીન ગંજેરવાં ના પુત્ર શેખ મુઈઝઝુદ્દીન સુલેમાનને સોંપણી થઈ અને શેખ ફરીદ શકરગંજના ગાદીવાળા દીલ્લીમાં ખ્વાજા કુતબુદ્દીનને મળવા આવેલા હતા અને તેમના પિતાનો સુલ્તાન મુરીદ હતો. તેથી રવાનગીની પરવાનગી લેવા એમની સેવામાં હાજર થયો અને બે વખત સ્વપ્ન થયેલું કહી સંભળાવ્યું, આ પીર હસીને બોલ્યા કે, મારી આજ્ઞા

લેવાને આવ્યા છો. મને પણ હુકમ થયો છે કે, સુલ્તાનની સંગતમાં રહેવું. પેગમ્બર સાહેબે આજ રાત્રે મને સ્વપ્નું આપ્યું છે કે તું શહીદ થશે. આથી સુલ્તાન ઘણો રાજી થયો અને શેખ મુઈઝઝુદીનની સાથે દીલ્લીથી નીકળ્યો. ઘણી ઉતાવળે કુચ ઉપર કુચ કરી ચાલવા માંડ્યું અને ચાલીશ દિવસમાં પાટણ પહોંચ્યો અને મુળરાજ સોલંકીએ પોતાની રાજસત્તા વખતે વસાવેલું અને તેમાં બગીચા વાડીયું બનાવેલું 'અનાવાડ પુરૂ' પ્રભુ કૃપાથી સુલ્તાનના હાથમાં આવ્યું. તે સઘળું પુરૂ બુરાઈ ગયું અને તેજ દિવસે ત્રણ હજાર માણસો વિગેરે તલવારના ઝપાટામાં આવી ગયા અને સુંદર મનરંજન બગીચાવાળા પુરામાં સુલ્તાન આવી ઉતર્યો. શેખ મુઈઝઝુદીન સાહેબે પોતાના કુટુંબ સહીત વાઘેલાની વાડીમાં ઉતારો લીધો. પાટણમાં હિંદુઓ સાથે બાવીશ દિવસ સુધી લડાઈ રહી. શેખ મુઈઝઝુદીનની સાથે એમના પુત્ર શેખ ફુઝેલ પણ હતા. તેમણે સુલ્તાનની સેવામાં જાહેર કર્યું કે, બેઉ બાજુએ લડાઈ ચાલુ છે, પરંતુ ફતેહ મળતી નથી. સુલ્તાને હસીને કહ્યું કે, તમારા બાપને મારી સાથે પેગમ્બર સાહેબે કર્યા છે અને આ શહેરની ફતેહ તમારા નામની છે. શેખ ફુઝેલે બાપને અરજ કરી કે સુલ્તાન આ પ્રમાણે કહે છે. એટલામાં ખબર આવી કે, સુલ્તાનની હાર થઈ અને તેનું લશ્કર પાછું ફર્યું છે. સુલ્તાન પોતે સવાર થઈ તેમની પુંઠે ગયો. શેખ મુઈઝુઝુદીને સાંભળ્યું કે, સુલ્તાન સ્વાર થયો છે તેથી ઘણી ઉતાવળે એ પણ સ્વાર થઈ ગયા. ફુઝેલને વસીઅત કરી અને ત્રણ સ્ત્રીઓ અને નાના મોટાને એમને સોંપી દીધા. તથા ગાદી ઉપર બેસાડી ખિલાફતનો ઝબો પહેરાવી દીધો અને તે પછી ચાલતા થયા.

જ્યારે સુલ્તાનનો સાદ તે પીરના કાનમાં પહોંચ્યો કે તે એમ કહે છે કે, આ કઠણ અવસરે મને મદદ કરો અને મારી વારે ચઢો. તે ઘોડો દોડાવી સુલ્તાનની પાસે આવી સલામ અલેકુમ બોલ્યા. તેમનો ઘોડો વચમાં ઘેરાઈ ગયો, પરમેશ્વરે જય આપી. આ લડાઈમાં તે કપાઈ ગયા. તબરના પંદર અને તલવારના ત્રણ ઘા એમના શરીર ઉપર હતા. તેત્રીશ શત્રુઓને એમણે માર્યા હતા. તથા રાજાના પુત્રને પકડી શેખ ફુઝેલના હવાલે કરી દીધો, તેણે વેગળેથી પોતાના પિતાજીને સામે ઉભેલો જોયો તે

શેખ ફુઝેલને કહેવા લાગ્યો કે જો મને બાપાની પાસે પહોંચાડો તો તમને ઘણી માલમતા આપશે. શેખ ફુઝેલે પૂછ્યું કે, તારો બાપ એમાં કીયો છે તેણે આંગળીના ઈસારાથી એંધાણી આપી. શેખ ફુઝેલે છોકરાને ઘોડે બેસાડી કરણ આગળ દોડતો મોકલી દીધો. કરણ પોતાના કુંવરને જોઈ ઘણો હરખાયો. અને જે લોકો તેની પાસે ઉભા હતા તે આ પીરને જોઈ બીવા લાગ્યા અને ખુણા ખોળમાં મંડી ગયા. શેખ ફુઝેલે કરણને પણ પકડી લીધો અને સુલ્તાનની પાસે લઈ આવ્યો.

સુલ્તાને બેઉને માર્યા. કેટલાક કહે છે કે, કુવંરને જીવતો શેખ ફુઝેલને આપી દીધો. સુલ્તાને જુના કિલ્લાને લુંટી લેવાનો હુકમ કર્યો અને તેની લુટ કરી તેથી લોકોની માલમતા મુસલમાન લશ્કરના હાથમાં આવી. સુલ્તાનની ફતેહ થઈ સુલ્તાનના નોકરોમાંથી એક હજાર અને ત્રીશ પેદલો અને નવસો ત્રેપન સવારો શેખ મુઈઝઝુદ્દીન સિવાય શહીદ થયા તથા સાત હજા નવસો પંચ્યાસી શત્રુઓ કપાઈ ગયા. તા. ૧૨ મી મોહરમ હી. સન ૭૧૪ ને દહાડે એ લડાઈ થઈ હતી. અને તેજ માસની તારીખ ૧૪ મીના દહાડે બપોરની નમાજ પછી સઘળા શહીદોને દફન કરવામાં આવ્યા. તેમના અગીયાર સ્થળો જુદા જુદા કરી દાટ્યા. **મુઈઝઝુદ્દીન સાહેબને સર્વથી જુદા દફન કર્યા. એમની શહાદતની તારીખ 'કુદવતુલ અસફીઆ' માંથી નીકળે છે. (આપના વારસદાર, ચાહકો અને મુરીદોને આપની શહાદતની ખબર પહોંચી તો આવીને આપની લાશ મુબારકને અજોધન (પાક પટ્ટન) જઈને દફન કરી દીધા. સુલ્તાને મોટાખાન સરવરખાન ગોરીને પાટણમાં મૂકી પોતે ભરૂચ ભણી રવાને થઈ ગયો. મોટાખાને પાટણમાં મોટું તળાવ ખોદાવ્યું છે. તેનું નામ ખાન સરોવર મુક્યું.** તે હમણાં સુધી તેજ નામથી પ્રસિદ્ધ છે. સુલ્તાન અલ્લાઉદ્દીન જન્નતવાસી શેખ સાહેબના પુત્ર શેખ ફુઝેલને પાટણથી બોલાવી પોતાની સાથે દીલ્લી લઈ ગયો.

મૌલાના (સૈયદ અબુ યુસુફ) યાકુબ

સૈયદ અબુ યુસુફ યાકુબ, સૈયદ અબુલ હસન અહમદ સૈયદઅલી મુરતઝા હુદાના પૌત્ર હતા. તે કરામતવાળા, સદગુણી અને ધર્મશાસ્ત્ર તથા તત્વ શાસ્ત્રનું જ્ઞાન ધરાવતા હતા. તેમજ પુસ્તકો રચવાનો પણ એમને ઘણો શોખ હતો. ખુરાસાન વિલાયતથી ઠઠ્ઠા (મુલતાન) થઈને **અલફખાન સંજરની સાથે પાટણમાં આવ્યા હતા** અને વતન કરી અહીંજ રહ્યા હતા. યુસુફના જેવા રૂપવાળા અને કરામત તથા જ્ઞાનમાં મૌલા અલીના ખરા વારસ હતા એમ કહી શકીએ. તે પંથે શાફઈ હતા.

જ્યારે રાજા હરદમુલ લાઘેલાની સામા સુલ્તાન સંજરે સીતેર હજાર સવારો પાટણ લેવા મોકલ્યા હતા. અને પાંચ વરસ અગીઆર મહીના સુધી તેના ઉપર ઘેરો રહ્યો. **અલેફખાંએ ભદ્રના કિલ્લાની સામા પત્થરની એક મસજીદ બાંધી.** એમનું કામ પુરૂં થવા પામ્યું નહિ એટલામાં સુલ્તાન સંજરના મૃત્યુના સમાચાર ફરી વળ્યા. અલેફખાંએ મજકુર રાજાથી નાણા લઈને પોતાને સ્વદેશ તરફ રવાને થઈ ગયો. મહા વિદ્વાન **મૌલાના યાકુબ અલેફખાનની સાથે આવેલા હતા. તે પાટણમાં આવ્યા.** અને આ મસજીદમાં દરરોજ શીખવવાનું કામ કરતા હતા. અલેફખાંએ જતી વખતે આ મૌલાનાની સેવામાં દશ હજાર ટંકા મોકલ્યા. કોઈ શબ્દપતિએ આ મસજીદના વખાણ તથા વરસ કાઢવાનાં અર્થે કેટલીક કવિતા કરી છે.

કવિત :- જુમા મસ્જીદ ચળકતી બાંધવામાં આવી. એના જેવી બીજા કોઈ દેશમાં હશે નહિ. ઈબ્રાહિમ ખલીલુલ્લાએ (અલ્લાહના મિત્ર) મક્કાનું ધામ બાંધ્યું. તેજ પ્રમાણે પાટણનું ધામ પણ રૂપાળું થયું. અણહીલવાડ શહેર ઈસલામી રાજધાનીમાં બાદશાહના હુકમથી મસ્જીદ બાંધવામાં આવી. પ્રભુ આસન તેના મસ્તક ઉપર આકાશ પ્રમાણે ગતિ કરે છે તે એવા મનસુબે કે હું તેની કમાનો તથા ભાષણ ઓટલાને જોઉં. આ ઈસ્લામી ઘરમાં મક્કાદ્વાર બન્યું. હવે બીજા શહેરો કરતાં આ શહેર અતિ સુંદર છે. પ્રભુ આજ્ઞાથી આ ઈશ્વર ધામ બંધાયું. હાદી શબ્દ મેળવી બેતે અકબર (મોટું ઘર) કહો. ઉંચા મનવાળે આ ઈસલામી ધામ બાંધ્યું

છે આથી પેગમ્બર સાહેબના દીનની શોભા વધી છે. સને છસોને પંચાવન હતી. હીસાબના દિવસના સરદારની હિજરતથી ગણતા માંહે જીલકઅદમાં એનું બાંધણી કામ પુરૂં થયું. અને તે અલેફખાં સંજરે પુરૂં કર્યું. (આપની સને વફાત અને મઝાર શરીફના મકામની ચોક્કસ માહિતી નથી મળતી).

(સૈયદ મુહમ્મદ) મખદુમુલ આલમ (જગત પુજનિક)

અબદાલ તથા અવતાદના પ્રમુખ **મખદુમુલ આલમ** પંદરમે પુરૂષે ઈમામ મુસા કાઝમ સાહેબને અને **પાંચમે મૌલાના યાકુબને જઈ મળે છે. તે એવી રીતે કે, સૈયદ ઈસમાઈલના દીકરા અને તે સૈયદ અબુલ કાસીમના અને તે સૈયદ અબુ જાફરના અને તે અબુયુસુફ નહેરવાલીના.**

જે વખતે સુલ્તાન મુઝફ્ફરે કે જેનું નામ તે વખત ઝફરખાં હતું. તે સુલ્તાન ફીરોઝશાહના હુકમથી નીઝામ મુફર્રેહ એટલે રાસ્તીખાનને શિક્ષા દેવા દીલ્લીથી પાટણ તરફ આવ્યો હતો અને રાસ્તીખાન નાશીને ખંભાત ગયો હતો. તે વખતે ઝફરખાં આવીને આ મખદુમ સાહેબને મળ્યો. મખદુમ સાહેબે મખદુમ જહાંનીઆથી મળેલું એક નીમચું ઝફરખાંને આપ્યું અને કહ્યું કે, પ્રભુ ચાહે તો પાટણથી નાસેલો રાસ્તીખાન આ તલવારથી કપાશે અને મખદુમ જહાંનીઆની મદદથી તમે આ દેશના માલીક થશો. ઝફરખાં રજા લઈને ઘેર ગયો.

બીજે દિવસે મખદુમ સાહેબ એમને મળવાને ગયા. ત્યારે ઝફરખાંએ પૂછ્યું કે, **આ પત્થરની મસ્જીદ કોણે બાંધાવેલી છે. એમણે કહ્યું કે, અલેફખાં સંજરે બાંધી છે અને મખદુમ જહાંનીઆં સાહેબે દસ વખતની નમાજ એમાં કરી છે ઝફરખાંએ આ સાંભળતાંજ કહ્યું કે, આપ સ્વાર થાઓ** અને તે જગા મને દેખાડો. મખદુમ તથા ઝફરખાં તે મસ્જીદમાં આવ્યા અને તે જગા જ્યાં મખદુમ જહાંનીઆએ નમાજ પઢી હતી તે ઝફરખાંને દેખાડી. તે જગાએ એ છલો બાંધી ઝફરખાં જામી ગયો અને મખદુમને પણ પોતાની પાસે રાખ્યા. તે દસ દિવસ સુધી ત્યાં રહ્યો અને પછી ત્યાંથી બહાર નીકળ્યો અને મખદુમને પૂછ્યું કે, જો

આજ્ઞા આપો તો આ મસજીદના ચોકમાં એક ઘુમટ ઉભો કરૂં. એમણે કહ્યું કે, ઠીક છે. **ઝફરખાંએ મસજીદની સઘળી દિવાલો પર કંગુરા અને ચોકમાં ઘુમ્મટ બનાવ્યો.** કોઈ કવિએ ઘુમટના વખાણ આ પ્રમાણે કર્યા છે.

કવિત :- સૈયદ અકતાબ મખદુમના હુકમથી હિંદુસ્તાનથી પાટણમાં મુઝફ્ફર શાહે આવીને તથા **મખદુમ** સાહેબથી આનંદી સમાચાર સાંભળી, મીંબર આગળ છલો **બાંધી**ને રહ્યો. આ મોટા બાદશાહના હુકમથી, મખદુમ સાહેબ પણ તેની સાથે રહ્યા, મસજીદમાં થાંભલાઓ હુકમ પ્રમાણે ગણ્યા, લોકોએ તેનો હિસાબ કાઢ્યો એટલે, તેના થાંભલા પાંચ હજાર પાંચસોને પાંચ હતા. કે તે મસજીદમાં ઉભા કરી શોભા આપેલી. મુઝફ્ફરે આવીને તે મસજીદ જોઈ, તેના ચોકમાં એક ઘુમટ બનાવ્યો તે ઘુમટનું વરસ આ પ્રમાણે લખો, સાતસો અને તેની ઉપર પંચાણું હતા. (૧૩ જમાદીઉલ-અવ્વલ હિ.સ. ૮૮૨, ઈ.સ.૧૪૭૭માં આપે મગરીબ અને ઈશાંની વચ્ચે ઈન્તીકાલ ફરમાવ્યો અને પાટણની **જુમ્મા મસ્જિદની સહેનમાં આપને દફન કરવામાં આવ્યા)**

શેખ (મખ્દુમ) હિસામુદ્દીન ઉસમાન (ફારૂકી, ચિશ્તી, મુલ્તાની)

દાઉદ **ફારૂકી મુલતાનીના પુત્ર છે** અને **નિઝામુદ્દીન ઓલીઆના મુરીદ તથા ખલીફા છે. સને ૬૯૫ માં પાટણ આવેલા** અને એકતાળીશ વરસ સુધી આ દેશની સત્તા (ગુપ્ત) એમના હાથમાં રહેલી. તેઓ ૯૭ વરસની જીંદગી ભોગવીને હી. સન ૭૩૬ ના જીલકઅદ માસની તારીખ **૮ મીના રોજ ગુજરી ગયા.**

મખ્દુમ સૈયદ હુસેન ખંગ સ્વાર

(ખંગ-સવાર એટલે સફેદ ઘોડા ઉપર સવાર થવું. ગ્યાસપુર દિલ્હીની પાસે છે જે સુલ્તાન ગ્યાસુદ્દીને આબાદ કર્યું. હિજરી સન ૬૬૩માં આપ પૈદા થયા. ૬૭ વરસની ઉંમરે પાટણ આવ્યા **અને ૬૮ વરસ ત્યાં** રહ્યા.) એ **સૈયદ ઉમર ઉરેઝીના પુત્ર** અને ગ્યાસપુરના રહેવાશી છે. (નિઝામુદ્દીન ઔલીયાની દરગાહ દીલ્લી પાસે ગ્યાસપુરમાં છે) **આ નિઝામુદ્દીન ઔલીયાના મુરીદ તથા ખલીફા છે** અને ડભોઈની ગુપ્ત

સત્તાના એ સત્તાધીશ છે. **નિઝામુદ્દીન અવલીયાના હુકમથી પાટણમાં આવ્યા** અને હી. સન ૭૩૦માં ત્યાં આવી રહ્યા. એમની ઉમર ૧૩૫ વરસની થઈ હતી. હી. સન ૭૯૮ ના જમાદીઉસ્સાનીની ૧ લી તારીખે ગુજરી ગયા. એમની **દરગાહ સહસ્ત્રલીંગ તળાવના (પશ્ચિમ કિનારા) ઉપર છે.**

સૈયદ તાજુદ્દીન બિહારી કાદરી

આ સાહેબ પોતાના **બાપ સૈયદ ઈસમાઈલના મુરીદ તથા ખલીફા છે. સૈયદ ઈસમાઈલના બાપ સૈયદ મહમુદ, તેમના સૈયદ ઈબ્રાહીમ તેમના સૈયદ ઈસમાઈલ તેમના યાકુબ, તેમના શહાબુદીન અને તે મોટા કાજી અબુનસર બીન હાફીઝ અબુબકર અબદુર્રઝાક, હજરત સૈયદ અબદુલ કાદર વડા પીરના પુત્ર હતા.**

એવું કહે છે કે, તે ઘણા વૃદ્ધ થયા હતા અને હદીસના હાફીઝ (એક લાખ હદીસ મોઢે પાઠવાળા) હતા. કહે છે કે, હી. સન ૧૦૦૭ માં સરકારના અવસાનનાં ભેદથી **સૈયદ કાસમે પૂછ્યું** હતું, મહમુદ યારીઆ જ્ઞાની અને ભક્ત સ્વભાવીએ કહી મોકલાવ્યું હતું કે, આ બે ત્રણ દહાડામાં સૈયદના તાજુદીનનો કાળ આવશે. તે તમારે જાણવું, જ્યારે ત્રીજા દિવસ થયો ત્યારે સંદેશો પહોંચ્યા પછી એ ગુજરી ગયા. સંદેશો લખનારને અફસોસી રહી ગઈ. તેમને ચાર પુત્ર હતા. **સૈયદ જમાલ, સૈયદ અહમદ, સૈયદ ઈસહાક, સૈયદ ઈબ્રાહીમ,** નાના પુત્ર ગાદી તથા ઝબ્બો પહેરાવવામાં આવ્યો. જમાદીઉલ અવ્વલ માસની અગીયારમી તારીખે હી. સને ૧૦૦૭ માં તે ગુજરી ગયા. **પાટણના જુના કોટની અંદર તેની કબર છે. (કાલકાથી રાણીની વાવ જતાં ડાબી તરફ છે.)**

શેખ જમાલુદ્દીન (ફારૂકી) ઉચ્છી

મખદુમ જહાંનીયા સાહેબના મુરીદ તથા ખલીફા છે અને શેખ હિસામુદ્દીન ઉસમાન પાટણના ગુપ્ત ઈશ્વરી સત્તાવાળાના ભત્રીજા થાય છે. હી. સન ૭૩૭ માં પાટણમાં આવ્યા અને મખદુમ **શેખ હિસામુદ્દીનની બહેન શેખ સદરૂદ્દીન ઉમર ફારૂકની માતૃશ્રી તથા**

એમની પોતાની કાકી બીબી અમિનાને ઘેર આવી રહ્યા રજબ માસની તા. ૯ હી. ૭૪૫ માં ગુજરી ગયા. **(પાટણમાં હઝરત હિસામુદ્દીન મુલ્તાનીના મઝારની નઝદીક આપનો મઝર છે.)**

શેખ સદરૂદ્દીન (મુલ્તાની)

નામ : સદરૂદ્દીન, ઈબ્ને શેખ ઉમર, એમનો સિલસિલો હઝરત ફારૂકે આઝમ સુધી પહોંચે છે. વતન આપનું મુલતાન હતું અને **શેખ હિસામુદ્દીનના ભાંજા થાય છે. શેખ ઉમર** આપના ઘરવાળાને લઈ મુલતાનથી નાગોર આવ્યા. આપના આવવાથી નાગોરમાં ઈસ્લામની રોશની ચમકી. રાજાની દિકરીથી નિકાહ કરી લીધો અને **નાગોર પાસે ઠઠ્ઠા ગામે મુકામ કર્યો** જ્યારે શેખ હિસામુદ્દીનને ખબર પડી તો પોતાની બહેનને પાસે બોલાવી લીધી. બીબી આમેના પોતાના દિકરા સદરૂદ્દીન સાથે પાટણમાં આવી ગઈ. એમની ઔલાદ આજે પણ પાટણમાં મૌજુદ છે અને **અબ્દુલ-લતીફ જમાલ અલ્લાહ** (ખલીફા અને મુરીદ હઝરત અબ્દુલ્લાહ બુરહાનુદ્દીન કુત્બે આલમ) **શેખ સદરૂદ્દીનના પૌત્ર છે.** એટલે અબ્દુલ લતીફ જમાલુદ્દીન બિન સિરાજુદ્દીન બિન સદરૂદ્દીન. (આપના મઝાર વિશે જાણકારી મળી શકી નહીં).

સૈયદ મુસા વરાકુલ હસની ચિશ્તી

તે શેખ નિઝાદીન અવલીયાના મુરીદ તથા ખલીફા છે. **પાટણમાં આવી અહીં રહેવા લાગ્યા** તે વખતના લોકોમાં મુખ્ય પુરૂષ અને કરામતવાળા હતા. એમની ઓલાદના માણસો ભરૂચ પાસે અંકલેશ્વરમાં હાલ સુધી છે. (આપનો મઝાર મળતો નથી)

(શેખ)ખ્વાજા રૂકનુદ્દીન કાનેશકર

એમનું પુરૂ નામ અબુલ મુઝફફર મોદુદ રૂકનુદ્દીન કાનેશકર, ઈલમુદ્દીન મુહમ્મદના સાહેબજાદા અને તે અલાઉદ્દીન યુસુફ ગંજરવાનના, અને બદરૂદ્દીન સુલેમાનના અને તે શેખ ફરીદુદ્દીન મસઉદ ગંજેશકર ફારૂકીના, આ સાહેબ મુરીદ અને ખલિફા શેખ ઝાહીદ ચિશ્તીના હતા. **સુલ્તાન અહમદ અહમદઆબાદ વસાવનાર એમનો મુરીદ હતો.** બધી વિદ્યામાં સંપૂર્ણ પુરૂષ હતા. હી. સન ૮૪૨ ના સવાલ માસની

બારમી તારીખે ગુજરી ગયા. **(આપનો મઝારેપાક સરસ્વતી નદીની વચ્ચે શહેરની ઉત્તર દીશામાં આવેલો છે અને બાબા ફરીદના રોજા તરીકે ઓળખાય છે.)**

મૌલાના (તાજુદ્દીન) યાકુબ (ઉર્ફ મૌલાના મેહબૂબ આલમ)

નામ : **યાકુબ**, અબુ યુસુફ કુન્નીયત,

ખિતાબ : **તાજુદ્દીન**. ખ્વાજગી અલવી સાહેબના પુત્ર છે અને તે **મુરીદ કાજી ઝૈનુદ્દીન દોલતાબાદી ચિશ્તીના છે.** એ કરામતી પુરૂષ હતા. એણે જાહેર **તથા** ગુપ્ત મહેનતો કરી હતી અને શેખ રજબની સોબતના લાભથી જ્ઞાન મેળવ્યું હતું. તા. ૧૩ જમાદીઉસ્સાની હીજરી સન ૮૦૦ માં ગુજરી ગયા. માશુકફર્દ શબ્દમાંથી સન નીકળે છે. (પાટણમાં સરસ્વતી નદીના કિનારે આપનો મઝાર છે.)

(મખ્દુમ) સૈયદ મુહમ્મદ ખુદા બખ્શ

સૈયદોના પ્રમુખ તથા મોટા લોકોના **મહાન પુરૂષ સૈયદ મુહમ્મદ સૈયદ હુસેનના પુત્ર, સૈયદ રાજુ કત્તાલ સાહેબના મુરીદ હતા** અને કુતબેઆલમના ખલીફા હતા. શાહ રાજુ કત્તાલ સાહેબના હુકમથી કુતબેઆલમ સાહેબના માતુશ્રી બીબી સઆદત ખાતુનની સાથે પાટણ આવેલા. તેમણે ઈશ્વરી તથા સંસારી વિદ્યાભ્યાસ પોતાના પિતા અને પોતાના પીરની સેવામાં રહેવાથી એમની પાસે કરેલો તે મોટા મુસલમાન ધર્મશાસ્ત્રી અને હદીસના વિદ્વાન હતા અને ચિશ્તી ખાનદાનમાં મુરીદ હતા. તે હી. સન ૮૧૭ ના જમાદીઉસ્સાની માસની તા. ૫ મીએ ગુજરી ગયા. (પાટણમાં સહસ્ત્રલીંગ તળાવની પાળ પર આપનો મઝાર છે)

સૈયદ અહમદ મખદુમ જહાંશાહ

મક્કે મદીને હજ કરી આવેલા મુસલમાન ધર્મશાસ્ત્રી સૈયદ અહમદ રઝવી એમની માતુશ્રીના ગુજરી જવા પછી પુરબના માણેકપુર (લખનઉ)થી ઉચ્છમાં ગયા હતા અને **સૈયદ રાજુ કતાલના મુરીદ થયા** હતા. કેટલીક મુદત ઉચ્છમાં રહ્યા પછી મક્કા જવાનો મનસુબો કર્યો અને સૈયદ રાજુ સાહેબની હજુરથી **રવાના** થઈ ગુજરાત ભણી આવવા નીકળ્યા. **શાહ** રાજુ સાહેબે એમની **સાથે** પંજેતન જે (ચાદર)ચાદરમાં

આવ્યા હતા તે કમલી એમની સાથે કુતબેઆલમ સાહેબને મોકલી હતી. સૈયદ અહમદે તે કમલી લાવીને જે વખતે કુતબેઆલમ સાહેબ પાટણમાં હતા તે વખતે શાહ રાજુના કહેવા પ્રમાણે એમને આપી હતી, તે હાલ એટલે હી. સને ૧૧૭૪ અગીઆરસો ચુંમોતેર સુધી મૌલાના નુરૂદ્દીનના વંશના લોકો પાસે તે કમલીનો એક કકડો અહમદઆબાદમાં છે. મખ્દુમે આલમ અહમદ પોતાના માનવંત **કાકા સૈયદ ખુદાબખ્શના** ઘરમાં ઉતર્યા. **સૈયદ ઈસમાઈલ સાહેબને** સ્વપ્નમાં વધામણી આપી કે, પોતાની દીકરીનો લગ્ન સબંધ સૈયદ અહમદ જહાંશાહથી બાંધવો. અને પોતાની સમાધ સ્થિતીમાં જોયું કે, પેગમ્બર સાહેબ ફરમાવે છે કે, "તારી દીકરી મારા પુત્ર અહમદને ક્ષેમ કુશળે આપ." મખદુમ આલમે પોતાના ઘરથી એમને આવકાર આપી સૈયદ અહમદના ઘેર આવ્યા અને પોતાની કન્યાની લગ્ન ગાંઠ સૈયદ અહમદ સાથે ખુદાબખ્શના ઘરમાં બાંધી. લગ્ન કર્યા પછી પાંચ મહીના સુધી સૈયદ અહમદ રહીને પછી મક્કા ગયા. ત્યાં બાર વરસ સુધી હજો પડી અને મદીનામાં પેગમ્બર સાહેબના દીદારનો લાભ એમને મળ્યો. બાર વરસ પછી પેગમ્બર સાહેબે એને આજ્ઞા આપ્યા પછી પાટણ રવાને કર્યા અને ફરમાવ્યું કે, હે મારા પુત્ર, તું જા અને પાટણમાં વસ. મારા ઉમ્મતના ગુન્હેગારો અને પાપીઓ જે તારૂં મ્હોં જોશે તેને પ્રભુ મોક્ષ આપશે અને જે તારી કબર ઉપર ફાતીઓ પડશે તેને મારી મોક્ષ સિફારસ જરૂર થશે તથા જે તારા દર્શન કરશે તેના ઉપર સ્વર્ગ મોહીત થશે અને તે તેમાં દાખલ થશે. **કુતબે આલમ સાહેબ તથા શાહેઆલમ** એમને ઘણું માન આપતા હતા અને એમની હજુરમાં ઘણીજ અદબથી બેસતા હતા. કોઈએ કહ્યુંકે, સૈયદ અહમદ જ્યારે સેવામાં હાજર થાય છે ત્યારે આપ એમની ઘણી અદબ કરી માન આપો છો તેનું શું કરણ ? શેખુલ ઈસ્લામે કહ્યું કે એકરાત્રે પયગમ્બર સાહેબને સ્વપ્રમાં જોયા છે અને તે વખતે તેમની માંડી ઉપર સૈયદ અહમદે પોતાનું મસ્તક મુક્યું છે અને સુઈ ગયા છે. પેગમ્બર સાહેબે મને ફરમાવ્યું છે કે, હે શેખ અહમદ હું અહમદ છું, અને આ મારો પુત્ર અહમદ છે. તે દિવસથી એમની અદબ કરૂં છું. કેમકે પેગમ્બર સાહેબ કને એમની ઘણી ચાહના છે. પ્રભુ

આ ભેદને જાણે. સૈયદ અહમદ સાહેબનો જન્મ હી. સન ૭૮૯ માં થયો હતો અને મૃત્યુ હી. સન ૮૯૯ ના જીલહજ માસની નવમી તારીખે થયું છે. વારીસે ઈમામઅલીમાંથી જન્મ મૃત્યુ અને ઉમરના આંકડા મળી આવે છે. જન્મ ''વારિસ ઈમામ'' શબ્દમાંથી અને ઉમર ''અલી'' ૧૧૦ પરથી નીકળે છે. (પાટણમાં લુણસાવાડાની મસ્જિદમાં આપનો મઝારે શરીફ છે.)

મૌલાના (શેખ) મુહમ્મદ તાહિર (પટની)

મૌલાના મુહમ્મદ તાહીર લોકોમાં વહોરાના નામથી ઓળખાતા હતા. મુહમ્મદ નામ, ખિતાબ : મજદુદ્દીન અને તે પાટણનાં હતા. તેમને વિદ્યા તથા ગુણો પ્રભુએ આપેલા હતા. તે મક્કા મદીને યાત્રાએ ગયા હતા અને ત્યાંના વિદ્વાનો તથા પીરોને મળ્યા હતા. તે હદીસની વિદ્યાને પરિપૂર્ણ શીખ્યા હતા. તે **શેખ અલી મુત્તકીની** સોબતમાં રહેતા અને **એમના મુરીદ થયેલા.** તે આ જ્ઞાન અને પ્રભુ પ્રેમથી પોતાના સ્વદેશે પાછા ફર્યા હતા. તેમણે કેટલાક ધર્મમાં પેશી ગયેલી રીતીઓને કાઢી નાખી અને શીઆ તથા સુન્ની વહોરાઓને એક બીજાથી જુદા પાડ્યા. તેમણે હદીસની વિદ્યામાં કીંમતી સંગ્રહ કર્યો હતો. **એમનું એક પુસ્તક જે સહાય સિત્ત (ખટ સિદ્ધાંત) ની ટિકા કહેવાય છે અને જેનું નામ મજમેઉલ બહર (સમુદ્ર સંગમ) છે અને બીજું પુસ્તક તે છે કે, જેમાં હદીસ કહેનારાઓના નામની ટીપ છે તેમાં ઘણાંજ ટુંકાણમાં ઉપયોગી ગ્રંથ છે અને ત્રીજી તઝકિરતુલ મોઝુઆત એ પુસ્તકના દીબાચામાં શેખઅલી મુત્તકીની ઘણી સ્તુતિ કરી છે.** શેખ અલીની વસીઅત પ્રમાણે વિદ્યાર્થીઓના ઉપયોગને વાસ્તે પોતાના હાથે શાહી બનાવતા હતા. શીખવતી વખતે પણ હાથે વાટતા રહેતા હતા. પાટણ શહેરમાંથી ધર્મ નવિનતાઓને પાડી નાખવામાં આ પુરૂષ મુખ્ય હતા અને તે આ કામમાં પાછા પડતા નહોતા. હી. સન ૯૮૬ ના સવ્વાલ માસની છઠી તારીખે **શહીદ થયા હતા.** શેખુલ ઈસ્લામ ખાનના ખિતાબવાળો મુહમ્મદ અકરમ અને તેના વંશજો એમના પુત્ર થાય છે. (પાટણમાં આપનો મઝાર ખાન સરોવર દરવાજાની બહાર આવેલો છે)

શેખ અબદુલ લતીફ (ફારૂકી)

કુતબે આલમ સાહેબના મુખ્ય ખલીફા હતા અને કુતબે આલમ સાહેબ એમને તેરમા પુત્ર કહેતા હતા. અને પુરી રીતે છાની તથા ઉઘાડી મહેરબાની એમના ઉપર હતી. જો કોઈ પાટણથી અહમદઆબાદ એમના આવવાની ખબર કરતો અને જો તે મુસલમાન હોય તો તેનું ઈમાન સલામત રહેવાના આશીરવાદ દેતા અને જો કદી કોઈ ઈસ્લામી ન હોય તો સોનાની જીભ થઈ શકે એટલું સોનું તેને આપતા.

અબદુલ લતીફ સાહેબ ધર્મ સ્વચ્છતા રાખનાર પ્રભુ ભરૂસે જીંદગી કાપનાર, અને આત્મજ્ઞાની પુરૂષ હતા. તેમણે નવ પુસ્તકો લખ્યા છે, તેમાંથી આ શહેરમાં કેટલાક ગ્રંથો મળી આવે છે એવું કહે છે કે, એમનું ગુજરાન પ્રભુના ભરૂસા ઉપર હતું. કોઈ ઠેકાણેથી એમને કોઈ પ્રકારની મદદ નહોતી અને ઘણી વખતે લાંઘણનો વખત એમને આવી જતો. એક દિવસે એમના બાળ બચ્ચાઓ વિગેરે કુટુંબના લોકો આવીને એમને પજવવા લાગ્યા અને કહેવા લાગ્યા કે તમે બાદશાહની તરફથી કોઈ વસ્તુ કબુલ કરતા નથી. તો તમારી નમાજ પઢવાની જગામાંથી કંઈ મળવું જોઈએ કે જેથી અમારૂં ગુજરાન ચાલે. એમણે એ વિશે તે લોકોને એવો ઉત્તર આપ્યો કે, પેગમ્બર સાહેબે ફાકો કરવાની ફકીરી વખાણી છે અને અમે તે દરબારના શ્વાન છીએ. જો કે અમારા હાથ ગ્રહણ કરનાર પીરે ઘણી વખતે ઈશ્વરી ભંડારનો ઉપયોગ કરવાની રજા આપી છે પરંતુ હું મારી આંખની દ્રષ્ટિના કોઈ ભાગને આ તરફ નાખતો નથી. મારી ભક્તિ ભૂમિમાં આવો અને જોઈતું લઈ જાઓ. તો લોકો ઓરડીમાં આવ્યા અને જોયું તો આખી ઓરડી મ્હોરો અને ઝવેરાતથી ભરેલી છે. કેટલીક તાવડીઓ જે ત્યાં પડેલી હતી તે પણ સોનાની છે, તે એમની સ્ત્રી લઈ આવ્યા અને તેમાંથી જોઈતું ખરચ કરતા રહ્યા. તે સોનું એમની ઓલાદમાં હી. સન ૧૦૪૦ સુધી બાકી રહેલું હતું. એમનો ઉરસ રમઝાન મહીનાની ચોથી તારીખે થાય છે. (આપનો વિસાલ ૫ રમઝાન હિ.સ.૮૭૭, ઈ.સ.૧૪૭૨માં થયો. મઝારશરીફ પાટણમાં ખાન સરોવર તળાવની પશ્ચિમ તરફ આવેલો છે.)

શેખ સધન (સદરૂદ્દીન ફારૂકી)

શેખ અબદુલ લતીફ સાહેબના પુત્ર થાય છે. એ પણ કરામતોવાળા ચમત્કારી પુરૂષ હતા. તેજ ઠેકાણે પાટણમાં એમની કબર છે. તારીખ ૯ મીએ એમનો ઉરસ થાય છે. એમનું નામ સદરૂદ્દીન હતું.

ખાન સરોવર તળાવની પશ્ચિમ તરફ પોતાના પિતા શાહ અબ્દુલ લતીફની બાજુમાં દફન થયા છે)

ચીહલ (ચાળીશ) શહીદ અને ગંજ (ઢગલો) શહીદ

પાટણમાં એકજ ઓટલા હેઠળ દટાયલા છે. તા. ૧૮ શાબાને ઉરસ થાય છે.

શેખ સુલેમાન (ચિશ્તી)

નિઝામુદ્દીન ઓલીઆના ખલીફા શેખ ફરીદુદ્દીનના મુરીદ હતા. **શેખ અબદુલ લતીફ કમાલના રોજામાં કિલ્લાની બહાર દફન થયા છે.** ઉરસ રજબ માસની તા. ૨૭ મીએ થાય છે. (મઝાર ખંભાતી દરવાજા પાસે છે.)

શેખ રૂકનુદ્દીન મજઝુબ (મસ્તાન)

એમની કબર પાટણમાં શેખ હિસામુદ્દીનના રોજા નજદિક છે. ઉરસ રમઝાન માસની તા. ૨૭ ના રોજ થાય છે.

(પાટણમાં આપનો મઝાર કનસડા દરવાજાની બહાર હઝરત હિસામુદ્દીન મુલ્તાનીના મઝારની નજીક એક ચબુતરા પર છે.)

કાજી અહમદ જુદ (મગરિબી)

હઝરત શેખ અહમદ ગંજબખ્શ (સરખેજ) સાહેબના ખલીફા છે અને શહેર અહમદઆબાદના મુહુરતના ચોથા અહમદ એ છે. પાટણમાં કાલી બજાર ખાલકપુરાની પાછળ ખાન સરોવર તળાવ પાસે આરામ કરે છે. એમનો ઉરસ સવ્વાલ માસની તા. ૧૦ મીના રોજ થાય છે. તે હી. સન ૮૪૦ માં ગુજરી ગયા.

ખ્વાજા અહમદ બીન મુહમ્મદ (સુહરવર્દી)

મખદુમ જહાંનીઆના મુરીદ. હાટની મસજીદ હેઠળ પાટણમાં કાલી બજાર ખાલકપુરાની પાછળ ખાન સરોવર તળાવ પાસે કબર છે. જમાદીઉલ અવ્વલ માસની આઠમી તારીખે ઉરસ થાય છે.

શેખ ઝૈનુદ્દીન ખય્યાત

(દરજી) ખડકી દરવાજાની બહાર એમની કબર છે. જમાદીઉલ અવ્વલ માસની તેરમી (તેવીસમી તારીખે) ઉરસ થાય છે.

શેખ સિરાજુદ્દીન (ચિશ્તી, ફારૂકી) શેખુલ ઈસલામ

કમાલુદ્દીન અલ્લામા સાહેબના સાહેબઝાદા તેમના મામા શેખ નસીરૂદ્દીન ચરાગ દેહલવીના મુરીદ તથા ખલીફા હતા નહરવાળા પાટણમાં અનાવાડી દરવાજા પાસે એમની દરગાહ છે. ઉરસ તા. ૨૧મી જમાદીઉલઅવ્વલ માસમાં થાય છે. (બરકાતપુરમાં આપનો મઝાર છે)

(ખ્વાજા ફઝલુલ્લાહ) બાબુ બેહલોલ

ખ્વાજા ફઝલુલ્લા એમનું નામ હતું. ઉર્ફે સીદીકી, પહેલા ખલીફા સીદીકની ઓલાદમાં હતા. તે ગ્યાસપુરવાસી અને મસ્તાન હતા. તે નિઝામુદ્દીન ઓલીઆનાં વખતમાં આવેલા. **તેમની કબર પાટણમાંજ છે.** ઉરસ રમઝાન માસની તા. ૨૭ અગર તા. ૨૨ મીના રોજ છે.

(પીરનામામાં લખ્યા મુજબ મોહલ્લા સાલીવાડમાં આપનો મઝાર છે.)

બાબા ઘલીયા

એ પાટણવાસી છે અને એમની કબર પણ ત્યાંજ છે. તેમનો ઉરસ જીલહજ માસની દસ તારીખે થાય છે.

શેખ મુહમ્મદ ખિલવતી

મખદુમ જહાંનીઆના ખલીફા છે. શેખ સુલેમાનના રોજા નજીક પાટણમાં દફન થયા છે. તેમનો ઉરસ જીલહજ માસની તા. ૨૦ મીએ થાય છે.

શાહ કાઝન (શત્તારી)

એ સત્તારી સંપ્રદાયના પ્રસિદ્ધ ઔલિયા હતા. **શાહ વજીહુદ્દીન અલવીને એમણે જ્ઞાન માર્ગ દર્શાવ્યો હતો.** સફર માસની તા. ૩ મંગળવાર હી. સન ૯૨૦ ના રોજ ગુજરી ગયા. **એમની કબર ખાન સરોવર ઉપર પાટણમાં છે.** (ખાન સરવર ગુજરાતના પહેલા ગવર્નર, સુલ્તાન અલાઉદ્દીન ખીલજીના સમયમાં હતા. એમના નામથી તળાવ બનાવ્યો. તેઓ થોડા વરસ સુધી ગવર્નર રહ્યા.

(શાહ) મલિક બહાઉદ્દીન કુર્દ

મીત્ર અને સંગી પાટણના ધણી **શેખ હિસામુદ્દીનના હતા. તેમના સીરાણા ઉપર એમની કબર છે.** સફર માસની તા. ૧૮ મીના રોજ તેઓનો ઉરસ થાય છે. (૧૦ સફર).

મૌલાના અહમદ

કાસમ સોહી મખદુમ બોહરા નહરવાલા પાટણ શહેરના મૌલાના અહમદ ઉસ્તાદના દીકરા, મુહમ્મદના દીકરા હતા. કબર પાટણમાં છે. સફર માસની બીજી તારીખે ઉરસ થાય છે.

ભક્તિ ભુષણવાળી સ્ત્રીઓ.

બીબી હાજરા :- એમને સઆદત ખાતુન પણ કહેતા. **કુતબે આલમ સાહેબના માતુશ્રી, ઉચ્છથી પાટણમાં કુતબે આલમ સાહેબના વખતમાં આવેલા** અને ત્યાંજ તા. ૩ જીલહજના દહાડે ગુજરી ગયા. એમણે સાત હજો પડી હતી. **પાટણ શહેરમાં પીંજારાવાડમાં કબર છે. (ટાંકવાડની નજીક એક મસ્જિદમાં આપનો મઝાર છે)**

બીબી આંરા (સૈયદા આરામ ખાતુન) :- સૈયદ હુસેન ખંગ સ્વારની બહેન થાય. પાટણમાં કબર છે. ઉરસ સફર માસમાં થાય છે. તેઓ હી. સન ૮૫૫ માં ગુજરી ગયા. (ઝફરૂલ-વાલાની અરબી ઈતિહાસની પુસ્તકમાં આનું નામ બીબી આરામ લખ્યું છે.) (પાટણમાં સહસ્રલીંગ તળાવના કિનારે આપનો મઝાર આવેલો છે).

બીરપુરના પીરો

(એ બુઝુર્ગોના હાલાત કે જેઓ બીરપુર, અહમદઆબાદથી ૪૦ કોસ ઉપર આરામ ફરમાવી રહ્યા છે)

કાજી મહમૂદ દરિયાઈ

નામ : મહમૂદ, વતન : બિરપુર, લકબ : દરિયાઈ. **કાજી હમીદ ઉર્ફે શાહ જાલંદા, એમના બાપ; શાહેઆલમના મુરીદ અને એમના બાપના બાપ કાજી મુહમ્મદ, કુતબે આલમ સાહેબના મુરીદ હતા.** (આપની પૈદાઈશ હિ.સ.૮૭૩માં ખેડા જિલ્લાના વિરપુર ગામમાં થઈ)એ ધાવતા હતા ત્યારથી અને બાળ અવસ્થામાં પ્રભુ પ્રેમ અગ્નિ એમનામાં પ્રગટેલી હતી. એ જુવાનીના વખતમાં ગૌસ કરતાં પણ ઉંચે દરજ્જે ચઢેલા અને મેહબુબીયતમાં પહોંચેલા.

બુખારી સૈયદો કહે છે કે, કાજી મહમુદ કુતબે આલમ સાહેબના મોટા પુત્ર સૈયદ મહમૂદ દરીઆનોશ (સમુદ્ર પીનાર) ના મુરીદ હતા. પણ આ વાત સાબીત થઈ નથી. ખરૂં તો એ છે કે, **પોતાના પિતા સાહેબના મુરીદ હતા.** શાહ જાલંદાની ઉમર જ્યારે છેડે આવી પહોંચી હતી ત્યારે કાજી મહમૂદ સમાધીમાં જોયું કે, વડાપીર શાહ ફરમાવે છે કે, તમે મારા દરજ્જાના મહબુબીયત (પ્રાણ પ્યારા) ના મુકામે પહોંચ્યા છો. પરતું તમારા પિતાજીના હાથમાં હાથ દો કેમકે એ કરવું પ્રભુ માર્ગે જનારને જરૂરનું છે, એમની પાસેથી ખીલાફત લો. રાત્રે જઈ વહાણામાં કાજીએ પોતાના પિતાજીને આ હકીકતની ખબર કરી તેમણે કહ્યું કે, મને પણ જાણ કરવામાં આવી છે. તેથી હું જાણું છું કે, મારો કાળ આવી પહોંચ્યો છે. દેહી મુકવાના એક દિવસ પહેલાં તમારો હાથ ઝાલીશ અને ખીલાફતનો ઝબ્બો આપીશ. બીજા લોકોએ પણ એ વાત સાંભળી હતી. તેથી તેઓ પણ મુરીદ થવા તત્પર થઈ બેઠા. પછી એમ બન્યું કે, તેજ દિવસે કાજી મહમુદને એમના પુત્ર સહીત બોલાવ્યા અને બીજા હાજર રહેલા માણસો સાથે પહેલા કાજીના પુત્રોને મુરીદ કર્યો અને પછી બીજા લોકોને મુરીદ કર્યા. સૌથી છેલ્લા કાજીને મુરીદ કરી ખીલાફતનો ઝબો પહેરાવી દીધો

અને ફરમાવ્યું કે, મારા કામનો અંત અત્રે આવે છે. તે બીજે દિવસે ગુજરી ગયા.

કાજી મહમૂદ બાપના ગુજરી ગયા બાદ તેમની ગાદી ઉપર બેઠા એમનું મહાન પુરૂષપણું અને કરામતોથી દુનિયામાં ચાહના વધી ગઈ. પાણી ઉપર એમને ઈશ્વરે સત્તા આપી હતી. ઘણાં માણસો વહાણ ભંટગ (દરિયાના તુફાનમાં ફસાઈ જવું) સ્થિતિમાં એમને સંભાર્યાથી આશાવંત કાંઠે લાગેલા હતા, અને આથીજ દરિયાઈ ઉપનામ પડી ગયું છે.

એવું કહે છે કે બાળ અવસ્થામાં પોતાના પિતાની સાથે શાહે આલમ સાહેબની સેવામાં હાજર થયા. શાહે આલમ સાહેબે પ્રેમ દ્રષ્ટિએ એમને જોયા અને બોલી ઉઠ્યા કે, "કાજી ફેંટો લાંબો રાખે છે." જેનો એ અર્થ થાય છે કે, કાજીની કરામતો આખા જગતમાં પ્રગટ થશે અને એ ઉંચી પંક્તિએ જઈ પહોંચશે. હવે આ કસ્બામાં જન્મ અને ત્યાંના લોકોની એમને સંગત હતી., અને ગામડીઆની બોલી શુદ્ધ હોતી નથી તેથી શાહે આલમ સાહેબનું નામ હંમેશા તે મંઝનમીયાં કરીને લેતા હતા. ભોગ જોગે એક દિવસે શાહે આલમ સાહેબના રોજામાં મોટા મોટા લોકો સભાને દીપાવી રહ્યા હતા અને ઈશ્વરી જ્ઞાન તથા ધ્યાનના વચનો ઉચરતા હતા. એ વાતચીતમાં કાજી મહમૂદ બોલી ઉઠ્યા કે, મંઝનમીયાએ આ પ્રમાણે કહ્યું છે તે વખતે એક તકરારી માણસ કહેવા લાગ્યો કે, અરે કાજી એમનું નામ શાહેઆલમ કેમ લેતો નથી. ત્યારે એ બોલ્યા કે, હું તો ગામડીઓ છું, ચોખ્ખું બોલતા આવડતું નથી અને આવી મારી ગેરસભ્યતા ત્યાં પસંદ હશે. તે માણસે તકરાર કરી કે ફરીથી એવું બોલશો નહિ. એમણે કહ્યું કે, ચાલો એમની કબર પાસે જઈએ અને આપણે બેઉ પોતપોતાના નામોથી બોલાવીએ, જેને કબરમાંથી જવાબ મળે તે નામ કબુલ છે એમ સમજીશું.

આ કરાર કરી તે રોજામાં ગયા. ત્યાં આગળ પાંચ માણસોથી વધારેને જવા દીધા નહિ. એક તો **સૈયદ શેખજી (શાહ જીવા)**, બીજો **સુલ્તાન મુઝફ્ફર** અને ત્રીજો **કાજી મહમૂદ** ચોથો તકરારી માણસ અને પાંચમો કોઈ શખ્સ હશે. એ દરેક જણે બોલાવ્યા પરંતુ કંઈ જવાબ મળ્યો

નહિં. કાજી મેહમુદ રોઈ પડ્યા અને કહેવા લાગ્યા મંઝનમીયાં તમારા દાસોનો દાસ મહમૂદ ઉંબરો ચુંબન કરવા આવ્યો છે અને આપને બોલાવે છે મહેરબાની કરીને તેને ઉત્તર દો. આ હોકારતાંજ કબરમાંથી સાદ આવ્યો કે, ઓ મહમૂદ ! તારો ઘાંટો મેં સાંભળ્યો છે અને તારી સલામ મેં કબુલ કરી છે. ત્યારે અરજ કરી કે, જ્યારે સલામ કબુલ કરી તો કંઈ પ્રસાદીની કૃપા કરશો ? કે જે અમે આહાર કરીએ. તેજ વખતે કેડ સુધીની છબી કબરની બહાર આવી તેના ખોબાની અંદર શીરો હતો. તે કાજીને આપ્યો તે સઘળા લોકોએ લીધો અને ખાધો.

એમના મુરીદોમાં ગુજરાતી અમીર ઈમાદુલમુલ્ક એમના ઉપર ખરેખરી આસ્તા રાખતો હતો અને તે જીવ સટાસટના મંદવાડમાં ફસાઈ પડ્યો અને પીરની સેવામાં તેણે અરજ કરી. કાજીએ સરજનહારના દરબાર ભણી પોતાના બેઉ હાથ ઉંચા કર્યા. ત્યાંથી વાણી થઈ કે, તેની ઉમ્મર છેક છેડે પહોંચી ચુકી છે. આ રોગમાંથી તે બચવાનો નથી. કાજીએ ઘણી પળસીઓ કરી તે વખતે વાણી થઈ કે, તમારી ઉમરમાં હવે બાર વરસ બાકી છે તેને તે વરસ આપો તો તેટલી મુદત તે જીવતો રહેશે. એમણે કબુલ કર્યું. મુરીદોએ ઘણી વિનંતી કરી કે, આપની ઉમર લાંબી થવા દો. કેમકે આપ જીવ્યાથી ઘણો લાભ છે અને આ દોલતને અમારી ઉપર શા વાસ્તે બંધ કરો છો ? ત્યારે જવાબ દીધો કે, મેં જે કબુલ કર્યું છે, તેથી નહિ ફરૂં. એથી આ પીરના ઉમરના બાર વરસ ઈમાદુલમુલ્કને અપાયા અને નવેસરથી જીવતો થયો. તેને જીવનદાન મળ્યું પરંતુ આ ઉમર દુઃખમાં કપાઈ અને આફતોમાં ફસાયેલો રહ્યો. કાજીની ઉમરના થોડાક દિવસ રહેલા મુરીદોને વસીઅતો કરવામાં અને સેવકોને શિક્ષા આપવામાં લગાડ્યા.

"ખુદાઈ પ્રેમનો ઉભરો થવાથી હિંદી બોલીમાં કવિત કહેતા હતા. **એમનું અસલ વતન બીરપુર** છે અને યુવાનીની શરૂઆતમાં અહમદઆબાદમાં આવી રહેલા અને હી. સને ૯૨૦ માં બીરપુરમાં જઈ મુકામ કરેલો અને અગીઆર વરસે એમને પ્રેમ પ્રગટ થયેલો, બાપથી એકાંતવાસની રજા લીધેલી અને શહેરની વસ્તીથી દુર જંગલમાં વાસ

કરેલો. કોઈ કોઈ વખતે બાપની સેવામાં હાજર થતા અને બોધ લેતા હતા અને કામ થઈ રહેતાં પોતાના વાસમાં જઈ રહેતા. આવી રીતે પંચાવન વરસ કાઢ્યા.

જ્યારે ૬૮ વરસની ઉંમરે પહોંચ્યા ત્યારે રબીઉસ્સાની માસની ૧૩મી તારીખે હી. સન ૯૪૧ માં ફીરસ્તાનો સંદેશો પહોંચી ગયો. તે વખતે ગવૈયાઓને બોલાવીને મસ્તીમાં આવી બેભાન થયા અને ઝુમતા ઝુમતા મસ્તક ધરણી ઉપર ટેકવી દીધું. (સિજદો કર્યો.)

ગુજરી ગયા પછી કબરની પાસે રાગ થાય તો કબર ઉપર પરસેવો (પાણી) આવી જતો. એ ઘણા લોકોએ આ કરામત જોઈ છે અને તે પરસેવામાં પલાળી રૂમાલો લાવેલા છે. આ ભેદ શું હશે તે ખુદા જાણે. **એમની કબર બીરપુરમાં છે (જિલ્લો ખેડા)**. મેદનીમાં (સંઘમાં) દુર દુરથી લોકો આવે છે.

નડીઆદના પીરો

મીયાં અલોલક

એક આત્મજ્ઞાની પુરૂષ **શેખ મુહમ્મદ** નામના હતા. એવું કહેવાય છે કે, નડીઆદ કસબા તાબાના ગામોમાંથી કોઈ ગામમાં રહેતા હતા. ભોગજોગે એક દિવસે શાહેઆલમ સાહેબની સ્વારી તે તરફ ગઈ તે વખતે તે પોતાના ઘરના ઉબંરે બેશી ભીંડીનું શાક સમારતા હતા અને જ્યારે એમણે જોયું કે એમની સ્વારી આવે છે તો તે તરફ પુંઠ કરીને બેઠા. અને દિલમાં મનસુબો ઘડ્યો કે મને આજ કોઈ માન ભરેલા નામથી બોલાવે તો જાણું કે આ વલી છે.

જ્યારે સ્વારી ત્યાં પહોંચી ત્યારે એમના નામથી શાહેઆલમ સાહેબે એમને બોલાવ્યા. પણ એમણે ઉત્તર દીધો નહિ. બીજી વખત બોલાવ્યા તો પણ ઉત્તર ન દીધો અને ત્રીજી વખતે બોલાવ્યા તોએ જવાબ દીધો નહી, તે વખતે હસીને બોલ્યા કે, "મીયાં અલોલક બોલતે ક્યું નહિ ? "ત્યારે ઉઠીને એ આવ્યા અને પગે લાગ્યા. **નડીઆદમાં અહમદઆબાદી દરવાજા બહાર મીયાં અલોલકની કબર લોકોના દર્શનનું ઠામ છે.**

સૈયદ ઈમામુદ્દીન સાહેબ (પીરાણાના પીર)

ઈરાકમાંથી એમના પિતા સૈયદ કબીરૂદ્દીન હિંદુસ્તાનમાં આવેલા. તે કરામતી પુરૂષ હતા. ઘણા હિંદુ મુસલમાનોને સતમાર્ગ દર્શાવેલો તે લાહોરમાં ગુજરી ગયા તેમની કબર ત્યાંજ છે. તેમના દીકરા સૈયદ ઈમામુદ્દીન છે, જેમનું પેઢીનામું આવી રીતે છે. ઈમામ જાફરે સાદકના પુત્ર સૈયદ ઈસ્માઈલ સાહેબ સુધી આવી રીતે પહોંચાડવામાં આવે છે.

સૈયદ ઈમામુદ્દીન બિન સૈયદ કબીરૂદ્દીન હસન બિન સૈયદ સદરૂદ્દીન મેહમૂદ બિન સૈયદ શહાબુદ્દીન બિન નસીરૂદ્દીન બિન સૈયદ શમશુદ્દીન બિન સૈયદ સલાહુદ્દીન સાલેહ બિન સૈયદ ઈસ્લામુદ્દીન બિન સૈયદ અબ્દુલ મોમીન બિન સૈયદ ખાલિદ બીન સૈયદ મુહીબુદ્દીન બિન સૈયદ મેહમૂદ બિન સૈયદ હાશીમ બિન સૈયદ અહમદ હાદી બિન સૈયદ જમાલ મુસ-તનસર બિલ્લાહ બિન સૈયદ અબ્દુલ મજીદ બિન સૈયદ ગાલિબ બિન સૈયદ મન્સૂર બિન સૈયદ ઈસ્માઈલ બીજા બિન સૈયદ નુરૂદ્દીન બિન સૈયદ ઈસ્માઈલ બિન હઝરત જઅફર સાદિક (રદિયલ્લાહુ અન્હુ).

એવું કહેવાય છે કે ઘણા લોકો સૈયદ ઈમામુદ્દીનના હાથે મુસલમાન થયા અને આ કામ હાલ સુધી એમના વંશમાં ચાલુ છે અને ઘણા મુસલમાન થાય છે અને આ નવા મુસલમાનોને એમની બોલીમાં મોમના કહે છે એ લોકો પીરને ઘણું માને છે જે કંઈ તે પેદા કરે તેમાંથી એમની દરગાહ અને ઓલાદના ખર્ચના વાસ્તે દશમો ભાગ લાવે છે. તે અહીં સુધી કે, જો દશ બાળક હોય તો એક દરગાહમાં મુકાય અને ત્યાંની સેવા ચાકરી કરતો રહે. એનો ટુંકો સાર એવો છે કે, માલતો માલ પણ જીવથીએ એમની સેવા કરવામાં ચુકતા નથી. જેમકે એમના પરધર્મી મુરીદોનું કપાઈ મરવું ઔરંગઝેબ બાદશાહના રાજના વર્ણનમાં લખવામાં આવ્યું છે.

એમના વંશના માણસો ગુજરાતના તથા દક્ષિણના દેશોમાં પથરાએલા છે અને દરેક ઠેકાણેથી મુરીદો આવે છે અને ભેટો લાવે છે અને તેઓ ઘણી આશાએશ અને સુખની જીંદગી ભોગવે છે. એમની

ઓલાદના માણસો ગેર ઈસ્લામી રીતભાત વગર ઈસ્લામી લોકોના દિલરંજન કરવા ચાલુ રાખે છે તેથી આ શહેરના પીરજાદા લોકો તેમની સાથે ભળતા નથી અને એમના ઉરસો તથા મીજલસોમાં ઘણી આવજાવ કરતા નથી.

સૈયદ ઈમામુદ્દીનની દરગાહ અહમદાબાદથી પાંચ ગાઉ ઉપર કરમતા (પીરાણા)માં છે, એમની ઓલાદના માણસો જો તયાં હોય તો દરેક જણને દરરોજનું માસીક, અથવા વાર્ષિક લવાજમ દરગાહમાંથી આપવામાં આવે છે, બહાર ગામોથી ઘણી ભેટો દરગાહમાં દાખલ થાય છે, પંથીઓને વાસ્તે સદાએ સદાવૃત ચાલુ છે. ગાદી ઉપર ઓલાદવાળા તથા સેવકો એવા માણસને બેસાડે છે કે, જેને પુતર સ્ત્રી હોય નહિ. તેને કાકા કહે છે અને દરગાહનું સઘળું જોખમ એનાજ માથે છે કોઈને આવદાની તથા ખર્ચ તથા ભાગવટી તથા સૈયારૂ કામકાજની અંદર કરવા દેતા નથી. અહીંનો માલ કોઈ ખરચ કરી શકતું નથી અને ઓલાદવાળા તથા સેવકો સર્વ તેના તાબામાં રહે છે. **રમઝાન માસની તા. ૨૭ મીએ તેમનો ઉરસ થાય છે.**

શેખ હસન કુતુબ (ખતીબ)

(લોકોમાં શાહ વિલાય કહેવાતા) **નિઝામુદ્દીન ઓલીઆના ખલીફા હતા. બીજા કેટલાક ઓલીઆની સાથે ગુજરાતમાં આવેલા અને અહમદઆબાદથી દશ ગાંઉ ઉપર આવેલા ધોળકામાં વતન કરી રહેલા.** એક વખતે **શેખ મુહમ્મદ ઈસા જોનપુરીની** સોબતનો લાભ મેળવવા ધોળકેથી જોનપુર ગયેલા ત્યાં આગળ એક વિદ્યાર્થી **બહાઉદ્દીન શેખ** નામનો હુશીઆર ચાલાક આ શેખ હસન સાહેબ પાસે રહેવા લાગ્યો, આ શેખ હસન સાહેબને કીમીઆની વિદ્યા આવડતી હતી. જ્યારે શેખ બહાઉદ્દન (મુલતાની)ને ફકીર સ્વભાવ અને યોગ્ય પુરૂષ જોયો ત્યારે કહ્યું કે, મારી સાથે તું જંગલમાં ચાલ. તે એમની સાથે ગયો અને એમણે કીમીઓ કરીને શેખ બહાઉદ્દીને આપી કહ્યું કે તને જોઈએ તો એમાંથી ખરચ કરજે. જો તું ફરીથી બનાવી શકે તો ઠીક નહિંતર મને કહેજે હું ફરી તને કરી આપીશ. શેખ બહાઉદ્દીને અરજ કરી કે મને આપ

પાસેથી બીજી જાતનાં કીમીઆ મળવાની આશા છે. આ કીમીઆ મારા કામમાં નહિ આવે. આ પીર તેના ઉપર રાજી થઈ ગયા અને તેને આત્મબોધ આપવા લાગ્યા. જ્યારે શેખ ઈસાની મુલાકાતનો અંત આવ્યો ત્યારે ખીલાફતનો લાભ તથા વસ્ત્રની પ્રસાદી લઈ ધોળકા તરફ આવ્યા. શેખ બહાઉદ્દીને અરજ કરી કે મને મુરીદ કરો અને ખલીફો બનાવો. પીરે જવાબ દીધો કે, તારો પીર આ શહેરમાં છે. પરંતુ તને એટલીજ સોબત પ્રભુએ આપવાનું ઠરાવેલું. કેટલેક દહાડે શેખ બહાઉદ્દીન શેખ મુહમ્મદ ઈસાની સેવામાં ગયા અને મુરીદીનો લાભ લીધો **એમની દરગાહ ધોળકામાં ઘણી વિશાળ તથા દબદબા ભરેલી છે. (હિ.સ.૭૬૪)માં જીલકદ માસની તા. ૧૭મીએ ઉરસ થય છે અને ચાર પાંચ દિવસ રહે છે.**

માંગરોલ (કાઠીયાવાડ) ના પીર.

સૈયદ સીકંદર માંગરોલી

(સૈયદ સિંકદર બિન મસઉદની પૈદાઈશ હિજરી સન ૭૫૦માં થઈ. હરમુઝના રહેવાસી હતા. બાળપણમાં હઝરત **મખ્દુમ જહાંનિયા જહાંગશ્તની સેવામાં ઠઠ્ઠા** (સિંધ) મુકામે **પહોંચ્યા** અને ત્યાં રૂહાની તાલીમ લીધી. **પીર સાહેબે ખિલાફત અર્પણ કરીને માંગરોલ (સૌરાષ્ટ્ર)માં હિદાયત માટે રવાના કર્યા. આપ દિલ્હીથી મલિક અઝીઝુદ્દીન યાહ્યા આઅઝમુલ-મુલ્ક બિન આરામશાહની સાથે માંગરોલ પહોંચ્યા.** આ **સુલ્તાન ફિરોઝશાહ તગલક**નો સમય હતો. સખત લડાઈ થઈ જેમાં માંગરોલના રાજાની હાર થઈ. આપ ત્યાં જ રહી ગયા. ખાનકાહ માટે મખ્દુમપુરહ ગામ આપને આપવામાં આવ્યો, જે આજ સુધી આપના ખાનદાનના કબજામાં છે. હિજરી સન ૮૨૫માં આપની વફાત થઈ) **સૈયદ મસઉદના દિકરા મખદુમ જહાંનીઆના ખલીફા તેમની કબર માંગરોલમાં છે.** અને તેમનો ઉરસ રબીઉસ્સાની માસની તા. ૧૧મીએ થાય છે.

ભડીઆદના પીર

સૈયદ પીર મહમૂદશાહ બુખારી

એમની દરગાહ ભડીઆદમાં (જિલ્લા ધંધુકા)છે. મેદની થાય છે અને માનતાઓ મનાય છે. તેમનો રજબ માસની ૧૩મી તારીખે ઉરસ થાય છે.

કસ્બે ઉધના દેલવાડાના પીર

મૌલાના શમશુદ્દીન

તેમની દરગાહ સોરઠ સરકારના ઉધના ગામમાં છે. હી.સન. ૮૨૪ ના રમઝાન માસની તરીખ ૧ લીએ ગુજરી ગયા.

વઢવાં (વઢવાણ)ના પીર

ચીહલ શહીદ

વઢવામાં છે. ઉરસ ૧૮ શાબાને થાય છે.

ખંભાતના પીર

શેખ ઉમર ચિશ્તી શાહબાબુ ચિશ્તી

એમનું મહાન પુરૂષપણું અને કરામત પ્રસિદ્ધ છે જીલ્હજ માસની ૨૫મી તારીખે હી.સન. ૮૭૧ (ઈ.સ.૧૪૬૬)માં ગુજરી ગયા. તેમની **દરગાહ ખંભાત બંદરમાં છે.** (લોકો ઝિયારત કરે છે અને બરકતો મેળવે છે)

કાજી નુરૂદીન

કાજી નુરૂદીન સૂફી 'હુઝુર'ના નામથી પ્રસિદ્ધ **ખંભાતમાં છે.** તેમનો ઉરસ જમાદીઉલ અવ્વલ માસની તા. ૨૫ મીએ થાય છે.

મૌલાના મીયાં કુદુસ

એમની કબર ખંભાતમાં છે. જમાદીઉસ્સાની માસની તા. ૧ ના દિવસે ઉરસ થાય છે.

ખંભાત બંદરની જુની વસ્તી છે અને જુના કાળના ઘણા વલીઓ સુતેલા છે જેમની હકીકતની પુરેપુરી કોઈને માહીતી નથી. જેમની ખબર મળી તે લખવામાં આવ્યા છે. (જેમને પણ પુસ્તક મારફતે જાણ મળે તે અમને ખબર કરે તો અમે આવતા એડિશનમાં પ્રસિદ્ધ કરી શકીએ)

ભરૂચના પીર

સૈયદ શરફુદ્દીન મશહદી

તે **સૈયદ અલાઉદ્દીન મશહદીના** દીકરા, **મુરીદ, ખલીફા** તથા **મખદુમ જહાંનીઆના જમાઈ** હતા. એમની સાથે રહી ઘણી મુસાફરીઓ કરેલી. મખદુમ જહાંનીઆએ એમને રવાના કરતી વખતે એક દાતણ આપેલું અને કહેલું કે, જે ઠેકાણે ઉતરો તે ઠેકાણે આ દાતણને ભોંયમાં ઠોકવું. જ્યાં લીલું થઈ પાના ફુટે ત્યાં તમારી રહેવાની જગા છે એમ ધારવું. તેમના કહેવા પ્રમાણે તે ભરૂચમાં લીલું થયું અને એ સાહેબે ત્યાં ઉતારો કર્યો અને આખી ઉમર તહીંજ રહ્યા. તેઓ, લોકોને ધર્મ માર્ગ શીખવતા હતા. હી. સન ૮૦૮ ના રજબ માસની તા. ૧૮ અઢાર અને રવીવારના દિવસે બપોર તથા પાછલા પહોરની નિમાજના વખતની અંદર ગુજરી ગયા. પૂર્વ તરફ ભરૂચથી એક ગાઉ ઉપર એમની દરગાહ છે અને એમના વંશના લોકો અહમદઆબાદ તથા ભરૂચમાં છે. **(ભરૂચ રેલવે સ્ટેશનથી પૂર્વ તરફ મખ્દુમપુરમાં આપનો મઝાર છે)** (રોજા અને ગુંબદનું બાંધકામ હાજી મુહમ્મદ નસ્ર અને મૌ. મહમૂદ હસનની દેખરેખ હેઠળ હિજરી સ.૮૧૧માં કરવામાં આવ્યું)

મૌલાના ગ્યાસ ભરૂચી

મીયાં ગ્યાસ ભરૂચમાં (હિ.સ.૮૯૫માં પૈદા થયા). એ પ્રભુના ખાસ પુરૂષ અને લોકોમાં સર્વોત્તમ હતા. એવું કહેવાય છે કે જે માણસને જે વસ્તુની જરૂર રહેતી તે વિશે લોકોને જાણ કરતા અને લોકો ઉપર ઉપકાર કરતા હતા. ખોરાકી, વસ્ત્ર, ધાન્ય, પુસ્તકો, સરસામાન, હથીઆરો, ઓજાર, વિગેરે પરોપકાર અર્થે ઘરમાં ગોઠવી મુક્યા હતા. તેમ છતાં તપેશ્વરી તથા શુદ્ધતા ભરેલા હતા. **શેખ અબદુલ વહાબ** કહે છે કે મેં એક વખતે પેગમ્બર સાહેબને સ્વપ્નમાં જોયા ત્યારે મેં અરજ કરીકે, આ વખતે પૃથ્વી ઉપર કયો ઉત્તમ નર હશે ? ત્યારે ફરમાવ્યું કે, **ઉત્તમ મીયાં ગ્યાસ** છે અને તે **પછી તારો પીર છે એટલે શેખ અલી મુત્તકી** અને તે પછી **મુહમ્મદ તાહીર.** તેમનો ઉરસ રજબ માસની પહેલી તારીખે થાય છે. (હિ.સ.૯૯૧માં આપની વફાત થઈ, ભરૂચના ગ્યાસપુર

મોહલ્લાની મસ્જિદની સહેનમાં આપનો મઝાર છે.)

મખદુમ મૌલાના શેખ મુહમ્મદ

એ ભરૂચના ઉસ્તાદ અહમદશાહના પુત્ર હતા. નવા દરવાજાવાલા મહોલ્લામાં એમની કબર છે. રબીઉસ્સાની માસની ૨જી તારીખે તેમનો ઉરસ થાય છે.

બંદગી મૌલાના બદર કિવામ

આપ કાજી કમાલુદ્દીન નેહેરવાલાના ભાઈ હતા. તે ભરૂચમાં છે તેમનો ઉરસ જમાદીઉલ-અવ્વલ માસની તા. ૧૦ મીએ થાય છે.

શેખ મુબારક

તે શેખ બહાઉદ્દીન જોનપુરીના ખલીફા હતા. (ચિશતીયા સિલસિલા) તેમનો ઉરસ જમાદીઉલ અવ્વલ માસની તા. ૧૩ મીએ થાય છે. **(આપે 'જવાહિરે મશહદી' નામક ગ્રંથ લખ્યો છે.)**

સૈયદ મુહમ્મદ બીન સૈયદ ઝૈનુદ્દીન

ભરૂચમાં છે. તેમનો ઉરસ જમાદીઉલ અવ્વલ માસની તા. ૧૩ મીએ થાય છે.

કાઝી ઈલ્મુદ્દીન

ભરૂચમાં છે. તેમનો ઉરસ રજબ માસની ૫ મીએ થાય છે.

બાબાગોર ઉર્ફે બાબા હબશ

ભરૂચ જીલ્લાના બનમોદ ગામમાં એમની કબર છે. તેમનો ઉરસ રજબ માસની તા. ૧૫ મીએ થાય છે. (રિફાઈ સિલસિલાના છે, આપની વફાત ૭૮૫ હિજરીમાં થઈ અને મઝાર ટેકરી પર નાની મસ્જિદ પાસે છે, ગામ રતનપુર તા. ઝઘડિયા)

શેખ મુહમ્મદ

લોકોમાં કાઠીફાડ કહેવાય છે. શાબાન માસની ૨૧ મી તારીખે ઉરસ થાય છે.

શેખ મુસા તથા શેખ ઈસા

એ બેઉ ચરખી (ચરખના રહેવાસી)કહેવાય છે. **કબરો ભરૂચમાં**

છે. બેઉનું ઉરસ માહે શાબાન માસની તા. ૨૨ મીના રોજ થાય છે.

શેખ અમીનુર રહમાન (યમીનુર્રહમાન)

કમાલુદ્દીન સૂફી ભરૂચીના પુત્ર થાય છે અને ભરૂચના રહેવાસી છે. તેમનો ઉરસ રમઝાન માસની ૧૩ મી તારીખે થાય છે. (નનામિયાંના કબ્રસ્તાનમાં મઝાર છે)

મૌલાના અતા (મુહમ્મદ)

હાફિઝના નામથી ઓળખાતા **ભરૂચમાં** છે. તેમનો ઉરસ શવ્વાલ માસની તા. ૮મીએ થાય છે.

સૈયદ કમાલુદ્દીન (કઝવીની)

પિતાનું નામ સૈયદ શફીઉદ્દીન, હુસેની સયદ, ખુરાસાન (ઈરાન)ના કઝવીન શહેરના, રહેવાસી, ભરૂચમાં નાનામિયાંના કબ્રસ્તાનમાં મઝાર છે) ભરૂચમાં કબર છે અને ૨૫મી શવ્વાલના દિવસે ઉરસ થાય છે.

સૈયદ અબ્દુલ્લા એદરૂસી

આપ સૈયદ શરીફ શેખ એફરૂસી અહમદઆબાદીના પુત્ર છે. (એદરૂસીયા સિલસિલા, વફાત હિ.સ. ૧૨૬૮ની ૨૧ ઝિલ્હજ ઈ.સ.૧૮૫૧માં થઈ) એમની દરગાહ ભરૂચના કિલ્લામાં છે. (ભરૂચમાં વફાત થઈ અને મઝાર સૈયદ **એદરૂસ**ના રોઝામાં છે)

શેખ હસન સરમસ્ત

શેખ અઝીઝુલ્લા અલમુતવક્કલ અલલ્લાહ (અહમદઆબાદી ચિશતીયા સિલસિલા)ના ત્રીજા પુત્ર છે. તે હંમેશા પ્રભુ ઐક્યતાના સમુદ્રમાં ડુબેલા અને મસ્તાન હતા. નમાઝના પાંચે વખતે એમને ભાન આવતું અને સલામ ફેરવ્યા પછી ભાનને વિદાયગીરી કહેતા. તે **ભરૂચમાં દટાયા છે.**

બાબા ગંજ રૈહાન (સૈયદઅલી)

ભરૂચમાં એમની કબર છે. શાબાન માસની તા. ૬ ઠીએ ઉરસ થાય છે. (આપનું મઝાર ટેકરા ઉપર છે, જે એક સારી જગ્યા છે. **એની**

સાથે નીચે ''ચંગીઝખાન''ની કબર છે, જે સુલ્તાન મુઝફ્ફરશાહ ત્રીજાના વખતના મશ્હૂર બહાદુર અમીર હતા. શહેરથી દૂર રેલવે લાઈનથી થોડે દૂર છે. ચંગીઝખાન અને એમના પિતા અમાદુલ મુલ્ક આ સંતપુરૂષના અકીદતમંદ હતા. આ સંત રાજા રાયકરનના સમયમાં આવ્યા હતા. (વફાત ૪ શાબાન હિ.સન્ ૪૪૦-ઈ.સ.૧૦૩૯માં થઈ. આપનો મઝાર ભરૂચથી જંબુસર જતાં વેજલપુર સ્ટેશન સામેની ટેકરી ઉપર છે. આ ટેકરી બાબા રૈહાનની ટેકરીના નામે ઓળખાય છે)

સૈયદ ઈસ્માઈલ પીર છત્ર

સૈયદ શરફુદ્દીનના પાણી પાનારા, એમની એક કરામત હમણાં સુધી ટકી રહી છે. જેને આખું જગત જુએ છે. એમની કબર ઉપર ખામણં બનેલું છે તેમાં પાણી ભરેલું છે. પાણીને હજારો માણસ પીએ છે પણ તે પાણી ખૂટતું નથી. પ્રભુ જાણે કે શો ભેદ છે. એમની કબર ભરૂચમાં છે. (આપનો વખત ૧૧મી સદી હિજરી હોવાનું મનાય છે. આપની કબર ભરૂચથી જંબુસર જતાં વેજલપુર રેલવે સ્ટેશન પાસે છે. પીર છત્તરના મઝાર તરીકે જાણીતું છે).

નવસારીના પીર

મખદુમ શેખ નસીર જમાલ

શેખ શહાબુદ્દીન સોહરવર્દીની ઓલાદમાં છે. પોતાના વખતમાં પ્રભુ સત્તધારી હતા. એમના બોધથી ઘણા માણસો આશાએ પહોંચેલા છે. **સુરત બંદર તાબે નવસારીમાં કબર છે.** તેમનો ઉરસ શાબાન માસની ૧૦મી તારીખે થાય છે.

શેખ મુહમ્મદ ફઝલુલ્લા

નવસારીમાં, ઉરસ જમાદીઉસ્સાની માસની સાતમી તારીખે થાય છે.

સુરતના પીર

સૈયદ સેફુલ્લા રફાઈ

તાબે રાંદેરમાં કબર છે. જમાદીઉલ અવ્વલ હિજરી સન ૧૧૬૦ માસની ૫ મી તારીખે ગુજરી ગયા.

સૈયદ મુહમ્મદ એદરૂસી

ભરૂચમાં સુતેલા સૈયદ અબ્દુલ્લા એદરૂસીના પુત્ર. સુરતમાં કબર છે. જીલહજ માસની ૧૭મી તારીખે ઉરસ થાય છે. (આપનો જન્મ હિજરી સન ૯૭૦ ઈસ્વી.સન ૧૫૬૨માં હદરમૌત (યમન) પાસેના તરીમ ગામમાં થયો હતો. આપના દાદા સૈયદ શરીફ શેખ એદરૂસી અહમદઆબાદી પાસેથી ખિલાફત, ખિર્કા અને રજા લઈને હિ.સ.૧૦૨૩ ઈ.સ.૧૬૧૪માં સુરત આવ્યા.

આપની વફાત ૧૭ ઝિલ્હજ હિ.સ.૧૦૩૧, ઈ.સ.૧૬૨૧માં સુરતમાં થઈ, **મઝાર વરિયાવી ભાગોળ, ગુંબદે ઐદરૂસીહ સુરતમાં છે.**

સૈયદ સાદુલ્લા

મહાવિદ્વાન અને તત્વ શોધક ધર્મ શાસ્ત્ર તથા તર્કના જ્ઞાની હતા. **એમના રચેલા ઘણા પુસ્તકો છે. સુરતમાં આરામ લે છે.** હી. સન ૧૧૩૮ ના જમાદીઉલ અવ્વલ માસની તા. ૨૭ મીએ ગુજરી ગયા. (હુસેની સૈયદ, મૌલાના અબ્દુલ શકુર (રહ.) પાસેથી ખિર્કા અને ખિલાફત મેળવી, હિ.સ.૧૧૦૧માં વફાત થઈ. સુરતમાં મુગલ સરાયમાં આપનો મઝાર છે)

· નર્મદા કાંઠા ઉપરના પીરો.

બાબા પ્યારે

એમની પુરી હકીકત મળી નથી. **નર્મદા નદીના કિનારા ઉપર સુતેલા છે. એમની ઉપર ઘુમટ તથા દરગાહ છે** અને ત્યાં બાબા પ્યારેના નામથી જગત પ્રસિદ્ધ છે.

પેટલાદના પીર

અરજન શાહ (અરજુમંદ શાહ)

અહમદઆબાદથી ત્રીસ ગાઉ ઉપર પેટલાદમાં સુતેલા છે. એમની હકીકત લોકોની જીભ ઉપર સદાએ ચાલુ છે.

વિભાગ ૩જો

અહમદઆબાદના નિવાસી

ગુજરાતી સુલ્તાનોના વખતમાં ધીમે ધીમે પરદેશી લોકો દરેક શહેર અને દેશોમાંથી જેમકે સૈયદો, પીર લોકો, વિદ્વાનો, ગૃહસ્થો, અશરાફ, અને જુદી જુદી જાતિના માણસો, અરબ લોકો તથા ઈરાનીઓ, તુર્કો, ઈરાકી,હિંન્દુસ્તાન તથા સિંધના કારીગરો અને ભોંય ઉપર તથા સમુદ્ર ઉપર વેપાર ખેડનારાઓ, ધર્મવાળાઓ, ન્યાય, પ્રજાપાલણ, રાજ્યનીતિના વખાણો સાંભળી પોતે આવેલા અથવા સરકારે બોલાવેલા હોવાથી ધીમે ધીમે અત્રે આવી રહેલા. તે પછી નોકરો, બાદશાહી જાગીદારો, અને હિંદુ તથા મુસલમાન સિપાઈ સુબાઓની નોકરીમાં અહીં આવી પહોંચેલા. અહમદાબાદ એ સ્વચ્છ જગા અને લાભકારી સ્થળ હતું. તથા સુખ શાન્તિના વસ્ત્રને અહીંની ધુળ ગ્રહણ કરતી હતી. વગર ખટકે કંઈ પણ જોખમ જોવામાં ન હોવાથી અહીં રહેઠાણ કરીને અત્રે રહી પડેલા કેટલીક પેઢીઓથી સારા સારા મકાનો બનાવી અહીં રહેલા, તેમના વંશજો અત્યાર સુધી જોવામાં આવે છે. પરંતુ કેટલાક અહીં આ દેશમાં તોફાનો ઉભા થવાથી અહીંથી વિખરાઈ ગયેલ અને તે લોકોની હકીકત આપવાને કલમ તથા જીભ અશકત છે.

મુસલમાન લોકો જે બાપદાદાના વખતથી પ્રગણા તથા ગામડાઓમાં રહે છે. જેમકે કુરેશી લોકોને (ગુજરાતી) સુલ્તાનોના વખતથી જાગીર બની ઠાસરા પરગણા, ચંદરાયણ અને ઉંઝા ગામ વિગેરેમાં રહેતા આવ્યા છે તે વખતનાજ હાલ પણ હશે. એમનું વર્ણન પણ પુરેપુરૂં અપાઈ શકાતું નથી અને ખરૂં પૂછો તો અતિશયોકિત ભરેલું છે. તેથી અહમદાબાદના ઉજ્જડ થયા પછી જે લોકો ગુજરાતી બાદશાહના વખતથી રહેનાર છે અને તે અસલ ગુજરાતી લખાય છે અને તેજ કસબાઓ તથા ગામડામાંથી આવી ભેગા મળી અહીં રહે છે અને તેમને બાપદાદાના નામથીજ હાલ પણ ઓળખાય છે. જેમકે ડીસાવાલ પાટણ તાબે ડીસાના છે. મારાથી જે બન્યું પુરવાર કરી મેં લખ્યું છે.

હવે જાણવું જોઈએ કે, મુખ્ય વતની બેજ જાતના માણસો છે.

મુસલમાન અને હિંદુઓ અને એમનેજ બાપદાદાના વખતના અસલ ગુજરાતી કહી શકાય છે.

મુસલમાન વહોરા

હિંદ તથા સિંધ દેશના શહેરો તથ કસબાઓ અને તેમજ અરબસ્તાન તથા ઈરાનમાં જ્યા ત્યાં એ લોકો વેપાર અર્થે જાય છે અને રહે છે. તેઓમાંના ઘણા ખરા અસલ ગુજરાતી છે અને તેમના મુસલમાન થવાના લોકોમાં સાધારણ રીતે બે કારણો કહેવાય છે. પરંતુ ભરૂસાદાર વાત આ છે કે, એક પવિત્ર તથા મહાન વિદ્વાન મુલ્લાં મુહમદ અલીના બોધથી એ મુસલમાન થયા છે. મુલ્લા મહમદઅલીની કબર ખંભાતમાં છે. અને ત્યાં પીરરવાના નામથી ઓળખાય છે અને હમણાં સુધી નાની જમાતના વહોરાઓ ત્યાં (દર્શન) કરવાને જાય છે. અને ભેટો લઈ જાય છે. આ દેશમાં આવવાની વખતે મુલ્લા પહેલવહેલાં ખંભાત બંદરમાં આવ્યા. તે વખતે ગુજરાતના લોકોને ઈસ્લામ વિશેનું કંઈ જ્ઞાન નહોતું. આ લોકોનો એક પીર હતો જેને પીર કુબરા (મોટા પીર) કહેતા હતા. ઘણા લોકો એ પીરને માનતા હતા તેથી મુલ્લાએ આ યુક્તિ ઘડી કે, પહેલાં તે પીરની પાસે જઈને તેમના મુરીદ (સેવક) બનવું અને તેને ધર્મ તથા બુદ્ધિ પૂર્વક દાખલાઓ આપી મુસલમાન બનાવવો અને પોતાના શ્લોક (કલમા) નો ભાઈ કરી લેવો અને પછી બીજા લોકોને બોધ આપી મુસલમાન કરવા. તે ઉપરથી તેણે પીરની સેવામાં કેટલાક વરસ કાપ્યા તથા તેમની ભાષા શીખી લીધી. અને તેમના પુસ્તકો વાંચ્યા અને તેમની વિદ્યાની માહીતી મેળવી અને ધીમે ધીમે ધર્મગરૂને ઈસ્લામી ધર્મની હકીકતથી વાકેફ કીધો. તેને મુસલમાન બનાવ્યો. જ્યારે તે મુસલમાન થયો ત્યારે તે પીરને જોઈ બીજા લોકો તેના સેવકો પણ મુસલમાન થયા. છેવટે રાજાના પ્રધાને, જેના હાથમાં સઘળી સત્તા હતી તે ધર્મગુરૂના મુસલમાન થવાની હકીકત સાંભળી અને તેની સેવામા જઈ તેમની તાબેદારી બતાવી મુસલમાન બન્યો. પરંતુ એક મુદત સુધી તે ધર્મગુરૂ તથા તે પ્રધાન અને તે ગુરૂના ચેલોઓએ પોતાનું મુસલમાન થવાનું છાનું રાખેલું તથા રાજાની બીકના લીધે બનતા સુધી આ વાતને છાની રાવખાના

પ્રયત્ન કરતા હતા. પરંતુ કહેલું છે કે, મોહતસિબ તથા કોટવાલની વાત બાદશાહ શું જાણે ?

પ્રધાનના મુસલમાન થવાની હકીકત રાજાએ જાણી અને તેની હકીકત પ્રગટ કરવાની તજવીજ કરવા લાગ્યો. એક દિવસે ઓચિન્તો તેના ઘરમાં આવી ગયો અને નમાજમાં ઘુંટણીએ પડેલો દીઠો. તેથી રાજા તેની ઉપર રીસ ચઢાવી બેઠો. પ્રધાને રાજાની ઈતરાજીનું કારણ વિચાર્યું અને જાણ્યું કે, નમાજ ઘુંટણીએ ઢળવાનું અને ભોંયે મસ્તક મુકવાનું જોઈ એ ગુસ્સે થયો છે. ખુદા રહેમતની તેના ઉપર વૃષ્ટિ થઈ. તે ઉઠ્યો અને તેણે તુરતજ ઉત્તર દીધો કે, સાહેબ મારા ઘરના ખુણામાં એક ઝેરી સાપ નીળેલો જોઈ આ પ્રમાણે કરતો હતો. અને તેનાથી છુટા થવાની ગોઠવણ કરતો હતો. રાજાએ જ્યારે તેના ઘરના ખુણામાં જોયું તો દૈવયોગે એક સર્પ તેના જોવામાં આવ્યો. વજીરની વિનંતી ખરી જણાઈ અને રાજાનો શક દુર થઈ ગયો. છેવટે રાજા પણ છાની રીતે મુસલમાન થયો. તે લોકોની સલાહ સંપ રાખવાને વાસ્તે પોતાની મુસલમાની છાની રાખતો હતો. જ્યારે એનો મૃત્યુકાળ છેક નજીક આવી પહોંચ્યો ત્યારે તેણે વશીઅત કરી કે, મને હિંદુ રીતિ પ્રમાણે બાળશો નહી પરંતુ મુસલમાનોની રીત પ્રમાણે દાટી દેજો. ટુંકમાં એ સાહેબ શીઆ પંથના હતા, તેથી તે સઘળાઓ તેજ પંથ પાળવા લાગ્યા. જયારે પાટણ મોટું શહેર થઈ ગયું ત્યારે ઘણા વહોરાઓ ત્યાં રહેવા લાગ્યા. જે વખતે સુલ્તાન મુઝફ્ફરશાહે આ દેશને જીત્યો ત્યારે તેની સાથે દીલ્લીથી આવેલા મોલવીઓ (વિદ્વાનો) સુન્ની પંથના આવેલા. તેમણે સુન્ની પંથની ખરી માહિતી આપી સાબીત કરી આપ્યાથી પાટણ તથા તેની આસપાસના કસ્બાઓ વિગેરેના વહોરાઓ સુન્ની થઈ ગયા. અને બીજા પ્રગણા તથા ગામડાઓમાં તે લોકો પોતાના જુના શીઆ પંથ ઉપરજ રહ્યા. ઘણા વરસ સુધી બે પંથોના હેર ફેર છતાં પણ એકજ નાત હતા અને કન્યા અપાતી લેવાતી હતી. પછી આસ્ટોડીઆ દરવાજાની અંદરની દરગાહવાળા સૈયદ જાફર શીરાઝીની દલીલોથી સાબીત કરી એમણે સગાઈનો સંબંધ કાપી નાખ્યો. ત્યારથી સુન્નીઓ મોટી તથા શીયા નાની જમાતના નામથી પ્રસિદ્ધ થયા.

હવે નાની જમાતમાં હંમેશા એક વિદ્વાન અને મોટો ગુણવાન પુરૂષ હોય છે અને તેને મુલ્લા કહે છે તે તેમના પંથ પ્રમાણે તેમને બોધ આપે છે. અને જકાત તથા પંચમાંશ આ વિદ્વાનને લોકો આપે છે અથવા તેની તરફના નાયબને દે છે. તે એવા હેતુથી કે, મદીનાના સાદાત તથા વહોરાઓના લાચાર માણસોને મુલ્લાં સાહેબ વહેંચી દે. શીઆ પંથ પ્રમાણે તે લોકોની પાકી તથા શુદ્ધતા છે, કેટલાક અવિદ્વાનોને ખરી માહિતગારી ન થવાથી સાત શીઆની ટોળીમાં નાની જમાત વહેચાઈ ગઈ. ૧. દાઉદીઆ, ૨, સુલેમાનીઆ, ૩. અલીઆ, ૪. ઝેદીઆ, ૫. હજુમીઆ, ૬. ઈસમાઈલીઆ, ૭. નઝારીઆ. સાતમી ટોળી કરમતાવાળા સૈયદ ઈમામુદ્દીનની છે. અને ભાગ્યેજ થોડા માણસો ઈશનાઅશરી (૧૨ વાળા) શીઆના પંથ ઉપર હશે.

હવે આ લોકો સદાએ શીઆ અને તે લોકોના ધર્મથી ઉલટા છે, તેથી એમની ઉપર ઘણી આફતો આવતી રહેલી છે. જેમકે ઔરંગઝેબ બાદશાહના વખતમાં વર્ણનમાં કહેવામાં આવ્યું છે. એ લોકો પોતાના પુસ્તકો વહોરા વિના કોઈથી સંતાડીને રાખે છે અને પોતાની ખરી હકીકતને કદીએ કબુલ કરતા નથી. અને કોઈને વાકેફ થવા દેતા નથી. પરંતુ જે હકીકત અમને મળી તે દર્શાવી છે.

એ ટોળામાં સઘળા નહિ તો થોડા માણસો પડવેથી માસનો પ્રારંભ કરે છે. અને તેથી ચંદ્ર દર્શન પહેલાં એક કે બે દિવસથી રમઝાન માસને શરૂ કરી અપવાસ કરે છે અને ત્રીશ અપવાસ પુરા કરી પડવાના દહાડે અઠાવીશમી અથવા ઓગણત્રીશમી તારીખે અપવાસ છોડી દઈ ઈદ પાળે છે. ઔરંગઝેબના વખતમાં એ લોકોને શાબાન માસના આખરે જબરજસ્તીથી ખાવા પીવાને વાસ્તે લાચાર કરતા હતા અને રમઝાન માસમાં ફરીથી લાવીને ખાવા પીવા નહોતા દેતા. અને કેદ રાખતા હતા. હજુરમાંથી એક દરોગો તેમની ઉપર રાખવમાં આવતો. તેમજ શિક્ષકો શીખવવાને અને સુન્ની લોકો પ્રમાણે નમાજ પઢવાને ઈમામ હજુરમાંથી ઠરાવવામાં આવતા હતા.

વહોરા શબ્દની ઉત્પત્તિ એવી છે કે, હિંદુઓમાં બ્રાહ્મણ તથા

વાણીઆમાં હમણાં સુધી વહોરાની અટક હોય છે અને બાપદાદાના વખતથી તેઓ એજ નામથી ઓળખાય છે. જે મુહમદઅલી મૌલાનાના બોધથી મુસલમાન થયા છે તે તેજ લોકો હશે અને તેમની તેજ અટક ચાલુ રહી છે. પીરની પાસે પહેલા મુસલમાન થઈ ઈમાન લાવનાર વહોરા હોવાથી તેમના વંશના માણસોનું પણ તેજ નામ રહી ગયું છે. બીજા કારણો બતાવવામાં આવે છે. તેના ઉપર પાકો ભરૂસો નથી. ખરૂં ખોટું તો પ્રભુ જાણનાર છે.

હિંદુ જ્ઞાતિની નાતો

હિંદુઓમાં જુદી જુદી નાતો તથા જાતો છે. જેમકે બ્રાહ્મણ, સેવડા, ક્ષત્રી, રજપુત, વાણીઆ, (બક્કાલ) કાયસ્થ, કણબી, સોની, કોળી, અને ધંધાદારીઓ સોની, લુહાર, ધોબી, ઘાંચી, સુતાર, વણકર, દરજી, ખાટકી, ચામડીઆ, ભંગી, ઢેઢ, વિગેરે લોકોની નાતો, એ લોકોજ હિંદુ કહેવાય છે. એ લોકો અહીંના જુના વતની છે. અથવા બીજા દેશથી આવી અત્રે રહેલા છે. અને દરેક નાતમાં કાળ વિત્યે અને સંસારના હેરફેરથી જુની જાતી વ્યવસ્થામાં માબાપના જુદા જુદા સંબધો થયાથી જાતમાંથી જાત અને નાતમાંથી નાત ઉભી થઈ છે. તે અહીં સુધી કે, બ્રાહ્મણોની જ્ઞાતિમાં કે જેનાથી કુળ કુટુંબમાં કોઈ નાત ચઢીઆતી નથી. આ વેદના શરણે તેઓમાં ચાર ભેદ હતા. રૂગવેદી, યજુરવેદી, શામવેદી અને અથર્વેદી તેની હમણાં ઘણી નાતો થઈ ગઈ છે.

આ વિચારથી બીજી નાતોમાં જે મૂળ ઉપર ટકી રહ્યા છે તે લોકોને તેમની ભાષા રૂઢીમાં વીસા કહે છે. અને વીસના આંકનો અર્થ એ છે કે, પોતાના વડીલોથી જોતાં શુદ્ધતા અને ચોખાપણું પુરેપુરૂં છે અને જે લોકો બીજા કટુંબોમાં ભળીને બનેલા છે તે લોકો દશા કહેવાય છે એટલે તેમની જાત અડધી છે અને પછી દશામાં ભેળ થયો તે પાંચા કહેવાય છે. અને પાંચામાં ભેળ થયાથી અડીઆ થયા છે.

કોઈ પુરૂષ કે સ્ત્રી કોઈ નાલાયક વર્તણુકનું કામ કરે તેને નાતમાંથી કાઢી મૂકે છે અને જો તે પશ્ચાતાપ કરે અને તે લોકોના ધર્મ પ્રમાણે તેનો દંડ આપે તો તેને ફરીથી નાતમાં લે છે. નહિ તો જુદોજ રહે છે અને તેને

નાતબારીઓ કહે છે. અને આ કામ ક્ષત્રી કાયસ્થ અને વાણીઆ લોકોમાં વધારે હોય છે. બધી નાતોનું વર્ણન કરવું એ લંબાણ થઈ જાય છે તેથી બ્રાહ્મણ, સેવડા, વાણીઆ મેસરી તથા શ્રાવકો વિશેજ લખવામાં આવે છે કેમકે એ નાતો આ દેશમાં મુખ્ય છે.

બ્રાહ્મણ

શેખ અબુલ ફઝલે આ નાત વિશે આઈને અકબરીમાં લખ્યું છે તે આ પ્રમાણે છે. બ્રાહ્મણ જગત-સરજન-હાર બ્રહ્માના મુખમાંથી પેદા થયા છે. વેદ જોતા મુળમાં ચાર વેદ પ્રમાણે ચાર પ્રકારના છે. અને દરેક વેદી પોતાના વેદ ગ્રંથને ગ્રહણ કરી બેઠા છે અને તેઓમાંના મહાન અને ઉત્તમ પુરૂષો માન મરતબા અને આબરૂના કામથી તેમની શાખાઓના મુખ્ય છે અને તે લોકો કેટલા હતા તે ગણી શકાતા નથી. પરંતુ સાત માણસો જેમને તે રૂષી કહે છે અને વળી તે જે કહે તે થાય એવા તેને માને છે.

(૧) કસ્યપ (૨) અત્રી (૩) ભારદ્વાજ (૪) વિશ્વામિત્ર (૫) ગૌતમ (૬) અંગિરા (૭) પુલસ્ત.

તે દરેકના ઘણા વિભાગો થઈ ગયા છે. કોઈ કુટુંબમાં કોઈ ભક્તિવાન નામાંકિત પુરૂષ થાય તો તેના વંશજોનું તેના ઉપરથી નામ અપાય છે. અને તેના વંશના લોકોને કુળ નામ અપાય છે. અને ગોત્ર પણ કહે છે.

એવો ધારો છે કે, જો વરકન્યા એકજ ગોત્રના હોય તો, અને કેટલીક પેઢીઓ વચમાં આડી પણ આવી ગઈ હોય તો એ તેમનું લગ્ન થઈ શકે નહિ. અને જો કુળ જુદું હોય તો લગ્ન થઈ શકે છે.

બીજા બ્રાહ્મણો કે જેમણે પોતાની મેળે બ્રાહ્મણોના આચારો કબુલ કરેલા છે. તે લોકો પણ તેમનામાં વપરાતા નથી. અને જુદા વેદવાળા બ્રાહ્મણોમાં જો કોઈ કદી બીજો બ્રાહ્મણ ભળવાનું ચાહે તો તેને પોતામાં લેતા નથી અને જો કોઈ બ્રાહ્મણના આચારમાંથી બીજા આચાર ગ્રહણ કરે અને ફરીથી બ્રાહ્મણ બનવાનું ચાહે તો તેને પણ કબુલ રાખતા નથી.

આ બ્રાહ્મણોમાં ચાર આશ્રમ છે.

૧. **બ્રહ્મચર્ય** :- પરણતા નથી અને ધર્મશાસ્ત્રો તથા આત્મજ્ઞાનનો

અભ્યાસ કરે છે.

૨. **ગ્રહસ્થ** :- પરણે છે, અને સંસારી ધંધા કરે છે.

૩. **વાનપ્રસ્થ** :- એટલે અવસ્થાએ પહોંચી કંઈ સંતાન એટલે પુત્ર થયો હોય તો સંસાર ત્યાગ કરીને ધણીઆણી સાથે જંગલમાં જઈ ભક્તિ કરે છે અને વનસ્પતિ સિવાય અહાર કરતા નથી.

૪. **સન્યાસ** :- સઘળી વસ્તુનો ત્યાગ કરી ઘણા ભારે તપો કરે છે.

આ દેશમાં જે સ્થળે રહેતા હોય તે ઠેકાણાના નામ ઉપસ્થી પણ બ્રાહ્મણોની નાતોના નામ પડ્યા છે. જેમકે નાગર લોકો. જે લોકો વડનગરના રહેવાશી છે તે વડનગરા કહેવાય છે. અને જે વીસનગરના છે તે વીસનગરા અને તેમાં સાઠોદરા કે જે મૂળમાં એકજ નાત હતા, અને આ બ્રાહ્મણોની નાતો સો કરતાં વધારે મારા જોવામાં આવી છે. પરંતુ ચોરાશી નાતો કહેવાય છે.

બ્રાહ્મણોની ચોરાશી નાતોના નામ :-

૧. વડનગરા :- મુળમાં એકજ નાત હતી પછી કેટલાક કારણો અને રહેવાના સ્થળોના લીધે તેમાંથી છ નાતો થઈ છે. અને કન્યા વહેવાર એક બીજામાં રહ્યો નથી. વડનગરા, વડનગરમાં રહેતા લોકો, બીજા લોકોથી ચઢીઆતા છે. વીસનગરા, વીસનગરમાં રહેવાથી કહેવાય અને સાઠોદરા, ડભોઈ તાબાના સાઠોદરામાં રહેવાથી જુદા પડ્યા છે અને તેમના પ્રશ્નોરા, વશનોરા ચરોતરા.

૨ અવદીચ :- એમાં પણ ત્રણ ભાગ છે. ૧. સહસ્ત્ર ૨.માળવી ૩.ટોળકીઆ.

૩. મોઢા :- એમનાનાં છ ભાગ છે ૧.ત્રીવેદી, ૨.ચતુરવેદી, ૩.અગીઆરશીઆ, ૪.ધીણોજીઆ, ૫.જઠી, ૬.તાજરજા,

૪. શ્રીગોડ :- ના ચાર ભાગ છે. ૧. માલવી ૨. મીરઠવાલા, ૩. હરિઆના, ૪. પરાવલીઆ.

૫. શ્રીમાલી, ૬. ખંડોલીઆ, ૭. બોરસદીઆ, ૮. જાંબુ, ૯. કપોલીઆ, ૧૦. રાયથલા, ૧૧. કોકલી, ૧૨. ખેડાવાળ, ૧૩. સોમપુરા, ૧૪. વસોરા, ૧૫. વદેચ, ૧૬. વલાધરા, ૧૭. મનીઆ, ૧૮. ખંડાનીઆ, ૧૯. છારકોં, ૨૦. નારદેક, ૨૧. વાલંભીઆ, ૨૨. ઉડનેર, ૨૩.

પુશકરણા, ૨૪. મેવાડા,(૧ ભટ મેવાડા, ૨ ચોરાશી, ૩ ત્રવાડી,) ૨૫. નાગોર, ૨૬. ઝારોડા, ૨૭. ચોદલીઆ, ૨૮. અમીરયા, ૨૯. કપોલ, ૩૦. દરાવડી, ૩૧. ગીરનાર, ૩૨.સારસ્વત, ૩૩. વાયડા, ૩૪. દાયડાસી ૩૫. પલીવાલ, ૩૬. ગોમતીપુર, ૩૭. ઉનેવાલ, ૩૮.ખતવાલ, ૩૯.મીરઠીઆ, ૪૦. પરંતવાલ, ૪૧. રોદહવાલ, ૪૨. રાયકવાલ, ૪૩. ડીસાવાલ, ૪૪. તિલંકા, ૪૫. મથુરીઆ, ૪૬. ઈતાવાલ, ૪૭. તિલોટીઆ, ૪૮. નરસીપુરા, ૪૯. સાચોરા, ૫૦. શલોદીઆ, ૫૧. કોમતીર, ૫૨. અષ્ટ મંગળ ૫૩. ભાટેલા, ૫૪. નંદોનીઆ, ૫૫. સદિકપુરા, ૫૬. ત્રિપાટ, ૫૭. દરકમના, ૫૮. કતબરા, ૫૯. કનોજીઆ, ૬૦. ગોપાલ, ૬૧. ધીમા, ૬૨. પારાસુરા, ૬૩. ગોધરધતા, ૬૪. વસદા, ૬૫. અકાસના, ૬૬. મોકલવદા, ૬૭. પટોધના, ૬૮. તસુર, ૬૯. પરાધીઆ, ૭૦. નામદક, ૭૧. ભદાણા, ૭૨. દનપુરા, ૭૩. હરસકીઆ, ૭૪. હરભના, ૭૫. મુતાલા, ૭૬. તાકવેદા, ૭૭. લાડ, ૭૮. સાકોમરીઆ, ૭૯. ધની, ૮૦. અહેસકરા, ૮૧. ગયાવલ, ૮૨. પરીખેસતુલા, ૮૩. ગોલવાલ, ૮૪. રદેવાલ.

સેવડા જતી (મચસુરહ-સુરી) :- સાધુના ગુણવાળા હોય છે, એકાંતવાસમાં રહે છે. વૈદક શાસ્ત્ર અન જ્યોતિષ તથા તેમના ધર્મમાં જે વિદ્યાઓ કામમાં આવે છે તેમનો અભ્યાસ કરે છે. ભારે શરીર કષ્ટ ભોગવી ભક્તિ કરે છે. પારશ્વનાથને પોતાનો પ્રભુ ગણે છે. પરંતુ એ લોકોમાં એ પંથ ઢુંઢીઆ નામનો છે. તે મૂર્તિને માનતો નથી. અને કેટલાક ચાલીશ દિવસ સુધી તથા કેટલાક તેથી ઓછા દિવસના અપવાસ કરે છે. તે પચુસણાં ખાવા પીવાનું મુકી દઈ લાંઘણો કરે છે. અને વરસાદના ચતુર માસમાં તેમના મુખ્ય પુરૂષોના લખાણ પ્રમાણે દરેક જણને જગાઓ નીમીને રાખે છે, અને મુદત વિત્યા પછી બીજી જગાએ જાય છે.

તેમની ભક્તિનું મુળ જીવરક્ષા છે. તેથી ઉઘાડા પગે ફરે છે. કેમકે જોડા પહેરવાથી ગરીબ બીચારી કીડીને અડચણ પહોંચે અને પગે રગડાઈ મરે. કેટલાક મ્હોં ઉપર લુગડું બાંધે છે કેમકે મ્હોંના ગરમ વાયુથી

આંખે નહિ જણાતા જંતુઓ મરી ન જાય. કુવા કરવા બગીચા બનાવવાને પાપ ગણે છે. કેમકે તેમ કર્યાથી જીવોની હિંસા થવાનો સંભવ છે. રાત્રે દિવા કરતા નથી. અને અગ્નિ સળગાવતા નથી. પોતાના વાસ્તે કંઈ રાધવાનું કામ કરતા નથી. કુવામાંથી પાણી તાણતા નથી. પાણી તથા ભોજન એમના શ્રાવક વાણીઆ સેવકોમાંથી માગીને લાવે છે. તેમણે પોતાની ખોરાકી કોઈએ બે અને કોઈએ ત્રણ ઘરો ઉપર ઠરાવેલી હોય છે. અને તેમાં પણ કેટલીક શરતો છે. તે એવી રીતે કે, જો ઘરનું બારણું ઉઘાડું હશે તો અંદર આવશે અને બારણું વાસેલું હોય તો ઘાંટો પાડતા નથી. અને ઘરમાં આવ્યા પછી કેટલું રાંધેલું અને કેટલાક ખાનાર છે તે જોઈને ખપતું લે છે કે જેથી કરીને ઘરવાળાને ફરીને રાંધવાની જરૂર ન પડે. કેમકે એમ કર્યાથી જીવને દુઃખ પહોંચે છે. અને તેનું પાપ પોતાને થશે એમ સમજે છે. જો વધારે આપે તો લેતા નથી, ભોગ જોગે જો તે ઘરમાં વિવાહ કે કોઈનું મોત થયું હોય અથવા વરો હોય તો તે મુદલ જતા નથી. અને તેમના બે ઘરની જે વારી ઠરી હોય ત્યાંથી કંઈ ન મળે તો તે દહાડાની લાંઘણા કરે છે. અને એમના સેવકો પણ કાંઈ ખાતા નથી. જો કંઈ થોડું ઘણું રહી ગયું હોય તો તે ખાય છે. અને ભોંયમાં થતા તથા એવાજ બીજા કેટલાક મેવા ભાજી પાલાને ખાતા નથી. જેમકે વંતાક, ખીરા વિગેરેથી દુર રહેવામાં પુન્ય માને છે. કેમકે તેઓ માને છે કે, એ પણ જીવ રાખે છે. તેઓ જરૂરના વસ્ત્ર સિવાય વધારાના રાખતા નથી. તે એક ઘણીજ બારીક રેશમની ઝાડુ સાથે રાખે છે. અને જે ઠેકાણે બેસે તે ઠેકાણે આ ઝાડુથી ચોખું કરીને પછી બેસે છે. જેથી કોઈ જીવની હીંસા ન થાય.

જગકર્તા છે એવું માનતા નથી. એ લોકોમાં ધર્મ ગુરૂઓએ કહેલું છે કે, જેમ ઘાસ પોતાની મેળે ઉગી નીકળે છે. અને તેનો વાવનાર કોઈ માણસ નથી તેમ માણસો તથા પશુ પક્ષીઓની ઉત્પતિ પહેલાથી પોતાની મેળેજ ચાલતી આવે છે. અને મરી ગયા પછી કંઈ શિક્ષા થાય છે એવું માનતા નથી. કેમકે એ કહે છે કે, માણસ પાંચતત્વનું પુતળું છે. તે તત્વોનો એક બીજાની સાથેનો સંબંધ તુટી જવાથી દરેક તત્વ પોતાના મુળ સ્થાને જતો રહે છે. તો હવે શીક્ષા કોને થાય છે ? તેથીજ માણસને શુદ્ધ કરનાર

પાણી તથા અગ્નિ મેશ્રી લોકોમાં મુખ્ય ગણાય છે તેમને આ લોકો કબુલ રાખતા નથી. કેમકે મરી ગયેલા ને ઘી નાખયા કરે તો તેથી એને શો લાભ, માથાના વાળો દાઢી ના વાળો બોડવવા અને કાપવામાં પાપ ગણે છે અને પોતાના હાથે તાણવામાં પુણ્ય માને છે.

શરીર કષ્ટિકરવી ઉત્તમ ભક્તિ માને છે. તેમજ વગર નહાઈ રેહવાથી તથા દાતણ નહી કરવાથી, મોઢું નહિ ધોવાથી અને અશુદ્ધ તથા ચોખા નહી રહેવાથી જ પુણ્ય થાય છે એવી એમની ધર્મ આજ્ઞા છે. આ ધર્મ બ્રાહ્મણોના ધર્મથી ઉલટો છે કેમકે તે લોકો દિવસમાં બે વખત નાહ્યા સિવાય રહેતા નથી. કોઈ પણ નાતનો નાની ઉમરનો બાળક હોય તેને વેચાતો લે છે અને જો કોઈ પોતાની મેળે આવે તેને સેવડો બનાવી ધર્મ અભ્યાસ કરાવે છે.

મેશ્રીઓ એમની સાથે વાત કરતા નથી અને એમની સોબત રાખવામાં પાપ ગણે છે કે જો એક તરફ સાંકળ તોડી માણસ મારતો હાથી આવી જાય અને બીજી તરફ શ્રાવકોનો અપાસરો હોય તો હાથીની રૂબરૂએ જવું પણ અપાસરાથી દુર રહેવું જોઈએ. એવું હોય તો હાથીની પંથ કાઢનાર ગૌત્તમરૂષી છે. બ્રાહ્મણોના વર્ણનમા કહેલો ગૌત્તમ સર્વમાં મુખ્ય રૂષી છે. અને આ પંથ કાઢવાનું કારણ શું છે એ વિગેરે કહેવામાં ઘણું લંબાણ થઈ જાય છે. જે નાત જાતમાંથી સેવડો બનવાનું ધારતો હોય તેમાંથી થઈ શકાય છે અને એ કામ બ્રાહ્મણો વિરૂદ્ધ છે. સેવડાઓમાં ચોરાશી ભેદ છે. તેમને ગજ કહે છે એ લોકોમાં નામો પણ બ્રાહ્મણોની પેઠેજ રહેઠાણના ગામો શહેરો તથા કસ્બાઓ ઉપરથી પડ્યા છે.

ચોરાશી ગજોનાં નામ :- ૨. ઓસવાલ ગચ્છ, ૨. જરાવલ ગચ્છ, ૩. કંકોરા, ૪. છેરંટીઆ, ૫. ભરૂચા, ૬. આનપુજા, ૭. **અઢોવૈયા** ૮. કોડવીઆ, ૯. વેકોદીઆ, ૧૦. રહમ સાલીચા, ૧૧. મોડાસીઆ, ૧;. વાસીઆ, ૧૩. કચ્છ, પાલીઆ, ૧૪. ઘોઘાવાલ ૧૫. વડોદરીઆ, ૧૬. બ્રહ્મના, ૧૭. ઝાલોરા, ૧૮. ભુખડીઆ, ૧૯. મોઢાહદીઆ, ૨૦. ચીતોડ, ૨૧. સાખોદ્ર, ૨૨. કુજડીઆ, ૨૩. સેધાનીઆ, ૨૪. સાકસનીઆ, ૨૫. આંચલીઆ, ૨૬. બાલધાસા, ૨૭. ભાવડા, જીઆ,

૨૮. લુનારસીઆ, ૨૯. નાકેદક, ૩૦. ધર્મખોખા, ૩૧. નાગરા, ૩૨. પખતવાલ, ૩૩. તાનાવાલ, ૩૪. ખંડસ્વાલ, ૩૫. મંડેરા, ૩૬. નાગરાલ, ૩૭. સુરાના, ૩૮. ખંભાતીઆ, ૩૯. વડોદીઆ, ૪૦. સુરાયા, ૪૧. મંડાલીઆ, ૪૨. કોઠીપરા, ૪૩. જાનગડા, ૪૪. બાપસ્વાલ, ૪૫. બોરસદીઆ, ૪૬. ઢુંઢીઆ, ૪૭. ચરાદ ૪૮. દીગદા, ૪૯. દેડ ૫૦. દસાહરા, ૫૧. કુતુબપુરા, ૫૨. કછોલીઆ, ૫૩. સરપલીઆ, ૫૪. વકરા, ૫૫. કનીસા, ૫૬. બોરન નિલક, ૫૭. રયૂમા, ૫૮. વરાદ સાખા, ૫૯. નાગનસ, ૬૦. બરેજા, ૬૧. પંચ દલીઆ, ૬૨. પાલન પુરા, ૬૩. કંદહારા, ૬૪. કુદેલીચા, ૬૫. સાદપુંઝીઆ, ૬૬. નાગોલ, ૬૭. નગર કોટીઆ, ૬૮. હંસાર કોટીઆ, ૬૯. ભરનેરા, ૭૦. સોરઠીઆ, ૭૧. સોરઠીઆ, ૭૨. ભીમસેના, ૭૩. નાનકડીઆ, ૭૪. ખનોજસા, ૭૫. વાકેર, ૭૬. વહઢા, ૭૭. સીદ્ધપુરા, ૭૮. સેવન તરીઆ, ૭૯. ઘોઘાધારા, ૮૦. તકમીયા, ૮૧. અકમીયા, ૮૨. વઢસ્તા, ૮૩. ચૈતરવાલ, ૮૪. સંજત

શ્રાવક તથા મેશ્રીની ચોરાશી નાતો :- મુળમાં એ લોકોને વણિક જે ઉપરથી વાણીઆ શબ્દ થયો છે કહેતા હતા ફારસીમાં એમને બકા (ભાજીપાલા ખાનાર) કહે છે.

૧. શ્રીમાળી, ૨. ઓસવાળ, ૩. વાખીઆવાળા, ૪. ધેંડા, ૫. પકરવાલા, ૬. મસીઆસવાળ, ૭. હરસુરા, ૮. સુરાન, ૯. પલીવાલ, ૧૦. ભાલોરીઆ, ૧૧. ખંડેવાલ, ૧૨. દોહેલવાલ, ૧૩. ખંડેરવાલા, ૧૪. પોરવાલ, ૧૫. દીસાવાલ, ૧૬. ગુજર, ૧૭. મુંડવાલ, ૧૮. અગરવાલ, ૧૯. જાફલવાલ, ૨૦. માતાવાલ, ૨૧. ખટોલીવાલ, ૨૨. કુજશાવાલ, ૨૩. ચીતરાવાલ, ૨૪. સોની, ૨૫. સુરતીવાલ, ૨૬. ઝાલોરા, ૨૭. મોઢ, ૨૮. નાગર, ૨૯. રાડ, ૩૦. કપોલ, ૩૧. ખડાતીઆ, ૩૨. વાયડા, ૩૩. વસોરા, ૩૪. બાજવાલ, ૩૫. નાકદરા, ૩૬. કરહડા, ૩૭. ભરોરા, ૩૮. મેવાડા, ૩૯. તરસંકહરા, ૪૦. કાયવાલ, ૪૧ પંચમવાલ, ૪૨. હાતરવાલ, ૪૩. સરખંદેરા, ૪૪. વપ્સ, ૪૫. સમકી, ૪૬. ખટુવાલ, ૪૭. જાંડાવાલ, ૪૮. ભુખીઓડા,

૪૯. ઓઝતવાલ, ૫૦. બાનીઆવાડ, ૫૧. શેકોદ, ૫૨. થાકઓર, ૫૩. વાલેમલ, ૫૪. તીસોડા, ૫૫. તીલોટા, ૫૬. અસ્તવરકી, ૫૭. લાસ્તસખા, ૫૮. વરચોટા, ૫૯. કજોરા, ૬૦. ખેચું, ૬૧. હોનબડ, ૬૨. નસીમા, ૬૩. પદમાંનીઆવ, ૬૪. મેહેરીઆ, ૬૫. હેહરીઆ, ૬૬. ધાકવાલ, ૬૭. મંગવારા, ૬૮. કવેલવાર, ૬૯. મોહાદેવક, ૭૦. ચીતરોડા, ૭૧. કાકલીઆ, ૭૨. ભારેજા, ૭૩. અનંદાવારા, ૭૪. નોગોરા, ૭૫. સાચોરા, ૭૬. ભૂંકડવાલ, ૭૭. મદાહડા, ૭૮. ભરામીના, ૭૯. વાગડીઆ, ૮૦. મદોરીઆ, ૮૧. બોરીઆલ, ૮૨. થાપુરવાડ, ૮૩. બધનોરા, ૮૪. નેભાવા.

વિભાગ ૪ થો.

ધર્મ ધામ

(મચસરી-હિન્દુઓંના મંદિર અને તિર્થધામો જે આ રાજ્યમાં છે)

શહેર અને તેની સરહદમાં કસ્બાઓ અને ગામડાઓમાં જુના અને નવા ઘણા મંદિરો હતા અને હાલ પણ છે. તે કેટલા હશે તે ગણાઈ શકાતા નથી અને લેખણ તથા જીભ એ કામ કરવાને થાકી પડેલી છે. અને એ પુજનારા લોકો તેમને માન આપે છે. કેટલાક તો હિંદુસ્તાનમાંથી તથા પાસે અને દુરથી સંઘ ઉપસંઘ જોડીને આવે છે. તેથી અમને પણ લખવાની જરૂર પડી છે.

આવા ધામોની પુજાને યાત્રા કહે છે અને જે ધર્મ ધામે, મુર્તિઓ છતાં, જઈને સ્નાન કરી ત્યાં નાહાવાને પુણ્ય અને પાપ નિવારણ માનવામાં આવે તેથી તીર્થ કહે છે. હિંદુઓમાં મુખ્ય બે ભાગ છે. મેશ્રી તથા શ્રાવક. મેશ્રી લોકો બ્રહ્મ પુજન કરે છે. અને મહાદેવ, ભવાની તથા કૃષ્ણને પૂજે છે. આ લોકોમાં દશ વિભાગ છે. તેમાંથી કેટલાક મહાદેવ તથા બીજાઓને માને છે, તેમ છતાં તેમને ન પૂજતાં કૃષ્ણને પૂજે છે. તે લોકોને વૈષ્ણવો તથા ભક્ત કહે છે. અને ગોસ્વામીજીથી ધર્મબોધ લે છે અને ગોસ્વામીજીને શ્રી કૃષ્ણના વંશાન અથવા દત્ત ગણે છે.

શ્રાવકો તેમના પવિત્ર સેવડાઓને માને છે. આ લોકો તેમના ધર્મના ઉપદેશક કહેવાય છે. અને પર્શ્વનાથની પૂજા કરે છે. એમને મેશ્રી (મયસરી) લોકોથી સારો વહેવાર નથી. એ બેઉ લોકોના ધર્મધામો આ દેશમાં છે. આ બેઉ એક બીજાના દેવને માનતા નથી. શ્રાવકોમાં શ્રાધ અને તીર્થ નથી. એટલુંજ નહિં પણ પાણી રેડવામાં તથા સ્નાન કરવામાં પાપ ગણે છે. મેશ્રીઓની વસ્તી વધારે અને તેમના ધર્મ ધામોની પુજા, રજપુત, ક્ષત્રી, કાયસ્થ વિગેરે આસ્તા રાખી કરે છે તેથી તેમના ધર્મ ધામોનું વર્ણન પહેલાં કરવામાં આવે છે.

દેશના દેવસ્થાનો (મંદિરો)

સોમનાથ

મેશ્રી લોકોનુ મુખ્ય અને શ્રેષ્ટ ધામ છે અને હિંદુસ્તાનની ચારે દિશાએથી લોકો દર્શન કરવાને આવે છે. ખારા સમુદ્ર ઉપર સોમનાથ એક શહેર છે, પત્થરથી બાંધેલ તેનો કિલ્લો છે અને તે સોરઠ દેશમાં છે અને હમણાં તેને પાટણદેવ કહે છે. પ્રભાસપાટણ પણ કહેવાય છે, અને તેને નાનું પ્રભાસ પણ કહે છે. આ વખતે ત્યાંનું મંદીર સારી હાલતમાં નથી. આ મંદિર જગત પ્રસિદ્ધ છે. અને દરેક શહેર તથા ગામના લોકો એને જાણે છે. હિંદુઓ તેને પુરાતનમાં પુરાતન ધર્મસ્થાન માને છે. એનું પ્રખ્યાત થવું અને પુરાતન હોવું લોકોએ ફારસી વૃતાંતમાં વર્ણવેલું છે અને કવિત તથા ગદ્યમાં તે વિશે લખી ગયા છે.

"હફત ઈકલીમ" (સપ્તખંડ) નામના પુસ્તક રચનારે લખ્યું છે કે, આ મંદિરમાં સોનાની ઘણી પ્રતિમાઓ હતી અને મોટી પ્રતિમાને સોમનાથ કહેતા હતા. એ વિશેના કથનો અમારા જોવામાં આવેલા છે. બ્રાહ્મણો એની નવીનતાને માનતા નથી. તે લોકો કહે છે કે, આ પ્રતિમા શ્રી કૃષ્ણના ચાર હજાર વરસ પહેલા બ્રાહ્મણોના મુખ્ય દેવની હતી. ગમે તેમ હોય પણ હી. સને ૪૧૬ માં સુલ્તાન મહમુદ ગઝનવી ગાઝી મૂર્તિ ખંડન કરવા તથા મંદિર પાડવા ગઝનીથી રવાને થયો અને આવીને ઘેરો ઘાલ્યો. આ ઘેરાની વખતે બેઉ બાજુથી સખ્ત લડાઈ થઈ હતી. અને આખો દિવસ યુદ્ધ ચાલુ રહ્યું. બીજે દિવસે હથીઆરો નકામા થઈ ગયા

હતા. તેમની સાથે પહેલા દિવસની પેઠેજ લડાઈ ચાલુ રાખી શુરવીરતા દેખાડી હતી. આ વખતે સોમનાથવાળા ટોળેટોળા મળી આવવા લાગ્યા હતા. અને સોમનાથ મહાદેવને સાથે ઉચકી રોઈ રોઈને સહાયતા માગી લડતા હતા. આ લડાઈમાં ૫૦ હજારથી વધુ માણસો કપાઈ ગયા. અને છેવટે કીલ્લો ફતેહ થયો. સુલ્તાન મહમુદ કિલ્લાની અંદર આવ્યો અને જોયું તો એક ઘણું લાંબુ અને પહોળું મંદિર છે. તેમાં ૫૬ થાંભલા છે. આ થાંભલાઓ ઉપર જડાવી કામ હતું અને જુદી જુદી જાતના ઝવેરાત જડેલા હતા. સોમનાથની એક મૂર્તિ પાચ ગજ ઉંચી હતી તેને ભોયમાં દાટેલી હતી. જ્યારે સુલ્તાને તેને જોઈ ત્યારે પોતાના હાથમાં ઝાલેલા ગુરજથી તેને તોડી નાંખી અને તેના પત્થરમાંથી એક કકડો ગીઝનીએ લઈ ગયો અને ત્યાંની જુમા મસજીદમાંના ભોંયતળીઆમાં તેને વાપર્યો તે હમણાં સુધી ત્યાં છે. તે પ્રતિમાના ઉદરમાંથી ઘણા કીંમતી ઝવેરાત નિકળ્યા. આ વાતને વિસ્તારથી રોઝતસ્સફા નામના પુસ્તકના સાત ભાગોમાંથી ચોથા ભાગમાં લખી છે. તેમજ ઈતિહાસના બીજા ગ્રંથો પણ એનું વર્ણન કરે છે.

ટુંકામાં હિંદવાસીઓ તે સઘળી પ્રતિમાઓને સોમનાથનો પડદો અને ચોકીદાર ગણે છે અને દરેક દિવસે રાત્રે હાથોહાથ ગંગાજળથી સ્નાન કરાવતા હતા. તેથીજ દશ હજાર આબાદ ગામડા એના ખરચને વાસ્તે ધર્માદામાં અપાયલા હતા. ત્યાં વીશ હજાર કરતાં વધારે બ્રાહ્મણો તેની આસપાસ ભક્તિમાં મચેલા રહેતા. સોનાની એક સાંકળ ત્યાં લટકાવેલી હતી અને તેમાં પત્થરા જડેલા હતા કે પુજાની વખતે તેને હલાવ્યાથી ઘંટ વાગવાથી સેવાનો પ્રારંભ થતો હતો. ત્રણસો ગજ જમીન ત્યાં પવિત્ર કરી મુકેલી છે. જ્યાં આગળ યાત્રાળુ લોકો જઈને માથાના તથા દાઢીના વાળને ત્યાં બોડાવે છે. ત્યાં બસો વગાડનાર તથા પાંચસો નાચનારીઓ હતી. ઘણા હિંદુ રાજાઓ પોતાની કુંવરીઓને ભેટ દાખલ મંદીરને ચઢાવતા અને તેઓ ત્યાં રહેતી હતા. સોમનાથના મંદીરમાંથી જે સુલ્તાન મહમુદને રોકડ મળ્યું તે વીશ હજાર સોના મહોર હતી.

હવે જાણવું જોઈએ કે બ્રાહ્મણોના પુરાતન પુસ્તકોમાંથી જે હકીકત મળે છે તે એ છે કે સોમનાથના મંદિરમાં જુની પ્રતિમા જ્યોતિરલીંગની

છે. અને લીંગનો સંબંધ મહાદેવનો છે. બાર પ્રકારના જ્યોતિરલીંગમાંનું, આ એક જ્યોતિરલીંગ હતું, જ્યોત એનો અર્થ પ્રકાશ થાય છે અને મહાદેવના સહસ્ત્ર નામ છે. જેમકે ભીમનાથ, વૈજનાથ, ગોપનાથ, અને સોમનાથ, એ નામોમાંથી એક નામ છે. એ વિશે નવાઈ જેવા અચંબાકારક વચનો બોલાય છે. બીજા ઠેકાણામાં હાલ અગીઆર જ્યોતીરલીંગ રહી ગયા છે.

ઠરેલા દિવસે હિંદુઓના ટોળા દુરપંથ કાપીને યાત્રા કરવાને આવે છે. એમની ધર્મ આસ્તા પ્રમાણે સોમનાથ પવિત્ર ધામ અને જ્યોતિરલિંગની જગા હતી. પછી તેની શોભા અર્થે રત્નજડીત બીજી પ્રતિમાઓ ઉભી કરી હશે. પાંચ ગજ ભોંયમાં રહેવાનું કારણ જ્યોતીરલીંગ હોવાનુંજ થાય છે. કેમકે લીંગને ભોયમાંજ રાખે છે. અને આ બાર જાતના જ્યોતિરલીંગ સિવાય બીજું લીંગ હોય તો તે એક દુકાનદારીનો વહેવાર છે; કેમકે, પત્થરમાંથી તેને બનાવીને મહાદેવનું એક નામ મુકીને ઉભુ કરી દઈ પૂજા કરે છે, તેથી તે જ્યોતિરલીંગનું દ્વાર અથવા પડદો કહી શકીએ.

હી. સન ૬૯૦ માં ગુજરાત દેશને અલેફખાંએ દીલ્લીના બાદશાહ અલાઉદ્દીન ખીલજીના હુકમથી જીતી લીધો તે વખતે સોમનાથ ઉપર લશ્કર ચઢાવીને લઈ ગયો અને સુલ્તાન મહમુદ પછી નવું લીંગ મુકેલું અને પુજા પત્રી તેની વધારેલી હતી તેનું ખંડન કરી નાંખી તે લીંગને ઘણા દ્રવ્ય સાથે દીલ્લીએ મોકલી દીધું.

બ્રાહ્મણોએ ફરીથી લીંગની પ્રતિષ્ટા કરેલી તેનું ત્યાં જઈને ઝફરખાંએ ૭૯૦ હીજરીમાં ખંડન કર્યું. આ વખતે ઝફરખાંખે બાદશાહ થવાની ઝંડી ઊંચી નહોતી કરેલી. ઔરંગઝેબના વખતમાં પણ ત્યાં કેટલીક ખરાબી થયેલી. હમણાં કેટલાક થાંભલાઓ ઉપરથી ત્યાં ઈમારત હશે એવું અનુમાન થાય છે. તેની બહાર પાટણ દેવનો કિલ્લો સરસ્વતી ઉપર છે તેનું મકાન નાનું છે. અને તેમાં લીંગ મુકવામાં આવેલ છે. કેટલીક વખત એવું બને છે કે, દ્વારકાની યાત્રાએ જતા યાત્રાળુ લોકો અથવા કંઈ બીજા કામને વાસ્તે ગયેલા માણસો તે ધામને પવીત્ર જાણી ત્યાં જઈ પુજા દર્શન કરે છે.

દ્વારકા (જગત)

દ્વારકા એ મેશ્રી લોકોનું શ્રેષ્ટ ધામ છે અને હિંદુસ્તાન તથા દક્ષિણમાંથી યાત્રા કરવાને મેશ્રી લોકો ત્યાં આવે છે. મુળમાં જાગનાથ અહમદાબાદથી પશ્ચિમે એકસો પંચોતેર ગાઉ ઉપર એક નગર છે તે ખારા સમુદ્ર ઉપર સોરઠ દેશમાં આવેલ છે. એવું કહે છે કે, આથી પહેલા વખતમાં કેટલાક વરસ ઉપર મથુરાવાસી શ્રી કૃષ્ણની આજ્ઞાથી તેનો કોટ ખરા સોનાથી બંધાવેલો હતો. તે પાણીમાં ડુબી ગયો અને દ્વારીકા શબ્દને લાગુ પાડતાં હિંદી ભાષામાં દ્વાર એટલે બારણું અને કા એટલે શ્રી કૃષ્ણનું એક નામ છે એટલે કૃષ્ણ દરબાર કહી શકાય.

શ્રી. કૃષ્ણ મથુરાથી દ્વારિકા આવીને કેટલાક કાળ સુધી રહ્યા અને આખી ઉમર એજ લાભ તીર્થમાં કાપી. હમણા બહારની બાજુએ ગોમતી ઉપર જગનાથ નગરમાં ભીખમનાથનું મંદિર છે. ત્યાં કેટલાક લોકો તે જમીનને ઓખાક્ષેત્ર કહે છે. ત્યાં ભોંયમાંથી ઉભરાઈને પાણી નીકળીને વહે છે. અને તેની હેઠળ જગનાથ નગર આગળથી વહી ખારા સમુદ્રને મળે છે. આ સંગમને એક તીર્થ કહે છે. ભીકમનારાયણનું મંદિર ત્યાં છે. અને ત્યાં આગળ ગોપી તળાવ છે. જે વિશે જુદી જુદી વાર્તાઓ ચાલે છે. અને ત્યાં કૈલાસ કુંડ પણ છે. અને પીંડારક કુંડ પણ ત્યાંજ છે. કુંડ એટલે પાણીનો એવો ઝરો કે ચારે બાજુએ તેને પત્થરાથી બાંધે. પિંડારક કુંડમાં અડદનું પીંડ બનાવી સ્નાન કર્યા પછી મરી ગયેલાઓના નામથી હોમે છે. પિંડારક કુંડમાં એ ગુણ છે કે, તેમાં પાણી ઘણું ઉડું હોવા છતાં પણ તેમાં ડુબતું નથી. અને વગર તરે પાણીની ઉપર આવી જાય છે. દ્વારકા વિશે નવાઈ જેવી વાર્તા ચાલે છે.

હી.સન ૮૭૮ માં સુલ્તાન મહમુદ બેગડે તેને ફતેહ કરેલ અને શંખો દ્વારની મૂર્તિને ખંડન કરીને ત્યાં મસજીદ બનાવેલી એ વિશેની પુરી હકીકત મીરાતે સીકંદરીમાં સુલ્તાન મહમુદ બેગડાના રાજમાં લખી છે. જે જોવાની ખુશી હોય તો તે વાંચો. ઔરંગઝેબના વખતમાં જુનાગઢના ફોજદારની તરફથી ત્યાં થાણદાર મુકવામાં આવેલો હતો. તે પ્રતિમા પૂજનારાઓને તે કામ કરવા દેતા નહોતો.

શંખોદ્વાર દ્વીપ

બાર ગાઉની લંબાઈમાં શંખોદ્વાર દ્વીપ છે. તેમાં મીઠા પાણીના તળાવો છે અને ફળફળાદિના વૃક્ષો છે તથા વગર ફળના ઝાડો પણ તેમાં જણાય છે. અહીં ખેતીવાડી થાય છે. એમાં ઘણા ખરા પુજારા રહે છે. તેમાં એક ઝાડ એવું છે કે, મુળથી ટોચ સુધી તેમાં ડાળોજ ભરી છે. તેનું નામ પારીજાતિક છે. કોઈ માણસ જરા હલાવે કે આખું ઝાડ હાલવા લાગે છે. બ્રાહ્મણો એવું માને છે કે, આ વૃક્ષ સ્વર્ગનું છે. ત્રણ ગાઉ નાવમાં બેશીને જળ માર્ગ કાપીને જઈએ તો ત્યાં પહોંચાય છે. એનું નામ મુકવાના બે કારણ છે, તેમાંથી એક તો એ છે કે આ બેટ શંખના આકારનો છે અને બીજું એ કે, પ્રાચીન કાળમાં શંખેશ્વર નામની દેવી હતી. અને તે વખતમાં ઈસ્લામ ધર્મ તે દેશમાં ફતેહ સાથે આવી પહોંચ્યાથી શ્રી કૃષ્ણ અને તેમના ભાઈ તથા પિતાજીની પ્રતિમાઓ બચાવની કઠણ જગા હોવાના લીધે જગનાથથી ત્યાં લઈ જવામાં આવેલી ત્યાં એક મંદિર હતું. તેને સુલ્તાન મહમુદ બેગડાએ પાડી નાખ્યું હતું. હમણા એક વંડાની અંદર મંદિર છે. તેમાં એકની સામા એક એવી જાતના છ ઓરડા છે તેમાંના એકમાં રણછોડજીની મૂર્તિ છે. રણછોડજી એટલે કૃષ્ણજી અને બીજામાં માધવરાય, ત્રીજામાં ત્રીકમ, ચોથામાં કેશવ, પાંચમામાં શ્રી કૃષ્ણના પિતા વસુદેવની, અને છઠામાં કલ્યાણની છે. અને કોટના ચાર ખુણા ઉપર ચાર બીજા ઓરડા છે. તે શ્રી કૃષ્ણની ચાર ધણીઆણીના નામના છે. તેમાંથી એકમાં રૂક્ષમણી, બીજામાં રાધાજી, ત્રીજામાં સતભામા અને ચોથામાં જાંબુવંતી છે. ત્રિકમજીના ઓરડા આગળ એક મકાન છે. તે જગા શંખ નારાયણની કહેવાય છે. અને કોટની બહાર એ મકાન હતું તે પડી ગયું છે. તેનો સંબધ શંખાસુર દૈત્યની રહેવાની જગાથી બતાવવામાં આવે છે. અને કહે છે કે, એક બીજો વંડો હતો. તેમાં નાયબ થાણદાર રહેતો હતો.

એક હરિભક્ત પીરની ત્યાં કબર છે. તેનું નામ હાજી કિરમાની છે. એ શું કરવા અને ક્યારે તે જગાએ આવ્યા. અને ક્યારે ગુજરી ગયા તેની કંઈ હકીકત મળી નથી. પરંતુ કબર હાલ સુધી છે. કોઈ શત્રુ તેને

હરકત કરતો નથી. જો કોઈ મુસલમાન ત્યાંજ જઈ ચઢે છે તો ફાતીઓ પઢી તેમને સંભારે છે. દશ કોસના અંતરે જગનાથથી શંખોદ્વારની હદમાં અજામરા ગામ છે. આ બેટની યાત્રાથી જ્યારે દર્શનીઆ પરવારે છે ત્યારે ત્યાં જાય છે. અને માથાના તથા દાઢી મુછના વાળ બોડાવી ત્યાંના જમીનદરને માથા દીઠ નાખેલો કર આપે છે. અને ખભા ઉપર ત્યાંની યાત્રાએ પહોંચ્યાની નિશાનીનો દાઘ લે છે, (છાપ ખાય છે) બ્રાહ્મણો પાસેથી કર લેવાતો નથી. અને દ્વારકાની છાપના ઠેકાણે ગોપી તળાવથી પીળા રંગની માટી લાવી છાપ મારે છે. ત્યાંની માટીને પ્રસાદી દાખલ હાથો હાથ લઈ જાય છે અને એવું કહે છે કે, શ્રી કૃષ્ણના દેવલોક પામ્યા પછી તેમની ૧૬૦૦ સ્ત્રીઓ જે ગોપિકા કહેવાતી હતી તે તેમના વિયોગે તળાવમાં પડી મુઈઓ અને માટી ભેગી થઈ ગઈઓ.

મુળ મહાદેવ

ખારા સમુદ્રના કાંઠા ઉપર સોરઠ સરકારના તાબામાં માંગરોળ પરગણાના માધુપુરમાં એ નામનું એક મંદીર છે. ત્યાંની ચમત્કારીક વાત એ છે કે અસાડ માસમાં સૂર્યનારાયણ મેશરાશીમાં આવે છે ત્યારે વર્ષા રૂતુનો પ્રારંભ ગણવામાં આવે છે તે વખતે હિંદુઓની ગણતરી પ્રમાણે અગીઆરશ બારશ તેરશ ચૌદશ અને પુનમના દિવસે કબુતર કરતાં નાનું એક પક્ષી જે પોતાના રૂપ તથા કદમાં ત્યાંના બીજા પક્ષીઓ કરતાં કેવળ જુદુંજ હોય છે. અને કેટલાક તેને પક્કા કહે છે. તે કોઈ વખતે વરસના બીજા દિવસોમાં જોવામાં આવતું નથી. તે પછી તે દિવસોમાં એક અથવા બે દિવસે સમુદ્રમાંથી ઉડી આવીને તે મંદિરની ઘુમટી ઉપર બેસે છે. અને બે ઘડી સુધી ત્યાં બેસી પીછા ખુલ્લાં કરી આનંદ પામી લોટી ખુશ ખુશાલી ભોગવે છે.

લોકો તે પક્ષીના દર્શન કરવાને તે દહાડે ભેગા થાય છે, ભાત ભાતના ધુપો દે છે અને તેના શરીરના પીંછાની ધોળાશ અને શ્યામતા ઉપરથી વરસાદનું ભવિષ્ય રાખે છે. તેના માથા અને પૂંછડીના તરફ વધારે કાળું હોય અને વચમાં ધોળું હોય તો તેથી શરૂઆત અને છેલ્લા દહાડામાં વરસાદ થશે એમ માને છે. અને વચમાં ઓછો વરસાદ થશે એમ ગણે

છે, અને જો બેઉ તરફ સફેદ હોય તો વચમાં વરસાદ વધારે હોય છે. અને પહેલાં તથા અંતે થોડો વરસાદ થશે એમ ગણે છે. મતલબ કે, જે ભાગમાં કાળું વધારે હોય તે ભાગમાં વરસાદ થશે એમ માને છે. અને જે ભાગમાં ધોળું વધારે હોય તે કોરૂં કહે છે. જો આખું શરીર કાળું હોય તો આખું વરસ વરસાદ વધારે છે એમ મનાય છે. ને જો આખું શરીર ધોળું હોય તો તે સુકી સાલ દુષ્કાળની નિશાની છે કે ખરડીયું થશે. કોઈ એવું વરસ નથી કે, તે પક્ષી તે દિવસોમાં ત્યાં ન આવે. એવું કહે છે કે, એજ દિવસોમાં ખારા સમુદ્ર ઉપર આવેલા જગનાથ અને પાટણ દેવના પ્રખ્યાત મંદિરો ઉપર પણ આવીને બેસે છે. અને ત્યાંના લોકો ઉપર કહ્યા પ્રમાણે કાળાશ તથા ધોળાશ ઉપરથી વરસાદનો અડસટો કરે છે. ખરૂં ખોટું પ્રભુ જાણે.

અંબા ભવાની તથા કાળકા ભવાની

ગિરનારની ચોટી ઉપર બે મંદિરો છે તેમાં અંબા ભવાનીના જાત્રાળુ તે જગાએ મહા મુશીબતે પહોંચે છે. તે પહોંચી દર્શન કરે છે. અને કાલકા ભવાનીનો કઠણ રસ્તો હોવાથી ત્યાં જવાતું નથી.

ભૈરવ જપ

હીંદુ લોકો ફરી અવતાર લેવાને સર્વ રીતે માને છે. તેથી એ લોકોમાં ભૈરવ જપ તેને કહે છે કે કોઈ માણસ આ ક્રિયાથી જીવ આપ્યા પછી રાજા અથવા કોઈ મોટા ઠેકાણે અવતરે છે. અથવા અવતારથી નિવારણ થઈ મુક્તિ પામે અને એ જપ કરવાને કોઈ પવિત્ર ધામે પર્વતની ચોટી ઉપરથી પોતાને હેઠળ નાંખી દે અથવા પાણીમાં ડૂબી મરે. ગીરનારની ચોટી ઉપર ઉત્તર દિશાએ એક લપસણો પત્થર છે. તે બહાર નિકળેલો છે. અને તેની હેઠળ એક ભોંયતળીએ લાગેલો ઉંડો ખાડો છે ત્યાંથી એ લોકો પડતું મુકે છે. ઘણું કરી આ ક્રિયા જોગીઓ તથા સન્યાસીઓ કરે છે. અને એ કરવાને કુંડમાં સ્નાન તથા પુજા પહેલાં કરી લે છે.

બાકેસરી (વાઘેશ્વરી) ભવાની

ગીરના પર્વતની તળેટીએ એક મંદિર છે. તેના દ્વાર ઉપર સિંહની મૂર્તિ બનાવેલી છે.

ગોપનાથ

ગીરનારની તળેટીમાં એક મંદિર છે. તે મહુવાના તાબામાં છે. જે સોરઠ સરકારમાં આવેલા ગોહેલવાડમાં છે. એ ખારા સમુદ્ર ઉપર છે. વસ્તીની બહાર ગોપનાથ નામની જગ્યા છે. ગોપનાથ, મહાદેવના નામોમાંથી એક નામ છે.આ એક લીંગ પધરાવેલું છે. તેની પાડોશમાં પુજા કરનાર, પુજારીઓ અને સેવકો રહે છે.

દામોદર

સોરઠ તાબે ઉના ગામમાં એક મંદિર છે. તેમાં દામોદરની મૂર્તિ છે. દામોદર શ્રી કૃષ્ણના નામોમાંથી એક નામ છે. તેના બેઉ હાથ લાંબા કરેલા છે એવી રીતે કે, જાણે કોઈને કંઈ આપે છે. સોરઠના રાજા મંડલિકના રાજની વખતે નાગર બ્રાહ્મણ નરસિંહ મહેતો કૃષ્ણ ભક્તને તે મૂર્તિએ ફુલનો હાર સર્વ જોતાં આપેલો તે વખતથી બેઉ હાથ તે મૂર્તિના એમજ રહી ગયા છે. નરસિંહ મહેતાની વાર્તાઓ અચંબા અને નવાઈ ભરેલી લોકોમાં કહેવાય છે. જેમનું વર્ણન કરવું લખાણ લંબાણ સિવાય બીજું કોઈ પણ કોઈ જાતની મતલબ દેખાડતું નથી.

સરકેશ્વર

અજહર માતર પ્રગણાના સિહોજ ગામમાં આ મંદિર છે. તેમા એક લીંગ મુકેલું છે. સરકેશ્વર એ મહાદેવનું એક નામ છે. એવું કહે છે કે, દર વરસે તલના પ્રમાણમાં તે વધે છે.

બહુચરા

ચુંવાલ ટપામાં અહમદઆબાદથી ચાલીશ ગાઉ ઉપર શંખલ પુર ગામમાં માતાનું મંદિર છે. તેમાં મૂર્તિ નથી. પણ પશ્ચિમ દિશાએ એક ગોખ છે. તે બહુચરાનું સ્થાનક છે. અને બહુચરા ભવાની નામથી સંબંધ રાખે છે. તે સ્થાનક વિશે વિચિત્ર વાર્તાઓ ચર્ચાય છે. જે લખવાથી લંબાણ થઈ જાય. અચંબા જેવું એ છે કે, હિંદુ લોકોમાં મુજાવરોને પુજારા કહે છે તે ત્યાં આગળ બે પ્રકારના છે. તે મુસલમાન કહેવાય છે. જેમનું હિંદુ પણું મુસલમાનીથી વિશેષ છે. તે બે જાતો પવૈયા અને કમાલીઆ છે. પવૈયા હિંદુ સ્ત્રીઓનો પહેરવેશ પહેરે છે. અને કમાલીઆમાં પુરૂષાતન

તથા સિપાઈ પણું હોય છે અને પોતાના હાથમાં બહુચરાના પુજારા દાખલ ત્રીશુલ ભાલા રાખે છે. તે તરફના કોળી તથા રજપુતો કે જે રસ્તો લુંટી ચોરીનો ધંધો કરે છે. તે બહુચરાને ઘણું માને છે. તેથી કોઈ કાફલાની સાથે બહુચરાનો પુજારો હોય તેને છેડતા નથી. મરઘડા તથા મોર ત્યાં ભેટ દાખલ ઘણા મુકવામાં આવે છે. કેમકે લોકો કહે છે કે, આ બેઉ પક્ષી બહુચરાના વાહન છે. તે પક્ષીઓ ઉપર કોઈ હાથ લાંબો કરી શક્તું નથી. માનતા વાળા લોકો અહીં પાડાને લાવીને વધ કરે છે. અને તેના રૂધીરનું ટીલું કરે છે. હિંદુ લોકો બહુચરાને ઘણું માને છે. તેથી કોઈ આશા પુરી થવાને અથવા દુઃખથી આરોગ્યતા મેળવવાને ત્યાં જઈ અપવાસ કરે છે અને એમ કર્યાથી થોડી મુદતમાં આશા પુરી થાય છે. કેટલાક આંધળા થયેલા આ ક્રિયાથી દેખતા થયા છે. અથવા કોઈ બીજા રોગમાં સપડાએલા સાજા થાય છે, જો કોઈ માણસ નાણા અથવા ઘોડાની આશા રાખતો હોય તો તેને સ્વપ્નામાં દર્શાવે છે કે, અમુક માણસ પાસે જઈને માગ તે તને આપશે. અને આપનારને પણ સ્વપ્નામાં કહે છે કે, આવો માણસ આવે તો તેને આપજે. આ તો આ કહેવત પ્રમાણે છે કે, મારો ગુરૂ ખસની ઘાસ છે. અને મારી તેના ઉપર આસ્તા પરિપૂર્ણ છે. આ ધામને ભવાનીનું મોટું સ્થાન માને છે. સંઘ ઉપર આસપાસ અને દુર દેશાવરોના જંગલો કાપીને યાત્રાર્થે આવે છે. તેમજ માનતા માની આશા પુરી થવાના કારણથી જાય છે.

મુળ દ્વારકા

એટલે દ્વારકાનું મુળ સોરઠના કોડીનાર ગામમાં ખારા સમુદ્રના કાંઠા ઉપર બેટના આકારમાં છે, તથા પ્રગટ થયેલી સરસ્વતીના કિનારાથી પગ દંડી રસ્તે જવું પડે છે. અને પછી ખારા સમુદ્ર સિવાય કંઈ નથી. ત્યાં મીઠા પાણીની વાવ મંદિર છે, અને આ મંદિર કૃષ્ણના નામથી પંકાય છે. અહીંઆ દર્શન કરવા હિંદુઓ હંમેશા જતા રહે છે. દ્વારકાની પેઠે અહીં પણ છાપો મારે છે.

સુદામા નગર (સુદામાપુરી)

સોરઠ સરકાર તાબે પોરબંદરમાં ખારા સમુદ્ર ઉપર આ મંદિર છે તેનું નામ સુદામાનું મંદિર છે. સુદામા વિદ્યાભ્યાસમાં શ્રી કૃષ્ણના વ્હાલા

સખા હતા. શ્રી કૃષ્ણ તથા સુદામા વચ્ચે જે ચરિત્ર બન્યા છે તે પ્રસિદ્ધ છે. તે અહીં લખવું ઘણું લંબાણ થાય છે. હિંદુઓ અહીં દર્શનાર્થે જાય છે.

ચંદ્રેશ્વર મહાદેવ

આ મહાદેવનું નામ છે. ધોળકા તાબે ચંદ્રેશ્વર ગામમાં ધોળકેથી ત્રણ ગાઉ ઉપર સાબરમતીના કાંઠે આ મંદિર છે. બ્રાહ્મણો કહે છે કે, જુના કાળમાં આ ઠેકાણે એક મંદિર હતું અને એક રબારી કેટલીક ગાયો ચારતો હતો. તે ગાયોમાં એક ગાય ઘણી મોટી અને બીજી ગાયો કરતાં તૈયાર હતી. તેના આંચળ દુધથી ભરેલા રહેતા હતા. સાંજરે ગાયો દોવાની વખતે તેમાંથી દુધ નહોતું નીકળતું. રબારી એ કેટલાક દિવસ સુધી આવું જોયું ત્યારે તેને અચંબા ઉપર અચંબો દિવસે દિવસે વધતો ગયો. તેણે ધાર્યું કે, એનું દુધ કોઈ દોઈ લેતું હશે. તેથી એ વિશે તજવીજ કરવાનું તેણે નક્કી કર્યું અને હમેશાં તેના ઉપર દ્રષ્ટિ ચોટાડીને તાકતો રહેતો. છેવટે એક દિવસે બપોરે જોયું કે, તે ગાય ઘણથી જુદી નીકળી અને એક બાજુએ જવા લાગી. એ પણ તેની છાયાની પેઠે વગર માર્ગે ગયો. તે એક માટીના ટેકરા ઉપર ગઈ અને ઉભી થઈ રહી. ત્યારે તેના આંચળોમાંથી પોતાની મેળે દુધ વહેવા લાગ્યું અને આંચળો ખાલી થઈ ગયા. તે નવાઈ અને અચંબાના સમુદ્રમાં ગોથા ખાવા લાગ્યો. પછી રાત્રે મહાદેવે પોતાના નામ અને એંધાણીની તેને ચેતવણી આપી અને કહ્યું કે, આ ટેકરામાં મારૂ સ્થાન છે. તેની ઉપર મંદીર બાંધ. તેણે ઉત્તર વાળ્યો કે, નાણા ક્યાંથી લાવું. તેનો પ્રત્યુતર મળ્યો કે, એજ ટેકરામાં છે ત્યાંથી કાઢીને વાપરવા માંડ, જ્યારે તે જગાને ખોદી તો કહ્યા પ્રમાણે તેને મળ્યું અને માટીમાં ઢંકાએલું એક લીંગ હતું તે પણ હાથ લાગ્યું. રબારીએ નાણાથી મંદિર બાંધી ગામ વસાવ્યું અને તેનું નામ ચંદ્રેશ્વર મુક્યું. અને એક મોટો કુવો ખોદાવ્યો કે જેમાં ઘણા કોસ એકજ વખતે ચાલી શકે. હમણાં સુધી તે કુવો અને ગામ આબાદ છે.

અચળેશ્વર મહાદેવ

શીરોહી તાબે આબુ ઉપર આ મંદિર છે અને જે ઠેકાણે સરસ્વતી નદીની નિકાશ છે તેની પાસે છે. મહાદેવના નામોમાંથી એક નામ ઉપરથી

નામ પડ્યું છે. અહીંના દર્શન હિંદુ લોકોમાં અતિ ફળદાયક છે.

ઉટકન્ટેશ્વર

ઠાસરા પરગણામાં, વાત્રક નદી ઉપર પુનાદરા ગામની પાસે રખજીપુરામાં આ મંદિર છે. તે શહેરથી વીસ ગાઉ ઉપર છે. અહીં એક લીંગ છે. કે જે ઉંટના પગ તળીઆ સરખું છે, ગણેસુ નામથી તે પ્રખ્યાત છે. આ ઠેકાણે લીંગ પ્રગટ થવાનું કારણ એમ કહેવાય છે કે, રૂષી અહીં તપ કરતા હતા ત્યારે ત્યાં એ પ્રગટ થયેલા. અહીંના દર્શન બ્રાહ્મણો તથા હિંદુઓમાં મહાપુણ્યના ગણાય છે. શહેર ગામડાઓ વિગેરેમાંથી સંઘ જોડી લોકો દર્શનાર્થે જાય છે. મકરસંક્રાંન્તિએ ભારે મેળો ભરાય છે અને આખું વરસ ભેટો મૂકાય છે.

રણછોડજીનું મંદિર ડાકોરમાં

સરનાલાલ એટલે ઠાસરા પ્રગણામાં ઠાસરા કસ્બેથી ત્રણ ગાઉ ઉપર ડાકોર ગામમાં એ મંદિર છે. ત્યાં એક મૂર્તિ રણછોડજીના નામની છે, અને રણછોડજી શ્રી કૃષ્ણનું એક નામ છે. આ મૂર્તિ દ્વારકામાં પૂજાતી હતી. તે ડાકોરમાં આવવાનું એવું કારણ બતાવવામાં આવે છે કે, પહેલાના વખતમાં એક બ્રાહ્મણ ગૌલકી બોડાણા નામનો હતો. તે શ્રી કૃષ્ણજીનો ભક્ત હતો, તે યાત્રા કરવાને દ્વારકા ગયેલો. પાછા ફરતી વખતે સ્વપ્નામાં રણછોડજીના નામની મૂર્તિએ કે જે ત્યાં હતી તેણે કહ્યું કે, મને તારી સાથે પોતાને ઘેર લઈજા. તેણે કહ્યું કે, હું શી રીતે આ મોટા ભારને ઉચકી શકીશ. તથા પુજારીઓ અને ચોકીવાળા મને શી રીતે મુકી દેશે કે, હું લઈ જાંઉ ? ત્યારે ઉત્તર મળ્યો કે, હું પોતાને ઘણો હલકો કરી દઉં છું તુ મને સહેજથી ઉચકી શકીશ, લોકો તને જોશે નહિ અને તને કોઈ કાંઈ હરકત કરશે નહિં. તે એમજ બન્યું કે, ધોળે દહાડે તે મૂર્તિ લઈને તે નીકળી આવ્યો અને સ્વપ્નામાં કહેલું ખરૂં પડ્યું, તે તેના રહેવાના ગામ ડાકોરમાં લઈ આવ્યો. આ વાત બધે ફેલાઈ ગઈ. આસપાસથી હિંદુઓએ આવી દર્શનનું બજાર ગરમ કરી દીધું. એવું કહે છે કે, આ મૂર્તિ ડાકોરમાં પહોંચી ત્યાં સુધી ત્યાંના પુજારીઓ પહેલા પ્રમાણે તેજ સ્થળે મૂર્તિ ઉભેલી જોતા હતા. અહીં એ મૂર્તિ પહોંચી કે, તેજ દહાડે ત્યાના સ્થળે મૂર્તિ નહોતી. તે

જોઈ અચંબીત થઈ ગયા. પછી મૂર્તિ તથા તેની હકીકતની તેમને ખબર થઈ આ મૂર્તિ તો એમના ગુજરાનનું સાધન હતું તેથી તે ડાકોર આવ્યા. બોડાણાએ તેમની બીક અથવા આજ્ઞા પ્રમાણે તે મૂર્તીને ગોમતી નામના તળાવમાં નાખી દીધી. ડાકોરના આ તળાવનું નામ ગોમતી છે અને એવું કહેવાય છે કે, ગોમતી નદી જે દ્વારકામાં એ મંદિર કને છે તે અહીં આ તળાવમાં પણ આવી છે અને તેમાં સ્નાનને લોકો પાપ નિવારણ જાણે છે. મૂર્તિ એમાં નાખીને સંતાડી દીધી. આ સામાવળીઆ અહીં આવી શોધવા લાગ્યા અને એ ગામના ઘર તથા શકવાળી જગાઓને જોઈ વળ્યા. પણ કંઈ પત્તો મળ્યો નહિં. છેવટે તળાવમાં શોધવાની વખત આવી ગઈ. તેઓ પાણીમાં પેઠા અને ભાલાથી પત્થરને શોધવા માંડ્યો. છેવટે એક માણસની બરછીનું ફળ આ મૂર્તીની છાતીમાં લાગ્યું અને તેમાંથી લોહી નીકળ્યું કે જેથી આખું તળાવ લોહીલુહાણ થઈ ગયું. આ જીલ્લાની માટી રાતી છે. તેનું કારણ એ લોહી બતાવવામાં આવે છે.

ટુંકમાં આ પ્રતિમાને કાઢીને બહાર લાવી પોતાને ઠેકાણે લઈ જવાને ધારતા હતા જેથી દુશ્મની વધી, લડાઈ થવાનો સંભવ થયો. કેટલાક શુભેચ્છક પંચાતીઆ વચ્ચે પડ્યા અને ફેસલો કર્યો કે, આ મૂર્તિના તોલે તોલ જે કોઈ સોનું આપે તેની તે મૂર્તી થાય. બીચારા બોડાણાને એ સોનું મળી શક્તું નહોતું છતાં પ્રભુ ઉપર ભરૂસો રાખી કબુલત આપી. સામાવાળાઓએ અડસટો કરીને સોનાથી મૂર્તિને જોખી પણ બરાબર ઉતરી નહિ, બીજી વખતે બોડાણાને આજ્ઞા થઈ કે તુ પણ જોખ, તેણે વિનંતી કરી કે, મારી પાસે ધણીઆણીની નથ સિવાય બીજું સોનું નથી તે હુકમ થયો કે, તે નથને તુલસી પાનની સાથે ત્રાજવામાં મૂક તે બરાબર થશે. બીજે દિવસે તે તત્પર થયો અને દ્રઢ બનીને મેળવેલી આજ્ઞા પ્રમાણે જોખવાનું કામ કર્યું. તે બરાબર થઈ. આ બનાવ બન્યાથી સામાવાળાને પસ્તાવો અને અવસર ચુકયા સિવાય બીજો લાભ થયો નહિ. તેઓ લાચારા થઈ રડવા ફુટવા લાગી ગયા.

કહે છે કે, તે મૂર્તિએ તેમને સમાધ સ્થિતિમાં ચેતવણી આપી કે, આવાજ રૂપની અને એવીજ બજી પ્રતિમા ગોમતી તળાવમાં તમારા વાસ્તે

પ્રગટ થશે. તેની પ્રતિષ્ટા ત્યાં કરજો અને તે તેજ મૂર્તિ છે એમ ધારજો, જેથી તમારૂં ગુજરાન સારી પેઠે ચાલશે. કહે છે કે, તે મૂર્તિની છાતી ઉપર પણ બરછીનો ઘા છે. આ જોઈને બ્રાહ્મણો તથા આસ્તિકની શ્રદ્ધા એકથી દશગણી વધી ગઈ અને ખરા મનથી પુજામાં હોંશ દેખાડવા લાગ્યા. આસો સુદ ૧૫ ને દિવસે કે જ્યારે સૂર્ય નારાયણ કન્યા રાશીમાં આવે છે અને મોતીનો વરસાદ વરસે છે જેને લોકો માણેકઠારી પુનમ કહે છે. તે દિવસે આસપાસ અને દુર દેશાવરથી લોકો દર્શન કરવા આવ્યાથી મેળો ભરાય છે. સંવત ૧૨૧૨ માં આ બનાવ બન્યો હતો. અને આ પુસ્તક લખવાની વખતે સંવત ૧૮૧૮ છે અને સને ૧૧૭૫ હીજરી છે, જેને છસો વરસ થઈ ગયા છે. ડાકોરમાં સંઘ જોડી પુરૂષ સ્ત્રીઓ જાય છે, ભેટો લઈ જાય છે અને એ પ્રતિમાને કીંમતી પોષાક પહેરાવે છે અને મોટું મંદિર બાંધ્યું છે.

શોલપાન મંદિર

રાજપીપળાના પર્વત ઉપર આ મંદિર છે. શોલપાન નામ મહાદેવનું છે. જે લોકો રેવાસ્ના કરવા આવે છે તે ધામ પાસે હોવાના લીધે ત્યાંના જમીનદારના હુકમથી ત્યાં જાય છે અને અહીંની પુજાને ઘણી લાભકારી જાણે છે. એવું કહે છે કે, વરસમાં ચંદનના જેવી કોઈ વસ્તુ વાટેલી કેશર મેળવેલી ત્યાંથી નીકળે છે. લોકો તેને પ્રસાદી દાખલ લઈ આવે છે.

કાળકા ભવાની

આ મંદિર પાવાગઢની ઉપર છે અને તેની ઉપર એક સ્થાનક છે જેને સદનશાહનું સ્થાનક કહે છે. તે એક પીર હતા. બ્રાહ્મણો આ મંદિરને ઘણું માને છે અને એ વિશે નવાઈ જેવી વાતો કરે છે. આસપાસ તથા દુર દેસાવરથી ઘણા લોકો યાતરા કરવા આવે છે. અને સદનશાહને પણ ભેટ મૂકે છે.

ભૈરવ

મહાદેવનું મંદિર છે, તે સાંકડી શેરીમાં છે. આ મૂર્તિ પીતળની ચાર હાથવાળી છે. બીજા મંદીરોમાં લીંગ બનાવીને મૂકે છે તેમએ નથી.

અંબા ભવાની

ખેરાળુ પાસે દાંતાની સરહદમાં છે, આ પર્વતોની અંદર મંદિર છે અને અહીંની પ્રતિમા અંબા ભવાની કહેવાય છે. બ્રાહ્મણો એને શ્રેષ્ઠ ધામ ગણે છે અને આસપાસ તથા દુર દેશાવરથી સંઘ જોડી હીંદુ લોકો યાત્રા કરવા શ્રાવણ વદ અમાસ તથા ભાદરવા છઠ્ઠને દહાડે ત્યાં જાય છે. ત્યાં જઈ દર્શન કરી પુણ્યદાન કરે છે. માતાને યાત્રાળુ લોકો કીંમતી પોશાક પહેરાવી શણગારે છે અને સ્ત્રીનો પહેરવેશ શોભીતો પહેરાવે છે. કેટલાક વરસ પહેલા ઉદેપુરના નામાંકીત રાજાએ કે જે હિંદુસ્તાનના રાજામાં મોટો રાજા ગણાય છે. તેણે એક ભેંટ મૂકવાને તે પોતાના સ્વદેશથી પગે ચાલી આવીને બ્રાહ્મણોને દક્ષિણાઓ આપી ભેટો મૂકી સોનાનો મુકુટ ભવાનીના મસ્તક ઉપર મૂકી ગયા હતા.

રૂદ્રમાળ

સિદ્ધપુરમાં કસ્બાની હદમાં પાટણ સરકાર તાબે સરસ્વતી નદી ઉપર એ સિદ્ધરાજ જયસિંહનું બનાવેલું મોટું મંદિર છે. રૂદ્ર નામ મહાદેવનું છે તેથી રૂદ્રમાલ કહેવાયું. માલ એટલે ઘર. એટલે મહાવેદ સ્થાન. અહીંઆ મૂર્તિઓ તથા તેના શણગાર ઘણાં સારાં મુકેલા હતા. અહીં પૂજા ઘણાં ઠાઠથી થતી હતી. મુસલમાનના વખતમાં એની ખરાબી થઈ. અહમદાબાદ વસાવનાર સુલ્તાન અહમદ તેમાંથી મૂર્તિઓ કાઢી નાખી અને મસજીદની નિશાની કરી દીધી. એની વિસ્તીર્ણ મીરાતે સિકંદરીમાં લખી છે. હવે ઘણો વખત વિત્યેથી ખંડેર થઈ જઈ, તેની પત્થરની ઈમારતો બાકી રહી છે.

અહમદઆબાદ શહેરના મંદિરો

જોકે શહેરની અંદર તથા બહાર ઘણા મંદિરો છે પરંતુ જે પ્રખ્યાત છે તેજ લખવામાં આવે છે.

રણછોડજી

માણેકચોકની દક્ષિણે માંડવીની પોળમાં કઠણ પતથરની મૂર્તિ છે. શહેરના વાણીઆઓની અહીં પાકી શ્રદ્ધા છે. અહીંની ઈમારત ભાંગી ગઈ હતી. આ વખતે રજા લઈ નવેસરથી ઈમારત બાંધી છે. ત્યાં એક બ્રાહ્મણે બીજુ મંદિર બાંધી તેનું નામ ત્રિકમજી રાખી તેમાં પણ મૂર્તિ મુકી છે.

રણછોડજી

દોલતખાના મોહલ્લા સારંગપુરમાં રણછોડજીનું મંદિર છે. જુના વખતમાં શહેર બહાર તેજ દરવાજાની પાસે રાણી શેરીમાં એ મૂર્તિ હતી. શહરેની પડતી દિશાની વખતે જ્યારે ત્યાંની વસ્તી ઉજ્જડ થઈ ત્યારે તેને શહેરમાં લાવીને મૂકી. સદાશીવ રામચંદ્રના ભાઈ નથુજીએ પોતાની હકુમતના વખતમાં મોટું સારૂં મંદિર બાંધેલું અને તેમાં એ મૂર્તિને પધરાવી હતી. તે મંદિરના ખરચ પેટામાં શહેરના સેવકોના દાન દાખલ નાણા ઠરાવીને આપયા હતા.

રઘુનાથજી

હાજા પટેલની પોળમાં એ મંદિર છે. ત્યાં દર્શન કરનારા લોકો કહે છે કે, પતથરની કોઈ મૂર્તિ એના જેવી રૂપાળી જોવામાં આવી નથી. લક્ષ્મણજીની મૂર્તિઓ તેના ડાબા જમણી બાજુએ મૂકેલી છે. રામનવમીની વરસગાંઠના દહાડ પુરૂષ તથા સ્ત્રીઓની દર્શનને વાસ્તે ઠઠ મળે છે.

ચતુરભુજ

ચંગપોળમાં એક બ્રાહ્મણના ઘરમાં છે. એ મૂર્તિ કાળા પત્થરની છે અને તેના ચાર હાથ છે જે ઉપરથી ચરતુભુજ કહેવાય છે.

મદનમોહન

રાજામેતાની પોળમાં એક બ્રાહ્મણના ઘરમાં આ મંદિર છે. તેની મૂર્તિ પીતળની છે, અને તેને લોકો ઘણા માને છે.

ગોકુળચંદ્રમાં

જુના વખતથી રાજા મહેતાની પોળમાં રઘુનાથ ગુંસાઈના ઘરમાં છે. તેનો છોકરો વૃજનાથ જીવતો હતો ત્યાં સુધી તેજ પોળમાં મૂર્તિ હતી. તેમ મરી ગયા પછી હમણાં દોશીવાડાની પોળમાં વૃજભૂષણના ઘરમાં છે. આખા દિવસમાં પાંચ વખતે જઈ વાણીઆ ત્યાંના દર્શન કરે છે અને આ મંદિરનું મહાભારત ખરચ પુરૂં પાડે છે.

રામનાથ

માંડવીની પોળમાં દેવશેરીમાં આ મંદિર છે. તે ઘરની અંદર છે, અને ત્રણ ટપાઈની ઉંડાઈમાં તે ધામ બનાવેલું છે. ત્યાં અખંડ દીવો બળે છે. લોકોપ્રસિદ્ધ તે જગા છે. શહેર વસતા પહેલાનું તે મકાન છે. મુસલમાની દોર થવાથી ભોંતળીએ તેની જગા કરવામાં આવી અને હાલ પણ તેજ પ્રમાણે છે.

ભરમ

મહાદેવના નામથી સંબંધિત છે. સાંકડી શેરીમાં એમની મૂર્તિ છે. ચાર લટકતા હાથવાળી છે, અને બીજા મંદિરોથી જુદુ જ અહિંયા મહાદેવની સુરતના બદલામાં ફક્ત પાતળા પથ્થરથી કોતરીને રાખવામાં આવ્યું છે.

અંબા તથા બહુચરા

ચંગપોળની અંદર સ્ત્રીની એક મૂર્તિ છે. તે આરસપહાણની છે. આ મંદિર રાજમાર્ગ પર આવેલું તેથી ઘણી ભીડ થઈ જાય છે. અને ઘણું કરી રવીવારે માણસોનો ભારે જમાવ થાય છે. સેવકો કીંમતી વસ્ત્ર તથા ઘરેણાનો તેનો શણગાર કરે છે.

અંબા બહુચરા

રાયપુરમાં આકા શેઠના કુવાની પોળમાં ભોંયરામાં આ પ્રતિમા છે. અખંડ દીવો બાળી વસ્ત્ર ઘરેણાનો સારો શણગાર સજાવે છે.

મછરાલ

સારંગપુર પાસે તળીઆની પોળમાં એક બ્રાહ્મણીના ઘરમાં છે. આ એક ગોખ છે તેને બહુચર ગોખ કહે છે, આ બ્રાહ્મણી તેની સેવા કરે

અને કેટલાક દિવસે ખાનપાનનો ત્યાગ કરી દુધ પીઈનેજ રહેતી હતી. પોતાને વાસ્તે એ તલઘર બનાવેલું તેમાંથી એક વાર સિવાય બહાર આવેલી નહિં. આ પુરી રીતે સાબીત થયેલું છે કે, નવરાતરમાં આ લોકો નવ દહાડા સુધી અપવાસ કરે છે, અને દશેરાને દહાડે અપવાસ છોડે છે. અને આઠમના દહાડે અગ્નિ સળગાવે છે અને ઘી, જવ, દૂધ, ચોખા વિગેરેનો હવન કરે છે, અહીંના પુજારી, લોકોના જોતાં પોતાની જીભ કાપીને અગ્નિમાં નાખી દે છે અને પાછી ફરીથી જેવી હતી તેવી થઈ જાય છે. હવે આ વખતે તે સ્ત્રી વૃદ્ધ અવસ્થામાં આવી ગઈ છે, તેથી ઘડપણના દુઃખ ટાળવા ખાતર ખાનપાન કરે છે. પરંતુ નવરાતરમાં તો જીભ કાપવાનું જુનુ કામ કરે છે.

બહુચરા

આસ્ટોડીઆના ચબુતરા પાસે ઢાલની પોળમાં છે. એક ઘરમાં એક ગોખ છે. તેને પાના ચઢાવી શોભીતું કર્યું છે તેના ચમત્કારની ઘણી વાર્તાઓ કહેવાય છે. માનનારા ઘણાં હિંદુ સેવકો ત્યાં દર્શન કરવા જાય છે.

તોતલા ભવાની

રાજા મહેતાની પોળામાં તેના નામ ઉપરથી કહેવાતી ભવાનીની પોળમાં બાંદા જાતના વાણીઆના ઘરમાં છે, તેણે મેડા ઉપર એની એક ગોખ જેટલી જગા જુદી બનાવેલી છે તેમાં ત્રણ પત્થરના વગર ઘડેલા કેકડા મૂક્યા છે. તેમની ઉપર સોનાના પાના મઢેલા છે તે તેને તોતળાભવાની કહે છે. તેની પણ ઘણી વાર્તાઓ કહેવાય છે. જે લખતાં લખાણની લંબાઈ સિવાય બીજો અર્થ સચવાય નહિ. બાંદાજાતના વાણીઆની સ્ત્રીઓ તથા પુરૂષો જુવાન અને બાળકો તેને ઘણી માને છે. આસો તથા જેઠ માસની પાંચમે રાતની વખતે તેના પોઠીઆ વાણીઆના પીંડમાં આવી ભરાય છે તે વખતે આશાવંત સેવકો પોતાની મતલબની વાતો પુછે છે અને પોતાના ધારેલા કામ કેમ પુરા પાડશે તે વિશે પ્રશ્ન પૂછે છે.

આશાપુરી

સાંકડીશેરીમાં છે. આ વખતે નાગર જાતના માણસ કૃપાશંકરે

નવું ધામ બંધાવ્યું છે, તે ઘણું સુંદર અને આરસપહાણાની મૂર્તિ બનાવેલી છે અને ભાતભાતના વસ્ત્રો તથા ઘરેણાથી શણગારે છે.

પુરા-(પરા)ઓના મંદિર

નરસિંહજી

રાજપુરમાં તુળસી મહોલ્લામાં એ મંદીર છે. પૂજાની જગા આરસ પહાણની કરેલી છે. તેની ઉપર પુષ્પ વૃષ્ટિ કરે છે. મુસલમાનોની બીકના લીધે સેવકોએ નરસિંહજીની મૂર્તિ ભોયમાં તલઘરમાં સંતાડી મૂકી હતી અને હમણાં સુધી તે ત્યાંજ છે. નરસિંહજીનું બીજું મંદિર ચંદુલા તળાવ ઉપર છે. ત્યાં ભીંતમાં એક ગોખ છે તે ઘણો ન્હાનો છે. સેવકો ત્યાં ઘણા જાય છે.

કામેશ્વર

મહાદેવનું નામ છે, આ મંદિર રાયપુરના દરવાજા બહાર છે. નજમુદ્દૌલાની અમલદારીના વખતમાં નંદરામે તે મંદિર બાંધ્યું અને બગીચો કર્યો.

કાકરેજી ભવાની

કાંકરીઆમાં પાણી આવવાના ગરનાળા ઉપર છે. ત્યાના થાંભલાઓમાંથી એક થાંભલાને આરાધીને તેનું નામ કાંકરેજી મુક્યું છે. હિંદુઓ ત્યાં જઈ સ્નાન પૂજા કરે છે.

સેંધવાવ ભવાની

ખોખરા મેહમુદાબાદમાં છે. ત્રણ ગાઉં છેટે એક વાવ છે તેને સેંધવાવ ભવાનીનું ધામ માને છે. દર વરસે શ્રાવણ માસના રવીવારે હિંદુઓ ત્યાં જઈ સ્નાન પૂજા કરે છે.

હનુમાન મહાદેવ

સુલ્તાનપુરામાં મરકટી મૂર્તિ છે, તે કઠણ પત્થરાની ઉંચા કદની પ્રતિમાં છે. પ્રાચિન કાળમાં ભોંયમા દટાયેલી હતી. દામાજીરાવ ગાયકવાડ મરેઠાના દીવાન રેંકુજી પંડિતે તેના માહિતગાર બનીને ઉપર કાઢી તેનું મંદિર બાંધ્યું. શનીવારે હિંદુઓના ટોળે ટોળા ત્યાં જાય છે.

સાંલકેશ્વર (નીલકેશ્વર) મહાદેવ

હવેલી પરગણા તાબાના વસ્તાલ ગામમાં શહેરથી ત્રણ ગાઉ ઉપર એ મંદિર છે. જુના વખતથી એ પ્રખ્યાત છે. એની ઉપર ઘુમટી છે. શ્રાવણ માસમાં દર વરસે શહેરવાસી હિંદુઓ ત્યાં દર્શન કરવા જાય છે.

માતર ભાવની

હવેલી પરગણાના અસારવા ગામમાં શહેરથી અર્ધા ગાઉ ઉપર આ મંદિર છે. આ એક વાવ છે તેને માતર ભવાની કરીને કહે છે. શહેર વસ્યું તે વખતથી એક મંદિર હતું. કોઈ સેવકે સ્વપ્ના પ્રમાણે વાવ કરાવી હતી, અને તેમાં એક ગોખ મુકેલો તેને પૂજે છે.

ઢંગ ધીરી (ધનક-ધરી)

સિદ્ધપુરની હદમાં પાટણ તાબે એનો એક ઘુમટ છે અને એક ગોખમાં ભવાનીની મૂર્તિ પધરાવેલી છે. શહેર તથા ગામડાઓના હિંદુઓના ટોળા તેમાં વિશેષ કરીને કોળી લોકોમાં એની શ્રદ્ધા વધારે છે. તે લોકો ભેગા મળીને દર્શન કરે છે.

નીલકંઠ મહાદેવ

અસારવામાં મરકટી મૂર્તિનું ધામ છે અને તે નરમ આરસપહાણની છે.

આચારજી ગોસાઈંના પગલા

અસારવા ગામમાં વૈશ્નવ ધર્મ સ્થાપક ગોસ્વામીજી છે હમણાં જેટલા ગોસ્વામીઓ છે તે તેમના કુટુંબના છે અને તેમના સેવકો વાણીઆ છે. આ પગલા વિશે ઘણી વાતો ચાલે છે. માગશર મહિનામાં વૈષ્ણવો મેળાના દિવસે ત્યાં દર્શન કરવા જાય છે અને તે દિવસને ઓછવ કહે છે.

નહગંગ (ચકલીંક) ભવાની

સાબરમતી ઉપર શાહી બાગ નજીક દુધેશ્વરમાં છે. પહેલાથી એક ગોખ હતો તેની પુજા કરતાં સન્યાસીઓ અહોનિશ ત્યાં રહે છે. રવીવારે ઘણા માણસો ત્યાં દર્શન કરવાને જાય છે અને ત્યાં જવામાં મહાપૂન્ય માને છે. તેના મેળાને દહાડે સઘળા હિંદુઓ દરેક નાત જાતના

ત્યાં જઈ સ્નાન કરે છે. અને તે ધામમાં પુન્યાર્થે હવનો કરે છે.

ભીમનાથ મહાદેવ

સાબરમતીને કિનારે, શાહીબાગ નજીક એક ઘુમ્મટ છે. શ્રાવણ મહિનામાં લોક અહિંયા ન્હાવા અને પૂજા કરવા માટે આખો મહિનો આવે છે.

ખડકધારી ભવાની

સાબરમતીના કિનારે મુહમ્મદ અમીનખાનના બગીચા પાસે છે. આ મંદિરને ઘુમ્મટ છે. શ્રાવણ માસમાં ત્યાં દર્શન કરવા જાય છે.

હિંગલાજ (હિંગરાજ ભવાની) :-

આ મંદિર નવરંગપુરામાં છે, એના ઉપર ઘુમટી છે અને તેમાં એક ખાલી ગોખ ઘણો જ નાનો છે. (દરવાજો નથી) ત્યાં અખંડ દીવો બળે છે. ઘુમ્મટમાં કંઈ વસ્તુ જઈ શકતી નથી. ત્યાં દર્શન કરવા હિન્દુઓ જાય છે.

શ્રીશુર મહાદેવ

અલીમપુરમાં પહેલાંથી જ આ પ્રખ્યાત છે.સરપીટરાવ મરાઠા નાયબ પેશ્વાએ એમની હુકુમતમાં એની ઉપર એક ઘુમ્મટ બનાવી દીધું છે.

સપ્ત થાનેશ્વર મહાદેવ

સાબરમતી ઉપર મઝુરી ગામમાં અહીં એક પંચધારી લીંગ છે. તેને પંચ મુખી લીંગ કહે છે. ભાદરવા સુદ પાંચમ જેને રૂષિ પંચમી કહે છે તે દિવસે હિંદુઓ ત્યાં જાય છે અને તે દિવસે ત્યાં સ્નાન કરે છે. અને તે લીંગની પુજા કરવામાં પુણ્ય માને છે.

વિભાગ ૫મો

તિર્થ તારણ (તીર્થ ધામો)

હવે જાણવું જોઈએ છે કે, કે બ્રાહ્મણો તથા તેમનો ધર્મ પાળનાર મેશ્રીઓ પુરૂષ તથા સ્ત્રીઓ, સેવડા લોકોના તથા તેનો ધર્મ પાળનાર શ્રાવકો વિરૂદ્ધ સ્નાન ઘણું કરે છે. એ તેના વાસ્તે જોઈતી ખબરદારી રાખે છે. સવારે દરેક દિવસે પુજા કરવા ને નહાયા સિવાય ખાતા નથી અને નદીના સ્નાનને ઉત્તમ માને છે. તેમાં વિશેષ કરી જયાં આગળ સંગમ હોય ત્યાંનું સ્નાન તો અતિ ઉત્તમ ગણે છે. તેને મહાપુણ્ય માને છે. આ દેશમાં નદી, ઘાટો, તળાવો અને કુંડો ઘણાં છે, જે ગણીને લખવા તે એક વગર સ્વાર્થનું લંબાણ છે. તેથી તે લોકમાં જે પ્રખ્યાત છે અને પાસેના તથા અંતરના સ્થળોથી તથા મોટાં શહેરોથી સંઘ ઉપર સંઘ જોડી એના ઠરેલા દિવસે સ્નાન કરવા જાય છે, તેજ તીર્થો લખવામાં આવ્યા છે, તીર્થ સાગર જે ઠેકાણે નદી સમુદ્રને મળે છે તેને મોટું તીર્થ ગણે છે. પરંતુ કાંઠાના માણસોજ ત્યાં મળે છે અને દુરદેશના માણસો આવા પ્રસંગે જતા નથી.

સરસ્વતી તીર્થ :- આ એક મોટું તીર્થ છે. અહીંના સ્નાન વિશે ઘણી વાતો ચાલે છે. એવું કહે છે કે, એ નદીનું મુળ પૂર્વ દેશમાં છે અને તે વડની ઝટામાંથી નીકળી છે અને તેનો નિકાસ પ્રયાગમાં છે. કેટલીક જગાએ તે પ્રગટ થાય છે અને કેટલેક ઠેકાણે ગુપ્ત થઈ જાય છે જેને વર્ણવતા વાર લાગે. આ દેશમાં તે પ્રથમ શીરોહીના પર્વતોમાંથી નિકળે છે અને પાટણ તાબે સિદ્ધપુર કસ્બા હેઠળ તે ચાલુ થઈ છે. અને પાટણ શહેરથી એક ગાઉ ઉપર ધરતીમાં અલોપ થઈ છે અને સોરઠ તાબે કોડીનાર આગળ પાછી પ્રગટ થઈ છે. ત્યાં તેના પાંચ ફાંટા થયા છે. ૧. બ્રાછી સરસ્વતી, ૨. હરના, ૩. ગોમતી, ૪. કપીલા, ૫. દુરજની. દુરજની સોમનાથથી અરધા ગાઉ ઉપર છે અને ત્યાં તે ભીલકા કહેવાય છે પછી ત્યાં પાંચે ફાંટા ભેગા થાય છે. આ સંગમ સોમનાથ આગળ છે. ત્યાં તેને હરના કહે છે અને તે ત્યાં ખારા સમુદ્રને મળે છે.

ત્યાંના ઠરાવેલા દિવસના સ્નાનને મહાપૂણ્ય માને છે. વિશેષ

કરી સિદ્ધપુર આગળનું સ્નાન અતિ ઉત્તમ છે તેમજ ભીલકા તીર્થ પણ પૂણ્ય દાયક છે. પરંતુ પુનેમના દિવસે કારતક માસમાં કે જ્યારે સૂર્ય તોલા રાશીમાં આવે છે તે દિવસનું સ્નાન બીજા સ્નાનો કરતાં ઘણું ઉત્તમ છે. શહેરો તથા વસ્તીઓમાંથી દરેક ઠેકાણાના હજારો માણસો તિર્થ કરવા જાય છે, બીજા તીર્થો પ્રમાણે બ્રાહ્મણોને જમાડે છે. રોકડી દક્ષિણા દે છે, ભેટો દાખલ કેટલીક વસ્તુઓ વહેંચે છે, તથા જુદી જુદી જાતના પૂણ્યદાન કરે છે. લોકો અહીં ત્રણ દિવસ થોભેછે અને આ દિવસોમાં બજારો શણગારે છે. લાખો માણસોના માલમતાં, લુગડાલત્તાં, ઘોડા, ઉંટ તથા બળદ વેચાતા હતા. મેં આ પુસ્તક રચનારે પોતાની આંખે જોયેલું, પરંતુ હવે તો તે જગાના અને પાસેના પરગણાના તથા જેની માનતા હોય તે લોકોજ જાય છે. અને અહમદાબાદથી જતો સંઘ અને બીજે ઠેકાણેથી આવતા સંઘો અને ચૌટાઓને શણગારવાનું કામ મુદલ બંધ પડી ગયું છે.

રેવા તિર્થ (નર્બદા તિર્થ) :- એ પણ મોટું તીર્થ છે. એનો મેળો જેઠ માસમાં થાય છે. એ માસમાં સૂર્ય ધન રાશીમાં આવે છે અને પૂનેમના દહાડે ઘણું કરીને ખરા ગણીતે સૂર્ય આ રાશીમાં આવે છે. તે પૂનેમની રાત છે. મુસલમાની ચાંદ માસની તે તારીખ તેરમી કે ચૌદમી થાય છે. જો કે રેવા સ્નાન સઘળે ઠેકાણે ફળ દાયક છે પરંતુ ચાંદોદ કરનાળીના ઘાટ ઉપર કે જે શીનોર તાબામાં છે ત્યાનું સ્નાન ઉત્તમ ગણાય છે. શીનોર વડોદરાથી તેર ગાઉ ઉપર છે અને રાવર નામની નદી ત્યાં આવી મળે છે. આજુબાજુ તથા આ દેશના તેમજ દક્ષિણના હજારો પુરૂષ સ્ત્રીઓ ત્યાં આવે છે. અને સ્નાન કરી રહ્યા પછી પોતાની આશા પુરી થઈ તેનું તથા ભેટ દાખલનું અને મરી ગએલાઓના નામના શ્રાદ્ધનું, બ્રાહ્મણોને ખાવાનું, દક્ષિણા દેવાનું, તેમજ બીજું કંઈ વહેંચવાનું પુણ્ય કરે છે. તેના કાંઠા ઉપર કેટલાક મહાદેવના મંદિરો છે તેમની પુજા કરે છે. અહીં આ બે તીર્થ મુખ્ય છે. એક તો ઉપર લખ્યા પ્રમાણે સંગમનું અને બીજું શુકલતીર્થના ઘાટનું, જે ભરૂચની પાસે છે. ત્યાંથી સમુદ્ર સુધી ગમે તે ઠેકાણે સ્નાન કરે તે તીર્થજ ગણાય છે. કેટલાક તો ચોખાની થેલી કોટે બાંધીને પાણીમાં પડીને પોતાની દેહી ત્યાગી દે છે અને એ લોકો ભૈરવજપ કહે છે. ભૈરવ

જપનું વર્ણન ગીરનારના વર્ણનમાં આવી ગયું છે. ઘણા યોગીઓ તથા સન્યાસીઓ તીર્થ કરવાને આવે છે. સ્નાન કરતી વખતે કોઈ ફુટડી સુંદર સ્ત્રી તીર્થવાસીને પસંદ આવે તો ફરી અવતારમાં ઘણી ધણીઆણી થવા સારૂ એકદમથી તે સ્ત્રીને લઈ જઈને બેઉ ડૂબી મરે છે, તેથી તીર્થવાસી લોકો રૂપવંત સ્ત્રીને બનતા સુધી પુરી સંભાળથી રાખે છે. બ્રાહ્મણોની પાસે રેવાસ્નાનના પુણ્ય તથા ફળનું પુસ્તક છે, તેમાં રેવાની પવિત્રતા અને દરેક ઘાટના સ્નાનના લાભ દર્શાવેલા છે.

લખા (ભાલકા) તીર્થ :- સોમનાથથી બે ગાઉ ઉપર છે. બ્રાહ્મણોના કહ્યા પ્રમાણે અહીં એક પીપળાનું ઝાડ છે તેના કારણથીજ સરસ્વતી પ્રગટ થઈ છે અને તે ધામને પીપલસર પણ કહે છે. કેટલાક હજાર વરસ પહેલાં પારધીની કમાનમાંથી છુટેલું તીર અંધારી રાતે શ્રી કૃષ્ણના પગના તળીઆમાં આવી વાગતા પહેલાં એજ ઝાડની હેઠળ શ્રી કૃષ્ણ લાંબા થઈને નિદ્રાવશ થયા હતા અને એજ ઠેકાણે એમનું આયુષ્યરૂપી વૃક્ષ સુકાઈ ગયું હતું, એ વાત હિંદુઓમાં પ્રસિદ્ધ છે તેથી અત્રે સ્નાન કરવું પુણ્યમાં ગણાય છે; પરંતુ એનો ઠરેલ દિવસ નથી. તેમજ સંઘ ક્યારે જાય છે તેની હકીકત મને મળી નથી.

ઘરન (હરના) સરસ્વતી સંગમ તીર્થ :- આ તીર્થ ધામ સોમનાથની પાસે છે, તેના કાંઠા ઉપર જાદવાસ્થળી કહેવાય છે ત્યાં આગળ કેટલાક હજાર વરસ પહેલા શ્રી કૃષ્ણના મૃત્યું પહેલા છપન કરોડ જાદવ લોકો જે શ્રી કૃષ્ણની નાત કુટુંબી અને સેવકો હતા તે એક બીજાથી લડીને બધાએ અહીં દેહી ત્યાગ કરેલો. હાલ એ વિશે નવાઈ જેવી વાર્તાઓ ચાલે છે.

વઉઠા (બેઉઠા) તિથ :- અહીંઆ નદીઓનો સંગમ થાય છે. બે અને ઉઠા એટલે બે વખત ૩ાા એટલે ૭ થાય છે. આ ધોળકેથી ત્રણ ગાઉ ઉપર છે અને ત્યાં એજ નામનું ગામ છે અને સાત નદીઓ આવી રીતે મળે છે. સાબરમતી અને હાથમતી સંગપુર આગળ મળી પશ્ચિમ દિશાએ એ શહેર હેઠળ થઈને વહે છે અને વાત્રક તથા મેશ્વા મહેમદઆબાદ તથા ખેડા વચ્ચે વહી ખેડા આગળ ભેગી મળી તેની હેઠળ

વહે છે, એ બેઉને વાત્રક કહે છે. અને શેઢી, મદુર તથા માઝમ મહુધા પરગણાથી ઉપર મળે છે ત્યાંથી પશ્ચિમ મોખડે પહોંચે છે અને શેઢી કહેવાય છે. તે એક બીજાને મળે છે અને માતર તથા ધોળકા પરગણામાં થઈને જાય છે અને તે વાત્રકના નામથી ઓળખાય છે. વઉઠા ગામ આગળ એક ગામથી સાબર હાથમતી સાથે અને બીજી બાજુથી વાત્રક બીજી નદીઓ સાથે એક નદી બનીને ભેગી વહે છે. તે મળી જવાથી તેમનું એક નામ સમબરમતી આપેલું છે અને ખંભાતથી પશ્ચિમ દિશાએ આ નદીઓ ખારા સમુદ્રમાં પડે છે.

સાબરમતી ઉપર દુધેશ્વર તીર્થ :- દુધેશ્વર સાબરમતી નદીનો એક ઘાટ છે અને તે શાહીબાગની પાસે છે. એવું કહેવાય છે કે, દધી નામનો એક રૂષી ત્યાં રહી તપ કરતો હતો. તેના વિશે અચંબો આપતી વાર્તાઓ કહેવાય છે. સાબરમતી સ્નાનનું બ્રાહ્મણોની પાસે એક જુદુંજ પુસ્તક છે. તેમાં દરેક ઘાટ ઉપરના સ્નાનનું પુણ્ય દર્શાવેલું છે. પરંતુ તે મધ્યમ પ્રકારનું ગણી દુધેશ્વરના ઘાટને સર્વોત્તમ બનાવવામાં આવેલો છે અને સર્વ કરતાં શ્રેષ્ટ લખી ગયા છે. શહેર અને તેની હદના રહેવાશી હિંદુઓ વરસ તથા માસના મુખ્ય દિવસોમાં પુરૂષ સ્ત્રીઓ સ્નાન કરવા ત્યાં જાય છે. તથા બનતાં સુધી તેમના મુડદાઓને તે ઠેકાણે અગ્નિદાહ દે છે.

મહા (મહનંદરી) તીર્થ :- મહી નદી ખંભાત આગળ ખારા સમુદ્રને મળે છે. ભોગ જોગે જો કોઈ હિંદુ ત્યાં જઈ ચઢે છે તો સ્નાન કરે છે. ખંભાત બંદર તથા તેના પાડોશના રહેવાશીઓ મુખ્ય દિવસોમાં પુરૂષ તથા સ્ત્રીઓ ત્યાં સ્નાન કરવા જાય છે. આ સ્નાનને પ્રભુદ્વારે ઉચે ચઢવાનું એક પગથીયું માને છે.

તાપી તીર્થ :- તાપી નદીને તપતી પણ કહે છે. તેની ઉપર આવેલા સુરત બંદરની હદમાં અશ્વનીકુમાર નામનો ઘાટ છે. ત્યાં તાપી નદી સમુદ્રને મળે છે. આ બંદરના રહેવાશીઓ મુખ્ય દિવસોમાં તથા આડે દહાડે જઈ સ્નાન કરે છે. તથા પોતાના મુડદા ત્યાં બાળે છે.

કુંડ તથા સરોવર તીર્થો

જાણવું જોઈએ કે, જે ઠેકાણે મંદિર હોય છે, ત્યાં સ્નાન કરવાને નદી, તળાવ અથવા કુંડ હોય છે. આ દેશમાં એવા સ્નાન સ્થળો અગણીત છે, જેમનો ખરો આંકડો આપી શકાતો નથી. પરંતુ તેઓમાંથી હિંદુઓમાં જે વધારે પ્રખ્યાત છે તે લખવામાં આવે છે. કુંડ ત્રણ પ્રકારના હોય છે, એક તો પાણીના ઝરા છે અને કેટલાક કુવાનાં આકારમાં ખોદીને તેમને ફરતા પગથીઆ કરેલા હોય છે. અને ત્રીજા પ્રકારના કેટલાક કુંડ તળાવના કિનારા ઉપર હોય છે. કુંડ તેને કહે છે કે, ઝીણા હોજના જેવા હોય અને તેને ફરતું ઈંટ ચુના અને પત્થરાથી બાંધેલું હોય.

પીંડતારક તથા ગીર કૈલાસ કુંડ :- દ્વારકાના મંદિર પાસે છે.

ગંગા જમના કુંડ :- સોરઠ સરકારના તાબે ઉના ગામ આગળ બે કુંડ કરેલા છે. તેમાંથી એકને ગંગા કુંડ અને બીજાને જમના કુંડ કહે છે. તે ભોંયમાંથી ઉભરાઈ આવે છે અને આગળ જઈ નદીનું રૂપ પકડે છે. તે ઝરાતા આકારમાં માંગરોળની પાસે થઈ એક સમુદ્ર જેવા થઈ જઈ ખારા સમુદ્રના મોજામાં એવી રીતે મળે છે કે, સમુદ્રના મોજા એ કુંડને પોતામાં લઈ લે છે. વરસમાં તેનું એક મુખ્ય દિવસે મીઠું પાણી થઈ જાય છે. બ્રાહ્મણો એવી રીતે કહે છે કે પ્રાચીનકાળમાં કોઈને ગંગાજળની જરૂર પડી હતી ત્યારે કોઈ રૂષીએ તે ભોંય દેખાડી અને તેમાંથી મીઠું પાણી નીકળી આવ્યું તે પછી સદાએ મીઠું પાણી ત્યાં મળી આવે છે એ ઘણું અચંબા સરખું અને ચમત્કારી છે.

દામોદર કુંડ :- ગીરનારના પર્વતમાં ઘણી જગાએ વહેતા ઝરા છે તેમાંથી ઘણે ઠેકાણે કુંડ કરેલા છે અને બાંધેલા છે. તથા એક ઠેકાણે ગૌમુખી કરી છે તેમાંથી પાણી આવે છે. એ પર્વત ઉપર ઘણી વાવો છે. દરેક કુંડનું જુદું જુદું નામ આપેલું છે અને ત્યાં સ્નાન કરાય છે તેમાંથી દામોદર કુંડ ઘણો પ્રખ્યાત છે અને તેના સ્નાનને પૂણ્યમાં ગણે છે.

લોટી કુંડ :- પાટણ તાબે મુઝપરમાં લોટી નામનું ગામ છે, ત્યાં એ કુંડ કુવા કાંઠે કરેલો છે. તેના ચારેગમ હેઠળ જવાના પગથીઆ છે ત્યાં જઈને લોકો સ્નાન કરે છે. અહીં ચમત્કાર એ છે કે, કસુબ જેવું એનું

પાણી રાતું છે. એક વખતે હું પણ ત્યાં જઈ લાગ્યો હતો. તેનું પાણી રંગદાર હતું. એવું સાંભળવામાં આવ્યું છે કે, વરસા રૂતુની શરૂઆતમાં તે પાણી પોતાના અસલના રંગ ઉપર આવી જાય છે. તેને હિંદુ લોકો ઘણું માને છે. ઘણા પરગણા અને પાસેની વસ્તીઓમાંથી તથા દુર દેશાવરોથી લોકો સંઘ જોડી ત્યાં સ્નાન કરવા જાય છે.

કુંડ (ભચરા-બહુચરા) :- બહુચરાના મંદિરથી ચાર ગાઉ ઉપર એક કુંડ છે. એના વિશે એમ કહે છે કે, રામચંદ્રજી એમના વખતમાં અત્રે આવેલા અને અહીં લગ્ન કરેલું અને ચોરી બાંધેલી, તે ચોરીનો એક પત્થરો હાલ સુધી છે. એનું પાણી ઘણું મીઠું છે. આ કુંડ બહુ ઊંડો છે. તેના ઊંડાણની કોઈને આજદીન સુધી ખબર મળી નથી. અહીં સ્નાન કરવાને લોકો પાસેથી તથા દુરથી આવે છે.

કામીર કુંડ :- ખંભાત બંદરથી ત્રણ ગાઉ ઉપર છે. અહીં એક મહાદેવનું મંદિર છે. એક મોટો કુવો ખોદેલો છે. તેને ઉપરથી પાણી સુધી પગથીઆ છે. તે પાકા કરેલા છે. એમાં ઉતરીને જાત્રાળુઓ સ્નાન કરે છે. મેળાના દિવસોમાં બંદરના તથા પેટલાદ પરગણાના અને તેમજ પાસેના ગામોના માણસો ભેગા મળે છે અને સ્નાન કરે છે. અહીં વેગળેથી લોકો આવતા નથી.

બંધસરોવર કુંડ :- આ કુંડ સરોવર સરખો મોટો છે. અને તળાવની પેઠે તેના કાંઠા પત્થર તથા કાંકરેટથી પાકા બનાવેલા છે તેને બંધસરોવર કહે છે. આ કુંડ પાટણ સરકાર તાબે સિદ્ધપુર પાસે સરસ્વતી નદી ઉપર બનાવેલો છે અને મહાદેવનું મંદિર ત્યાં આગળ છે. બ્રાહ્મણો અહીંનુ સ્નાન સરસ્વતીથી ઉતરતું અને બીજા સ્નાનોથી ઘણા પુણ્યવાળું અને શ્રેષ્ટ જાણે છે.

સહસ્ત્ર લીંગ (તળાવ) :- પાટણ શહેરના જુના કિલ્લાની હદમાં હતું તે હમણાં ઉજ્જડ છે. સિદ્ધરાજ જયસિંહે પોતાના રાજના વખતમાં આ દેશ ખાતે ઘણા તળાવો ખોદાવેલા અને તેમને કાંકરેટ તથા પત્થરના કાંઠા પગથીઆ કરેલા તેઓમાંથી સહસ્ત્ર લીંગ તે તળાવોમાનું એક તળાવ છે. સંસ્કૃતમાં સહસ્ત્ર એટલે હજાર અને બ્રાહ્મણોએ મહાદેવના હજાર નામ ઠરાવેલ છે તેમજ ભવાની તથા શ્રી કૃષ્ણના હજાર નામો છે તે ઉપરથી

સીદ્ધરાજ જયસિંહે તળાવના ફરતે હજાર મંદિર જેમાં માત્ર બેસવાનીજ સગવડ હોય એવા બનાવેલા. અને તે આમાંના દરેકમાં એક લીંગ મુકી મહાદેવના જુદા જુદા નામો આપેલા. ઈસ્લામીઓ આવી પહોંચ્યા ત્યાં સુધી બ્રાહ્મણો આ પુજા કરતા હતા. ત્યાર પછી આ તળાવ માણસો તથા જાનવરોના પાણી પીવાના કામમાં આવવા લાગ્યું. ઔરંગઝેબના રાજ્યમાં માટી કાંઢવા અને પાણી લાવવાના કામ ઉપર એક દરોગો રાખેલો અને એ મરામત ખરચ સરકારી ખજાનામાંથી મળતું હતું. જેથી કરી એમાં પાણી ભરેલું રહેતું હતું. હમણા એમાં કચરો ભરાઈ ગયો છે અને ભોંય બરાબર થઈ ગયું છે તેની કોઈ ખબર લેતું નથીં પરંતુ તેની નિશાનીઓ હાલ કાયમ છે.

બુલની નદી ટાઢા ઉના પાણીનું તિર્થ :- ગોધરા તાબે લુમા ગામમાં એક નાની નદી લોટી નામની છે જે વરસાદમાં વહે છે. ત્યાં આગળ ૩૦ - ૪૦ માટીના કુંડા છે. એવું કહેવાય છે કે તેમના તળીઆમાં વેહ પાડેલા છે. કોઈ વખત તેઓમાંથી ઉનું પાણી અને કદી કુજકુ અને કોઈ વેળાએ ટાઢું નીકળે છે. પ્રાયશ્ચિત કરનારા હિંદુઓ તેમાં સ્નાન કરવાને ફળદાયક માને છે.

લસુંદરા તિર્થ :- કપડવણજ પાસે થામણા પ્રગણામાં લસુંદરા ગામની હદમાં વર્ષા ઋતુમાં ચાલતા નાળાની અંદર આશરે દશ કુંડો ઉના ટાઢા પાણીના છે. અહીં પણ સ્નાન કરવાને લોકો જાય છે.

મુળ દ્વારકાની સરહદમાં :- અહીં પણ ઉના પાણીનો કુંડ છે.

દેવકી ઉનાઈના ઉના પાણીનું તીર્થ :- આ ગણદેવી નવસારીની પાસે સુરત સરકારમાં ઉના પાણીનો કુંડ છે. સિંહ રાશીમાં સૂર્ય આવવાના ચૈત્ર માસની તીથીઓ કે જે મેશ રાશીના છેલ્લા દહાડા છે એટલે તેરશ, ચૌદશ, અને અમાસ એટલે તા. ૨૬,૨૭ તથા ૨૮ મીએ દર વરસે તેમાં સ્નાન કરી શકાય છે અને તે સિવાય આખા વરસમાં પાણીની ઉષ્ણતાના લીધે તેમાં હાથ બોળી શકાતો નથી. ફરતા ગામડા અને દુર દેશાવરના લોકો તે દિવસોમાં સ્નાન કરવાને ભેગા થાય છે અને પૂણ્ય તથા સ્નાન કરે છે.

શ્રાવકોના મંદિરો (જૈન મંદિરો)

શ્રાવકોમાં જુદી જુદી નાતો છે. અને તે હિંદુસ્તાનના શહેરોમાં છુટક છુટક વસે છે. હવે આ પાનાઓ આ દેશના વૃતાંત લખવાને ઠરાવેલા છે, તેથી જે લોકો આ દેશ તથા આ શહેરમાં રહે છે તેમની હકીકત નોંધવામાં આવે છે.

હવે જાણતું જોઈએ કે, શ્રાવકોના ધર્મમાં એવું છે કે, જે માણસ આ ધર્મની ઉપર ભાવ રાખી આવવાનું ચાહે તે આવી શકે છે. પરંતુ એ લોકોમાં બે નાતો શ્રેષ્ટ છે કે જેમનામાં મેશ્રી ભળી શકતા નથી. એક ઓસવાલ તથા બીજા શ્રીમાળી. પોરવાલમાં શ્રાવક મેશ્રીઓ મળેલા છે તે ઉપરથી શ્રાવકોની અઢી નાતો કહેવાય છે. હવે ઓસવાલ મારવાડમાં ઓસા ગામના છે. ઘણા ખરા અને ખરૂં પુછો તો મોટી સંખ્યા ઓશવાલી રજપૂત છે. અને સેવડાના સેવકો બન્યાથી અને ઘણા શ્રાવકો હોવાના લીધે પોતના ધર્મ ભાઈના મળતા નામથી એ પણ વાણીઆ કહેવાય.

તે લોકોના સેવડાઓના ધર્મ પાળવા વિશે ઘણા કારણો બતાવવામાં આવે છે. પરંતુ મેં નાયબ સુબાની જગા ઉપર અભયસિંહ મહારાજાની તરફથી આવેલા રતનસિંહ ભંડારીને પુછી સાંભળી આ પ્રમાણે લખ્યું છે. એ ભંડારી રજપૂત ચૌહાણ અને શ્રાવક હતો એવું કહે છે કે, જુના કાળમાં મારવાડમાં એક સેવડો રસ્તે જતાં એક કસ્બામાં આવી ચઢયો. ત્યાના સઘળા રહેવાશી રજપૂતો હતા. જયારે તેણે કોઈ શ્રાવક ત્યાં જોયો નહિ કે તેની કનેંથી વહોરીને કંઈ લાવે અને ભુખની અગ્નિને ઓલવે. તે પુરો નિરાશ બની ગયો. અને લાચાર થઈ લાંઘણ કરવાનું નક્કીકર્યું. ભોગ જોગે ત્યાંના રાજાના રાજકુમારને સર્પ દંશ્યો અને તે મરી ગયો. તે પ્રસંગે નાના મોટા સઘળા રડવા કુટવા લાગી ગયા. સેવડે એ વિશે પુછપરછ કરી. હવે એની પાસે પરિક્ષા કરેલો અજમાવેલો મંત્ર હતો. તેને વિચાર ઉપ્તન થયો કે, જો મારા જેવો કોઈ આવી ચઢે તો ભુખે મરી જાય માટે અહીં શ્રાવકો હોય તો ઠીક પડે. તેથી તેણે કહ્યું કે, જો રાજા મારો ધર્મ પાળે તો હું આ કુંવરને સજીવન કરૂં છું. રાજાએ માહિતગાર થઈ કબુલાત આપી. સેવડે મંત્ર મારી તે કુંવરને શુદ્ધિમાં આણ્યો. રાજાએ

વચન પાળ્યું. બધા રજપુતો સાથે તેનો સેવક બન્યો અને શ્રાવક ધર્મ પાળવા લાગ્યો.

શેત્રુંજા (શેત્રુંજય) :-સોરઠ તાબે પાલીતાણામાં પર્વતની ઉપર ઉંચુ તથા ઉત્તમ પ્રકારનું દહેરૂ છે તે આદેશ્વર રખેસરનું દહેરૂ કહે છે. એવું કહે છે કે, સોમજી નામના શ્રાવક વાણીઆએ અઢારલાખ રૂપીયા ખરચી આ દહેરૂં કર્યુ છે. શ્રાવક લોકો શહેરમાંથી અને ચોમેર ફરતાં દેશાવરમાંથી લાંબો પંથ કાપી સંઘ જોડીને જાય છે. અને કદી એમ પણ બને છે કે, કોઈ દ્રવ્યવાન પુરૂષ ત્યાં જાત્રા કરવાના ઈરાદાથી પોતાના જવાની ખબર આપે છે કે જેણે આવવાનું ધાર્યુ હોય તે આવો. તે વખતે પાસે તથા દુરના ઘણા માણસો ભેગા થઈ જાય છે. રાહદારી ખર્ચ અને ચોકી પહેરા વિગેરેનું ખર્ચ આ જાત્રામાં થતું તે પોતાના માથે લે છે. અને આ કામમાં ઘણાં નાણાં ખરચે છે. આ કાર્યને પુણ્યદાયક તથા નામદારીમાં ગણે છે. અને તેનું માન નામ સંઘવી પાડવામાં આવે છે. દર વરસે દેશના જુદા જુદા ઠેકાણેથી નાણાં મોકલાય છે. આ નાણાનો મુળ હેતુ દેરાનું ખર્ચ અને મરામત ખર્ચ છે. તેને દેરાની ભેટ જાણી ઉપયોગમાં આપે છે.

નીમનાથ (ભિમનાથ) :- જુનાગઢની હદમાં ગીરનાર ઉપર છે. આ ઘણું મોટું મંદિર છે તેને નીમનાથનું દહેરૂં કહે છે. તેના વિશે પણ ઘણી વાર્તાઓ ચાલે છે, જે લખવી એક વગર જરૂરનું લબાણ છે.

વરી પારસવનાથ (શંખ પારસનાથ) :- ખારા સમુદ્ર ઉપર કચ્છ દેશની હદમાં રણના છેડા ઉપર પારકરેશમાં આ દહેરૂં છે. અહીં જતા ઘણું સંકટ વેઠવું પડે છે.

ખપારસવનાથ :- પાટણ સરકાર તાબે મુઝપુરમાં શખેશ્વર બારદેશ કહેવાતા ગામમાં આ દેરૂં છે.

અજીતનાથ :- ખેરાળુ પ્રગણામાં તારંગ પર્વત ઉપર આ દેરૂં છે.

આબુજી :- શીરોહી તાબાના આબુ પર્વત ઉપર આઠ દેરા છે.

કુંભારીઆ :- મેશ્રી લોકોની અંબા માતા પાસે આ દહેરૂં છે.

કાવી :- જંબુસર પરગણામાં આ દહેરૂં છે.

નરોડા :- શહેરથી ચાર ગાઉએ અહમદાબાદ હવેલી પ્રગણાના

નરોડા ગામમાં એક દહેરૂં છે. દરવરસે શ્રાવકના પુરૂષ સ્ત્રીઓ ત્યાં જાત્રાએ જાય છે.

નવાનગર :- કેટલાક દહેરા છે જેમને પૂજવા લોકો જય છે.

શહેર અહમદઆબાદ :- ઘણા મહોલ્લાઓમાં જુના વખતથી મુસલમાનોની બીકના લીધે ભોંયરામાં દહેરા કરેલા. પછી ઘણા નાણા ખરચી દહેરાં બનાવેલા અને મોટી મોટી મૂર્તિઓ ઉભી કરી છે. મુખ્ય કરીને ઝવેરીવાડામાં અને બીજા કેટલાક ધામો જ્યાં સેવડાઓનો વાસ છે અને આ વાસને પોસાલ કહે છે. આ અગણીત પોસાલ છે.

આનંદજીલાલ નિહાલચંદ શરાફ એ, મારી આંખથી જોયેલો સમેત શીખર પર્વત ની નકલ, જેની ઉપર દહેરૂં છે અને પૂર્વ દેશમાં શ્રાવકોનું મોટામાં મોટું દહેરૂં કહેવાય છે, પોતાના ઘરમાં લાકડાનો નમુનો બનાવ્યો હતો અને તેની ઉપર દેરાના તથા યાત્રાળુના અને તેમાંના વાઘ,વરૂ,પશુઓના નમુના, પર્વતો તથા તેના મેદાનના નમુના હતા. એ ઉપર ઘણું નાણું ખરચેલું. હમણા સુધી શ્રાવકો દુર પંથના લીધે અસલ જગાએ જઈ શકતા નથી, સુરત બંદર તથા આ સુબાની સરહદમાંથી આવે છે.

વિભાગ ૬ ઠો

વજન પ્રમાણ પ્રકરણ.

આ દેશમાં ઘણા કસ્બા અને પરગણાઓમાં વજન માપ ઉપર તોલ કરાવેલ છે અને દરેક માપનું નામ આપેલું છે તેમાંથી શહેરમાં પણ તે થોડા ઘણા વપરાય છે.

ગુજરાતી શેર :- આલમગીરી ત્રીશ દામ બરાબર છે અને તેના શાહજહાંના વીશ દામ થાય છે. તેને પાકો શેર કહે છે. કાચા ચાળીશ શેરનો એક મણ ગુજરાતી ગણાય છે. પાકા ચાળીશ શેરને પાકો એટલે શાહજહાંનો એક મણ થાય છે. એક વસતીમાં કાંઈ તો બીજી વસતીમાં કાંઈ એવી રીતે કસ્બાઓના જુદા જુદા વજન માપો છે એ વધતું ઓછું છે. તેથી મને જે માહિતી થઈ તે લખ્યું છે.

પાલી :- લાકડાનું એક વજન માપ છે શહેરમાં એ વપરાતી નથી. પરંતુ એવું વજન કેટલાક ઠેકાણે પાકા અઢી શેરનું છે અને કાચા પાંચ શેર

થાય છે અને કોઈ ઠેકાણે બશેરની હોય છે અને કોઈ ઠેકાણે એનાથી પણ ઓછી હોય છે અને અડધી તથા પાલી પણ ગણાય છે.

સહી :- વીશ પાલીનું એક માપ છે. કોઈ કોઈ ઠેકાણે કાચા છત્રીશ શેરી પણ થાય છે.

કળશી :- આ રાધનપુરનું માપ છે. અને ત્યાં તેના કાચા સોળ મણ ગણાય છે અને કોઈ કોઈ ઠેકાણે ચૌદ મણ સોળ શેરી ગણાય છે.

મુડો : બીજે ઠેકાણે એકસો ચુંવાળીમણનો અને અહમદાબાદ શહેરમાં ચુના માટે મુડો વપરાય છે જે કાચા પચાસ મણનો થાય છે.

માટ :- નવાનગરમાં ચાલે છે. તે છ પાલીનો અને દરેક પાલી ગર ચલણ નાની પાંચ શેરી છે ત્યાં દરેક શેરની જુના પંદર પૈસા ગણાય છે અને અહમદશાહી માંટના વજનથી કાચા સાડા ત્રીશ શેર થાય છે.

મોટલા :- એક તથા ચાર સહી બરાબર છ માટ; અને એક મોટલા તથા ચાર મોટલા બરાબર એક કળશી.

હારો :- જંબુસર, મકબુલાબાદ અને વડોદરામાં એમાં શું ફેરફાર છે તે આ ઈતિહાસ લખતી વખતે જણાયું નહિ. એક હારો બરાબર આઠ મણ કાચા થાય છે.

ખાડી :- કાચા વીસ મણની છે. બંદરોમાં વહાણોના વજનમાં વપરાય છે.

ફલી :- ખંભાત બંદરમાં કાચા બત્રીશ શેરને કહે છે.

ફલા :- એક મણ દશ શેર કાચાનું કહેવાય છે.

કાંટરા :- ડાંગર જોખવામાં ખંભાત બંદરે કાચા પાંચ મણ દશ શેરનું.

ભાર :- સોળ મણનો થાય છે.

કુપાન અથવા કુબાન :- લોઢાની ડંડીની આ ત્રાજુ છે, એનું એકજ પલ્લું હોય છે તે ડાંડી ઉપર તેને જોખવાનો એક પત્થરો મુકે છે તેની ઉપર લીટીઓ કરેલી હોય છે. જ્યાં પત્થરો સ્થંભી જાય ત્યાં તોલ બરાબર થાય. તેમા એક મણથી લઈને ૨૮ મણ સુધી જોખાય છે. બંદરો ઉપર તે પ્રચલિત છે.

કેટલીક જણસો તથા કરીઆણાના ઠરેલા કાયમ વજન

જુના વખતથી અહમદાબાદ તથા બંદરમાં જણસો તથા કરીઆણાનું વજન ઠરેલું છે. જ્યારે વહેપારીઓ પરગણામાંથી લાવે છે ત્યારે તેની બીજા વહેપારીઓ જથાબંધ ખરીદી કરે છે. વેચનારની પાસેથી તે લોકોમાં કહેવાતા તોલ પ્રમાણે લે છે અને વેચવામાં કકડે કકડે ધીમે ધીમે વેચે છે. આ વેચાણ પહેલાનો હિસાબ ગણાતો નથી. પણ જો કોઈ માણસ અસલ ખરીદી ઉપર નફો આપી લેવાનું ચાહે અને એક જથે લે તો તે પ્રમાણે મુજરે આપે છે. અને આ અડસઠે માલુમ પડે છે. સઘળી મોસમો બરાબર નથી. અને વરસાદમાં સઘળી વસ્તુઓ ભીની થાય છે અથવા ફોતરા છાલવાળી હોય તો વજન વધારે થાય છે. કલાઈ, જસત વિગેરેમાં ભીની થવાનો સંભવ નથી, તો પણ એનું વધારે વજન લે છે તેથી કીંમત વધારે કરે છે. કેટલીક જણસો જોખાઈને વેચાતી નથી. લીલો મેવો શાકભાજીનું વજન ઠરેલું છે એ જે લખતી વખતે જણાયું અને શહેર અહમદાબાદમાં ચાલુ છે તે સઘળાના નામો અને તેમનું વર્ણન વિસ્તાર સાથે ઘણું લાંબુ થઈ જાય તે વિચાર કરીને તેમાની મુખ્ય ચીજ દાખલ કરી છે.

હવે જાણવું જોઈએ કે, ઘણી ખરી વસ્તુઓનું વજન એક મણના બેતાળીશ શેર થાય છે પરંતુ કેટલાકમાં વધતું ઓછું છે. હીર (આબ રેશમ) વરસાદમાં મણે તેંતાલીશ શેર અને બીજા દીવસોમાં બેતાળીશ શેર તોલાય છે.

ચીજનું નામ	કેટલા શેરનો મણ	ચીજનું નામ	કેટલાક શેરનો મણ.
એલચી	૪૨ાા	લોધી	૪૮
બદામ	૪૨ાા	ચોખી મજીઠ	૪૨ાા
		અચોખી મજીઠ	૪૮
કલાઈ	૪૦ાા	મીઠું	૪૪
જસત,	૪૦ાા	હરડા રંગવળા	૪૦ાા
સીસું,	૪૦ાા	બહેડાં	૪૦ાા
તજ	૪૨	ફટકડી	૪૨ાા
હળદર	૪૨ાા	પીપળમુળ	૪૪
ખાંડ	૪૦ા	પીપળમુળ (કચોખુ)	૪૮ાા
મરી	૪૨	બુન	૪૨
કસુમ	૪૨ાા	હરડા	૪૨
ધાવરી પાકમ	૪૩	ખારક	૪૨ાા
સોપારી	૪૦ાા	મરી	૪૪
સુખડ	૪૨ાા	કેસર	૪૫
લવીંગ	૪૨	સોરંગી	૪૨
કસીસ	૪૨ાા	મધ	૪૨
મનોખા	૪૨	દ્રાક્ષ	૪૨
સાકર	૪૨	ખારા	૪૦ાા
હીંગ	૪૨	મીણ	૪૨ાા
જાયફળ	૪૨	માજુ	૪૨ાા
ચોલ	૪૨ાા	માસીમાલ	૪૨ાા

મેવા તથા તરકારી ભાજીને ગણીને લેવાય છે તેનો સેંકડો ૧૧૦ નો થાય છે કેળાં ૧૨૦ ના સો ગણાય છે અને તોલ કરાય તો શાકભાજી પ્રમાણે જોખાય છે. વંતાક વિગેરે જરવક અને ભાજી ચાલીશ શેરની મણથી વેચાય છે.

વિભાગ ૭ મો.

ગુપ્ત ગોષ્ટિ.

ઝવેરી લોકોની ધંધા બોલી જે બજારોમાં કામ કરનાર છે અને જેમના બોલજવાન આંકડા કેવળ જુદાજ છે. બીજે ઠેકાણે જુદી બોલી હશે પરંતુ શહેરમાં જે હાલ બોલાય છે તે લખવામાં આવે છે.

પાન,પાવતી	૦।	ભૂખલા	૧૪
વેલ, સલ,	૦।।	બુધલા	૧૫
રખપાન	૦।।।	ડેકલા	૧૬
સાંગ	૧	પેતલા	૧૭
પનાકલા	૧।	મંધલા	૧૮
સલસીંગ	૧।।	કુનલા	૧૯
પુતકલા	૧।।।	કોડી	૨૦
જોડ	૨	કોરીલ સાંગ	૨૧
રખ	૩	સલસંધ, કોરી રખદહી	૩૦
ભૂકુ	૪	જોડ કોડી, રખદહી	૪૦
બુધ	૫	અને આવીજ રીતેકોડી	
ડેક	૬	શબ્દ ૪૯ સુધી વધારે છે.	
પેત	૭	સંદવાની	૫૦
મંધ	૮	ડેકદાહી	૬૦
કુન	૯	પેત દાહી	૭૦
સલા	૧૦	સંખ દાહી	૮૦
એકલા	૧૧	કુનદાહી	૯૦
જોડલા	૧૨	બુધફીરૂની	૧૦૦
રખલા	૧૩	ખડ, કોથળી	૧૦૦૦

ઝવેરી લોકોની બોલી (પારસી)માં

શલી	૦।	વઉપરી	૧૯
સાલી	૦।।	સુત	૨૦
લેખવા	૦।।।	એકવાવાહી	૩૦
આકર	૧	એરત દાહી	૪૦
સલા	૧।	મુળ દાહી	૫૦
સાંકસ	૧।।	એર દાહી	૬૦

મહાની લેખવા પાકમ	૧ાા	સુમાર દાહી	૭૦
સમાની	૨	વન દાહી	૮૦
એક વાહી	૩	ફરૂ	૯૦
એરા	૪	કઠ	૧૦૦
મુલ	૫	મા કોથલી	૧૦૦૦
સપર	૬		
સુમાર	૭		
ધાલ	૮		
વન	૯		
અંગલ	૧૦		
કાંકરા	૧૧		
પાટર	૧૨		
નેપર	૧૩		
ઓપર	૧૪		
પૂલપર	૧૫		
પરેરી	૧૬		
સુમાર પરી	૧૭		
થાલ પરી	૧૮		

બજાર વિગેરેના બીજાજ લોકોની બોલીમાં નાણા, અકરા-યા,વસુ,રોકડા રૂપિયાને કહે છે. દોકડો એ એક રૂપિયાનો ૧૦૦ મો ભાગ, ટાંટુ એટલે એક પૈસો. આંખીઆ=એક ટકો. રામ=એક. કાવલી=દલાલીના પૈસા. મહાપાર=લેનાર. વચકા=માલની રવાનગી. ઝાંગડ=ધર્વત દાખલ ખરીદનારના ઘરમાં મૂકેલો માલ, સંગાવ, સુંઠ લેવાને કહે છે. ગરાયદ જાત છે. શાખ=શાહેદી. છો=ઘણું, ખેશ, છોયા=ઘણામાં ઘણું લાભ=નફો.

લોભ=લાલચ, વાસભું લોભું=કહેવું. રળવું=કંઈ પેદા કરવું ઉઠ=૩ાા. અધોળ=કાચા શેરનો સોળમો ભાગ. વાલ-૩ માસા. ગદીઆણા=છ માસા.

વિભાગ ૮ મો.

અધિકાર અવસ્થા.

સુબાઃ- જાતના મનસબ સિવાય સુબાગીરી તેનાતી પંદરસો સવારોની, નીમણૂંક બે કરોડ એક લાખ પંચાશી હજાર વસો નામનું ઈનામ તેની સાથે નોકરી પેટાની જાગીર અને રાજા જમીનદારોની પેશકશી તે ઉપરાંત પહેલાં સુબાઓ નોકરી શરતના લવાજમ સિવાય ચોવીશ લાખ રૂપિયા પગાર લેતા હતા.

મનસબદારો :- ઔરંગઝેબ બાદશાહના વખતમાં નવસો સુધી મનસબદારો હતા અને તેમના તેનાતી ઘોડેસવારો છવીસ હજાર ત્રીસ

નોંધાએલા હતા. અને દાઘ હાજરી પ્રમાણે ધારાના ઠરાવથી ત્રીજા ભાગના આશરે નવ હજાર સવારો તૈયાર રહેતા હતા. જે જરૂર પડ્યે વગર વિલંબે કામે લાગે, અને મનસબદારોનું લશ્કર કાયદા પ્રમાણે ત્રીજા ભાગના સવારો પૈકી ફોજદાર તથા થાણાદારોના તાબે અડધું લશ્કર પોતાની જગાઓમાં કાયમ રાખી અડધાથી સુબાની નોકરી કરતા હતા. અને ઉદેપુર ડુંગરપુર અને બાંસબલાનાનું તેમની જગાએ જાથુક રહેતું લશ્કર કામ પડ્યે પોતાની સાથે લઈ જતા હતા.

પોલીસ સ્ટેશનો

શહેર બહારનો ફોજદાર :- સુબાની તરફથી પુરાઓની ચોકી અને શહેર તાબે સરહદના બંદોબસ્તની ઠરાવથી રાખવામાં આવે છે. તેની રહેવાની જગા દક્ષિણ દિશાએ આસ્ટોડીયા દરવાજાની બહાર નેનપુર બારામાં હતી. સુબાઓ દર માસે વીસ હજાર રૂપિયા પ્રમાણે આપતા હતા અને પાંચસો સવારોની હાજરી લેતા હતા. આ ત્રીજા ભાગની હાજરીના ધારા પ્રમાણે હતું. અથવા તેના પોતાની સાથેના તેનાતીઓમાંથી રાખતા હતા. ફોજદારની નોકરીની શરતના પાંચસો સવારો છે. પરંતુ ચોકી અને રાત્રે રોન ફરવાને બસો સવારો તથા હજાર પાયદળ નોકરી કરે છે. બસો સવારો અને પાંચસો પેદલો નેનપુર બારાના ફોજદારના તાબામાં અને બાકી વધેલા પુરાઓ તથા નાકામાં રાખવામાં આવતા હતા. જે વખતે સુબા મરવાથી કે બદલીથી સુબા તાબેના દેશને બંદોબસ્ત કાજે ખાલસાના હવાલામાં મુકવામાં આવતો ત્યારે સુબાના દીવાન દર માસે પાંચ હજાર રૂપિયા પ્રમાણે બહારના ફોજદારને પગાર આપતો હતો. અને સતરપુરાઓ તથા હવેલી પરગણાના આઠ ગામોના બંદોબસ્તનો જોખમ તેના માથા ઉપર હતો.

હાજીપુર બારાનો ફોજદાર :- હાજીપુરબારા ઈડરીઆ દરવાજા બહાર શહેરની ઉત્તર દિશાએ કોટથી થોડેક દુર હતો. ત્યાંનો ફોજદાર બહારના ફોજદાર તાબે તથા તેની તરફથી નીમવામાં આવતો. અહીં ૫૫ સવારો અને ૨૨૫ પાયદળો આ નાકા ઉપર રાખવામાં આવતા હતા. બીજા ફોજદારો, દશપુરાઓ અને છ ગામોનો બંદોબસ્ત અને જોખમ તેના માથે હતું.

ફીરોજપુર બારાનો ફોજદાર :- સાબરમતી નદીની પેલીપાર શહેરની પશ્ચિમ દિશાએ એક નાનો કોટ હતો. અહીંનો ફોજદાર પણ બહારના ફોજદાર તાબામાં અને તેની તરફથી રાખવામાં આવતો હતો. ૫૦ સવારો ૧૫૦ પેદલ અને તેના તાબાના પુરાઓ તથા નાકા ઉપર તેના ૫૦ પેદલો રહેતા બાકીના માણસો બહારના ફોજદારના રહેતા. અને દશ પુરાઓ તથા છ ગામડાનું જોખમ તેના માથા ઉપર હતું.

ફોજદારી તાબાના નાકાના નામો :- બહારના તાબામાં સતર નાકા હતા.

નાકા :- ચંડોળા, ઈસનપુર, શાવાડી, જીતબાગ, રાજપુર, જહાંગીરપુર, દોહદી, પોટીલા, નરોડા, અડાલજ, સરખેજ, સરસપુર, ધનબાદ, કાસમપુર, કોચરબ, શોલા, કાસિન્દ્રા

પૂર્વ દિશાના ફોજદાર તાબાના થાણા

હવેલી પરગણા તાબેના ગામોમાં બત્રીશ ગામમાં થાણા રહે છે, તેમની નીમણુંક બહારના ફોજદારની તરફથી થાય છે. થાણદાર હરામખોરોને શિક્ષા આપવાનું અને માર્ગો તથા રસ્તાઓના બંદોબસ્તનું કામ કરે છે. મજકુર પરગણાના એકસો એકાશી ગામ ઉપર થાણદારોની સત્તા છે.

થાણું તેને કહે છે કે, સ્વાર તથા પેદલ બંદુકની કમાનવાળા, કોટની અંદર અથવા ચાર દીવાલીમાં ભયની જગાએ અને લુટારાઓમાં રહી હરામખોરોને શિક્ષા કરે છે. જેથી રસ્તે જતા વટેમાર્ગુ લોકો અને ગામડાના રહેવાશીઓને કંઈ નુકશાન થાય નહિ.

પૂર્વ દિશાના થાણા

રખીઆલ :- શહેરથી અડધા ગાઉ ઉપર છે, આ થાણામાં એક સવાર પંદર પેદલ રહે છે. તથા છ ગામનું રક્ષણ તે થાણાના શીરે છે.

રામોલ તથા વસ્ત્રાલ :- શહેરથી ચાર ગાઉ ઉપર છે, અહીં સવાર તથા પાંચ પેદલ રહે છે તેમના માથે બે ગામનો બંદોબસ્ત છે.

અસારવા :- આ થાણું શહેરથી દોઢ ગાઉ ઉપર છે, અહીં એક સવાર તથા પાંચ પેદલ રહે છે અને પાંચ ગામનો બંદોબસ્ત રાખવાનું

જોખમ તેમને શીરે છે.

નરોડા :- શહેરથી ત્રણ ગાઉ ઉપર છે, પહેલા અડધો પડેલો કોટ હતો; અહીં એક સવાર અને પંદર પેદલ રહે છે. અને પાંચ ગામડા એના તાબે છે.

મોટેરા :- શહેરથી ચાર ગાઉ દૂર. પાંચ સવારો અને આઠ પેદલ અને પાંચ ગામોનો બંદોબસ્ત.

ભુવાલડી માલુમેદરા :- શહેરથી પાંચ ગાઉ ઉપર છે. એક સવાર અને ત્રણ પેદલ છે, તથા પાંચ ગામનો બંદોબસ્ત છે.

વલાદ :- શહેરથી પાંચ ગાઉ, એક સવાર તથા પાંચ પેદલો, બંદોબસ્ત છ ગામનો.

ઉદરેલ :- શહેરથી સાત ગાઉ, બે સવારો અને પાંચ પેદલ, તેજ ગામનો બંદોબસ્ત કરે છે.

થાણેજ :- શહેરથી પાંચ ગાઉ, એક સવાર અને પાંચ પેદલ, બંદોબસ્ત સારૂ છ ગામ એના તાબામાં છે.

છંજર ભુવાલ :- શહેરથી સાત ગાઉ, બે સવારો, પંદર પેદલ, તાબે પાંચ ગામ.

કૂહા :- શહેરથી આઠ ગાઉ દૂર વીસ સવાર અને ત્રીસ પયદલ, આઠ ગામના રક્ષણની જવાબદારી.

પાંડરા (પાણોદરા) :- શહેરથી બાર ગાઉ, એક સારજ પેદલ નહિં, તેજ જગાનો બંદોબસ્ત અહિં કોઈ વખતે હજૂરથી થાણું મોકલવામાં આવે છે.

પશ્ચિમ દિશાના થાણા. (સાબરમતીના સામે પાર)

વીજલપુર :- શહેરથી અઢી ગાઉ, બે સવારો પાંચ પેદલ, તેજ ગામ તાબામાં છે.

સરખેજ - ખટુપુર :- શહેરથી ત્રણ ગાઉ, પંદર સવારો ત્રીસ પેદલ, સાત ગામ તાબે.

થલતેજ :- શહેરથી ત્રણ ગાઉ, પંદર સવારો અને ત્રીશ પેદલો, તાબે નવ ગામો.

ઉત્તર દિશાના થાણા (સાબરમતી નદી પેલેપાર)

કાલી :- શહેરથી ત્રણ ગાઉ, અહીંનો કોટ ઘણો મજબુત આજમખાં ઉદાઈનો બનાવેલો, શાહજહાં બાદશાહના વખતમાં તૈયાર થયેલો. ચુંવાલ પટાના કોળી લુંટારા સવારો અને તેમજ કડીના કોળીઓનું તોફાન દુર કરવાને બનાવેલો, અહીં દશ સવારો અને વીશ પેદલ રહે છે. અને આઠ ગામનો બંદોબસ્ત એનાથી સંબંધ રાખે છે.

ઓગાણેજ :- અહીં નાનો કોટ હતો, આ શહેરથી ચાર ગાઉ છે. અહીં પાંચ સવારો તથા આઠ પેદલો રહે છ, બંદોબસ્ત માટે આઠ ગામ આ થાણાના તાબામાં છે.

અડાલજ :- શહેરથી છ ગાઉ ઉપર છે, ,પચાસ સવારો અને એંશી પેદલો રહે છે. ચાર ગામોનો બંદોબસ્ત એના તાબામાં છે.

ઉંવારસદ :- શહેરથી સાત ગાઉ ઉપર છે, એક સવાર અને દશ પેદલ છે, અને એજ ગામ તાબામાં છે.

મુઝફ્ફરપુર :- જુનો કોટ અહીં હતો. તે ખરાબ થયેલો છે. શહેરથી છ ગાઉ છે, એક સવાર, એક પેદલ અને તેજ ગામના બંદોબસ્તનું જોખમ છે.

અદરોડા :- સાબરમતી ઉપર આજમખાં ઉદઈનો બનાવેલો મજબુત કોટ શહેરથી આઠ ગાઉ ઉપર છે, સાત સવારો પાંચ પેદલો રહે છે. ત્રણ ગામોનો બંદોબસ્ત. કોઈ કોઈ વખતે તે જગાએ જુદોજ થાણદાર હજુરથી નિમાય છે.

દક્ષિણ દિશાના થાણા.

વટુવા :- શહેરથી ત્રણ ગાઉ. દશ સવારો વીશ પેદલો, બંદોબસ્ત અગીઆર ગામનો.

શાહવાડી :- (ફેઝાબાદ) શહેરથી ત્રણ ગાઉ, એક સ્વાર પાંચ પેદલો, બે ગામ તાબામાં.

ઈજતઆબાદ :- (ગેરતઆબાદ) શહેરથી સાડાત્રણ ગાઉ, એક સ્વાર પાંચ પેદલો, બંદોબસ્ત તેજ ગામનો.

અસલાલી :- શહેરથી પાંચ ગાઉ, એક સ્વાર પાંચ પેદલો, તાબે પાંચ ગામડા.

બારેજા જેતલપુર :- જેતલપુરમાં જુનો પાકો કિલ્લો છે, બારેજાનો નાયબ થાણદાર પાસે હોવાના લીધે રહે છે. શહેરથી સાત ગાઉ ઉપર છે, દશ સવારો પંદર પેદલો છે, તથા તાબામાં પાંચ ગામો છે.

નવાગામ :- જુનો કિલ્લો અહીં હતો. હમણાં તે પડી ગયો છે. શહેરથી દશ ગાઉ ઉપર છે, સાત સવારો બાર પેદલો, તાબામાં સાત ગામો.

કનીજ :- શહેરથી નવ ગાઉ, વીશ સવારો ત્રીશ પેદલો, તાબે દશ ગામ.

નાદેજ :- શહેરથી પાંચ ગાઉ, પાંચ સવારો દશ પેદલો ફકત ગામનો જ બંદોબસ્ત.

ગેરતાબાદ તથા રસુલાબાદ ઉર્ફે ભાયણ :- મહુધા પરગણા પાસે પહેલા એજ પરગણામાં હતાં, ઔરંગઝેબના વખતમાં રૈયતની અરજી ઉપરથી હવેલી પરગણામાં દાખલ થયા. શહેરથી સત્તર ગાઉ છે, અહીં એક સ્વારજ રહે છે, પેદલ નથી. તે અહીંનોજ બદોબસ્ત કરે છે.

થાણાઓ એક બીજાથી એક ગાઉને અંતરે આવેલા છે. તેથી કામ પડયે થાણદારો એક બીજાની મદદે જઈને કામ કરે છે.

સુબાના દિવાનનો અધિકાર.

સરકાર બાદશાહના હજુર હુકમથી અને રાજ્યના મુખ્ય વજીરની મહોરવાળી સણંદથી દીવાનની નીમણંક કરવામાં આવે છે. જાતી મનસબ અને તેનાત જાબતા સિવાય થાણદારીના તાબામાં તેનાં પચાસ સવારો અપાય છે. અને તેમના થાણા અરજનપુર તથા ખંભાલીમાં હોય છે. દીવાની નોકરી રહેતા સુધી સો સવારોનો તેનો ઠરાવ કરાય છે. અને કેટલાક મનસબદારો સરકારી કામ કરવાને દીવાની કચેરી તાબામાં ઠરાવેલા છે. ખાલસા મહાલોની અમીની, તેની બાકી રકમ અને વસુલ લેવાની રકમો અને સઘળાનો વહીવટ, નોકરીઓ તથા જાગીરો સંબંધી અને તેમજ સુબાની સરકારી ખંડણી વસુલાત, સુબાની મહોર અને નાના તથા મોટા કામો કરવાનો અધિકાર, વસુલાત તથા દિવાનની સાથેજ સંબંધ રાખે છે. તેના તાબાનો અમલ તથા કચેરીઓ નીચે મુજબ છે.

દીવાનની પેશકારની કચેરી :- ઘણી વખતે દીવાનીનો પેશકાર મનસબદાર હોય છે. અને હજુરમાંથી બાદશાહી મોટા દીવાનની મોહોરથી નીમાય છે. ઘણા દીવાનો પોતાના પેશકારો ખાનગીમાંથી નીમવાની આજ્ઞા લે છે.

કચેરીનો દરોગો તથા દફતર ખાનાનો દરોગો :- મોટા દીવાનની મહોર થી મનસબદારોને બનાવે છે.

દફતરખાનાનો તેવીલદાર :- હજુરી સણંદથી ચાલીશ રૂપિયાના પગારે છે, તે પાન રૂપિયાના મહાલની તેવીલદારીના પેટામાં ગણાય છે.

દફતરી કારકુનો :- કચેરીના કારકુનો, હજુરમાં લખાનાર મુન્સી, સુબાનવીશ, ખાલસાનવીસ, દફતરો લખનાર, બાકીઆત લખનાર, પેનશન વજીફા લખનાર, ન્યાય ખાતાનો મુન્સી, મુશરફ ખાતું લખનાર, બારનીશી લખનાર, સો રૂપિયા પગારથી, દોલતવાળાઓને લખનાર, નિરખ લખનાર, ખબરપત્રી, દફતર બાંધનાર, કચેરીનો લવાજમેનવીશ.

સદારત કચેરી (ધર્મ કચેરી) :- સુબાના સદર આજ્ઞા પુસ્તક અને સદરૂસ્સુદુરની મહોરવાળી સણંદથી નીમવામં આવે છે. અને તેને જાતી મનસબ ઉપરાંત તેમજ જાતી પચાસો સવારો અપાય છે. અને કામના સવારો તેના તાબામાં મુકાય છે એનો અધિકાર નીચે મુજબ છે.

કાજીઓની નીમનોકની સનંદો આપવાનું કામ, (સુબાના તાબામાં) પાપ રોકનારા મોહતસિબો નીમવાનું કામ, ખુતબા (શુક્રવારી ભાષણ) નું કામ, નીમાજ પઢાવનારાની નીમનોકો, દરગાહોના વહીવટદારો, બાંગીઆ, મદદ ખરચ વર્ષાસનોની સણંદ દોની રજુઆત (તેમજ વજીફો શહેરના ધર્માદા) ખાનારાઓની સણંદોની રજુઆત તથા દરરોજ અપાતા ધર્માદા નાણાનું કામ, ઈમામો (નીમાજ પઢાવનારા) નું બાકી સાકી લહેણાના પત્રકો, તે ઉપર તેની મહોર હોય છે. અને તે સુબાના દીવાનના તાબામાં નોકરી કરે છે.

કજાત (કાજી) કચેરી :- સુબાનો કાજી અને કસબાઓના કાજી આજ્ઞા પુસ્તક પ્રમાણે સદરૂસ્સુદુરની મહોરથી નીમાય છે. હુજુરી સણંદ પ્રમાણે સુબાની સદર કચેરીથી સણંદ તેને મળે છે. શહેર કાજી જાતી

મનસબ ઉપરાંત વીશ સવારોની નીમનોક તેનાતી પેટામાં રાખે છે. સરખેજની કજાત અને નીવારસી ખાલના અધિકારીનો હોદ્દો અને નવા મુસલમાનોના દરોગાનું કામ એના પેટામાં એક કાજી તાબે રખાય છે. અને કોઈ વખતે સરખેજ કજાત જુદી પણ મુકાય છે. અને કસબાની કજાતનું રોકડ રોજીંદુ અને આ કામ કરવાની શરત પેટાની જમીન તે જગ્યાની યોગ્યતા પ્રમાણે દરેક ઠેકાણે કાઢી આપવામાં આવી છે.

અદાલત વાલીઆ (વાલી કોર્ટ) ના અધિકારીઓ :- શરેહનો વકીલ એક રૂપિયો (રોજ) મુફતીઓ (પેશકર કાજી) મનસબદારના દરેક જણ, સીક્કો પાડનારા, વારસા ભાગ લખનારા, સે-બીસ્તી સબની શરત આઠ આના રોજ મુશરફફ પગાર આઠ આના રોજ બાદશાહી સણંદ પ્રમાણે સરકારી ખજાનામાંથી લેવાનો હુકમ હતો.

ધર્મ અધિકાર ખાતુ (મોહતસીબ) :- શહેર અને કસબાઓના મોહતસીબ (નો હોદ્દો) સદરૂસ્સુદુરના રસાલામાં બાદશાહી સણંદોથી સદારતના દફતરમાંથી આપવામાં આવે છે. મુખ્ય અધિકારીને સો રૂપિયા જાતિ પગારના અને તેનાતી દશ સવારો તેના તાબામાં હોય છે. શરેહના હુકમ ચાલુ કરવા, પાપથી દુર રહેવા અને ફરજ કામો પૂણ્યના કૃત્ય કરાવવા માટે પેદલો તથા સવારોની નીમનોક, સુબો કરે છે. અને માપ તોલના પ્રમાણો બરાબર રાખવા, તેમજ ભરતરને દુરૂસ્ત રાખવા અને એવીજ રીતના બીજા કામો જે હોય તે કરવાનો સંબંધ આ ખાતાથી છે. મોહતસીબ તથા કજાતની દરેક ઠેકાણાની યોગ્યતા પ્રમાણે રોકડ તથા જમીન, નોકરીની શરતની આપેલી હોય છે.

ખબર પત્ર લખનાર બક્ષી ખાતું :- મોટા બક્ષીઓના પત્રકમાં ચાર બક્ષીઓની મહોરવાળી સણંદથી એમની નીમનોક થાય છે. બક્ષીગીરી ચાકરીની શરતના ૫૦ સવારો અને પાંચસો રૂપિયા જાતના પગારની નીમનોકની શરતથી પેશકારનો ઠરાવ થાય છે. કેટલાક નાના પ્રગણામાં તેના ગુમાસ્તા મુકવામાં આવે છે. જે ત્યાંના બનતા બનાવોની હકીકત લખતા રહે. અને જે બાદશાહને જોવા લાયક હકીકત હોય તેને શહેરના બનાવોના પૂર્વણી ભાગ દાખલ નોંધવામાં આવે છે. સુબાની કચેરી, દીવાનની

કચેરી, અને બહારના ફોજદારની કચેરી, દારૂલ અદાલતની કચેરી, અને કોટવાલીના ચબુતરાની કચેરીમાં તેના ગુમાસ્તાઓ અને ખબર પત્રીઓ સાંજરે જઈ હકીકત લખીને લાવે છે. તથા કેટલાક મુખ્ય પરગણામાં ગુમાસ્તા મુકવામાં આવે છે. મરી ગયેલા અને નાશી ગયેલા મનસબદારની જાગીર જપ્ત કરી લેવાનું રોજનામું, તેમજ ગેરહાજરીઓ, પોતાની મહોરથી લખી આપે છે. તેનો સંબંધ દીવાની દફતરથી છે. બનતા બનાવોની નોંધ, ડાકના દરૂગા પાસે જાય છે. અને તેને સરકારી કાગળો ભેગી રવાને કરે છે.

સમાચાર ખાતું :- સુબા તથા પરગણાના સમચારી, હુજુર પત્રિકા તથા આખો રાજયના ટપાલના દરોગાની તરફથી નીમવામાં આવે છે. ડાક (ટપાલ) ખાતાના તે દરોગાના તેનાતી વીશ સવારો એના તાબે હોય છે. ખબરપત્રી અને સમાચારીમાં એટલોજ ફેર છે કે, બને અને સાંભળેલા બનાવો સમાચારમાં સમાએલા છે. જુના વખતમાં ખબરપત્રીઓ રાખવામાં આવતા હતા. પણ કેટલીક ઘડી કાઢી ખબરો લખાવાથી સરકારને એમના લખાણો વિષે શક ઉત્પન્ન થવાથી સમાચારીઆ રાખ્યા, તેમને ખુફીઆ (ગુપ્ત) નવીસ પણ કહે છે; તેઓ સુબામાં છાનામાના રહેતા અને ગુપ્ત રીતે ખબરો લખી જણાવતા.

પછી ડાક (ટપાલ) ખાતું કાઢવામાં આવ્યું, ત્યારે તે લોકો જાહેર અને ખુલી રીતે અઠવાડીએ અઠવાડીએ બનાવોના પત્રકો, સમાચારો, હલકારા, સુબાઓની અરજીઓ અને દીવાન સુબાની અરજો, ખજાનાની રોકડના આંકડા સહિત સરકારી ડાક સાથે સમાચારીઓના પત્રો ચોકીઓ મારફતે હુજુરમાં રવાને થઈ જાય છે અને તે હુજુરમાં ડાકનો દરોગો બાદશાહને રજુ કરે છે. ધારા પ્રમાણે ખબર પત્રીઓ પ્રગણામાં સુબા તાબાની કચેરીમાં અને બીજે ઠેકાણે મોટા ખબરપત્રી પોતાના ગુમાસ્તા મુકે છે.

ફરમાનો, હુકમો, ખલસાના દફતરખાનામાંથી સુબા તથા દીવાનો ઉપર મનસબદારી જાગીરો જપ્ત કરવા, બહાલી બરતરફીના હુકમો બીજા કામના આવે અને હજુરથી ડાકમાં આવે તો તે જેને પહોંચાડવા હોય તેને પહોંચાડે છે અને કોઈ વખતે રસ્તે જવામાં કોઈને બાદશાહી હુકમ

પહોંચાડવાને, સરકારી દરબારથી ઈનામો પહોંચાડવા હોય તે પત્ર ઉપર ડાકના દરોગની મહોર થાય છે અને રસ્તાના વળાવીઆ ઉપર હુકમ હોય છે કે પોતાની હદમાંથી બહાર કરી દે છે. અને તેવીજ રીતે પાછા ફરતી વખતે સુબાના સમાચારીની મહોર પત્ર લઈને રવાને થાય છે. આ સઘળા કામનો સંબંધ સમાચારીથી છે.

અહમદાબાદથી દીલ્લી સુધીની ડાક (ટપાલ)ખંડપ બુરાની સુધી

ખંડપ બુરાનીએ સુબાની સરહદ પુરી થાય છે. ત્યાં સુધીની ટપાલની ચોકીઓ ડાકના દરોગા તાબેના અધિકારીઓના તાબામાં છે. અને ત્યાંથી ડાક અધિપતિ અજમેર વાળા બંદોબસ્ત કરે છે. એવો કાયદો છે કે, એક ઘડીમાં એક કોસ ચાલે, અને કોસ માપણી વાળો હોય છે. બેતાળીશ આંગળનો એક ગજ અને પચીસ ગજની એક જરીબ અને બસે જરીબનો એક કોસ. અને પાંચ હજાર શાહજહાં ગજનો એક કોસ થાય છે. તે કોસ એક ઘડીમાં કાપવો જોઈએ. એક ચોકીથી બીજી ચોકી સુધી ફોજદારો થાણદારો તથા જમીનદારો પોતાની હદમાંથી ટપાલ રવાને કરવાને વાસ્તે માણસો, વાહનો વિગેરે તૈયાર રાખે છે. કે ટપાલ ભુંગળીઓ આવ્યા પછી એક ક્ષણવાર થાય નહિ. બાર દિવસની અંદર અને જો જરૂરી કામ હોય તો ૭ દિવસમાં ટપાલ પહોંચે છે. અને જો ટપાલને વાર થાય તો મોડા પહોંચાડવાના ગુન્હામાં ચોથા ભાગનો ડાક અમલદારોનો દંડ થાય છે.

આ કામના વાસ્તે દર માસે પંચાવન રૂપિયા ખરચથી બાસઠ માણસો સુબાના કાયદા પ્રમાણે આ કામમાં નોકર છે. અને હાજરીના હિસાબથી સુબાના દીવાની મહોરથી એમનો પગાર અપાય છે. તેમાંથી બે માણસો તારીખ લખનાર અને બે સિપાઈઓ તથા દરોગો શહેરમાં રહે છે. અને બાકીનાં માણસો ચોકીઓ ઉપર રહે છે. હવે ચોકીઓ હેઠળ પ્રમાણે છે.

૧. કાલી, ૨. અડાલજ, ૩. પાનસર, ૪. ચોરંગ, ૫. મહેસાણા, ૬. ભાંડુ, ૭. ઉંઝા, ૮. સિદ્ધપુર, ૯. સલાદ, (બસલાવ) ૧૦. જલોદી,

૧૧. પાલનપુર, ૧૨. ભમરી, ૧૩. દાંતીયાવાડા, ૧૪. ખનુવાડા, ૧૫. પાંતીવાડા, ૧૬. બાંટ, ૧૭. બઢકાનમ, ૧૮. ડુંગરી, ૧૯. કુદી ૨૦. ભીલમાલ, ૨૧. સુંથ, ૨૨. તુરના, ૨૩. મોદરા, ૨૪. જાલોર, ૨૫. દેબાદાસ, ૨૬. બોરાની ૨૭. ખંડપ

અહીંથી અજમેરની ચોકી આવે છે. અને તેને અજમેર ખાતાના ટપાલવાળા પહોંચાડે છે.

દક્ષિણ તરફની ચોકીઓ શહેરથી ભરૂચ સુધી :- ઔરંગઝેબની બાદશાહી સવારી દક્ષિણની ચઢાઈમાં રોકાઈ હતી તેથી ત્યાં ખબર પહોંચાડવાને શહેરથી ભરૂચ સુધી ચોકીઓ મુકવામાં આવેલી, અને ભરૂચથી આગળ સુરત બંદર વાળા દરોગાનો બંદોબસ્ત છે. આ કામને વાસ્તે પાંત્રીશ માણસો ૨૮૦ રૂપિયા ચાર આનાના ખરચથી સુબાના તાબામાં રાખેલા છે. તેમાંથી બે જણ મીરદા અને એક તારીખ લખનાર છે તે દરોગાની હજુરમાં રહેલા છે. અને બાકીના માણસો ચોકીઓમાં છે. ચોકીઓ હેઠળ પ્રમાણે છે.

૧. બટુવા, ૨. બારેજડી, ૩. કનીજ, ૪. મેહમુદાબાદ, ૫. અણદેજ, ૬. સલોદ, ૭. નડીઆદ, ૮. બોરીઆવી, ૯. હાડગોડ, ૧૦. વાસદ, ૧૧. રનોલી, ૧૨. વડોદરા, ૧૩. હંથાવા, (ધન્યાવી), ૧૪. કારવાન, ૧૫ ચોરીંદા, ૧૬. કરમાલી, ૧૭. ભરૂચ.

હલકારા ખાતું :- આખા બાદશાહી રાજયમાં દરોગાની આજ્ઞા પત્રિકા ઉપરથી સઘળા હલકારાનો ઠરાવ થાય છે અને સુબાને આસપાસની ખબર લાવી આપે છે અને હજુરમાં મોકલવાના કાગળોના પરબીડીઆ ડાકના ભૂંગળામાં રવાને કરે છે. તેના ગુમાસ્તા પણ ધારા પ્રમાણે ખબરપત્રી અને સમાચારીઓના પેઠે સુબાની કચેરી અને બીજી કચેરીઓમાં બેસે છે. આ ત્રણ ખાતાવાળાને (ડાક, ખબરપત્રી, સમાચારીને) અખબાર નવેસ પણ કહે છે.

ઘોડા હાજરી દાઘ :- મોટા બક્ષીઓના રસાલા સુબાઓમાં અમીનો, દરોગા, ખરી હાજરીના નોંધણી અમલદાર ઠરાવવામાં આવે છે. પહેલા વખતમાં ચારતાકા ઈમારતમાં ખરી હાજરી નોંધ ખાતાં બકરા

બજારનું કામ પણ જોવાય છે. અને મનસબદારોના ખરો તથા ઘોડા જે સુબામાં હોય તેમને નોંધીને પાસ કરતા. જે લોકોને પાંચસો જાતના હોય તેમને લશ્કરી દાઘ, માફ હાજરી કરે છે લશ્કરમાં એક ભાગના મોગલ, એક ભાગના અફગાનો, એક ભાગના રજપુતો, બે ભાગના તીરંદાજ અને એક ભાગના બર્કદાંજ (બંદુકચી) રહેવાનો ઠરાવ છે. જાતી ઘોડાનો ભાગ, ચારસો જાતના હોય તેમાં પાંચ એરાકી અને અને તુર્કી એક વાલુ હોવાનો કાયદો છે. હથીઆરોનો એવો ઠરાવ હતો કે, પાંચ થાન જીનના, તથા બખતરના કે જેને ઝુલમ કહે છે. દરેક ઘોડાને આ બખતર હતું અને તેમજ પાખર સાડાત્રણસો જાતિ નીમનોક ઉપર ચાર ઘોડા બખતર હથીઆર સાડા પાંચસો જાતી નીમનોક ઉપર ત્રણ ઘોડા અને પાંચ થાનબખતર હથીઆરના.

પેદલ હજારના મનસબ ઉપર ત્રીશ પખાલી, નાલબંદો, બેલદાર બર્કદેંજ, તીરંદાજ. જે હાજર થાય તે, ઘોડા ખચરો તથા સંગાના દરોગા તથા અમીન અને મુશરફની મહોરો કરીને આપે છે. હમણાં ઔરંગઝેબના ગુજર્યા બાદ ધારા અને દસ્તુરમાં ભંગ પડી ગયા છે. જેથી મનસબદારોને પુરી જાગીર મળતી નથી. તેથી ખરી હાજરી દાઘ બંધ પડયો છે. હવે તો એ નોધણી કરવાના કામથી વાકેફ હુશીઆર કારકુન પણ મળી શકતો નથી.

કોટવાલ :- મીર આતીશ (અગ્નિ અમલદાર) ના રસાલામાં અને તેની મહોરની સણંદથી કોટવાલની નીમણંક થાય છે. તેના તાબાના લશ્કર સિવાય કોટવાલી શરતના પચાસ સવારો અપાય છે. એનું લશ્કર સુબાનું તહેનાતી હોય છે. તેમાં સો પેદલો જેમનો દરમાસે બસો ત્રીશ રૂપિયા પગાર ખરચ અને તે ખરચ મુશરફ પાન ખાતેથી અપાય છે. તેને દીવાની દફતરખાતું મળે છે, જેના દર માસે ચાલીશ રૂપિયાનું ખરચ અપાય છે અને તે સુબાના ખાતેથી સરકારમાંથી આપવાનો ઠરાવ છે. તેમનો પગાર કોટવાલની મહોરથી તેના ઉપર સુબા દીવાનની મોહર થયે સરકારી ખજાનામાંથી અપાય છે. તાબામાં સિપાઈઓ મુકવામાં આવે છે. તેમના દરેક ની સરહદની રાત દિવસ ચોકી રાખીને તેમની નોકરી

બજાવે છે. ઔરંગઝેબના વખત સુધી હજુરમાંથી કોટવાલ ઠરાવવામાં આવતો અને કોઈ વખતે સુબો પણ ઠરાવ કરતો.

ખજાના :- એની ચાર શાખા છે.

ખજાના આમરા :- (મુખ્ય ખજાનો) એને હાસલ ઘર પણ કહે છે. ખાલસાના પરગણામાંથી પેશકશીઓ, મહેસુલ, હિંદુઓના માલપર લેવાતું, તેમજ લુગડાની ગાંસડીનું મહેસુલ, કોઠા સાયરનું તેમજ કારિગરી માલનું મહેસુલ વસુલ કરવામાં આવે છે. તે આ શાખાથી સંબંધ રાખે છે.

બાકીઆત શાખા :- અમલદારો, વહેપારીઓ, તકાવી અને રૈયત ઉપરની બાકી રકમો સરકાર લહેણાની તેહસીલની બાકી રહેલી પેશકશીઓ જે વસુલ કરવામાં આવે છે તે અત્રે ભરાય છે.

ધર્માદા શાખા :- એને પુનઘર પણ કહે છે. સઘળા રાજમાં મુસલમાનોથી ચાલીશ ઉપર એક રૂપીઓ જકાત દાખલ લેવાય છે. તે આ શાખામાં ભરાય છે. અને હકદારોનો પગાર એની ઉપર જ છે.

જજીઆ શાખા :- આશ્રિત ગેર મુસલમાનોથી જે પ્રમાણે તેમની વર્ણન કરવાની જગાએ કહેવામાં આવ્યું છે તે પ્રમાણે જજીઓ લેવાતો અને આ શાખામાં ભરાતો અને પુણ્ય તથા વારસામાં વપરાતો હતો. ફરૂખ શિયર બાદશાહના મરી ગયા પછી આ શાખા બંધ થઈ ગઈ. એનું વર્ણન ઉપર કરવામાં આવ્યું છે.

ખજાના ખાતાનો કાયદો :- આ ભેગું કરવાનું કારખાનું છે. જો કોઈ હજાર રૂપિયા દાખલ કરે તેનો તોલ હજાર રૂપિયે છ રૂપિયા અને પોણાદશ આના અડધા દામે એક રૂપિયો છ આના ખલીતાના અને સવાબે આના ઉપર સાબર ખરીતાના, તેવીલી ઉપર બે આનાની તેવીલ ઠરેલી છે.

રૂપિયા તથા મહોરનું વજન :- મોહોર અગીયાર માસા તોલાની અને રૂપિયો સાડાઅગીયાર માસાનો. ખજાનામાં મોકલતી વખતે ભાર દાખલ ગાડાઓમાં લધાય છે, દરેક લાખ રૂપિયે ચોત્રીશ મણ પોણાનવ આના, દરેક વાહનમાં ચાલીશ હજાર રૂપિયા લધાય છે. અને ચાર બળદની ગાડીમાં લાખ રૂપિયે ત્રણ ગાડા કામમાં લેવાય છે.

ખજાના ખાતાના નોકરો :- હજુર બાદશાહી સનદો તથા મોટા

દીવાનની મહોરથી નીમાય છે. અને સુબા દીવાનની તે વિશે મંજુરી હોય છે.

અમીન :- મનસબદાર હોય છે, અને નોકરી શરતના પાંચ સવાર તેના તાબે રખાય છે.

દરોગો :- મનસબદાર હોય છે. દીવાનીની કચેરીના દરોગાના વધારા ખાતે આ જગા ઠરી છે. તેને નોકરી શરતના દશ સવારો મળે છે.

મુશર્રફ :- કબજા નવેસીનું કામ કરે છે. અને તે કબજા નવેસી મનસબદારોથી તેને પચાસ રૂપિયાનો પગાર મળે છે.

ખજાનચી :- ખજાનચીને એંશી રૂપિયા પગાર મળે છે.

પેદલ :- પાંચ માણસો, પગાર વીશ રૂપિયા, કાયદા પ્રમાણે પત્ર લઈ સુબા દીવાનની મહોરથી પગાર છે.

ગાંસડી અને લુગડાં ખાતું :- એને સેંકડે પાંચ ટકાનું હાંસલ પણ કહે છે. દામોની ગણતરી સિવાય પહેલાના વખતોમાં સાકર - ખાંડ - દલાલીનો ધારો હતો જે પુરાઓ અને માંડવાઓમાં જણસના વેચાણ ઉપર લેવાતું હતું. ઔરંગઝેબ બાદશાહના વખતમાં મુસલમાનોના માલ ઉપર ચાલીસે એક પ્રમાણે અને હિંદુઓ ઉપર સેંકડે પાંચ પ્રમાણે મહેસુલનો ઠરાવ થયો હતો, તથા તેમના વિશે જે ધારાઓ અને નિયમો હુજુરથી આવેલા તે ઔરંગઝેબ બાદશાહની રાજકારકીર્દીના વર્ણનમાં લખાયા છે.

નોકરો તથા નોકરીઓ :- દરબારની સનદ પ્રમાણે મોટા દીવાનની મહોરથી અને સુબાના દીવાનના અભિપ્રાયથી અપાય છે.

અમીન :- આ ખાતું સ્થપાયું તે શરૂઆતમાં અમીન, મુશર્રફ અને તેવીલદારનો ઠરાવ થયો હતો. જાતિ મનસબ સિવાય અને દશ સવારની હાજરી તેનાતી સિવાય કામની શરતથી વધારાના લીધે અને વહેપારીઓના માલની તપાસ આ ખાતમાં થાય છે. માલી આવક જાવક વધી ગઈ તેથી અમીન એકલાથી કામ ન થઈ શક્યું અને તપાસ પુરેપુરી થતી નહોતી. તેથી બંદોબસ્તનો દરોગો વધારવામાં આવ્યો. જાતી મનસબ સિવાય અને દશ સવારોની હાજરી સિવાય નોકરી શરતના પચાસ પેદલો

દોઢસો રૂપિયાના મહીના ખરચથી રાખવામાં આવ્યા. જે લોકો નાકા ઉપર ફરીને તપાસ રાખે અને તેમનો પગર ગાંસડી લુગડા ખાતાના મહાલમાંથી જમે ખરચ થઈ અપાય છે.

કરોડગીરી મહેસુલ ખાતું :- ઔરંગઝેબ બાદશાહના રાજના છેલ્લા દિવસો અને બાદશાહઝાદા મુહમદ આઝમશાહ સુબાગીરીના વખતમાં કરોડગીરીની બદદાનતીથી દરોગાની ચોરીની હકીકત લખવામાં આવી છે. અને હજુરમાં અરજો થયેથી અને વારંવાર અરજીઓ કર્યાથી એ ખાતાને બંધ કર્યું હતું અને ફરીથી ખુલ્દ મંજીલના વખતમાં ચાલુ થયું તેથી એની કંઈ શરતની નીમણુંક નથી.

મુશર્રફ :- ને પાંસઠ રૂપિયા મળે છે. અને તેજ ખાતામાંથી જમે ખરચ કરી પગાર મુજરે અપાય છે.

મુકીમ :- કાયમ અમલદાર જણસોની કીંમત બજાર ખરીદીથી ખુશ ખરીદની રીતે વેચાય તેની અડસટેલી કીંમત નક્કી થાય છે. અને સો રૂપીયાના માલ ઉપર બાર આના મહેસુલ લેવાય છે. અને તે મુખ્ય ખજાનામાં જમે થાય છે.

તેવીલદાર :- ને સીતેર રૂપિયો પગાર મળે છે અને મહાલ મહેસુલાંથી પગાર અપાય છે.

કાનુનગો :- પોલીસ સિપાઈ, બાદશાહી સનંદ પ્રમાણે, મહેસુલમાંથી પગાર લે છે.

સમાચારી :- પહેલાના વખતમાં એ રાખતા નહોતા. શાહજહાં બાદશાહના વખતમાં સઘળા રાજમાં સમાચારીઓની નિમણંક થઈ, ખબરપત્રી અને હલકારાઓએ પણ લાગ જોઈ પોતાના માણસો નીમી દીધા.

લુગડા ગાંસડીના મહેસુલના મહાલો :- નેનપુરા બારા પાસે શહેરથી બહાર વહાબગંજમાં સુરત બંદરથી કરિયણાનો માલ આવતો અને શહેરમાં તેની કચેરીની સંકડાસ નડવાના વિચારથી ત્યાં માલ ઉતારવામાં આવતો અને મુત્સદીઓના ગુમાસ્તાઓ મહેસુલ લઈ માલુમ કરનારા ત્યાં રહેતા હતા. ચીઠી રજુ કર્યા પછી મુસદીઓની મોહરની

રસીદ આપી માલને છોડતા હતા.અહીંઆ સુતરસાંઠ પણ લેવાતી હતી. અને ચામડા મંડી પણ અહીં હતી. જ્યાં પાકા ચામડાનું હાંસલ લેવાતું હતું.

લુગડા ગાંસડીના નાકા :- ૧. ઈસનપુર, ૨. જીતબાગ, ૩. હાલીચોસર, ૪. ચંદુલા, ૫. કનીજ, ૬. કાસંદરા, ૭. રાજપુર, ૮. ઓઢેબ, ૯. જહાંગીરપુર, ૧૦. રખીઆલ, ૧૧. સરસપુર, ૧૨. નરોડા, ૧૩. શાહીબાગ, ૧૪. અડાલજ, ૧૫. શેખપુર, ૧૬. સાંતેજ, ૧૭. સરખેજ, ૧૮. શાહવાડી, ૧૯. ઓડ કમોડ.

મુત્સદી લોકો તરફથી નાકા ઉપર સરહ નાકાદારો રહે છે. અને તે માલની તપાસ કરતા ફરે છે. કે કોઈપણ મહેસૂલ આપ્યા સિવાય માલ લઈ જાય નહિં, અને માલ છોડતી વખતે મુત્સદીઓની મહોરની ચીઠ્ઠી જોઈ તે માલને મુકતા હતા.

લુગડા ગાંસડી તાબાના પ્રગણા તથા કસબા :- ૧. કપડવણજ, ૨. વાડાશીનોર, ૩. ભીલ, ૪. વીસલનગર, ૫. વડનગર, ૬. વીજાપુર, ૭. ખેરાળુ, ૮. નડીયાદ, ૯. ઉમરેઠ, ૧૦. કડી, ૧૧. મોડાસા, ૧૨. પ્રાંતીજ, ૧૩. અહમદનગર, ૧૪. મેહમુદાબાદ, ૧૫. અરહમાતર, ૧૬. મહુધા, ૧૭. ગોધરા, ૧૮. સરનાલ, ૧૯. વડોદરા, ૨૦. શીનોર, ૨૧. સાવલી, ૨૨. સોનગઢ, ૨૩. બહાદુરપુર, ૨૪. હાલોલ, ૨૫. કાલોલ, ૨૬. ડભોઈ, ૨૭. નાદોદ, ૨૮. થામણા, ૨૯. ઝાલાવાડ, ૩૦. ઈડર, ૩૧. દોહદ, ૩૨. મેસાણા, ૩૩. કલોલ,

આ પ્રગણામાં લુગડા ગાંસડી ખાતાના મુત્સુદીઓના નાયબો રહેતા. અને ચાલીસે એક મુસલમાનોથી અને ચાલીસે અઢી રૂપિયા હિંદુઓથી મહેસુલના લેતા. અને બાકી રહેલા પ્રગણાઓમાં સાયર ખાતું ચાલું છે.

સાયર કોઠા ખાતું :- જે ઠેકાણે હાંસલ લેવાય છે, તેને મંડવી કહે છે. માલ અસબાબ ધાનને બહાર દેશાવરથી વેચવા ખર્ચે આવે અને જયાં વેચાય તે મંડઈ છે. સાયર મહાલની મંડઈઓ.

૧. બહેરામપુર, ૨. ફીરોજપુર, ૩. બાબીપુર, ૪. સુલ્તાનગંજ,

૫. શાદમાનપુર, ૬. નુરૂલ્લાપુર, ૭. જહાંનાબાદ, ૮. બાકરાબાદ, ૯. બાલીપુર, ૧૦. ફરરૂખાબાદ, ૧૧. સાહેબાબાદ, ૧૨. કાસમાબાદ, ૧૩. બહાદુરગંજ, ૧૪. રોજપુર, ૧૫. અફઝલપુર, ૧૬. બેગમપુર, ૧૭. સરખેજ, ૧૮. કંજેનવ આબાદ.

હમણાં વસ્તીઓ ઉજડ થવાથી આ મંડઈઓની કંઈ એંધાણી જણાતી નથી.

સાયરના નાકા તથા પરગણા ગાંસડી લુગડાનાં મહાલોનાં પ્રમાણે છે.

નોકરો :- સાયર મહાલ ખાલસા તાબે હોય છે. તેથી મોટા દીવાનની મહોરની સણંદો પ્રમાણે સુબા દીવાન તેમે નીમે છે.

દરોગો :- સુબા દીવાનના તાબામાં હોય છે. પાંચસો રૂપિયાના માસિક ખરચથી મહેસુલી ચોકસી કરતા પેદલો રાખેલા છે.

અમીન :- કંઈ શરતનું રાખતો નથી.

કરોડા :- અમલદાર મનસબદાર હોય છે, ઘણી વખતે સુબા દીવાન તરફથી નીમણંક થાય છે.

મુશર્રફ :- એકસો ત્રીશ રૂપિયાના પગારે મંડાઈઓમાં ઘણા ગુમાસતાની જરૂર હોય છે. તેથી મહીનાનો પગાર વધારે રાખેલો છે. ઘણી વખતે ગાંસડી લુગડા ખાતું અને સાયર ઉપર એકજ માણસ મુકવામાં આવે છે.

તેવીલદાર :- વીશ રૂપિયાના પગારથી.

સિપાઈઓ :- ની સંખ્યા વધારે હોય છે. અને તે મંડાઈઓમાં રહે છે. અને તેમને પગાર જુજ મલે છે.

સમાચારી :- લુગડા ગાંસડી અને સાયર ખાતાનો એકજ સમાચારી હોય છે. સાયર મહાલી ઉપજ સુબાના પગારમાં ઉઘરાય છે. તેથી નોકરો તેની તરફનાજ રાખવામાં આવે છે.

દાસમંડી :- સાયરમંડી તાબે છે, અને એના દામ જુદા જમે થતા નથી. અને જયારે સુબાના પગારમાં સાયર જાગીર અપાય છે ત્યારે એ ખાતું પણ તેની સાથેજ સંબંધ રાખે છે.

મેહસુલ ધારા :- મહેસુલ વેચનાર પાસેથી લેવાય છે. અને મુસલમાનથી ચાલીશે એક અને હિંદુઓથી ચાલીશે બે તથા ખ્રિસ્તિઓથી સેંકડે સાડા ત્રણ રૂપિયા પ્રમાણે અને તે સીવાયના લોકો કનેથી સેંકડે ચાર રૂપિયા.

નોકરો :- આ ખાલસાથી સંબંધ રાખે છે. તેથી ત્યાંના મુત્સદીઓ મોટા દીવાનની મહોર પ્રમાણે તથા સુબા દીવાનની મંજુરીથી નોકરો રાખે છે.

દરોગો :- મનસબદાર હોય છે, અને મહેસુલની તપાસ રાખે છે, તેના તાબાના પેદલોનો પગાર સરબંધીમાં સિતેર રૂપિયા માસિકનો છે અને તેની કંઈ શરત નથી.

મુશર્રફ :- પાંત્રીશ રૂપિયા માસીક પગારે સરબંધીમાંથી અને મુશરફનો પગાર મહાલોના જમે ખરચમાં એક ત્રત્યાંશ થાય છે.

અમીન :- મનસબદાર હોય છે. અને તેની કંઈ શરત નથી.

કરોડા :- હજુરની તરફથી અથવા દીવાનની તરફથી મનસબદારને આ જ અપાય છે. એને પણ કંઈ શરતથી મળતું નથી.

મનીઆરી તથા ઝવેરી બજાર હાંસલ મહાલ :- ઝવેરાત તથા મનીઆર માલ ઉપર મહેસુલ તેજ જગાએ ઠરાવે છે. જેમકે હાથી દાંત, લાકડા કામ, હથીઆરો વીગેરેનું હાંસલ અને ધારો પણ તેજ ધારા પ્રમાણે ચાલીસે એક તથા ચાલીસે બે પ્રમાણે છે તે સિવાય ઝવેરાત ઉપરની દલાલી દલાલોથી લેવાય છે. તે સેંકડે સવા રૂપિયા પ્રમાણે છે એની જમા એક લાખ દામ ઠરી છે.

નોકરો :- દરબારી મહોર પ્રમાણે દરબારી સનદ અને સુબા દીવાની મંજુરીથી નોકરીમાં લેવાય છે.

દરોડાનો દરોગો તથા અમીન :- મનસબદારી શરત થી અને ઘણી ખરી કરોડાની નીમણંક સુબા દીવાન કરે છે.

મુશર્રફ :- ત્રીસ રૂપિયાના પગારનો હોય છે.

તેવીલદાર :- ટંકશાળ મહાલની તેવીલદારી ભેગી આ તેવીલદારી ચાલીશ રૂપિયા પગારની હોય છે.

ટંકશાળ મહાલ :- ચાંદીનું હાંસલ પણ તેજ ધારા પ્રમાણે ચાલીશે એક તથા ચાલીશે બે લેખે, એની જમા એકસઠ લાખ ચુમોતેર હજાર પાંચસો દામ થાય છે.

નોકરો :- મોટા દીવાનની મહોરથી બાદશાહી સનદની રૂએ દીવાનના અભિપ્રાયથી નીમાય છે.

દરોગો, અમીન તથા કરોડો :- મનસબદારની શરત નથી, સુબા દીવાનની પસંદગીથી નીમણંક થાય છે.

મુશર્રફ :- ત્રીશ રૂપિયાના પગારથી રખાય છે.

તેવીલદાર :- ઝવેરી બજાર તથા મનીહારીના તેવીલદારના પેટામાં.

ચાંદીનો વજકશ :- તોલ કરનાર ત્રણ રૂપિયાના પગારવાળો હોય છે.

દરવાન :- બે જણ, દરેક ચાર રૂપિયાના પગારવાળો.

પાન ખાતાનો મહાલ :- આ કોટવાળી ચબુતરા તાબે છે. એની જમા એક લાખ ચૌદ હજાર દામો છે.

નોકરો :- બાદશાહી મહોર તથા સનદથી સુબા દીવાનના અભિપ્રાયથી નીમાય છે.

મુશર્રફ :- બર્મ તંબુલની મુશર્રફ દીવાની દફતરખાનાની કચેરીની મુશરફી ભેગી.

તેવીલદાર :- દીવાની દફતરખાનાની તેવીલદારી ભેગી.

દરોગો તથા અમીન :- મનસબદારની જરૂર નથી.

કરોડો :- સુબા દીવાનની તરફથી મુકાય છે.

દુકાનોનું ભાડા ખાતું :- દુકાનોનું ભાડું જુના હકદારોના પગારમાં અપાય છે. તે લોકોને બાદશાહી સનદો મળે છે. અને તેની તજવીજ કરી સદર સુબો ભલામણ કરે છે અને દીવાનસુબો પગાર કરે છે તેની જમા એક લાખ એકાણું હજાર દામોની છે.

નોકરો :- મીર સામાન, જામદારખાના અમલદારની મહોરથી સુબા દીવાનની મંજૂરીથી મુકાય છે.

મુશરફ :- દશ રૂપિયાના પગારથી મસજીદોના કબજા લખનાર મુશરફ એ કામ કરે છે.

તેવીલદાર :- ને ચાર રૂપિયાનો પગાર મળે છે.

સરકાર ખરીદી ખાતું :- કચ્છી ઓલાદના ઘોડા આ દેશમાં પેદા થાય છે તેથી દરબારે રાખવા લાયકને ખરીદ કરવાની હકસી બાબત જે દરોગાને ઘોડા ઓળખવાની યોગ્યતા હોય તેની મીર સામાનીની મહોરવાળી સનદથી નીમણૂંક થાય છે. તે જે કંઈ ખરીદ કરે છે તેની કીંમત દીવાન સુબો મુખ્ય ખજાનાને પગાર કરવાને હુકમ કરે છે. ઘણી વખતે ઘોડા ખરીદી નહાસ પેટામાં મુકાય છે અને અહમદાબાદમાં રહેતા સુધીની ખોરાકી અપાય છે અને હલકારા સાથે હજુરમાં મોકલાય છે અને તેનું ખરચ સરકારી ખજાનામાંથી અપાય છે.

દરોગો :- મનસબદારની શરત નથી.

તેવીલદાર :- વીશ રૂપિયા પગાર હોય છે.

કરકરાફખાના ખાતું :- હુજુરી ફરમાશો ખાસ પોષાક, વિગેરેની, ચીકનની, વણકર કામની, ચિત્રની તે પ્રમાણે અડસટાના પત્રકની રૂએ સુબા દીવાન ખજાનામાંથી તેના રૂપિયા આપે છે.

નોકરો :- મુખ્ય જામદારની મહોરની બાદશાહી સનદ અને સુબા દીવાનની મંજૂરીથી નીમાય છે.

દરોગો તથા અમીન :- મનસબદારની શરતથી.

મુશર્રફ :- સાઠ રૂપિયાના પગારથી (કારકુન)

તેવીલદાર :- પાંત્રીશ રૂપિયાના પગારથી.

નાલબંદ :- આઠ રૂપિયાના પગારથી.

પેદલો :- દશ જણ, એકત્રીશ રૂપિયા બાર આનાના દર માસે પગારના.

બાગાત ખાતું :- ૧. ગુસલખાનાબાગ ભદ્રના કિલ્લામાં, ૨. શાહીબાગ, ગુલાબબાગથી નીચે, ૩. ગુલાબાબગ, ૪. રૂસ્તમબાગ, ૫. નગીનાબાગ, ૬. હવેલીબાગ, ૭. દોલતખાનાબાગ શાહજહાનની હવેલીની હેઠળ, ૮. શાહવાડીબાગ, ૯. ચાંપાનેરબાગ,

૧૦. શાબાનબાગ, ૧૧. જીતવાડી, જેતલપુરમાં, ૧૨. બાગ ફીરદોસી (કૈલાસવાડી) ૧૩. ફતેબાગ. બાગોની ઉપજમાંથી જે વસુલ થાય તેનું જમા ખર્ચ સુબા દીવાન રાખતો અને જો વધારે ખરચની જરૂર હોય તે મુખ્ય ખજાનામાંથી આપવામાં આવતું.

નોકર લોકો :- બાદશાહી સનદો મીર સામાનની મહોરવાળીની રૂએ સુબા દીવાન નીમે છે.

દરોગો તથા અમીન :- મનસબદારની શરત નથી.

કરોડા :- સુબાના દીવાન તરફથી

મુશર્રફ :- વીશ રૂપિયા પગારનો.

તેવીલદાર :- પાંત્રીશ રૂપિયાથી.

બાગબાન :- (માળી) - પંચાણું માળી પગારદારો.

બેતુલમાલ નીવારસી ખાતું :- નીવારસી માલ જે જપ્ત થાય અને મનસબદારોમાંથી મળે તે આ ખાતામાં જમે થાય.

નોકરો :- મીર સામાનની મહોરથી બાદશાહી સનદ પ્રમાણે દિવાન સુબો ઠરાવ કરે છે.

દોરોગો :- મનસબદાર હોવાથી શરત નથી.

અમીન :- બેતુલ માલની ઓમીની કઝાત તાબામાં છે.

મુશર્રફ :- પચીશ રૂપિયાના પગારથી.

ફરાશ :- (પાથરણું પાથરનાર) એ જગા સાત રૂપિયા પગારથી.

હરડા મુરબ્બા રવાનગી ખાતું :- જુના વખતથી રખીઆલ ગામમાં હરડાના બે ઝાડ હતા. વખત જતાં એક સુકાઈ ગયું અને બીજાને મેં ઈતિહાસ કર્તાએ જોયું છે. અને તેના ફળનો મુરબ્બો ચાખ્યો છે. હમણાં કેટલીક જગાથી પડી ભાંગ્યું છે. તેના બચાવના વાસ્તે પાકી ચારે ગમ દીવાલો કરી છે. અને કુવાનું થાળું બાંધ્યું છે. દર વરસે એનો મુરબ્બો હજુરમાં મોકલાતો અને મજકુર ગામની ઉપજ એના ખરચમાં વપરાતી હતી. કેટલાક ઝાડ ચાંપાનેરના બાગમાં પણ હતા.

નોકરો :- મીર સામાનની મહોરથી બાદશાહી સનદથી દીવાન સુબો ઠરાવે છે.

દરોગો :- મનસબદાર હોવાની જરૂર નથી.

પેદલ :- ઝાડોના રખવાલો પગારોથી રાખેલા.

નોબત ખાનું તથા ઘડીઆળ ખાનું:- જુના વખતથી નોબતખાનું ભદ્રના કિલ્લાના દરવાજામાં બાદશાહી નગારખાનું છે.

નોકરો :- મીર સામાનની મહોરથી બાદશાહી સનદ પ્રમાણે સુબા દીવાન રાખે છે.

દરોગો :- મનસબદાર હોવાની જરૂર નથી.

મુશર્રફ :- નિવારસી મુશરફી ભેગી આ મુશરફી પણ છે.

નગારચીઓ :- ચૌદ નગારચીઓ, એકત્રીશ રૂપિયા બાર આનાના દર માસે પગારના છે.

ઘડીઆળીઓ :- બે માણસો દરેક છ છ રૂપિયા પગારના.

ઈમારત ખાતું :- શહેર કોટની મરામત કરવા તથા બાદશાહી બાગોની ઈમારતો દુરસ્ત રાખવા, જે વખતે કંઈ ભાગ તુટ થાય, ત્યારે ખરચના અડસટાનું પત્રક તૈયાર થઈ દરોગાની મહોર થાય પછી તે ખરચ કંઈ સહેલું હોય તો સુબા દીવાન તેની મંજુરી આપે છે. અને જો કીમતી કામ ઘણા નાણાના ખરચનું હોય તો સુબા દીવાન હજુરમાં અરજ કરે અને જે પ્રમાણે હુકમ થાય તે પ્રમાણે અમલ કરે છે.

નોકરો :- મીર સામાનની મહોરથી બાદશાહી સનદથી દીવાન રાખે છે.

દરોગો :- મનસબદાર હોવાની શરત નથી.

મુશર્રફ :- પાંત્રીશ રૂપિયા પગારનો.

તેવીલદાર :- વીશ રૂપિયા પગારથી.

તોપખાના ખાતું :- જુના વખતથી કેટલીક તોપો તથા દારૂગોળા સરકારમાં હતા. બખેડા ટંટા ઉભા થયાથી અને સુબાઓના હાથ પડયાથી ઉપયોગી તોપો કામમાં લઈને સુબાઓ લઈ ગયા. અને જે લઈ ગયા તે પાછી ન લાવ્યા. હવે કેટલીક નકામી તોપો રહી ગઈ છે.

નોકરો :- મીર સામનની મહોરવાળી બાદશાહી સનદથી સુબા દીવાન ઠરાવે છે.

દરોગો :- મનસબદાર હોવાની શરતથી.

મુશર્રફ :- નિવારસી ખાતાની મુશરફ તાબે.

તેવીલદાર :- નિવારસી તેવીલદારી તાબે આને વીલધારી પણ કહે છે.

લંગર ખાનું - સદાવૃત ખાતું :- પહેલાથી રોજીંદા પચાસ રૂપિયા પકવાન રસોડા તથા રોકડ ખરચનો ઠરાવ છે, તે મુખ્ય ખજાનામાંથી દીવાન આપે છે. કેટલાક હકદારો બાદશાહી સનદોની રૂએ ધાન્ય તથા રોકડ તેમાંથી લે છે. અને સુબાના સદરની તજવીજથી તથા સુબાદીવાનની ભલામણથી હકદારો જરૂરત પ્રમાણે જણસ તથા રોકડ લે છે. અને ઉપર કહેલી રકમમાંથી રૂા. ૫) પાંચ રૂપિયા શાહેઆલમ સાહેબની દરગાહના સદાવૃત ખરચ અને પાટણ શહેરના સદાવૃતમાં રૂા. ૧૦) અને રૂા.૧) શાહ વજીહુદ્દીન અલવીની દરગાહના સદાવૃતના તથા રૂા. ૨) શેખુલ ઈસ્લામખાંના બનાવેલા મદરસાના આપવામાં આવે છે. બાકીના વધેલાનું ખાણું પકવી ગુજરાતના બાદશાહ સુલ્તાન એહમદની દરગાહ આગળ ગરીબો તથા મુસાફરોને દરોગો વહેંચી દે છે.

નોકરો :- બાદશાહી સનદોના આધારે મીર સામાનની મહોરથી સુબા દીવાન રાખે છે.

અમીન તથા દરોગો :- મનસબદાર હોવાની શરત નથી.

મુશર્રફ :- ચાર રૂપિયા પગારનો.

મુતવલી :- સુલ્તાન અહમદની દરગાહનો મુતવલી. ઘણી વખતે લંગર ખાનાનો દરોગો અને ત્યાંનો દરોગો એકજ માણસ હોય છે.

દારૂસ્સિફા વૈદ્યક ખાતું :- માંદા માણસોના ઔષધ કરવાને અને જે માણસને ખરચ તથા ખાવાનું ન મળતું હોય તેને સરકારમાંથી આપવામાં આવે છે.

નોકરો :- બાદશાહી સનંદ પ્રમાણે યુનાની વૈદ્યની મોહરથી દરોગાની જગા ઉપર, મનસબદારની શરત નથી.

શાહ વજીહુદ્દીન દરગાહનો વૈદ્ય :- ને દશ આના રોજના મળે છે.

મુશર્રફ :- નિવારસી મુશરફીના પેટામાં આ મુશરફી છે.

તેવીલદાર :- દુકાનો ભાડાની તેવીલદારીના પેટામાં આ તેવીદારી છે.

મેશ્રી વૈદ્ય (દેશી) :- હિંદુ લોકોની ઔષધ કરવાને વાસ્તે બે વૈદ્યો રાખેલા છે, જે હિંદુ લોકોના ઈલાજ સારી પેઠે કરી જાણે છે. એકને આઠ આના રોજીંદા પગાર તથા આઠ આના દવા ખરચના, બીજાને દશઆના રોજીંદાના કરીને રાખ્યા છે.

જર્રાહ-વાટકાપ વૈદ્ય :- આઠ આના રોજથી.

દવાં તથા ખોરાકી લાચાર દરદીઓના વાસ્તે ધારા પ્રમાણે બે હજાર રૂપિયા વાર્ષિક ખરચ નિવારસી ખાતામાંથી આપવાનો ઠરાવ છે.

ચીતાખાનું :- આ દેશમાં ચીતાઓ ઈસલામનગર, પાલણપુર તથા કાંકરેજમાં મળી આવે છે. અને બીજા ઠેકાણાના ચીતાઓ કરતાં સારા અને પંક્તિના છે. તેથી દરોગો ફાંદાવાલા તથા ચીત્તા પકડવાના કામના નોકરો અને તેને પાળીને શીખવનારા નોકરો રાખે છે, દરોગાની મહોરનું પત્રક ખોરાકી તથા ચિતાવાળાના માસિક પગાર ખરચનું તથા ફંદા નાખનારાના પગારનાં પત્રક પ્રમાણે સુબા દીવાન પગારનો હુકમ આપે છે.

નોકરો :- કમાવલ બેગીની મોહરથી સુબા દીવાન ઠરાવ કરે છે.

દરોગો :- મનસબદારની શરત નથી.

મુશર્રફ તથા તેવીલદાર :- વારસી માલ ખાતાની મુશરફી તથા તેવીલદારી ભેગી.

ફાદીઆ :- એંસી રૂપિયાના માસિક ખરચથી બાવીશ માણસો નોકર છે.

કોટ તથા કામળ ધર્માદા વહેંચણી ખાતું :- ઓરંગઝેબ બાદશાહના વખતમાં કૃપા અને પરોપકારાર્થે લાચાર ગરીબોના પોષણને વાસ્તે ઠંડી રૂતુમાં પંદરસો રૂપિયા દર વરસે આપય છે.

નોકરો :- મીર સામાન જામદારની મહોરવાળી સનદોથી સુબા દીવાન રાખે છે.

દરોગો :- મનસબદારની શરત નથી.

મુશર્રફ તથા તેવીલદાર :- સુબા દીવાનની તજવીજથી નીમાય છે.

દરેક માસની ૧૧-૧૨ મી તારીખના ખરચ :- શાહજહાં બાદશાહના વખતમાં દરમાસે હઝરત પેગમ્બર સાહબેની જન્મ રાત્રીના ખરચ માટે ૧૧૨ રૂપિયા અને વડા પીરના મૃત્યરજની તરીખ ૧૧ મીની છે તે રાતના ખરચના વાસ્તે ૧૧૧ રૂપિયાનો ઠરાવ કરવામાં આવેલો.

નોકરો :- મીર સામાનની મહોરવાળી બાદશાહી સનદના આધારે નોકર રખાય છે.

મુતવલી :- દરોગાની જગાએ મુતવલી હોય છે.

અમીન :- મનસબદારની શરત નથી.

મુશરફ }
તેવીલદાર } એકજ માણસને બેઉ કામ આપેલા છે. તેને ચાર રૂપિયા પગાર ખરચ ખાતામાંથી અપાય છે.

વિભાગ ૯ મો

ભૂમિ ભાગ

ગામડાની સંખ્યા, દામના હિસાબની જમાબંદીના આંકડા ફોજદારીઓ તથા થાણાદારીઓ સાથે અહમદઆબાદ સુબાની સરકારો તથા પરગણાઓ.

જાણવું જોઈએ કે, ગુજરાતી સુલ્તાનોના વખતમાં ગુજરાતના સુબા તાબે પચીશ સરકારો હતી અને અકબર બાદશાહે ફતેહ કર્યા પછી સોળ સરકારો કરી દીધી, તે એની યોગ્ય જગા ઉપર વર્ણન કરવામાં આવ્યું છે. તેઓમાંથી છ સરકારો પેશકશીની અને દશ સરકારો ખંડણીત. હવે દીવાની બંદોબસ્ત પડી ભાંગવાના લીધે અને મરેઠા સુબાઓના કબજાના લીધે પ્રગણાઓની વ્યવસ્થા દીવાની દફતરમાં નોંધાતી નથી. નવા વસેલા ગામો ઉજડ થઈ ગયા છે, જે દફતરમાં બાકી રહેલાં છે. સન ૧૦૬૧ ફસલી, ૧૧૬૬ હીજરીના તખાફોઈ ફસલની ખરીફ સુધી કર્મ લેખ હોવાથી લખવામાં આવ્યું છે.

અહમદઆબાદ સરકાર

એમાં ૩૩ મહાલો છે. બે મહાલો શહેર તાબે છે. શહેરની વ્યવસ્થા અને ટંકશાલ વિશે કહેવામાં આવ્યું છે. તે બે જતાં ૨૯ મહાલો રહે છે. તેના પરગણાઓ નીચે મુજબ છે.

હવેલી :- ૧૯૩ ગામ તેમાં શહેર ફરતા બાર ગામોનો એક મહાલ. જાણવું જોઈએ કે, સુલ્તાન અહમદે અસાવલ ગામની પાડોશમાં મોટું શહેર અહમદાબાદ વસાવ્યું અને થોડીક હદ પાસેના ગામો અસ્ટોડીઆ, અસારવા, ખામંદરોલ અને રખીઆલની શહેરની હદમાં અને પુરાઓમાં સેળભેળ થઈ ગઈ, અને અસાવલ તથા મઝોરી શહેરના પુરા થઈ પડ્યા, કેટલાક ગામો જેમકે ખામંદરોલ, અસારવા, આસપુર, સુરપુર, ચાંદલોડીઆ, ઘાટલોડીઆ, અસાવલ તાબેના ગામો સુલ્તાનના હુકમથી ચાર ગામથી શહેરના દશ ગાઉ ફરતા દશક્રોઈ ઠરી. પૂર્વ ભીલ પરગણેથી, પશ્ચિમે વીરમગામથી, દક્ષિણે ધોળકેથી અને ઉત્તરે કડીથી. તેની ઉપર વધારી હવે પરગણું ઠરાવવમાં આવ્યું. પરગણું એટલે તે જગા કે જ્યાંથી જમીનનો માલ અથવા હાંસલ લેવાય.

બાર બાજુની સરહદના નામો :- કસબા પાયનામ રખીઆલ તરફ, રાજપુર તરફ, બાગે ફીરદોસ તરફ, ખામંદરોલ તરફ, નગીના તરફ, શેખપુર તરફ, નદી કૂવા તરફ, નદી રેત તરફ, ઉસમાનપુર તરફ, દરીઆપુર તરફ, ઝુંડાવ તરફ, ચંગીઝપુર તરફ, અને બાકીના એકસો એકાશી ગામો, ત્રણ કરોડ તેતાલીશ લાખ અઠયાસી હજાર ત્રેપન દામની જમાબંદીના હતા. બાદશાહે હુજુરમાંથી રૂા. ૧) ના ૪૦) દામો ઠરાવ્યા છે. આ પરગણાની ફોજદારી તથા થાણદારી શહેર બહારના ફોજદારના તાબામાં છે.

અરહર માતર :- અહમદાબાદથી બાર ગાઉ ઉપર દક્ષિણ પશ્ચિમ બાજુએ એક મહાલ વાળું છે, જુના વખતમાં અરહર માતરમાં વસ્તી હતી. પછી માતરમાં વસ્તી થઈ, તેથી અરહર માતર લોકો કહેવા લાગ્યા. એમાં ૬૯ ગામો છે અને જમાંબંધી બે કરોડ બ્યાસી હજાર સાતસો અઠાણું દામોની છે. એમાં ફોજદાર રહે છે. અને તેના તાબામાં ત્યાંની

ફોજદારી પેટે આઠ થાણા છે. ૧. લંબાઈ, ૨. માંકુવા, ૩. કોજમો દીજનો કિલ્લો, ૪. ધુમણ, ૫. સીયોજ, ૬. બોરીઆવી, ૭. શમ્સપુર, ૮. કોદાલી તેનાતી સો સવારો ફોજદાર તાબે રહે છે.

અરહર માતરથી જુદા થાણદારો :- નીચેના દશ થાણામાં હજુર મંજુરી આપી નીમે છે, સુબા અને દીવાનની ભલામણથી.

(૧) ખેડા ૫૦ સવારો તેનાતી, (૨) વાવડી ૧૦ સવારો, (૩)જીજકા ૧૫ સવારો, (૪) પલાડા ૧૦૦ જાતની નીમનોક અને ૧૦૦ સવારો, (૫) રતનપુર, ૫૦ જાતના, ૩૫ સવારો (૬) છલ, (૭) સરદેજ, (૮) લખોદરા, (૯) કરમાલા ૫૦ સવારો, (૧૦) હંગાનમ કારવા, ૫૦ સવારો. છલ, લખોદરા, તથા સરદેજમાં પચાસ જાતની નીમણુંક તથા સો સવારો.

આઝમાબાદ :- અહમદાબાદથી ચૌદ ગાઉ ઉપર પૂર્વ તરફ એ મહાલ છે. આઝમખાં ઉદ્દેઈએ શાહજહાં બાદશાહનાં વખતમાં લુટારૂ કોળીઓના બંદોબસ્તના વાસ્તે વાત્રક નદી ઉપર એક કિલ્લો બાંધેલો અને ત્યાં થાણું મૂકેલું અને ભીલોના બાર ગામો ઘણા માથા ફરેલ કપડવંજ તથા ભીલના તેના તાબામાં મુકેલા, તેની હજુરમાં અરજ કરેથી મંજુરી આપવામાં આવી હતી. તે જુદું પરગણું થાણાઓ તથા ફોજદારની શરતથી કાઢી આપવામાં આવ્યું હતું. એમાં બાર ગામો પંદર લાખ ૬૧ હજાર દામોની જમાબંદી, કિલ્લેદારી અને ફોજદારીની શરતના પાંચસો સવારો. ઈસલામાબાદ એટલે નડીઆદમાં ૨૦૦ સવારો, આતરસુંબાનું થાણું એના પેટામાં.

સુલ્તાન અહમદ ગુજરાતીના વખતમાં આતરસુંબા, માંડવા, હળદરવાસ, ઘોડાસર અને કેટલાક બીજા જમીનદારો આવીને પોતાના તાલુકાના બચાવના અર્થે મુસલમાન થયા. સુલ્તાને ઈસ્લામના કારણથી તેમના ગામો આખા તેમની પાસે રહેવા દીધા અને વરસો વરસ પેશકશીનો આંકડો ઠરાવ્યો. હમણાં તેમના વંશના લોકો મોલેસલામ કહેવાય છે. પરંતુ દીનથી અજાણ્યા છે.

ઈડર :- અહમદાબાદથી ૪૫ ગાઉ ઉપર પૂર્વ તથા ઉત્તરની વચમાં

એની સરહદ ઉદેપુર તાબાના જમીનદારોની તથા ડુંગરપુરની તથા દાંતાની સરહદોથી મળે છે. પર્વત ઉપર એનો જુનો કિલ્લો છે. આ કસબાની સીમમાં નહેરો તથા ઝરા વહે છે તેના તાબામાં એકજ મહાલ છે. એમાં ૭૬૮ ગામો છે. અને તે ગામોમાં જમીનદારોના તાલુકા છે. ગેર બંદોબસ્તના લીધે ગામડા ઘણાં ઉજડ છે. એક આંકડી તથા ઈનામી બસે નેવું ગામ છે. ગામના જમીનદારોની પાસેથી સુબો પેશકશી લે છે. બાકી ૪૦૦ સવારો અને ૭૦ ગામોની જમાબંધી ૧,૨૦,૦૦,૦૦૦ ની થાય છે. ફોજદારી તથા કિલ્લેદારીમાં ૪૦૦ સવારો સરત વાળા ૨૪,૦૦,૦૦૦ દામો થાણદારોને ઈનામમાં અપાય છે. ૧. ટાઉદી, ૨. અડાલીમ, ૩. સરોડી, ૪. રૂપાલ, ૫. વસઈ, ૬. મેઘા, ૭. ગલોડા, ૮. સહનાલી, ૯. અંકદહ ૧૦. ભીલવાડા એ પ્રમાણે થાણાઓ છે.

અહમદનગર (ઉર્ફે હિમ્મતનગર) :- શહેર અહમદાબાદથી પાંત્રીશ ગાઉ ઉપર પૂર્વ તથા ઉત્તરની વચ્ચે છે, અહીં સુલ્તાન અહમદ ગુજરાતીનો તોફાનીઓને શિક્ષા આપવા અર્થે હાથમતી ઉપર બનાવેલો કિલ્લો છે, સુલ્તાન અહમદના રાજમાં એ હકીકત વર્ણન થઈ છે. એક મહાલ છે, ૪૭ ગામો, જમાબંધી ૨૯,૯૦,૨૦૦ દામોની છે. ફોજદારીના ૧૨૦ સવારો શરતવાળા, અને પત્થરનો બાંધેલો દાઉદનો કિલ્લો એના બે તાબે છે. મીરનું થાણું તથા ફોજદારી તાબેના બે થાણા સીરથાના છે.

ભીલ :- અહમદઆબાદથી બાર ગાઉ ઉપર છે, એમાં એક મહાલ છે અને એક કોટ છે. તેમાં ફોજદાર રહેતો હતો પણ હાલમાં એ કોટ માઠી હાલતમાં છે. અસલથી એના તાબે ૮૪ ગામો હતા. તેમાંથી આઠ ગામો આજમાળાદમાં દાખલ થયા. અને બાકીના ૭૬ ગામોની જમાબંધી ૧૮,૦૭,૬૮૯ દામોની હતી. અહીંની ફોજદારી આઝમાબાદની ફોજદારીના પેટામાં છે. અને સાતસો સવારો શરતવાળા રહે છે. અને બાર થાણા શરતવાળા છે.

૧. કમીદગામ . જાતના બસો સવારો તથા પચાસ સવારો.

૨. કબુલચ થાણું . વામોલ તાબેના ૧૦૦ સવારો

૩. અમલીઆરા થાણું અહીં કોટ છે ૫૦૦ સવારો.
૪. સાંપા થાણું પચાસ સવારો.
૫-૬. નભોઈ તથા ભાવડા. એ બે થાણાંના ૮૦ સવારો.
૭. સેરથાનું થાણું . (કલોલ પાસે) સો સવારો.
૮. અતોલી થાણું . ૫૦ જાતના અને ૧૦૦ સવારો.
૯. ભાદલેજ થાણું . ૪૦ સવારો.
૧૦. લુહાર થાણાંમા ૫૦ સવારો.

વાડાસીનોર :- અહમદાબાદથી પૂર્વ તરફ ત્રીશ ગાઉ ઉપર છે. એમાં એકજ મહાલ છે. જુના વખતમાં એને કોટ નહોતો. ઔરંગઝેબના વખતમાં મુહમદ સલાબતખાનને વતનદારીમાં આપવામાં આવ્યું તેથી તેણે વસ્તી ફરતો ઈંટ ચુનાનો કોટ નાખ્યો અને ફોજદારના રહેવાનો નાનો કિલ્લો મજબુત કર્યો અને બીજો નાનો કિલ્લો લુટારાઓની જગ્યામાં બાંધ્યો. તે હમણાં સલાબતનગરના નામથી પ્રખ્યાત છે. ૪૯ ગામો કસબા સહિત ૩૩,૭૮,૬૫૯ દામોની જમાબંધી. ત્યાંની ફોજદારી શરતવાળા સો સવારો રહે છે.

પાનેજ :- પૂર્વ ઉત્તર વચ્ચે અહમદાબાદથી વીશ ગાઉ ઉપર છે. એમાં એક મહાલ છે. ફોજદારની ગઢી હતી તે ખરાબ થઈ ગઈ છે. ૮૪ ગામો અને જમાબંધી ૩૭,૮૧,૫૦૦ દામોની છે. અહીંના ફોજદાર શરતવાળા બસો સવારો એના તાબે દોલતાબાદનો કિલ્લો છે અને થાણા છે.

બીરપુર :- અહમદાબાદથી પૂર્વ તરફ ચાળીશ ગાઉ ઉપર છે. એમાં એક મહાલ છે. બાવલી (બાલમ) નદી ઉપર છે, જુના વખતમાં વીરા નામના કોળીએ પોતાના નામથી વસાવેલું. એમાં ૧૪૫ ગામો અને ૩,૦૬,૮૬૯ દામોની જમાબંદી છે. અહીંની ફોજદારી તાબે. ૧. કારીઠાનો કિલ્લો, ૨. ધામોદરાનો કિલ્લો અને ૩. પાનુદરાના કિલ્લાના થાણા છે અને અહીં શરતવાળા ૧૦૦ સવારો રહે છે. સાત ગામો અહીં ગેરઅમલી છે. અને જમીનદારો તાબે છે. બાકીના ૧૭૮ ગામોની ઉપર લખેલી જમાબંદી છે.

પીપલોદ :- પૂર્વ તરફ અહમદાબાદથી પંદર ગાઉ ઉપર છે, એમાં એક મહાલ છે, ફોજદારના રહેવાનો એક નાનો કિલ્લો છે. ૧૧ ગામો અને જમાબંદી ૧૪ ૯૭ ૭૫૦ દામોની છે. અહીંની ફોજદારી ધારીસાણાની થાણદારી તાબે છે. સરતવાળા પંદર સવારો અહીં રહે છે.

વીરમગામ ઉર્ફે ઝાલાવાટ :- પશ્રિમ દીશાએ અહદાબાદથી વીશ ગાઉ ઉપર એમાં એક મહાલ છે, જુના વખતમાં આબાદ કસબો માંડલ હતો તે પછી વીરમગામ કસબો ઠર્યો. આ પરગણાનું નામ ઝાલાવાડ પડવાનું એવું કારણ બતાવે છે કે, એમાં ઝાલા રજપૂતો રહે છે. તે વિશે નવાઈ જેવી અને અચંબીત વાર્તાઓ ચાલે છે. પહેલા વીરમગામ ફરતો કોટ હોતો, જનતવાસી શાહજહાં બાદશાહના વખતમાં બાગી હામીદખાનની હકુમતની વખતે ઉદે કૃષ્ણ દેશાઈએ એનો પાયો નાખ્યો અને પૂરો કર્યો. એ વિશે એની યોગ્ય જગાએ વર્ણન કરવામાં આવ્યું છે. હવે વીરામગામ પરગણામાં ઘણા ખરા રજપૂત જમીનદારો છે અને તેની સરદહ કાઠી લુટારાઓની સરહદથી મળેલી છે. આ જગ્યામાં જોર રાખવાની જરૂર છે, કેમકે લશ્કર રાખ્યા સિવાય બંદોબસ્ત રહી શકતો નથી. તે ઘણી ખરી જાગીર સુબાના પગારપેટામાં કાપવામાં આવતી હતી.

આસેફજાહની સુબાગીરી અને શાહજહાંની બાશાહના વખતે ધોળકા પરગણાના બદલામાં ખાલસાનો ઠરાવ હતો. તે ખાલસા થયું. એમાં ફોજદાર રહે છે. એમાં ૬૨૮ ગામો છે. તેમાંથી ૧૦૫ ગામો જમીનદારોના છે અને બાકીના ૫૨૩ ગામો છે. નિમકસાર (મીઠાના અગર) નું મહેસુલ અને મંડાઈનું અને કસબા સાયર કોઠાનું સેંકડે પાંચ ટકા પ્રમાણે મહેસુલ અને તાંબાનું હાંસલ મળી જમાબંદી ૨૩૮૬૧૧૭૧ દામ. ફોજદારી ચુંવાલના ત્રણ થાણાની કડી તાબે છે અને શાહપુર ઉર્ફે ચુડા રાણપુરની હતી. આ પરગણનો ઘણો ખરો ભાગ સુબાની જાગીરમાં કપાએલો હતો. તેથી એની બીજી શરતો નથી.

અલીણા - થમણા :- અહમદાબાદની પૂર્વ તથા દક્ષિણે અઠાવીશ ગાઉ ઉપર આ પરગણું છે, એમાં એક મહાલ છે તેમાં ફોજદાર રહે છે. લાંબા વખતથી આ પરગણાની અમલદારીની જગ્યા **અલીણા કસબો**

છે. એમાં ૩૯ ગામો છે અને જમાબંદી ૧,૧૪,૫૦,૩૯૦ દામોની છે. થાણાઓ નીચે મુજબ છે.

૧. અલીઆ થાણું, અને ૨. તુરપા, ફોજદારીની શરતના થાણા છે, અને આઝમઆબાદ તાબે પુનાદરાનું થાણું એનું નામ ઈસ્લામઆબાદ છે, ૩. સરસીમાની થાણાની બસો સવારોની જગ્યા લાંબી મુદતથી ખાલી પડેલી છે. ૪. સોમનાથમાં બસો સવારો ૫. સાંવદા થાણામાં એંસી સવારો સરતવાળા છે.

ખંભાત બંદરની ચોરાશી :- આ પરગણું અહમદાબાદથી બત્રીશ ગાઉ દક્ષિણ દિશાએ છે અને તેની અંદર ખંભાતબંદર તથા ઘોઘાબંદર છે. એમાં ત્રણ મહાલો છે, ખંભાતબંદરમાં જુની વસ્તી છે. એને મજબુત કોટ છે. અહીંની ફોજદારી તથા મુત્સદીગીરી હુજુર બાદશાહી સનદથી અને સુબાના દીવાનની પસંદગીથી થાય છે. એમાં ૮૮ ગામો ૩૪૫૯૬૨૭૨ દામોની જમાબંદી છે. મુત્સદીગીરીની પેટા શરતે અહીંની ફોજદારી છે.

કાજના કિલ્લામાં થાણદારીના સો સવારો, દેવાણ થાણામાં દોઢસો સવારો, ફોજદારી પેટાના થાણા શરતવાળામાં દેવાણ થાણામાં એકસો સીતેર સવારો, નાપાડ થાણું, મુહમદ અશરફ ઘોરીએ અહીં કોટ બનાવેલો. માહન, વહી, બામન થાણાના પેટામાં દોઢસો સવારો, બડસરાના થાણામાં સો રૂપિયા જાતના તથા પચાસ સવારો, મતીલ થાણામાં પચાસ રૂપિયા જાતી નીમણુંક તથા એક સો સવારો, ગઢા પચાસી સવારો, બસ્તાના પચાસ સવારો.

બંદરના હોદ્દા :- બાદશાહી સનદોથી આપવામાં આવે છે.

ફોજદારી તાબાની મુત્સદીગીરી :- અહીંની મુત્સદીગીરી ફોજદારીના તાબામાં છે અને થાણાઓ અને સોદાગરોને માલ પહોંચાડવાનું કામ અને ઘોઘા તથા કંધારની બંદરદારી એકજ માણસને અપાય છે.

જુદા હોદ્દાઓ :- કાજી, ધર્માધિકારી મોહતસિબ, ટંકશાળનો દરોગો અને લખનારાઓમાં મુશર્રફ, તેવીલદાર, મુકીમ (સ્થાનિક અધિકારી) ખજાનાના દરોગાની જગ્યા, ત્યાંની મુત્સદીની સાથેજ છે અને

અહીંની સદારત સદર સુબાના તાબામાં છે.

મુત્સદી તાબાના મહાલો :- સમુદ્ર માર્ગે આવક અથવા નિકાસ થવાનો વહેપારીનો જે માલ હોય તેનું હાંસલ ત્યાં લેવાય છે, એને ફુરજો કહે છે. અને તેના તાબામાં ભોંય માર્ગની મંડઈ છે. તેને રસી મંડઈ પણ કહે છે તેમાં જમીન માર્ગથી જણસો લઈ અવાય છે તથા લઈ જવાય છે અને તેનું હાસલ ત્યાં લેવાય છે. તેમાં કપાસમંડી, ઘીમંડી, લાકડા મંડી અને મીઠામંડી પણ છે. મહેસુલ આપવાનો દાખલો મુત્શદી મુશર્રફ તથા તેવીલદારી મહોરવાળી અને મુકીમ (કારકુન)ના દસ્કતની રસીદ અપાય છે અને તે આખા સરકારી રાજમાં કબુલ કરાય છે.

ઘોઘાબંદર :- ખારા સમુદ્રનું આ બંદર છે. મોટા બારકસો ખંભાતના નાના બંદરમાં આવી શકતા નથી તે ઘોઘા આગળ લંગર કરે છે અને માલને હોડોઓમાં લાધી ખંભાતમાં લાવે છે. ઘોઘામાં ખંભાતનો નાયબ હોય છે અને જે કંઈ વહાણોની નિકાસ તથા આવક ત્યાંથી દેશાવરે થઈ હોય તેનું મહેસુલ લે છે.

પેટલાદ :- અહમદાબાદથી દક્ષિણ તરફ ત્રીશ ગાઉ ઉપર છે, એમાં એક મહાલ છે. ત્યાં ફોજદારીનો નાનો કોટ હતો. નજમુદૌલાના રાજમાં આ જગ્યા મરેઠાઓના કબજામાં આવી અને કોટને પાડી નાખ્યો. એનું વર્ણન એની જગાએ કરવામાં આવ્યું છે.

આ સુબા તાબેના પરગણામાં પેટલાદ પરગણું ઉત્તમ ગણાય છે. ઔરંગઝેબના વખતમાં એનો મોટો ભાગ ખાલસામાં હતો અને મુઅઝમશાહની બાદશાહતમાં તોપખાનાના પગારમાં એની ઉપજ અપાતી હતી. અહીં ફોજદાર રહે છે. એમાં ૨૪૮ ગામો છે, તેની ૪,૬૨,૩૧,૩૬૦ દામોની જમાબંદી છે. કસ્બા તથા સોજીત્રાના સાયરનું મહેસુલ પ્રગણા તાબામાં છે. અહીંની ફોજદારી તાબે ૧૨ થાણા છે.

૧. ખાડ થાણું, ૨. દરૂણ થાણું, ૩. બોરસદ થાણું, ૪. મદનપુર થાણું ૭૦૦ સવાર શરતે, ૫. સલોલીજ થાણું, ૬. નારથા થાણું, ૭. સરનાજ થાણું, ૮. સોજીત્રા થાણું, ૯. કાવા થાણું, ૧૦. મકરૂર થાણું, ૧૧. વાસદ થાણું, ૧૨. અડાસ થાણું, ૧૩. ઉકલાવ થાણું અને ત્રણ

બીજા હજુરી થાણા છે. જાલીઆ થાણું અને વાસદ થાણામાં પાંચસો સવારો અને પેદલો બે જગાએ તથા દોઢસો સવારો શરતે રાખેલા.

ઝાલાવાડ :- અહમદાબાદથી બાર ગાઉ ઉપર પૂર્વ તથા ઉત્તર દિશાએ. એમાં એક મહાલ છે. અને ૧૭ ગામો ૩૮,૩૫,૦૦૦ દામોની જમાબંદીના છે અહીં ફોજદાર રહે છે. અને નાનો કિલ્લો ઈસ્લામઆબાદ ઉર્ફે શાહદરોનો છે. એકસો સીતેર સવારો શરતે જનોરવાસણાના શરતવાળા સો સવારો રહે છે.

હૈદરાબાદ :- અહમદાબાદથી સોળ ગાઉ દક્ષિણ દિશાએ છે. તેમાં તે કસ્બો એકલો એક મહાલ ગણાય છે અને જમાબંદી ૩,૪૦,૪૮૯ દામોની છે.

ધોળકા :- અહમદાબાદથી બાર ગાઉ ઉપર પશ્ચિમ તથા દક્ષિણ દિશાની વચમાં છે, એમાં એક મહાલ છે તે અસલથી ખાલસામાં છે. ફીરદોસ આરામગાહ બાદશાહના વખતમાં આસેફજાહે વગર સરતે જાગીરમાં લીધેલું અને વીરમગામના બદલામાં ખાલસામાં એનો ઠરાવ થયો હતો. અહીંનો અમીન તથા ફોજદાર ઘણું કરી હજુરથી દરબારની સનદની રૂએ દીવાનીના પેટામાં સુબા દીવાનની ગોઠવણથી નીમાય છે. એમાં ૨૩૫ ગામો છે અને ૨,૧૮,૯૯,૦૯૭ દામોની જમાબંધી થાય છે. અમીનના નોકરી પેટામાં એંશી સવારો ફોજદારને શીરબંદીમાંથી અપાય છે.

૧. કોદા થાણું, ૨. ગુંદી થાણું, ૩. સાણંદ થાણું, ૪. તાંદુરા થાણું, ૫. રતનપુર ઉર્ફે સલોડા થાણું, ૬. ભાટ થાણું, ૭. તરાજ થાણું, ૮. હરયાલા થાણું, ૯. આસર થાણું, ૧૦. ચરારા થાણું, ફોજદારી તાબે શરતનું કંઈ નથી. સેંકડે પાંચ ટકાનું હાંસલ પરગણામાં સામેલ છે.

ધંધુકા :- અહમદાબાદથી બત્રીશ ગાઉ ઢાઢર નદી ઉપર પશ્ચિમ દક્ષિણની વચ્ચે છે, એમાં એક મહાલ છે. નોકરી પેટાની સુબાની જાગીરમાં ઘણી વખતે કપાય છે. એમાં ૧૨૮ ગામો અને જમાબંધી ૮૬,૨૮,૬૫૦ દામો છે. સુબાની જાગીરની શરતમાં જુદી બીજી નોંધ થતી નથી.

સરમાલ ઉર્ફે ઠાસરા :- અહમદાબાદથી ત્રીશ ગાઉ ઉપર

મહીનદી ઉપર પૂર્વ દક્ષિણ દિશામાં છે એમાં એક મહાલ છે, એમાં ૩૮ ગામો છે અને જમાબંધી આંકડો ૫૧,૩૧,૭૬૦ દામોનો છે. ફોજદાર રહે છે. અહીંની ફોજદારી તાબે થાણા કોતરો તથા મહીના ઘાટ ઉપર છે. ત્યાં વીશ સવારો રહે છે. જોકાબ થાણામાં શરત વાળા ૨૫ સવારો તેનાતી છે.

શાહજહાંપુર ઉર્ફે કનીરા :- અહમદાબાદથી અઢાર ગાઉ ઉપર છે, એમાં એક મહાલ છે અને તેજ કસબો મહાલ ગણાય છે. એની જમાબંદી આંકડો ૬,૩૫,૪૨૩ દામોનો છે. અને પચીશ સવાર તેનાતી શરતોની સાથેની અહીંની ફોજદારી છે.

કપડવણંજ :- પૂર્વ તરફ અહમદાબાદથી ઓગણીશ ગાઉ ઉપર છે. એમાં એક મહાલ છે. મહુર નદી ઉપર કસબાને ફરતો કોટ છે એમાં ૩૬ ગામો છે, એમાંથી બે ગામો ઉજડ છે, તે એક આંકડી છે. બાકીના ચોત્રીશ ગામોની જમાબંધી ૪૮,૫૧,૦૨૭ દામોની છે, એમાં ફોજદાર રહે છે. ઘણું કરી અહીં ફોજદારી આઝમાબાદની ફોજદારીના પેટામાં હોય છે. તેનાત જાપતાના સાતસો સવારો રહે છે. એમાં થાણાં આ પ્રમાણે છે.

૧. કઠલાલ, ૨. ભાનેરા, ૩. આણીઆ છે અને જેપાલ થાણાનો પામોલાના પેટામાં ઠરાવ ઘણી વખતે થાય છે, અને બીજી શરતનું કંઈ લશ્કર નથી.

કડી :- અહમદાબાદથી ઉત્તર દિશાએ ૧૭ ગાઉ ઉપર છે. એમાં એક મહાલ છે. જુના વખતનો એક કોટ છે તે પાકી બાંધણીનો છે. અહીંયા એક ફોજદાર રહેતો હતો. પણ સંસારી હેરફેરના લીધે એ માઠી દશામાં આવી ગયેલો. સને ૧૦૧૮ માં જહાંગીર બાદશાની બાદશાહતના વખતે અને મુરતદાખાન બુખારીની અમલદારીમાં એ કોટની એણે સારી મરામત કરી હતી અને ખરૂં કહોતો નવેસરથી જાણે બાંધ્યો હોય એવું કરી નાખેલું. એના દ્વાર ઉપર લેખ છે તે ઉપરથી એ કિલ્લા વિશે જાહેર થાય છે.

કવિતસાર :- દેશોની શોભા મુરતદાખાન, બાદશાહના ઠાઠનું ભૂષણ, સુભાગે એના હાથમાંથી તલવાર ઝાલી છે, અને એ સુભાગ્ય

સંગ્રામમાં મજબુતીથી ઝુઝે છે. તેણે દેશ અને ધર્મને આબાદ કર્યા. તેની તલવાર અને લેખણે ઘણીજ દ્રઢતાથી જે જે ઠેકાણે કાળે ભંગ નાખ્યો તે તે ઠેકાણે એણે હુશીઆરીથી મરામત કરી. તેના ધર્મ ધામ ઉપર આ લેખ મારેલો છે. 'કિલ્લો બુખારી' ૧૦૧૮ સાલ કહી આપે છે.

આ કસ્બાને ફરતો કોટ નહોતો, જવાંમર્દખાનની અમલદારી વખતે સફદરખાન બાબીએ ઈંટનો કોટ કર્યો. એમાં ૨૮૨ ગામો છે અને જમાબંદી ૫,૬૯,૦૦,૯૭૨ દામોની છે. અહીં ફોજદાર રહે છે, કેમકે ચુંવાલ ટપો વીરમગામ પરગણા તાબાનો અહીંથી પાસે છે. અહીંના કોળીઓના બંદોબસ્તના વાસ્તે કડીની ફોજરદારીની શરતના બસો સવારો અને ચુંવાલના બંદોબસ્તના બસો સવારો રહેવાનો ઠરાવ છે. હજુર મંજુરીની શરતના થાણદારો થાણામાં રહે છે. અલવા, સાદરા, કોટ છે. અને ત્યાં થાણું છે ત્યાંના થાણદરને સો રૂપિયા જાતી નીમણૂંકના અને દોઢસો સવારો આપેલા છે. પેથાપુર અને પીપલપુરમાં એકસો તેત્રીશ સવારો છે. અને ઈંટ માટીનો કોટ છે. અહીં થાણદાર રહે છે. ત્યાંની જમીન બગાડી નાખી છે અને દુકાનો બનાવી છે. કલોલના થાણામં સો સવારો રહે છે. ચોરંગના થણામાં સો સવારો, સોનસરના થાણાં સાઠ સવારો, બાલવામાં તેનાતી નથી. ખોરજના થાણામાં સો સવારો તેનાતી નથી, મહેસાણાાં બસો સવારો, વસાઈ, ડાબલાન થણામાં સો રૂપિયા જાતની નીમનોક અને એમના વીશ સવારો.

કડી પરગણાના ઘણાં ગામોમાં કોળી લોકોની વસ્તી છે તેથી જોઈતા લશ્કરની સાથે થાણા મુકવામાં આવ્યા છે.

મોડાસા તથા મેઘરેજ :- અહમદઆબાદથી પીસ્તાલીશ ગાઉ ઉપર ઉત્તર પૂર્વ તરફ માઝમવાત્રક નદીઓની વચ્ચે છે એમાં બે મહાલો છે. બેઉ મહાલોમાં મળી ૨૦૮ ગામો મોડાસામાં ૧૬૦ ગામો અને મેઘરજમાં ૪૫ ગામો, બેઉ મહાલોની જમાબંદી ૮૧,૩૫,૦૪૫ દામોની છે. ત્યાંની ફોજદારી તાબે આ થાણા છે. ૧. બાબર જોયેલા, ૨. ફુલવાડા, ૩. મેઘરેજ, ૪. સુરી, અને શરતે સ્થાપેલી ધાણદારી ભીલ પરગણા તાબેનું આમલીઆરાનું થાણું અહીંની ઉપજ પગારમાં અપાય છે. તેથી

બીજી શરતે નોકરો રાખવાનો કરાર નથી.

મહમૂદઆબાદ :- અહમદાબાદથી બાર ગાઉ ઉપર દક્ષિણમાં વાત્રક નદીના કિનારા ઉપર છે. સુલ્તાન મેહમુદ બેગડે તે જગ્યાને પોતાના નામથી વસાવેલી, અને મનહરણ ઈમારતો બાંધેલી અને બીજા સુલ્તાન મેહમુદે આ શહેરને પોતાની રાજધાની બનાવેલું અને ત્યાં આગળ એક ઈમારત આહુખાના મૃગગ્રહ નામની કરેલી હતી. ગુજરાતી સુલ્તાનોના વર્ણનમાં એ વાત લખાએલીછે. એમાં એક મહાલ છે. અને ૧૨ ગામો છે. અને જમાબંદી ૩૨,૪૫,૭૦૦ દામોની છે. અહીંના ફોજદાર તાબે નેનપુરનું થાણું અને કાજનીનું થાણું છે અને તે જાગીરદારી પેટામાં છે. તેથી શરતનું લશ્કર નથી.

મામુરાબાદ :- પૂર્વ તરફ અહમદાબાદથી વીસ ગાઉ ઉપર માઝમ તથા વાત્રક નદિઓ જ્યાં ભેગી થઈ સંગમ બનાવે છે ત્યાં વચ્ચો વચ મજબુત કિલ્લો છે એમાં એક મહાલ છે. ફોજદાર કચેરી અહીં છે. એમા ૩ ગામો છે. તેનો જમાબંદી આંકડો ૨૮,૩૩,૩૦૦ દામોનો છે. અહીંની ફોજદારી તાબે આ પ્રમાણે થાણા છે ૧ અંત્રોલીનું થાણું ૨ ઝરીનું થાણું. એ બેઉમાં આઝમાબાદ તાબાના તેનાતી શરતના સાતસો સવારો રહે છે અને જુદા બસો સવારો ભોંચાલ થાણામાં રહેછે. અને તે ભામોલ તાબાના છે અને તેનાતી ત્રણસો સવારો તેમાંથી છે. કઠલાલ તથા પંજાલ થાણામાં બસો બસો સવારો તેનાતી છે.

મહુધા :- અહમદાબાદથી ઓગણીશ ગાઉ ઉપર પૂર્વ દક્ષિણ દિશાએ છે, એમાં એક મહાલ છે અને ૯૦ ગામડા છે અને જમાબંદી ૧,૬૦,૧૧,૬૧૬ દામોની છે. એક કોટ છે. અને ત્યાં આગળ ફોજદાર રહેછે. ત્યાંની ફોજદારી તાબે નીચે પ્રમાણે થાણા છે.

૧. કલોલી, ૨. કસ્બે ઉમરેઠ, ૩. બરસોલા, ૪. નરસંડા, ૫. બીબલાણા, ૬. મંગોલી, ૭. રંઝોલી, ત્રણસો સવારો તેનાતી છે. અને હજુરી થાણા ૧. અરજુનપુરૂ, ૨. કઠલાલી, આ બે થાણા છે. જેમાં પાંચ સવારો રહે છે. ૧. સીહોર કિલ્લાનું થાણું. જેમાં પચાસ સવારો રહે છે, અને ૨. બામોલનું થાણું જેમાં ખોલીજના તેનાતી સવારો છે. અને

કોકલેજના થાણામાં બસો પંચોતેર તેનાતી સવારો રહે છે.

નડીઆદ :- અહમદાબાદથી વીશ ગાઉ ઉપર દક્ષિણમાં છે. એમાં એક મહાલ છે. અને અહીં એક ફોજદાર રહે છે. એમાં ૩૬ ગામો છે. અને ૧૯૬૭૮૧૫૫ દામોની જમાબંદી છે. અહીંની ફોજદારી સારસા ગામની ફોજદારીના પેટામાં છે. અને નદીનું થાણું અને હજુરી થાણામાં સો સવારો રહે છે. આ પ્રમાણે એ પરગણાના થાણા છે. ૧. સંદલપુર, ૨. ખાનપુર, આ બે જગ્યાએ એકસો પંદર સવાર રહે છે, ૩. ચકલાસી થાણામાં સો રૂપિયાની જાતી નીમણોક અને સો સવારો, ૪. સેલી, અને ૫. ગોલવાડમાં નાના કોટ છે. અને આ બે જગામાં દોઢસો સવારો રહે છે. ૬. માંડણ, અને ૭. લીનોદરા આ બે ઠેકાણે દોઢસો સવારો નીમેલા છે. ૮. ભાલેજના થાણામાં તેનાતી સો સવારો રહે છે.

હરસોલ :- પૂર્વ ઉત્તરની વચમાં અહમદાબાદથી વીશ ગાઉ ઉપર છે, એમાં પાકી ગઢી હતી અને તે ગુજરાતી સુલ્તાનોના વખતની હતી. તે મેશ્વાનદીના કાંઠા ઉપર હતી. હમણાં તે પડી ભાંગી છે. અને તેના ખંડેર વેળાએ આપણા જોવામાં આવે છે. એમાં એક મહાલ છે અને ૩૩ ગામો છે. ૧૩૭૧૬૧૯ દામોની જમાબંદી છે, ત્યાંની ફોજદારી થાણા તાબે છે, અહીં પચાસ સવારો રહે છે.

પાટણ સરકાર

એનાં સત્તર પરગણાઓ નીચે મુજબ છે.

પાટણ શહેર :- અહમદાબાદ સુબા તાબામાં જુનું શહેર છે અને અહમદાબાદનું મોટું શહેર વસ્તા પહેલાં રાજાઓ તથા ગુજરાતી સુલ્તાનોની રાજધાનીનું એજ શહેર હતું. રાજાઓ તથા સુલ્તાનોના વર્ણનમાં આ વીશે લખાઈ ગયું છે. રાજાઓએ વસાવેલા જુના શહેરમાં પહેલાના વખતમાં વસ્તી હતી. તે હમણાં ભદ્રના કિલ્લાના દરવાજા તથા ઉંચા બુરજાથી જણાય છે અને કાળ વિત્યે સ્થળની બદલી થઈ ગઈ છે.

હાલની વસ્તી પશ્ચિમ ઉત્તર દિશાએ અહમદાબાદથી ૪૫ ગાઉ ઉપર છે. અહીં કાજી, મોહતસિબ અને કલમના નોકરો (લહિયા) દરબારની સનદથી ઠરાવવામાં આવે છે અને મહેસુલ સેંકડે પાંચ ટકા

લેવાય છે, પાટણ પરગણું ઘણું કરી સુબાના પગારમાં જાગીર દાખલ અપાય છે અને મહેસુલ લેવાનો દાખલો અહમદાબાદથી જુદો ફોજદારની મહોરથી જો રવાના કરવો હોય તો સુબા દીવાન આગળ તે દાખલાને રજુ કરીને તેની ઉપર મહોર લે છે કે, બીજે ઠેકાણે તે કબુલ મંજુર રખાય છે. કસબો તથા સાયર મળીને બે મહાલો ગણાય છે. અને તેની આવદાની ૨૫,૦૫,૦૦૦ દામોની છે. અને એક મહાલમાં ૪૬૧ ગામો છે અને તેની જમાબંદી ૩,૬૪,૬૯,૧૨૦ દામોની છે.

પાટણ હવેલી :- અહીંની ફોજદારી ભેગી નીચેની થાણદારીઓ છે.

૧. સિદ્ધપુર, ૨.ઉંઝા, ૩ ઉનાવા, ૪. ભાંડુ, ૫. ઉભરા, ૬. બાલીસાણા, ૭. સંડેર, ૮. સંખારી, ૯. વસઈ, ૧૦. કરાવી, ૧૧. મણોદ, ૧૨. વીસલપુર, ૧૩. ગાંભુ, ૧૪. શંકરપુર, ૧૫. મતવાબર, ૧૬. ચાંદસમા, ૧૭. રૂપપુર, ૧૮. કેદગર, ૧૯. ભાંડની, ૨૦. હારીજ, ૨૧. અધાર, ૨૨. કંભોઈ, ૨૩. આંધરા, ૨૪. સમુ, ૨૫. કાંકરેજ, ૨૬. કોસા, ૨૭. મેસર, ૨૮. મેસાણા, ૨૯. માતર, ૩૦. સોંક, ૩૧. બાલમ, ૩૨. કંભોઈ, સોલંકી, ૩૩. ધીણોજ.

એ થાણાઓમાં સાતસો પચાસ સવારો તેનાત જાપતાના એકવીશ લાખ દામો ઈનામનો ઠરાવ હતો. અને હજુરી થાણાઓનો દરબારથી ઠરાવ થતો. ૩૪, વડાલી થાણામાં બસો સવારો રહેતા. ૩૫, કાકોસીમાં સો રૂપિયા જાતિ પગારની નીમણુંકવાળા તથા સો સવારો તાબામાં. ૩૬, વાસમામાં પચાસ સવારો. ૩૭, દેલવાડામાં પચાસ રૂપિયા જાતની નીમણુંકના અને વીશ સવારો નોકરી શરતે તેનાતીના રહેતા.

વડનગર :- જુની વસ્તી છે. કહે છે કે, ગત કાળમાં મોટું શહેર હતું. એમાં ત્રણસો મંદિરો અને દરેક મંદિર હેઠળ એક તળાવ હતું. અહીંના ઘણા ખરા તળાવો પત્થરથી બાંધેલ છે. કેટલાક હમણાં સુધી છે. અને વખત વિત્યાથી તેમાં ફેરફાર થઈ ગયો છે. હમણાં તેને પાકો મજબુત કોટ છે. આ શહેર અહમદાબાદથી ત્રીશ ગાઉ ઉપર પૂર્વ ઉત્તર દિશાની અંદર આવેલ છે. અહીંના રહેવાશીઓ મોટા ભાગે વડનગરા બ્રાહ્મણો

છે તે ધનાઢ્ય લોકો છે, તે ગુજરાતના સુબા અને બીજે ઠેકાણે લેણદેણના ઘણા ખાતા રાખતા. અહીંના લોકોમાં કહેવત છે કે, ગુજરાતની બે સોનેરી પાંખો છે. ૧. ઉમરેઠ કસ્બો, ૨. વડનગર કસ્બો, આ બે મુકામે પૈસાવાળા બ્રાહ્મણો રહે છે. હમણાં પાંખો ભાંગી જવાથી તે પાંખો વિનાના પક્ષીઓ થઈ ગયા છે. વડનગર ઉપર જે આફત આવી હતી તે મુબારીઝુલમુલ્કની હકુમત વખતે વર્ણન કરવામાં આવ્યું છે. વડનગર એકજ મહાલ છે અને તેમાં ૧૩ ગામો છે અને જમાબંદી આંકડો દામો ૫૯,૬૪,૦૫૬ નો છે. અહીંની ફોજદારી તાબે તેનાતી શરતના બસે સવારો રહે છે. અહીં ફોજદારની કચેરી છે.

વીજાપુર :- પૂર્વ ઉત્તરની વચ્ચે અહમદાબાદથી ત્રીશ કોશ ઉપર છે. એમાં એક મહાલ છે અને એમાં ૧૦૨ ગામો. ઔરંગઝેબ બાદશાહના વખતમાં બાદશાહના હુકમથી રસુલનગર ઉર્ફે વીસલનગર પરગણામાં દશ ગામો નાખેલા બાકી હતા. અને બીજા ગામોની જમાબંદી આંકડો ૧,૦૦,૩૬,૫૬૫ દામોનો છે. અહીં ફોજદારની કચેરી છે. અહીંની ફોજદારી તાબે, હેઠળ લખેલા થાણા છે. ૧. લાડોલ, ૨. સુંધરા, ૩. કદહ, ૪. ખરોલ, ૫. બુદરા, આ થાણામાં બસોને પચાસ સવારો નોકરી શરતના હતા. હજુરી થાણા દરબારની સનદથી મુકાય છે. ૧.પેથાપુર તાબાનું થાણું. ૨. માસીઆ, અહીં ૬૭ સવારો રહે છે. ૩. કુંડાસણનું થાણું, પચાસ રૂપિયા જાતના તથા સો સવારો, ૪. જાકોદરામાં દશ સવારો, ૫. બીજાદરા થાણામાં પચાસ રૂપિયા જાતના તથા એક સવાર, ૬. ગુંજાનું થાણું સો રૂપિયા જાતિ નીમણુંક તથા સો સવારો, ૭. અલોરીઆમાં સો સવારો નોકરી શરતના છે.

પાલણપુર :- ઉત્તર તરફ અહમદાબાદથી સીતેર ગાઉ ઉપર છે, આ ઘણો ફળદ્રુપ અને આનંદદાયક દેશ છે, એમાં એક મહાલ તથા ૧૭૯ ગામો છે. જમીનદારોના કબજા ભોગવટામાં ૨૯ ગામો છે, બાકીના ૧૫૦ ગામોની જમાબંદી ૩૮,૦૬,૪૩૯ દામોની છે. અહીં એક ફોજદાર રહે છે.

અહીંની ફોજદારી ઔરંગઝૈબના વખતથી અઝીઝખાન

જાલોરીના કુટુંબમા રહેલી અને ફરૂખશીઅર બાદશાહના વખતમાં બદલી કરવામાં આવી હતી. અહીંનો ફોજદાર રહીમખાન થઈને આવ્યો. દાદાના ખીતાબે માન પામેલા અઝીઝખાનની સાથે લડાઈ થઈ અને તેમાં રહીમખાન ફાવ્યો નહિ. અઝીઝખાન એટલે ફીરોઝખાન જાલોરીએ ભેટ તથા પેશકશી દરબાર હજુર મોકલાવી અને બહાલીનો હુકમ તેને મળ્યો હતો.

કરીમદાદખાન તેના પુત્રે પોતાની હકુમતના વખતમાં પાલણપુરને કોટ ન હોવાના લીધે, અને મરેઠા લોકોની હંગામી સવારીના કારણથી પહાડોમાં એક કિલ્લો બાંધી તેનું નામ કરીમઆબાદ પાડ્યું. પહેલાના વખતમાં સરકારી કામ ઉપર સુબાઓ આવતા અને હમણાં સુબાઓ સત્તા અને બળ પ્રમાણે ફોજની સાથે આવી પેશકશી લે છે અને મુલકને જમીનદારોની રૂઢીથી વારસામાં વહેંચી આપે છે. આ વખતે મુહમદ બહાદુર જાલોરીની અમલદારીનો અવસર આવેલો છે, તેણે પાલણપુરની વસ્તી ફરતો કોટ, બારી તથા બુરજો સહીત બાંધેલો છે.

હવે આ સંસ્થાનમાં ચિત્તાઓ સારા મળી આવે છે તેથી દર વરસે હજુરમાં મોકલાવવાને વાસ્તે પાલણપુરના દીવાનની પાસે મોકલવામાં આવતા હતા. ત્યાંનો ફોજદાર તે જગાની ફોજદારી ઉપરાંત ડીસાની ફોજદારી પણ કરેછે. નીચેની આ થાણદારીઓ તેના તાબામાં છે.

૧. માહી, ૨. સીહોર, ૩. સુરતેજ, ૪. સબુ, ૫. સાસીમ, ૬. માલવસ, ૭. શોભારણ, ૮. જાલેસર, ૯. લોલવા, ૧૦. વેલુરા, ૧૧. સલીસા, ૧૨. માલવણ, ૧૩. ખોડેલ, ૧૪. મેસવન, ૧૫. ક્યાલ, ૧૬. મજાદર, ૧૭. મલોમણ, ૧૮. ઢુમા, ૧૯. સકલાણા, ૨૦. સીલ, ૨૧. સકાલ, ૨૨. હલુજા, ૨૩. જદસ્વાલા, ૨૪. લહુરા, ૨૫. પુંજા, બસો રૂપિયા જાત નીમનોક તથા તોકરી શરતના બસો સવારોનો બંદોબસ્ત છે. ૨૬. ડીસા.

થરાદ :- પશ્ચિમ ઉત્તર દિશાની વચમાં અમદાબાદથી એંશી કોસ ઉપર છે, એમાં એક મહાલ છે અને ફોજદાર રહે છે. એમાં ૧૬૬ ગામો છે તથા અહીંની જમાબંદી દામો ૫૬,૦૦,૦૦૦ ની છે. અહીંની

ફોજદારી છવીશ લાખ દામોના ઈનામની શરતથી અપાય છે.

તીરવાડા :- પશ્રિમ દિશાએ અહમદાબાદથી સીતેર ગાઉ છે. એમાં એક મહાલ છે, એમાં ૧૦૪ ગામો તેમાંથી ૭૨ ગામો રજપૂતોના તાલુકામાં છે, તે ઉજડ અને એક આંકડી છે. બાકીના ૩૨ ગામો છે. જેમની જમાબંદી ૨૫૦૦૦૦ દામોની છે, આ બેઉ પરગણા એકજ જાગીરના પગરમાં કપાય છે, તેથી જુદું શરતવાળું લશ્કર તથા થાણાઓ નથી.

ડીસા :- ઉત્તર દિશાએ અહમદાબાદથી એંસી ગાઉ ઉપર છે, અહીં ઈંટ ચૂનાનો કોટ છે, એમાં એક મહાલ છે, ૨૫૮ ગામો છે, તે ગેર બંદોબસ્તી ગામ છે, ૧૨૧ ગામોની ઉપજ ૧૬૦૮૦૭૦ દામોની છે. ફોજદાર તથા થાણદાર દરવરસે નીમાય છે, ૧. ભોંયણ, ૨. શ્રાવણ ૩. જલાલપુર, ૪. ઢવા, ૫. કાકલા, ૬. વાલી, ૭. રાજપુર, પાલણપુર તાબે આ થાણા છે.

દાંતીવાડા :- અહમદાબાદથી એંશી ગાઉ ઉપર બનાસ નદીના કાંઠે, જમીનદારોથી હાલના વખતમાં લીધેલો એક મહાલ છે, અને એ મહાલ કબજામાં આવ્યો તે વખતથી જાલોરીઓના તાબામાં છે, તે ગામનોજ મહાલ છે. અને અહીંની ફોજદારી શરતે રાખેલા સવારો પાલણપુરના છે, તે બસો રૂપિયા જાતિ નીમણુંક અને પાંચસો સવારો છે.

રસુલનગર ઉર્ફે વીસલનગર :- અહમદાબાદથી ત્રીશ ગાઉના અંતરે ઉત્તર દિશાએ આ પરગણું છે, ગુજરાતી રાજાઓમાંથી વીસલદેવ નામના રાજાએ પોતાના નામથી આ કસબો વસાવેલો હતો. આલમગીર બાદશાહના વખતમાં મુલ્લાં મુહમ્મદ ગુજરાતીની અરજ ઉપરથી વીજાપુર તાબાના ૧૦ ગામો અને કડીના નવ ગામો આ પરગણાના પાડોશમાં હોવાના લીધે કસબા તાબે મુકવામાં આવ્યા. અને હજુરમાંથી એનું નામ રસુલનગર આપવામાં આવ્યુ. અને જુદું પરગણું સ્થાપ્યું. એમાં એક મહાલ છે. ૨૦ ગામો છે અને ૩૫૯૦૦૬૪ દામની જમાબંદી થાય છે. અહીંની ફોજદારીમાં આ થાણદારીઓ છે. ૧. સેવાલા, ૨. ગોઠવા, ૩. મરૂદા-વાસણા, સો રૂપિયા જાતિ નીમનોક, તથા બસો સવારો નોકરી

શરતના છે.

રાધનપુર :- ઉત્તર પશ્ચિમ દિશાએ અહમદાબાદથી સાઠ ગાઉ ઉપર પહેલા વખતમાં માટીના ટેકરા ઉપર પાકો કિલ્લો હતો અને પત્થરના બાંધેલા દરવાજા હતા. આ કોટ વસ્તીથી એક કોસ ઉપર હતો, તેને હાલ ફત્તેહ કોટ કહે છે. તેની આગળ કસ્બાની વસ્તી હતી. હમણાં નવી વસ્તી ફરતો કોટ સફદરખાન બાબીના દીકરા જવાંમર્દખાને બનાવેલો છે, જવાંમર્દખાનને બાદશાહ ફર્રૂખશીઅરની બાદશાહતના વખતમાં વતનદારીની જાગીરમાં રાધનપુર અપાયલું છે, એના ગુજરી ગયા પછી એના પુત્ર સફદરખાં બાબીએ નાનો કિલ્લો બાંધેલો છે. અને ફોજદારની કચેરી તળાવના કિનારા ઉપર કરી છે. રાધનપુર એક મહાલ છે, અને તેમાં ૬૫ ગામો છે. તેની જમાબંદી દામો ૨૫,૦૦,૦૦૦ ની છે. વતનદારી નક્કી કરતી વખતે ઘટાડીને આ આંકડો મૂક્યો છે. તીરવાડાની ફોજદારીની નીમનોક બસો રૂપિયા જાત અને સો સવારો તેનાતી શરતના રહે છે. મહાલનું હાંસલ સેંકડે પાંચ ટકા પ્રમાણે લેવાય છે.

સમી :- પશ્ચિમ ઉત્તર દિશાએ અહમદાબાદથી ૪૫ ગાઉ ઉપર છે. એમાં એક મહાલ છે. ૪૨ ગામો છે, અને જમાબંદી દામો ૫૮,૬૬,૮૦૦ની છે. અહીંની ફોજદારી શરતના બસે સવારો શરતવાળા રહે છે.

સાંચલપુર :- અહમદાબાદથી સત્યાશી કોશ ઉપર પશ્ચિમ દિશા તરફ એક મહાલ છે. આ કઠણ જગ્યા છે. એમાં જત લોકો રહે છે. અહીંના ગામો સરકારમાં બરાબર દાખલ નથી. એની જમાબંદી ૧૫,૧૫,૦૦૦ દામોની છે. સુબા પેશકશી દાખલ વસુલ કરે છે. અથવા સુબાના પગાર પેટે જાગીરમાં અપાય છે, તેથી નોકરી શરત તેનાતી બંદોબસ્ત નથી.

ખેરાળુ :- ઉત્તર પશ્ચિમ દિશાએ અહમદાબાદથી ચાળીશ ગાઉ ઉપર છે. એમાં એક મહાલ છે અને ૧૧૪ ગામો છે. તેમાંથી ૫૧ ગામો ગેર બંદોબસ્તી જમીનદારોના તાલુકામાં છે. અને બાકીના ૬૨ ગામોની જમાબંદી દામો ૫૭,૮૭,૧૦૦ ની છે. અહીંની ફોજદારીના પેટામાં ૧: સરમા ૨: હામિદસર થાણા છે ને એકસો સવારો તેનાતી શરતના રહે છે.

કાંકરેજ :- પશ્ચિમ ઉત્તર દિશાએ અહમદાબાદથી સીતેર ગાઉ ઉપર છે. એમાં એક મહાલ છે અને એ જગ્યા ભય ભરેલી જોર રાખવા લાયક છે. અહીં લુટારા કોળીઓ રહે છે. અને બખેડા તોફાન તેઓ કરતા રહે છે. સરકારી નોંધ ઉપરથી કેટલા ગામો છે તેનો આંકડો મળતો નથી. પરંતુ જમાબંદી આંકડો ૧૩,૧૫,૦૦૦ દામોનો છે. સુબાઓના નોકરી પગારના પેટામાં અહીંની ઉપજ કપાય છે. તેથી તેનાતી નોકરીના સવારો નથી.

મુઝ્ઝપુર :- અહમદાબાદથી ચાળીશ કોસ ઉપર પશ્ચિમ દિશાએ છે, એમાં એક મહાલ છે અને ૩૬ ગામો છે. એની જમાબંદી ૪૦,૭૧,૭૨૩ દામોની છે અહીંની ફોજદારીમાં બસો સવારો તેનાત જાપતાની નોકરીના રહે છે.

સુરવાડા :- અહમદાબાદથી ૬૦ ગાઉ ઉપર આવેલું છે. અને ઉત્તર તથા પશ્ચિમ દિશાની અંદર છે. તેનાતી પેટાના સવારો તથા ગામો સરકારી નોંધ ઉપરથી જણાયા નથી. પરંતુ જમાબંદી આંકડો ૩૦,૫૦,૫૦૦ દામોનો છે.

વડોદરા સરકાર

એમાં નીચે મુજબ ચાર પરગણા છે.

વડોદરા :- અહમદાબાદથી ચાળીશ ગાઉ દક્ષિણ દિશાએ છે. એમાં એક મહાલ છે. અને એમાં ૨૨૬ ગામો છે. જમાબંદી ૭,૪૪,૦૩,૬૫૯ દામોની છે. અહીંઆ ફોજદાર રહે છે. વાડા તથા બુરજો વાળો કોટ છે. અહીંની ફોજદારી તાબામાં આ થાણા છે, ૧. પાદરા, ૨. મુજપુર, ૩. હુજરાત, ૪. મુલી ઉર્ફે માધુપુર, ૫. કંદારી, ૬. ચોરંદા, ૭. સારંગ, ૮. સુધરા, ૯. સલા, અહીં ત્રણસો સવારો રહે છે. અને ૮૦ લાખ દામો ઈનામના ઠરાવેલા છે. બહાદુર પુરની ફોજદારી અને કરકરીના કિલ્લાની થાણદારી એના પેટામાં છે. બાદશાહી સનદથી ૩૦૦ સવારો નોકરી તેનાતીની શરતના છે.

બહાદુરપુર :- અહમદાબાદથી ૫૫ ગાઉ દક્ષિણમાં છે. એમાં એક મહાલ છે. ગામ ૨૭ છે અને તેની જમાબંદી ૩૧,૬૫,૯૯૩

દામોની છે. અહીંની ફોજદારી વડોદરાની ફોજદારીનાં શરત પેટામાં છે. થાણાઓ ૧. નહાસતપુર, ૨. ઢાઢવણ, છે. અહીં ૮૦ સવારો રહે છે.

ડભોઈ :- દક્ષિણ દિશાએ અહમદાબાદથી પચાસ ગાઉ ઉપર છે. અહિંનો મજબુત કિલ્લો છે ને તે પત્થરનો બાંધેલો છે. તે જુની બાંધણીનો છે. આ એક મહાલ છે તેમાં ૪૮ ગામો છે. તેની જમાબંદી ૧,૦૪,૧૩,૦૧૦ દામોની છે. અહીંના ફોજદારના તાબામાં બસો સવારો તેનાતી શરતના છે.

સીનોર :- અહમદાબાદથી દક્ષિણ દિશાએ સાઠ ગાઉ ઉપર છે, આ પરગણું નર્મદા નદીના કાંઠા ઉપર છે. એમાં એક મહાલ છે. એમાં ૪૭ ગામો છે. અને જમાબંદીનો આંકડો ૧,૧૪,૮૭,૫૨૨ દામોનો છે, અહીંની ફોજદારીમાં સો સવારોમાના સવારો છે અને બીયાસી દામોનું ઈનામ અપાય છે. આ વડોદરાની ફોજદારીના તાબામાં છે. અને મીયાંગામના થાણામાં તેનાતી શરતના રહે છે. બાબા પ્યારા અહીંઆ છે.

ભરૂચ સરકાર

એમાં બાર મહાલો અને બે બંદરો છે.

એના પરગણા નીચે મુજબ છે.

ભરૂચ :- અહમદાબાદથી પંચોતેર ગાઉ દક્ષિણ દિશાએ, ઘણી ઉભી ભેખડ ઉપર નર્મદા નદીના કાંઠા ઉપર ભરૂચ આવેલું છે. બંદરની સાથે આ પરગણામાં બે મહાલો છે. પરગણામાં ૧૮૦ ગામો છે. અને જમાબંદી ૧,૫૨,૩૩,૭૪૫ દામોની છે. ઘણી વખતે આ પરગણું ખાલસામાં રહેલું છે. અહીંની ફોજદારીમાં ૨૫૦ સવારો, નોકરી તેનાતી શરતના છે. બંદરનો એક મહાલ ગણાય છે. જેની આવદાની ૯,૫૦,૦૦૦ દામોની છે. અહીંના બંદરની હુકુમત સુરત બંદરના મુસદ્દીના તાબામાં છે.

અંકલેશ્વર :- અહમદાબાદથી સવાસો ગાઉ ઉપર દક્ષિણ દિશાએ છે. એમાં એક મહાલ છે. ૫૦ ગામો છે. અને જમાબંદી ૮૬,૨૪,૪૫૯ દામોની છે. અહીંની ફોજદારીમાં તેનાતી શરતના સવારો નથી.

અઠલેશ્વર :- અહમદાબાદથી સવાસો ગાઉ દક્ષિણ દિશાએ નર્મદા નદીની પેલીપાર બકલાણાની સરહદથી મળે છે. એમાં એક મહાલ છે. અહીંની જમીનદારી ગેર બંદોબસ્તવાળી છે. જ્યારે સુરત બંદરના મુત્સદી અથવા કોઈ લશ્કરી અમલદારની જાગીરમાં અપાય છે ત્યારે પોતાના જોરના પ્રમાણમાં વસુલ કરે છે. તેથી સરકારી નોંધમાં ગામડાના આંકડા નથી. જમાબંદી ૪,૮૦,૦૦૦ દામોની છે.

ઓરપાડ :- અહમદાબાદથી ૧૦૫ (?)ગાઉના અંતરે દક્ષિણ સુરતની સરહદમાં આ પરગણું છે એમાં એક મહાલ છે એમાં ૧૫૮ ગામો છે અને જમાબંદી ૮૩,૦૨,૦૦૦ દામોની છે. અહીની ફોજદારી તાબે આ થાણા છે. ૧. વડસા, ૨. કઠોદરા, ૩. વડાછા, ૪. અવાસર, અહીં તેનાતી નોકરી શરતના એકસો એકત્રીશ સવારો રહે છે. ઘણી વખતે સુરત બંદરના મુત્સદીના પગારની જાગીરમાં આ પરગણું અપાય છે.

તડકેશ્વર :- અહમદાબાદથી ૧૦૫ (?) ગાઉ દક્ષિણ દિશાએ રાજપીપળાની પાસે નર્મદા નદી ઉપર છે. એમાં એક મહાલ છે. અને એમાં ૧૧ ગામો છે. તેનો જમાબંદી આંકડો ૨,૬૭,૦૧૯ દામોનો છે. આ પરગણું દુર અને જંગલ તથા પર્વતોમાં છે તેથી બરાબર રીતે સુબા અને જાગીરદારોના કબજામાં આવતું નથી. જમીનદારોના કબજા ભોગવટામાં છે તેથી ફોજદારીની કંઈ શરતી સવાર ટુકડી નથી.

છરમાંડી :- અહમદાબાદથી ૧૪૦ ગાઉ દક્ષિણે તાપી નદીની પેલીપાર છે. અહીં જોર રાખવાની જગ્યા છે. પાસે હોવાના લીધે સુરત બંદરના મુત્સદીના પગાર પેટામાં હંમેશા કપાતું રહ્યું છે. તે ફોજ લઈ જઈને પેશકશી દાખલ કરી વસુલાત કરી લે છે. એમાં એક મહાલ છે. અને જમાંબદી ૩,૦૦,૦૦૦ દામોની છે. ગામડાઓની સરકારી નોંધ નથી. સવારો તેનાતી શરતના નથી.

જંબુસર :- અહમદાબાદથી ૫૦ ગાઉ મહી નદી પેલેપાર છે, એમાં એક મહાલ છે અને ૫૬ ગામો છે. જમાબંદી ૯૧,૩૬,૨૮૫ દામોની છે. અહીંની ફોજદારી તાબે તેનાતી શરતના સવારો નથી. આ થાણા છે. ૧. ચુંવાલ ૨. કાવી, ૩. કારેલી, ૪. કાઉ, ૫. સકારી, ૬.

દલવન, ૭. કીજરા, ૮. બરસકી, ૯. બીલમ, એના તાબામાં છે.

વીજવાડા :- દક્ષિણ દિશાએ અહમદાબાદથી ૮૦ ગાઉ ઉપર મહીનદી પેલે પાર છે. એમાં એક મહાલ છે. તેના બાર ગામો સમુદ્રમાં ડુબી ગયા છે. અને બાકીના ૧૦ ગામો છે તેમની જમાબંદી લુહારાના તાબામાં છે. અહીં ૩૪૦૦૦૯૮ દામોની છે. અહીંની ફોજદારી સવારો વગર શરતના રહે છે.

ગલા :- અહમદાબાદથી ૧૧૨ ગાઉ દક્ષિણ દીશાએ કામરેંજ પરગણાની પાસે છે જેનો સંબંધ સુરતથી છે. એમાં એક મહાલ છે. અને ૧૮ ગામો છે. તેની જમાબંદી ૧,૧૦,૦૦૦ દામોની છે. અહીંની ફોજદારીમાં તેનાતી શરતના સવારો નથી.

ગોલવાડા :- અહમદાબાદથી દક્ષિણે ૯૦ ગાઉ ઉપર નર્મદા નદીની આ તરફે છે, એમાં એક મહાલ છે. તેમાં ૨૦ ગામો છે તેની જમાબંદી ૨૭,૮૦,૦૦૦ દામોની છે. ફોજદારીમાં શરત જાપતો નથી.

ખંડાણ :- અહમદાબાદથી ૮૦ ગાઉ ઉપર દક્ષિણ દીશાએ મહી નદીના તીરે છે, તેમાં એક મહાલ છે. એની જમાબંદી ૨,૫૦,૦૦૦ દામોની છે. એનું બંદર ખંભાત બંદરના તાબામાં છે.

મકબુલ આબાદ ઉર્ફે આમોદ :- અહમદાબાદથી દક્ષિણ દિશાએ ૫૦ કોસ ઉપર છે. તેમાં એક મહાલ છે. તેમાં ૩૬ ગામો છે. તેની જમાબંદીના ૭૫,૯૫,૪૦૦ દામો છે. અમોદના થાણા ભેગી અહીંની ફોજદારી છે. બીજું થાણું આજોદ છે. અહીં ૫૦ સવારો તેનાતી શરતે છે.

હાંસોટ :- અહમદાબાદથી ૮૫ કોસ દક્ષિણમાં છે. એમાં એક મહાલ છે. ૫૧ ગામો છે, તેની જમાબંદી ૮૫,૮૮,૬૧૨ દામોની છે. આ પરગણું સુરતના મુત્સુદીના પગાર પેટામાં જાગીર થાય છે, તેથી સરકારી નોકરી તેનાતી શરતના સવારો અહીં નથી.

ચાંપાનેર સરકાર.

એમાં નીચે મુજબ પરગણા તથા પાવાગઢ નામનો એક કીલ્લો છે. તે એક ઉંચા પર્વતના શીખર ઉપર છે. આ પર્વતની ઉચાઈ ચાર ગાઉની કહેવાય છે, વિશાળતામાં કિલ્લાનો ઘેરાવો આશરે અડધા ગાઉનો

છે. એમાં ઘણી ખીણો છે, અને એક ઠેકાણે આશરે સાઠ ગજની ઉંડી ખાઈ છે. તેની ઉપર પૂલ કરેલો છે. જોખમની વખતે તે પૂલને ઉપાડી લે છે, તેને પાટીઆ પૂલ કહે છે.આ ઘણું સુંદર ઠામ છે. એના લીલા વૃક્ષો દ્રષ્ટિને આનંદ આપે છે. તળાવો પાણીથી છલકાઈ રહ્યા છે અને ઝરાઓ વહેતા રહે છે. સુલ્તાન મેહમુદ બેગડો ત્યાંના જમીનદાર રાવળ પતાઈની સાથે લડ્યો હતો. અને તેની હેઠળ એક શહેર મુહમદઆબાદ નામનું વસાવેલું હતું તેને પોતાની રાજધાની ઠરાવી હતી. ગુજરાતી સુલ્તાનોમાંના ઘણા સુલ્તાનોએ તેને કાયમ રાજધાની કરી હતી. તે બાદશાહોના વર્ણનમાં દરેકની યોગ્ય જગાએ તેનું વર્ણન કરવામાં આવ્યું છે. અહીંની કીલેદારી ગોધરા તાબે છે. ૫૦ સવારો તેનાતી રહે છે.

ચાંપાનેર હવેલી :- (જે હાલોલા કાલોલ કહેવાય છે) અહમદાબાદથી પૂર્વે દક્ષિણ દિશાએ ૫૦ ગાઉ ઉપર છે, એમાં ચાર મહાલો છે. અને ૧૭૨ ગામડા અને જમાબંદી ૩૩૦૧૨૦૦ દામોની છે.

ચાંપાનેર હવેલી :- (મહાલ) ૧૯,૯૧,૦૬૯ દામોની ઉપજ છે.

દેલોલ :- એક મહાલ, ૧૨,૧૯,૬૬૨ દામોની જમાબંદી છે.

ઉનાદ્રા :- એક મહાલ, ૫૭,૦૦૨ દામોની જમાબંદી થાય છે.

જલાદ્રા :- એક મહાલ, ૮૨,૧૩૦ દામોની ઉપજ છે, અહીંની ફોજદારી ૧. કુંવાદહ, ૨. કંજરી, ૩. દેલો પ્રગણા, ૪-૫ જલાદ્રા, ૬. ઓહારવા, ૭. ગોદ્રાની ફોજદારી તાબે છે.

ચોરાશી ચાંપાનેર. વાઘોડીઆ :- અહમદાબાદથી ૪૭ ગાઉ પૂર્વ દક્ષિણ દિશાએ એમાં ૬૯ ગામો છે, જમાબંદી ૩૫,૨૭,૪૩૦ દામોની છે. અહીંની ફોજદારી ચાંપાનેર હવેલીના ફોજદારીના પેટામાં છે. ૧. જરોદ, ૨. વાઘોડીઆ આ બે થાણા છે.

નમોર વાસણા :- અહમદાબાદથી આઠ (?) ગાઉ દક્ષિણ દિશાએ છે, એમાં એક મહાલ છે, ક્ષેત્રફળ સરકારી દફતરે નોંધાયેલું નથી. તેમજ ગામડાની સંખ્યા પણ નોંધાએલી નથી. એની જમાબંદી ૨,૪૦,૫૫૦ દામોની છે. પહેલાના વખતમાં અહીંની ફોંજદારી અઢીસો સવારો તેનાતીની જુદી હતી અને થોડા દિવસથી ચાંપાનેર તાબે એની

ફોજદારી મુકવામાં આવી છે, અને પરગણા નોંધાએલા અને થાણામાં બસો સવારો તેનાતી રાખવામાં આવ્યા છે.

દોહદ :- અહમદાબાદથી સતોતેર ગાઉ પૂર્વ દિશાએ છે. એમાં એક મહાલ છે. એમાં ૧૦૦ ગામો છે. જમાબંદી ૧૩,૪૩,૦૦૦ દામોની થાય છે. અહીં બસો સવારો રહે છે. અને હલોદી થાણામાં તેનાતી સવારો રહે છે.

સોનખેડા :- અહમદાબાદથી પંચાવન ગાઉ દક્ષિણ દિશાએ છે, એમાં એક મહાલ છે. ૮૩ ગામો અને જમાબંદી આંકડો ૪૩,૧૩,૧૬૯ દામોનો છે. પહેલાના વખતમાં જુદી ફોજદારી હતી. અઢીસો સવારો તેનાતી રહેતા. હમણાં થોડા દિવસથી અહીંની ફોજદારી વડોદરા તાબે છે.

સાવલી :- અહમદાબાદથી પાંત્રીશ ગાઉ ઉપર પૂર્વ દક્ષિણ દિશામાં મહીનદી સામે પાર છે, એમાં એક મહાલ છે, એમાં ૫૪ ગામો તથા જમાબંદી ૩૪,૪૨,૯૫૦ દામોની છે. અહીંની ફોજદારીના સો રૂપિયા જાતી પગારના અને ત્રણસો સવારો તેનાતી છે. ૧. વાકાનેર થાણામાં સો સવારો તેનાતી રહે છે.

વાલીઆ :- અહમદાબાદથી અગ્નિ ખૂણામાં ૬૫ ગાઉ ઉપર છે. તેમાં એક મહાલ છે. તેમાં ૫૫ ગામો અને જમાબંદી ૨,૦૦૦ દામોની છે, અહીંની ફોજદારી ચાંપાનેર હવેલી તાબે છે.

મોહાન :- અહમદાબાદથી પૂર્વ દક્ષિણ દિશાએ ૬૦ ગાઉ ઉપર આ પરગણું છે. ચાંપાનેર, મોહાન, જમુ કાનમ, જમીનદારોના ગોરાસના ત્રણ મહાલો છે. આ જમીનદારી મીલકતની જમીન છે. તેથી ગામો સરકારી નોંધમાં નથી. એની જમાબંદી ૫૮,૮૨,૭૯૭ દામોની છે. ફોજદારી ત્રણ મકાનોમાં છે. સો રૂપિયા જાતી નીમણુંકના અને ચારસો સવારો અને ત્રણ લાખ દામો ઈનામના આપવાનો ઠરાવ છે. આવતું પરગણું આલી છે તે ખાનદેશના સુબા તાબાનું છે.

નાંદોદ સરકાર

એના પરગણાઓ નીચે મુજબ છે.

નાંદોદ હવેલી :- અહમદાબાદથી ૭૫ ગાઉ નર્મદા પહેલેપાર

રાજપીપળાની પાસે છે, એમાં પરગણાં ૧. અમરોલી, ૨. વડાલ, ૩. ભાઉવા, ૪. તીલકવાડા, ૫. જંબુગામ, ૬. મરગદરા ઉર્ફે ખોખરમુંદા, ૭. સરીક, ૮. ઓબડા, ૯. મરમી, ૧૦. કવાલસાહ. જુમલે, ૧. મહાલો ૧૩૫ ગામો ૭૧,૧૨,૮૭૦ દામોની જમાબંદી છે. અહીંની ફોજદારી વડોદરા ફોજદારીના તાબામાં છે.

વસરાઈ :- અહમદાબાદથી ૯૦ ગાઉ ઉપર સુરતની હદમાં આ પરગણું છે, એમાં એક મહાલ છે. ૧૧૧ ગામો છે તેની જમાબંદી ૫૧,૦૧,૪૫૮ દામોની છે.

ગોધરા સરકાર

આ સરકારના પરગણા નીચે મુજબ છે.

ગોધરા :- અહમદાબાદથી ૪૫ ગાઉ પૂર્વ તરફ, એમાં એક મહાલ છે, એમાં ૧૭૦ ગામો છે અને જમાબંદી ૧૭,૫૯,૫૩૭ દામોની છે.

ઝાલોદ :- ગોધરાથી ૩૭ ગાઉ પૂર્વ દિશાએ, એમાં એક મહાલ છે. તેમાં ૨૪ ગામો છે અને જમાબંદીના ૧૧,૩૫,૪૯૦ દામો થાય છે.

સહરા :- ગોધરાથી ૭ ગાઉ ઉત્તર તરફ. એમાં એક મહાલ છે અને ૨૪ગામો છે. તેની જમાબંદી ૨૧,૦૬૧૭દામોની છે.

ધામોદ :- ગોધરાથી ૮ગાઉ પૂર્વ દિશાએ. એક મહાલ અને ૭ ગામો છે. તેની જમાબંદીનો આંકડો ૪,૩૮,૯૮૦ નો છે.

નંદલી :- ગોધરાથી ૩૫ ગાઉ પૂર્વ દિશાએ. એમાં એક મહાલ છે અને ગામડાની સંખ્યા અનીયમીત છે. તેનો જમાબંદીનો આંકડો ૧,૭૧,૯૮૨ દામોની છે.

લીમડા :- ગોધરાથી ૨૩ ગાઉ છે. એમાં એક મહાલ છે. ગામડાની સંખ્યા નથી. જમાબંદી ૩૦,૮૧,૨૬૨ દામોની છે.

મથરાલ :- પૂર્વ દિશાએ ગોધરાથી ૧૮ ગાઉ ઉપર, એમાં એક મહાલ છે. ગામડાનો આંકડો નથી. જમાબંદી ૭,૫૫,૯૩૦ દામોની છે.

મોરદહ :- પૂર્વ તરફ ગોધરાથી ૧૦ ગાઉ. એમાં એક મહાલ છે. ગામડાનો આંકડો નથી. જમાબંદી ૩,૬૬૦ દામોની છે.

કોહાના :- ગોધરેથી પંદર ગાઉ પૂર્વ ભણી. ગામડાની સંખ્યા માલુમ નથી. જમાબંદી ૩૦,૮૬,૫૮૨ દામોની છે.

દુધા :- ગોધરાથી પંદર ગાઉ પૂર્વ દિશાએ, એમાં એક મહાલ છે. ગામોની સંખ્યાની નોંધ નથી. જમાબંદી ૨,૮૬,૦૧૨ દામોની છે.

અંબાવાવ :- ગોધરાથી પાંચ ગાઉ પૂર્વમાં એક મહાલ છે. ગામડાની નોંધ નથી. જમાબંદી ૫૪,૦૬૨ દામોની છે. ગામડાની સંખ્યા વિનાના સાત પરગણા છે, તે જમીનદારોની મીલકત તેમના કબજામાં છે. ગામડે ગામડાની નોંધ સરકારી દફતરમાં નથી. ગોધરા સરકારની ફોજદારી છે. અને આ થાણા છે. ૧. જાલોદ, ૨. મુમામાકન, ૩. શહેર કસ્બા થાણું, ૪. ભભુતા. ગોધરેથી દોહદ સુધી માર્ગની ચોકીના થાણા. ૧. કાંથા, ૨. બાવાલા, ૩. ચોકી છરીઆ, ૪. કાલીઆદરા, પાંચસો સવારો અને વીશ લાખ દામો ઈનામના અહીનો ઠરાવ છે.

સોરઠ સરકાર

એમાં કેટલાક નીચે મુજબ પરગણા છે. તેમાંથી ૧૨ બંદરો છે. જુનાગઢનો કિલ્લો સુલ્તાન મેહમુદ બેગડે ફત્તેહ કરેલો અને તેની હેઠળ શહેર વસાવી તેનું નામ મુસ્તુફા આબાદ મુકેલું. સુલ્તાન મેહમુદની બાદશાહતની વખતના વર્ણનમાં તે લખવામાં આવ્યું છે. જુનાગઢ નામ શા ઉપરથી પડ્યું ? તેનું નામ મોટા ખાન મીરઝા અઝીઝ કોકલતાશની અકબર બાદશાહના વખતની સુબાગીરી વખતે કરવામાં આવેલું છે. મજકુર સરકાર કુતીઆણાથી ૫૦ ગાંઉ ઉપર છે. અહમદાબાદથી જગત એટલે દ્વારકા જે ખારા સમુદ્રના કાંઠા ઉપર પીસતાળીશ ગાઉ ઉપર છે તેમાં નાના મોટા મળીને ૬૯ કિલ્લા છે. અને તે સઘળા પત્થરાથી બાંધેલા છે. તેમાં બુરજો તથા વાડા છે. કાજી તથા કલમના નોકરો (લહિયા) હજુર દરબારમાંથી નીમાય છે.

જુનાગઢ હવેલી :- અહમદાબાદથી પશ્ચિમ દિશાએ ૧૧૦ ગાઉ

ઉપર છે. ધોરાજી મઝોરી સાથે આ એક મહાલ છે. એમાં ૧૯૨ ગામ છે. અને જમાબંદી ૧,૨૫,૩૮,૯૩૧ દામોની છે. અહીંની ફોજદારી તાબે એક હજાર સવારો રહે છે અને જુનાગઢના કિલ્લાની તથા ગીરનારના કિલ્લાની કિલ્લેદારી સાથેની શરતથી ૧૮ લાખ દામોનું ઈનામ ઠરાવેલું છે. ટંકશાળનો એક મહાલ ગણાય છે. આ દેશમાં મેહમુદીનું ચલણ છે. તેને ગાળવાનો પહેલાના વખતમાં હુકમ થયો હતો. અને પછી તે બંધ પાડવામાં આવી. એ વિશે પહેલાં વર્ણન કરવામાં આવ્યું છે. જમાબંદી ૧ લાખ દામની છે.

અદીવતા :- જુનાગઢથી ૧૨ ગાઉ ઉત્તર પશ્ચિમ દિશાની હદમાં છે. અહીં એક કોટ અમલદારના રહેવાનો છે. હમણાં વસ્તી ફરતો કોટ બંધાયો નથી. ભાદર નદી ઉપર એક મહાલ છે. એમાં ૫૩ ગામ છે. તેમાંથી ૪૧ ગામડા ઉજડ છે. એક આંકડી ૧૨ ગામો છે. તેની જમાબંદી ૨૫,૧૫,૪૬૦ દામોની છે.

ઉના :- જુનાગઢથી ૬૦ ગાઉ પૂર્વ ભણી જરા દક્ષિણ તરફ આવેલું છે. એમાં બે કિલ્લા છે. અને ફરતો કોટ છે. તેમાં ફોજદાર રહે છે. અહીંથી ખારો સમુદ્ર ૪ ગાઉ છે. ઉનાથી એક ગાઉ ઉપર દેવડાનો કિલ્લો છે. બંદર સાથે એના બે મહાલ છે. એમાં ૨૩૧ ગામો છે. તેમાંથી ૧૪૩ ગામો ઉજડ છે. તે એક આંકડી ગામ છે. તેમની કેફીયત દફતરે નોંધાઈ નથી. બાકીના ૮૦ ગામોની જમાબંદી ૬૩,૧૫,૨૬૨ દામોની છે.

ઉનાની તલવાર ગુજરાતમાં વખણાય છે. કહે છે કે એને એક મુખ્ય કુવાનું પાણી અપાતું. વખત વિત્યે તે કુવો પુરાઈ ગયો. જુની તલવારો જોવામાં આવે છે.

દીવબંદર સુલ્તાન બહાદુરના વખતમાં કબજે આવેલું તે એની સરહદમાં છે. સુલ્તાન બહાદુરની બાદશાહતનાં વખતમાં તે વિશે લખવામાં આવ્યું છે.

અમરેલી :- જુનાગઢની પૂર્વ બાજુએ ૩૦ ગાઉ ઉપર એક મહાલ છે. આ કાઠિયાવાડના જીલ્લામાં કાઠિયોના કબજામાં છે તે કાઠીઓ અલખ

અને ધુમા નામના છે, એમાં ૧૦૩ ગામો છે અને જમાબંદી ૧૬,૭૨,૦૫૦ દામોની છે.

અરીંજા :- જુનાગઢથી ચાલીસ ગાઉ ઉપર એક મહાલ છે. એમાં ૨૫ ગામો છે અને જમાબંદી ૪,૭૩,૦૦૦ દામોની છે.

બીલખા :- જુનાગઢથી આઠ ગાઉ પૂર્વ દક્ષિણમાં અહીં ફોજદારની કચેરી છે તે એક કિલ્લામાં રહે છે. એમાં એક મહાલ છે. એમાં ૫૯ ગામો છે અને બે પુરાઓ છે. તેની જમાબંદીના ૧,૧૬,૦૦૦ દામો છે.

વાનદાર :- જુનાગઢથી ૨૫ ગાઉ ઉત્તર પૂર્વ દિશાએ એક કીલ્લો છે. ફોજદાર તેમાં રહે છે, એમાં એક મહાલ છે એમાં ૯૭ ગામો છે અને ૧૯,૪૯,૭૦૨ દામોની જમાબંદી છે.

અંબા :- જુનાગઢથી ૨૫ ગાઉ. અહીં કસ્બો તથા કિલ્લો છે. એમાં એક મહાલ છે અને ઘણા વખતથી ઉજડ છે. એની જમાબંદી ૪૦,૦૦૦ દામોની છે.

ભદા :- જુનાગઢથી વીશ ગાઉ, એમાં એક મહાલ છે. એમાં એક કસ્બો છે જમાબંદી ૨,૫૭,૩૩૦ દામોની છે.

બાંટવા :- જુનાગઢથી પંદર ગાઉ ઉત્તર પશ્ચિમ દિશાએ. એમાં એક મહાલ છે. અને જમાબંદી ૯૯,૬૬,૩૬૫ દામોની છે.

ઝઝરાવ :- જુનાગઢથી ચાળીશ ગાઉ ઉપર એમાં એક મહાલ છે. એમાં ૮૪ ગામો છે અને જમાબંદી ૧,૧૫,૩૭૬ દામોની છે.

બગસરા :- જુનાગઢથી બાવીશ ગાઉ, આ મુલક કાઠીઓના તાલુકામાં છે એમાં એક મહાલ છે ૧૩૧ ગામો અને જમાબંદી ૬,૨૫,૪૫૪ દામોની છે.

પાલીતાણા :- જુનાગઢથી ૫૦ ગાઉ પૂર્વ દિશાએ એમાં બે કિલ્લા છે, વસતી ફરતો કોટ છે અને શેત્રુજા પહાડ ઉપર કિલ્લો છે તેનો પાંચ કોસનો ચઢાવ છે અને અહીં શ્રાવક વાણીઆનું દહેરૂ છે અને શેત્રુંજી નામની વહેતી નદી છે. અહીંના જમાદારના તાલુકામાં એક મહાલ છે. અહીંની જમાબંદી ૫૦,૦૦૦ દામની છે.

પાટણદેવ બંદર :- જુનાગઢથી દક્ષિણમાં ૩૦ ગાઉ ખારા

સમુદ્રના કાંઠા ઉપર, એમાં બે મહાલો છે. એમાં ૧૦૨ ગામો અને જમાબંદી ૪૭,૧૭,૦૦૦ દામોની છે. પાટણ દેવનો પત્થરાનો બાંધેલો કિલ્લો ઘણો મજબુત છે તેને ફરતી ખાઈ ઘણી ઉંડી છે તે પત્થરા કોરીને બનાવેલી છે. તાર નામના ઝાડો જે એમાં ઉગેલા છે તેમજ પાણાખાઈની ઉપર આવેલા છે. સોમનાથનું પ્રખ્યાત મંદિર ત્યાંજ છે. અને વેરાવળ અહીંથી એક ગાઉ છે તેને ફરતો કોટ નહોતો તે જહાંગીર બાદશાહના વખતમાં નેમતખાં બુધિએ તૈયાર કરાવેલો.

પોરબંદર, નવીવાવ, નાબા તથા જહાનીઆ બંદર :- જુનાગઢથી ૩૫ ગાઉ ઉપર પશ્ચિમ દિશાએ છે એમાં બે મહાલો તથા ચાર કિલ્લાના મકાનો છે. એ ખારા દરિયા કાંઠે આવેલા છે એમાં ૪૨ ગામ અને જમાબંદી ૮,૭૯,૧૨૫ દામની છે.

બીબીરાણી :- જુનાગઢથી ૩૫ ગાઉ પૂર્વ તરફ, ૫૦ ગાઉ સુધી છે. પત્થર બાંધેલ બુરજાનો એક મહાલ છે. એમાં ૧૫ ગામો તથા જમાબંદી ૧૮,૫૦૦ દામ છે. અહીંની ફોજદારી બાદશાહી દરબારની સણંદથી બસે તેનાતી સ્વારો સાથેની છે.

બંદર સાથે તલાજા :- જુનાગઢથી ૭૦ ગાઉ પશ્ચિમ દક્ષિણ દિશાએ ડુંગરી ઉપર અહીં એક ગઢી છે. હમણાં ત્યાંના જમીનદારે તે ફરતો કોટ કર્યો છે. એમાં બે મહાલો છે. ૧૮૧ ગામો અને જમાબંદીના ૨૮,૫૪,૪૧૫ દામો છે. ઝાંઝમીર અને સુલતાપુરના બે કિલ્લા ખારા દરિયા ઉપરના એના તાબે છે. અને બાદશાહી સણંદથી અહીં ફોજદારી તેનાતી સો સ્વારોની છે.

જગત ઉર્ફે દ્વારકા એટલે મુસ્તફાનગર :- જુનાગઢથી ૬૦ ગાઉ પશ્ચિમ ઉત્તર દિશાએ ખારા સમુદ્ર કાંઠે ફરતો કોટ છે. દ્વારકાનું બંદર શંખોદ્વાર બેટમાં છે જ્યાં હિંદુસ્તાનના જુદા જુદા શહેરોથી હિદુઓ યાત્રાર્થે આવે છે. એમાં એક મહાલ છે. અને ગામડાની નોંધ દફતરમાં નથી, આ મુલક જમીનદારી છે. એની ઉપજ ૮૪,૦૦૦ દામની છે. ઔરંગઝેબના વખતમાં એક ફોજદાર અહીં રહેતો હતો. હમણાં જમીનદારનો કબજો છે.

જેતપુર :- જુનાગઢથી ઉત્તર દિશાએ પંદર ગાઉ ભાદર નદીના

કાંઠા ઉપર છે. કસ્બા ફરતો કોટ છે. ફોજદારની કચેરીને પણ કોટ છે. સરપુર નામના ગામનો એક મહાલ છે. ૭૦ ગામ છે અને ૪,૬૩,૧૬૯ દામોની જમાબંદી છે. બાદશાહી સણંદથી અહીંની ફોજદારી મળે છે. તેનાતી સો સ્વારો રહે છે.

ચોરવાડ અને બંદર :- જુનાગઢથી ૨૫ ગાઉ દક્ષિણ તથા પશ્ચિમ દિશાએ ખારા દરિયા કાંઠે સમુદ્રથી અર્ધા ગાઉ ઉપર કસબાને ફરતો કોટ છે. અને કોકસવાડાની ગઢી છે. એમાં બે મહાલો છે. ગામ ૪૦ છે. જમાબંદી ૭,૧૩,૯૦૦ દામોની છે. પહેલા વખતમાં ફોજદાર જુદો હતો. હાલ જમીનદારનો કબજો છે.

ઝાઉ :- જુનાગઢથી પૂર્વ દિશાએ ૪૫ ગાઉ ઉપર છે, જુની વસ્તી ઉજડ છે, તે જમીદારના કબજામાં છે. રંગોલામાં ગઢી કરી છે. એમાં એક મહાલ છે. ૨૪ ગામો અને ૨,૩૦,૦૦૦ દામોની જામાબંદી છે.

ઘરવાલ :- જુનાગઢથી પાંચ ગાઉ ગીરનાર પર્વતની તળેટીમાં છે. એમાં એક મહાલ છે. કસબો ઉજડ છે. ૩૨ ગામો રૈયત હકના છે. જમાબંદી ૨૩,૮૬,૩૮૫ દામોની છે.

દરનગર :- (બંદર સાથે) જુનાગઢથી ૬૦ ગાઉ પૂર્વ દક્ષિણ દિશાએ ખારા દરિયા કાંઠે છે. એમાં બે મહાલો છે. ૧૨ ગામો છે. તેની જમાબંદી ૭,૭૦,૦૦૦ દામોની છે.

ઘાતરવડ :- જુનાગઢથી ૪૫ ગાઉ ઉના પાસે પૂર્વ દક્ષિણની વચ્ચે છે. એમાં એક મહાલ છે, દફતરમાં ગામડાની નોંધ નથી. જમાબંદી ૧,૦૦,૦૦૦ દામની છે.

ધારી :- પૂર્વ દક્ષિણ દિશાએ, જુનાગઢથી ૨૫ ગાઉ, ફોજદાર કચેરીની ગઢી અહીં છે. એમાં એક મહાલ છે, ૪૩ ગામો છે. ૫૦,૦૦૦, દામોની જમાબંદી છે.

ધાક :- જુનાગઢથી ૧૭ ગાઉ છે. એમાં ચાર કસબા છે. અને હરસારન, વાલાદ, દલોદરા ગામો મળીને એક મહાલ થાય છે. ગામ ૨૫ છે. ૩,૩૫,૦૦૦ દામની જમાબંદી છે.

દોલતાબાદ :- જુનાગઢથી પૂર્વ દક્ષિણ દિશાએ ૫૦ ગાઉ ઉપર છે, તેમાં એક મહાલ છે. તે એકજ કસબાનો છે અને તેની જમાબંદી

૧૦,૦૦૦ દામની છે.

રાજકોટ ઉર્ફે માસુમ આબાદ :- જુનાગઢથી ઉત્તર પૂર્વ દિશાએ ૨૫ ગાઉ ઉપર છે. એમાં આઠ કિલ્લા છે. કસબામાં ફોજદાર કચેરી છે. એમાં જસદણ, આનંદ કોટ, બહાદુરપુર બાજંગ, ચમનપુરા, સાંવરા, સરદાર ઉર્ફે માસુમાબાદ ગામો છે. બે ગામોનો એક મહાલ છે. અને જમાબંદી ૬ લાખ દામની છે. માશુમ કુલી ઉર્ફે સજાઅતખાંએ જહાંગીર બાશાહના વખતમાં તેની જુનાગઢની નાયબ ફોજદારીના અમલમાં ત્યાંના જમીનદારને મારી ભારે તાણમતાણી કર્યા પછી જીતી લીધું હતું. એ લડાઈમાં રઝાકુલી એટલે રસમઅલીખાન ઘયલ થયો હતો. પછી માસુમાબાદનો કિલ્લો તેણે બાંધ્યો અને ત્યાંની ફોજદારી તથા વતનદારીની પોતાના નામની હજુરમાં અરજ કરી અને દામોની જમાબંદી ફોજદારીની શરતથી ઠરાવવામાં આવી.

રખવણ :- જુનાગઢથી પચાસ ગાઉ પૂર્વ દિશાએ પાલીતાણા પાસે છે. એમાં એક મહાલ છે, દશ ગામો છે અને એક લાખ દામની જમાબંદી છે.

રાણપુર :- જુનાગઢથી બાર ગાઉ પૂર્વ દિશાએ છે. રૈયતી હક્કનો એક મહાલ છે, ૧૭૨ ગામો અને જમાબંદી ૧૦,૪૬,૬૫૬ દામની છે. અહીંની ફોજદારીમાં છસો તેનાતી સ્વારો છે.

બરવાળા :- જુનાગઢથી ૪૦ ગાઉ પૂર્વ ઉત્તર દિશાએ ખાચર કાઠીઓનો તાલુકો હોવાના લીધે ગામોની સરકારી નોંધ દફતરમાંથી મળી નથી. જમાબંદી ૪૭,૪૦૦ દામોની છે.

શીહોર :- જુનાગઢથી ૭૦ ગાઉ પૂર્વ દક્ષિણ દિશાએ છે. જમીનદારનો તાલુકો ઘોઘાબંદરની પાસે બરનેજ તથા ભાવનગર બંદર સહિત. આ ભાવનગર બંદર ભાવસિંહ જમીનદારે બનાવેલું અને એનો કિલ્લો ખારા દરીયા ઉપર છે. જ્યાંથી હુડીઓ ફેરી કરે છે. આ એક મહાલ છે. ૬ ગામો એક લાખ દામની જમાબં છે.

કમાબા બરા :- જુનાગઢથી ૩૦ ગાઉ ઉત્તર પૂર્વ દિશાએ છે, એમાં એક કિલ્લો છે. એક મહાલ છે. ૨ ગામો, જમાબંદી ૫૦,૪૮૦ દામોની છે.

ખુંટદરા :- જુનાગઢથી ૪૫ ગાઉ પૂર્વ દક્ષિણ દિશાએ છે, એક મહાલ, ૧,૦૫,૦૫૪ દામોની જમાબંદી છે. ગામોની સંખ્યા દફતરમાં નથી.

ગોંઠળ :- ગોંડળ જુનાગઢથી ૨૫ ગાઉ ઉત્તર દિશાએ છે. એક મહાલ છે. તેમાં ત્રણ કિલ્લા છે. કસ્બો અને કિલ્લો અરદુના ગામ, અને પીપળી ગામના કિલ્લા સહિત ૫૦ ગામો છે. જમાબંદી ૨ લાખ દામોની છે.

કાળીઆધરા :- જુનાગઢથી ૪૦ ગાઉ દક્ષિણ પૂર્વ દિશાએ છે, આ તાલુકદારનો તાલુકો છે. તેણે એક કિલ્લો બાંધ્યો છે, આ એક મહાલ છે. એમાં ૪૦ ગામો છે, જમાબંદી ૬,૨૮,૦૪૨ દામોની છે.

ઘોઘાબારા :- જુનાગઢથી ૮૦ ગાઉ પૂર્વ દક્ષિણ દિશાએ ખારા સમુદ્ર કાંઠે છે. અહીંનું બંદર ખંભાતના મુત્સદીઓના તાબામાં છે. વસ્તી ફરતો કોટ છે. આ એક મહાલ છે. એમાં ૧૦૩ ગામો છે. તથા જમાબંદી ૧૧,૧૮,૦૦૦ દામોની છે.

કોડીનાર :- જુનાગઢથી ૪૫ ગામ દૂર પશ્ચિમ તથા દક્ષિણ વચ્ચે ખારા સમુદ્રથી બે ગામના અંતરે આવેલો છે. દીવ બંદર જેની ઉપર ફીરંગીઓએ કબ્જો કર્યો છે તેનો સંબંધ આ પરગાણા સાથે હતો.

કુતિયાણા :- જુનાગઢથી વીશ ગાઉ દુર, અહીં કસ્બાનો કિલ્લો અને ફોજદારીનો કોટ છે. આકા ગામનો કિલ્લો અને કનુબેલી ગામ અને દેવડા ગામનો કિલ્લો રૈયતી હક્કનો એક મહાલ છે. ૧૧૬ ગામો તથા જમાબંદી ૮,૮૧,૮૨૧ દામોની છે.

લાઠી :- જુનાગઢથી ૪૦ ગાઉ પૂર્વ દીશાએ કાઠીયાવાડ જીલ્લામાં છે, કસ્બા કોટ સહિત એક મહાલ છે. તે એકજ કસ્બાનો મહાલ છે. ૧,૪૬,૦૦૦ દામોની જમાબંદી છે.

લોલીઆણા :- જુનાગઢથી ૬૦ ગાઉ પૂર્વ તરફ ધંધુકાની પાસે કસ્બા કોટ સાથે છે. તેમાં ફોજદાર કચેરી છે. અહીંથી સોરઠની સરહદ શરૂ થાય છે. તે એક મહાલ છે. ૧૦૪ ગામો છે. અને જમાબંદી ૧૬,૦૨,૭૦૦ દામોની છે.

માંડવી :- જુનાગઢથી ૪૫ ગાઉ ગારીઆધારની પાસે પૂર્વ દક્ષિણ

વચ્ચે ફોજદારી કોટ છે. એમાં એક મહાલ છે. ૨૫ ગામો ૫૦,૦૦૦ દામોની જમાબંદી છે.

મેંદરડા :- જુનાગઢથી ૧૦ ગાઉ દક્ષિણ દિશાએ કસ્બા કોટવાળો એમાં એક મહાલ છે. ૯૦ ગામો છે. તેની જમાબંદી ૧૨,૯૧,૧૮૫ દામોની છે.

મહુવા :- જુનાગઢથી ૬૦ ગાઉ પૂર્વ દક્ષિણ દિશાએ ખારા સમુદ્ર કાંઠે ગામનો કોટ છે. બંદરની સાથે એમાં બે મહાલો છે. ૯૦ ગામો છે, જમાબંદી ૩૪,૫૮,૩૦૫ દામોની છે.

માંગરોલ :- જુનાગઢથી ૨૦ ગાઉ દક્ષિણ-પશ્ચિમ દિશાએ ખારા સમુદ્રથી બે ગાઉના ફાસલે કસ્બાનો કોટ છે, ફોજદારી કોટ છે અને માળીઆની ગઢી છે. બંદર સાથે બે મહાલો છે. ૨૨૭ ગામો છે, જમાબંદી ૯૬,૬૭,૧૩૫ દામોની છે. આ પરગણામાં માધુપુરનો કિલ્લો સાથલીનો કિલ્લો, બાલાગામનો કિલ્લો, અને કેસોદનો કિલ્લો છે અને તે જમીદારના તાલુકામાં છે અને તે રાજા મંડલિકના સગામાં થાય છે. અને રાજા મંડલિક સોરઠનો રાજા હતો. અકીઆ તથા બગસરાના કિલ્લા પણ તેમાંજ આવેલા છે.

મોરબી :- જુનાગઢથી ઉત્તર પૂર્વમાં ૭૦ ગાઉ ઉપર છે. અને તે મચ્છુ નદી ઉપર છે. કસ્બાને ફરતો કોટ છે. ફોજદારનો કોટ છે. અહીંની જમીનદારી ગેર બંદોબસ્તી છે. દફતરમાં તેનો દાખલો નથી. એમાં એક મહાલ છે. ૨૦૦ ગામો છે. ૩૩,૩૦,૦૦૦ દામોની જમાબંદી છે.

હળવદ ઉર્ફે મુહમદ નગર :- જુનાગઢથી ૮૦ ગાઉ પૂર્વ ઉત્તર દિશાએ અને અહમદાબાદથી ૫૦ ગાઉ પહાડી તળેટીમાં છે. કસ્બાને કોટ છે. આ એક મહાલ છે. ૧૧૨ ગામો છે. જેમનો દાખલો દફતરે આવતો નથી. જમાબંદી ૨,૫૦,૮૦૦ દામોની છે. ઔરંગઝેબના વખતમાં ત્યાંના જમીનદાર નઝર અલીખાનને જાગીરમાં દર વરસે પચીશ હજાર રૂપિયા સલામીના લઈને આપવામાં આવેલું. ત્યાર પછી ગેર અમલીમાં આવી ગયું. સુબાઓ અહીંથી પેશકશી લે છે. સો રૂપિયા જાતી નીમનોક અને ત્રણસો સ્વારો કડી પરગણાના ફોજદારીના પેટામાં ગણાય છે.

મલેકપુરા :- જુનાગઢથી સાત ગાઉ પૂર્વ દક્ષિણ દિશાએ ખારા સમુદ્ર કાંઠે છે. એમાં મુઝફરાબાદ બંદર છે અને એના ટાપુમાં કિલ્લો બાંધ્યો છે અને તે સુલ્તાન મુઝફર ગુજરાતીએ કરેલો છે. એમાં બે મહાલો છે. ૨૭ ગામો ૨,૫૦,૦૦૦ દામની જમાબંદી છે.

હસ્તીચોક :- જુનાગઢથી ૪૦ ગાઉ પૂર્વ દક્ષિણ દશાએ પાલીતાણા પાસે એક મહાલ છે. ૧૪ ગામો છે. તેની જમાબંદી ૪,૦૧,૦૦૦ દામોની છે.

ઈસ્લામનગર ઉર્ફે નવાગર સરકાર.

એમાં નીચે મુજબ પરગાણા છે અને તે સિવાય બંદરો વિગેરે છે. કે જેમની નોંધ કરકારી દફતરમાં આવેલી નથી. એવું કહેવાય છે કે, જુના વખતમાં રાવળ જામ-કચ્છના રાજાનો ભાઈઆત બે મહીના સુધી લડીને તે જગ્યાથી આવ્યો. અને જુનાગઢ તથા કચ્છની વચ્ચે જગા દબાવી પડી નવાગર શહેર વસાવવાનો પાયો નાખ્યો. આ જમીનને નાનુ કચ્છ કહે છે. અને ધીમે ધીમે આસપાસની ભોંય ઉપર કબજો ભોગવટો જમાવી દીધો.

અકબર બાદશાહના વખતમાં બાદશાહોના ધારા પ્રમાણે ગુજરાતી સુલ્તાનોની રૂઢીથી જમીનદારી જામના નામ ઉપર બહાલ રાખવામાં આવી. અને ઔરંગઝેબ બાદશાહના વખતમાં સરકારી અધિકારીઓના હસ્તકમાં તે દેશ આવ્યો. એ વિશે એનું યોગ્ય જગ્યાએ વર્ણન થયેલું છે. અને સુબા મહારાજા જશવંતસિંહની અરજ ઉપરથી જામ તથા તેના પુત્રોને મનસદારી આપવામાં આવી. ખંભાલીઆ વિગેરેથી ગણીને નવ મહાલો તેમની જાગીરમાં આપવામાં આવ્યા. અને નવાગરનું ઈસ્લામનગર નામ આપવામાં આવ્યું. અહીંઆ દીવાન મુકવામાં આવ્યો, તથા ટંકશાળ ઉઘાડી તેની ઉપર મુત્સદીઓનો ઠરાવ કરવામાં આવ્યો. તેમાં મહેમુદીઓ ગાળી તેના રૂપિયા પાડવાનું કામ ચાલુ કરવામાં આવ્યું. આ દેશ ખાલાસામાં ગણાતો હતો. ધીમે ધીમે દક્ષિણના મનસબદારો અને સુબાના તેનાતીઓના પગારોમાં અહીંની આવદાની પગાર થતી હતી. અને ફોજદારો તથા જાગીરદારો ઠરાવવામાં આવતા હતા. એ પણ એના

વર્ણનના સ્થળે લખવામાં આવ્યું. બાદશાહના ગુજર્યા બાદ જામે કબજો કરી લીધો. ત્યાં જે એક વાત ચાલુ રહી ગઈ તે એ છે કે, અહમદાબાદમાં જે માલ ઉપર હાંસલ લેવાયું હોય તેના દાખલાને ખરો માની કોઈ પ્રકારની અડચણ થતી નથી. અહીંના જમીનદારને જામ કહે છે.

ઈસ્લામનગર વિગેરે (હવેલી) :- અહમદાબાદથી ૧૧૦ ગાઉ પશ્ચિમે કિલ્લા તથા શહેર ફરતો મજબુત કોટ, બુરજ તથા છ દરવાજાવાળો અને તેની ઉપર તોપખાનાના કારખાના સાથે.

ટંકશાળ માંડવી :- મહેમુદી ગાળવાને ઉઘાડવામાં આવેલી અને તેની ઉપર બાદશાહી સિક્કો પાડવામાં આવતો. ૫૦,૦૦૦ દામોની જમાબંદી. મંડઈ મહાલમાં મુત્સદીઓ સેંકડે પાંચ ટકાનું મહેસુલ વસુલ કરતા હતા. તેની જમાબંદીનો આંકડો ૧,૨૩,૭૦૦ દામોનો છે.

હવેલી :- એમાં એક મહાલ છે, ૨૫૩ ગામો છે.

અમરૂન :- એમાં એક મહાલ છે. ઈસ્લામનગરથી પૂર્વ દિશાએ અહમદાબાદ તરફ, ૫૨ ગામ, એક કોટ છે. જેમાં ફોજદાર તથા થાણદારની કચેરીઓ છે. મલિક અબદુલ લતીફ ઉર્ફે દાવલશાહની કબર અહીં છે.

પડધરી :- ઈસ્લામનગરની પૂર્વ દક્ષિણ દિશાએ છે. એમાં એક મહાલ છે. ૩૯ થાણા છે.

કાલાબર :- ઈસ્લામનગરની દક્ષિણ દિશાએ છે. એમાં એક મહાલ છે. તેમાં ૭૦ ગામ છે. અને કોટમાં થાણાદારની કચેરી છે.

લતીફપુર :- એમાં એક મહાલ છે અને તેમાં ૨૫ ગામો તથા એક થાણું છે.

દરાયા (દરાભ) :- ઈસ્લામનગરની દક્ષિણે એક મહાલ છે. ૮૬ ગામો પ્રગણા હવેલી વિગેરેનું થાણું. ઉપરના પરગણા જુમલે છ મહાલો નવા કબજે આવ્યાના લીધે ગામની નોંધણી દફતરે આવેલી નથી. સરકારી ખાલસામાં જાગીરદારોની જમાબંદી ૫૨,૮૨,૪૩૨ દામની ઠરેલી હતી. ઈસ્લામનગરની ફોજદારી થાણદારીઓ સાથે હજાર રૂપિયા જાતી નીમનોકની અને સાતસો તેનાતી સ્વારોની છે.

ખંભાલીઆ :- વિગેરે એમાં નવ મહાલો છે અને તે તમાજી જામની વતનદારી તથા જાગીરમાં મહારાજા જશવંતસિંહની અરજ ઉપરથી અપાયલા હતા અને કેટલાક પરગણામાં સરકારી ભાગોટી હતી.

સરાહા બંદર સાથે ખંભાલીઆ :- બે સ્થળો ઈસ્લામનગરથી પશ્ચિમ દિશાએ. આ એક મહાલ છે એમાં ૫૫ ગામો છે. કોટમાં થાણદાર રહે છે. ૨૦,૧૦,૦૦૦ દામોની જમાબંદી છે.

મારંડી :- ઈસ્લામનગરથી પશ્ચિમ દિશાએ છે એક મહાલ, ૪૮ ગામો, જમાબંદી ૨,૨૨,૦૦૦ દામોની છે.

ગઢા :- ઈસ્લામનગરની પશ્ચિમ દિશાએ છે. એક મહાલ ૪૮ ગામો, જમાબંદી ૧૦૭૨૨૦૦ દામોની છે.

બનીઆલી (મસાલી) :- ઈસ્લમાનગરની પશ્ચિમે, એક મહાલ, ઝાકડા બંદરની સાથે ૨૨ ગામો, ૬૭૦૬૦૦ દામોની જમાબંદી છે.

વસાવાડા :- ઈસ્લામનગરથી પૂર્વ દક્ષિણ દિશાએ, એક મહાલ ૧૯ ગામો, જમાબંદી ૪ લાખ દામની છે.

ધ્રોળ :- ૧ મહાલ, ૯૭ ગામો, જમાબંદી ૧૫,૩૩,૦૦૦ દરોની છે, આ પરગણામાં જામની ભાગો હતી.

રાયપૂર ઉર્ફે બલ્દા :- ઈસ્લામનગરથી પશ્ચિમ દિશાએ, એક મહાલ છે, તેમાં ૫૩ ગામ છે, એની ૧૫,૮૫,૦૦૦ દામની જમાબંદી છે. તથા થાણદારની કચેરી છે.

ખંડોલીઆ :- ઈસ્લામનગરની દક્ષિણે, એક મહાલ, ૧૨૮ ગામો છે, જમાબંદી ૨૩ લાખ દામની છે. અહીં થાણા કચેરી કોટમાં છે. ઉપરના પરગણા તેમાં છે. અને કોઈક પરગણામા તમાજી જામને ભાગ આપવામાં આવેલો હતો તેથી તેમની જમાના દામો ફોડથી લખવામા આવ્યા. હવે જે પરગણા તથા કિલ્લાઓ ઈસ્લામનગર સરકાર તાબે છે અને મહેસુલના કબજામાં આવેલા નથી તેની નોંધ દફતરમાં દાખલ નથી. ૧. જોધપુર પરગણું, ૨. જોડીઆ પરગણું, ૩. ઓલ પરગણું, ૪. વાલંભા પરગણું, ૫. ભકોલ પરગણું, ૬. હરસાવરસા પરગણું, ૭. બંદર સાથે સુબાપરગણું. સઘળી સરકાર દામોની ગણતરીથી જમાબંદી

૧,૯૭,૪૪,૨૫૪ દામની છે.

સુરત સરકાર.

અહમદાબાદથી દક્ષિણ દિશાએ ૧૧૦ ગાઉ. સુરતની દીવાની ઘણું કરી ત્યાંના મુત્સદીના તાબામાં હોય છે. અને કોઈ વખતે સુબા દીવાનના પેટામાં પણ અપાય છે. એના તાબે ૩૧ મહાલો છે. બંદરનો એક મહાલ ગણાય છે અને પરગણામાં મહાલ છે. તેના પરગણા નીચે મુજબ છે.

સુરત શહેર :- અહમદાબાદથી દક્ષિણ દિશાએ ૧૧૦ ગાઉ છે. એની દક્ષિણની સીમા ગુજરાતી સુલ્તાનોના વખતમાં ખાનાપુર સુધી હતી. જયારે અકબર બાદશાહે નંદરબાર વિગેરે પરગણા ખાનદેશના સુબામાંથી અહીં દાખલ કર્યા, ત્યારથી હમણા સુધી તેની હદ (મીરકોટ તુગરામાં છે) અને બકલાના તરફ એની હદ કુંદમાર (કોટા માર) સુધી છે. જુના વખતમાં શહેરને કોટ નહોતો. ઔરંગઝૈબના વખતમાં જ્યારે દક્ષિણી લોકોનું તોફાન જાગ્યું ત્યારે શહેર ફરતો કોટ કરવામાં આવ્યો અને ફરૂખશીઅર બાદશાહના વખતમાં હૈદરકુલ્લી ત્યાંનો મુત્સદી નીમાયો હતો. તેણે કેટલાક પુરાઓ માહે લઈને બીજો કોટ બનાવ્યો અને તેને આલમ પનાહ (જગ રક્ષક) નામ આપ્યું. એનું વર્ણન બેઉ કોટ બંધાવવામાં આવી ગયું છે.

અધિકારીઓ :- હુજુર બાદશાહી સનદથી નીમાય છે.

કિલ્લેદારી :- મીરઆતિશ (અગ્નિનાથ) ના પુસ્તક પ્રમાણે તેની સનદ અને મહોરથી ઠરાવવામાં આવે છે. અને તેને અઢીસો સવારોનું ઉપરીપણું જાતી મનસબ ઉપરાંત અને હાજરીની શરતે અપાય છે.

કિલ્લાની હકીકત :- એવું કહે છે કે, ગુજરાતી સુલ્તાનોના રાજ વખતે બંદરની જગા અને કસ્બાની વચ્ચે રાંદેરનો કસ્બો હતો. હી. સને ૯૪૭ સફરઆકા નામના તુર્કે ગુજરાતીઓમાં થતી અડચણો મટાડવાને લોઢાનો કિલ્લો બાંધ્યો હતો. સફરઆકાને સુલ્તાન મેહમુદે ખુદાવંદખાનનો ખિતાબ આપેલો. આ નડતરો ફીરંગીઓની હતી કે, જે વહાણોમાં બેશી ત્યાં આગળ આવી ત્યાંના રહેવાશીઓને ભાતભાતની

ઈજાઓ કરતા હતા. અને કિલ્લો બાંધતી વખતે, કેટલાક વહાણોમાં બેશી ફીરંગીઓ તોપખાનું લઈને આવ્યા હતા અને ગોળા મારી લડાઈની છેડ કરી હતી. એનો હેતુ કિલ્લો નહિ બાંધવા દેવાનો હતો. તે વાત એમની ચાલી નહિ અને પંદર ગજના ઓસારની દીવાલનો અને વીશ ગજ ઉંચાઈનો ઘણા પુખ્તપણે કિલ્લો તૈયાર થઈ ગયો. તેની ઉપર સર્પમુખી તોપો, સામગ્રી, અને કિલ્લેદારનો ઠરાવ થયો અને એથી તેમની પીડા ટળી ગઈ.

મુસ્સદ્દી :- હુજુરી સનદ મોટા દીવાનની મહોર ઉપરથી નીમાય છે. તેને જાતી મનસબ તથા પાગા અને પાગા પેટે સો રૂપિયા જાતિ પગાર અને આઠસો સવારો તૈનાતી મળે છે અને તે નાયબો ફુરજા મહાલની અંદર દરિયાઈ તથા દેશી વિગેરે માલનું મહેસુલ વસુલ કરે છે. અહીં સદર, કાજી, બક્ષી, ખબર પત્રી, સમાચારી, હલકારા, વહાણોમાં આવતા મહોતસીબ, અરબી ઈરાકી ઘોડા ખરીદી દરોગો, જાનવરોના બંદોબસ્તનો દરોગો, કચેરીનો દરોગો, મુખ્ય ખજાનાનો દરોગો, અમીન, ખરચ અધિકારી, અદાલતનો દરોગો, ઈમારત ખાતાનો દરોગો, નોકરો, કિલ્લાની ખરીદી દરોગો, ટંકશાળનો દરોગો, મીઠાના અગરનો દરોગો, મુશર્રફ, જમીન વિગેરે મહાલોના કામનો દરોગો સદાવૃતનો દરોગો, કર વસુલ કરનાર અમલદાર, નોકરોની ભાષાનો અમલદાર, કોટવાલ, ઝવેરી બજારનો દરોગો, મનીઆરી બજારનો દરોગો, ભાડુ વસુલ કરનાર અમલદાર, વૈદક ખાતાનો અમલદાર, માલનો અમલદાર, જમાખાતાના ખજાનાનો અમલદાર, સદાવૃત વિગેરે મહાલોનો અમીન, ધાત મંડઈનો દરોગો, મક્કાના વાર્ષિક ખરચનો અમલદાર, ઉપર લખેલી સઘળી નોકરી બાદશાહી દરબારી સનદથી મોટા દીવાનના પુસ્તક પ્રમાણે તથા મીર આતિશની આજ્ઞા પત્રિકાની રૂએ મોટા બક્ષીએ, સદરૂસ્સુદુર, મીર સામાન, ટપાલ અમલદારના કાયદા પ્રમાણે ઠરાવવામાં આવે છે.

જમાબંદીવાળા ગામોના મહાલો ૧૯ છે.

શહેર :- ટંકશાળ ધાનમંડી વિગેરે ૧ મહાલ ૧,૫૦,૦૦,૦૦૦ દામોની જમાબંદી છે.

ચોરાશી :- એક મહાલ, ૮૪ ગામો, ૪૧,૬૭,૫૫૦ દામોની જમાબંદી છે.

રાંદેર :- એક મહાલ કસબો જમાબંદી આંકડો ૨,૬૫,૦૦૦ દામોની છે. જુના વખતનું શહેર છે.

હરોલી :- એક મહાલ, જમાબંદી ૧૫,૪૦,૦૦૦ દામોની છે.

વલસાડ :- એક મહાલ, ૫૨ ગામા, જમાબંદી ૩૫,૭૭,૦૦૦ દામોના છે.

ચીકલી :- એક મહાલ, ૮૫ ગામ, જમાબંદી ૧૩,૦૦,૦૦૦ દામોની છે.

નારપુરા :- એક મહાલ, સુરતથી ત્રણ ગાઉ ઉત્તરે, જમાબંદી ૬,૭૦,૦૦૦ દામોની છે.

પારનોલી તથા માએલ :- કસ્બો મળી બે મહાલો, સુરતથી બાર ગાઉ જમાબંદી ૫,૦૦,૦૦૦ દામોની છે.

ગણદેવી :- સુરતથી ૧૯ ગાઉ, એક મહાલ, ૨૭ ગામો, જમાબંદી ૨,૩૦,૦૦૦ દામોની છે.

નવસારી :- ૧ મહાલ, ૨૩ ગામો, જમાબંદી ૧,૦૦,૦૦૦ દામની છે.

માલોર :- એક મહાલ સુરતથી ૧૯ ગામ, જમાબંદી ૩,૯૪,૮૯૩ દામની છે.

ખંડકા :- એક મહાલ, સુરતથી ૨૨ ગામ, ૧૬ ગામો, જમાબંદી ૧,૪૧,૯૭૦ દામોની છે.

સહરત :- એક મહાલ ઉજડ છે. ૨૧ ગામો, જમાબંદી ૧,૬૦,૦૦૦ દામની છે.

વેલવાડા :- એક મહાલ સુરતથી ૩૯ ગાઉ, ૨૦ ગામો તેની જમાબંદી ૧,૯૮,૨૮૮ દામોની છે.

ઉનાવલ :- એક મહાલ, ૬ ગામ, જમાબંદી ૫૦,૦૦૧ દામની છે.

વહમોરી :- એક મહાલ, ૧૬ ગામો, જમાબંદી ૭૫,૦૦૦ દામોની છે.

લુહારી :- એક મહાલ, ૧૨ ગામો જમાબંદી ૧,૦૦,૦૦૦ દામોની છે.

બનસર :- એક મહાલ, કસબો જમાબંદી ૧૫,૪૦,૦૦૦ દામોની છે.

સારભવન :- એક મહાલ, જમાબંદી ૧૨,૨૫,૦૦૦ દામોની છે.

ખરોદ :- એક મહાલ, જમાબંદી ૬,૯૦,૦૦૦ દામોની છે.

મોસર :- એક મહાલ, અહીં કિલ્લેદાર છે. બંદરની મુસ્સદીગીરી તાબે અહીંની થાણદારી છે. તેનો જમાબંદી આંકડો ૧૬,૪૦,૦૦૦ દામોનો છે.

મહુવા :- એક મહાલ, જમાબંદી ૧,૨૦,૬૨૦ દામોની છે.

બેસાવરદા :- એક મહાલ, જમાબંદી ૮,૩૬,૩૨૦ દામોની છે.

કુમની :- એક મહાલ, જમાબંદી ૧,૨૦,૩૦૮ દામોની છે.

નારજોલ :- એક મહાલ, જમાબંદી ૫૩,૭૭,૩૭૧ દામોની છે.

તલારી :- એક મહાલ, જમાબંદી ૪,૯૬,૦૦૦ દામોની છે.

કામરેજ :- સુરતથી બાર ગાઉ પૂર્વ ઉત્તર તરફ, એક મહાલ, ૧૯,૩૫,૦૦૦ દામોની જમાબંદી છે.

નવસારી :- એક મહાલ, જમાબંદી ૬,૦૩,૨૦૦ દામોની છે.

તલસેર :- એક મહાલ, જમાબંદી ૩,૮૦,૨૭૮ દામોની છે.

વિભાગ ૧૦ મો.

પેશકશી પ્રયત્ન

પેશકશીની ૬ સરકારો છે. અને તે જમીનદરોના તાલુકા છે. અકબર બાદશાહે આ દેશ જીત્યો ત્યારે દરેક સંસ્થાનના જમીનદરોને ગુજરાતી સુલ્તાનોના ધારા પ્રમાણે સુબાની સાથે સરકારી નોકરી બજાવવાની શરતથી તેમના સંસ્થાનો કાયમ રાખવામાં આવેલા. તેઓ ધારા પ્રમાણે

કસ તથા બળના પ્રમાણથી પેશકશી વસુલ કરે છે. જમીનદારોના નામો, રાજપીપળા, મોહાન, લુણાવાડા, નવાનગર, બારૂભરાઈ, રાણાવાવ, ઝાબા, ઝર માંડવી, આ સરકારના ખંડણીત છે. અને તેઓ ગીરાશીઆ રજપૂત, કોળી, કાઠી, જત જાડેજા, વાઘેર, કુરેશી, રાઠોડ અહીર, મકવાણા, જુના વખતથી પોતાના સંસ્થાનોને કબજે રાખી રહેલા છે અને સુબાઓ ફોજફાંટાથી પેશકશી વસુલ કરે છે.

ડુંગરપુર સરકાર અને વાંસવાડા સરકાર

આ સુબાની સરહદ ઉપર છે. આ સંસ્થાન ગુજરાતના સુબા તથા માળવાના સુબાની વચ્ચે છે અને તે પૂર્વ દિશાએ છે. અહમદાબાદથી ૧૨૦ ગાઉ છે. તે મહી નદીની પેલીપાર છે. અહીંના જમીનદારને રાવ કહે છે. આ બે સરકાર એ જમીનદારના કબજા ભોગવટામાં છે. ઘણા દિવસથી એ સરકારી આશરામાં હતો કેમકે ભાયાતોના માંહોમાંહે ટંટા હતા.

ડુંગરપુર સરકાર ઉપર રાવળ રામસિંહના વડીલો રાજ કરતા હતા. કસલસિંહના ભાગમાં વાંસવાડો આવેલો. એ સરકારની સરહદ માળવાથી પણ મળેલી છે તેથી ત્યાંનો સુબો પણ કંઈ વસુલ કરે છે. બેઉ સરકારમાંની દરેક સરકારમાં ૧,૭૫૦ ગામો છે. આ દેશ પહાડોમાં આવેલો છે. ડુંગરપુરની હદ ગુજરાતના સુબાના સાગવાડા સુધી છે સાગવાડો નદી તીરે છે. પેલી પારના કિનારાની હદ ઉદેપુર તાબાના સલવણ વસ્તી સુધી છે.

રાવળ રામસિંહ હજુર બાદશાહી સનદથી ઔરંગઝેબ બાદશાહના વખતમાં એક હજાર રૂપિયા જાતી નીમણુંક અને હજાર ઘોડાના ધણીની પદવી ઉપર હતો. ડુંગરપુર સરકારની જમાબંદી ૧,૬૦,૦૦,૦૦૦ દામની હતી. તે તેની જાગીર પગારમાં કપાતા હતા. માળવાનો રસ્તો અહીંથી તેના વખતમાં ઠરાવવામાં આવ્યો હતો. મુહમદફરૂખશીયર બાદશાહની તખ્ત નશીનીના પાંચમાં વરસમાં એક ફરમાન પ્રગટ કરવામાં આવ્યું કે, મહારાણા રામસિંહની રાજ તરફ શુભ લાગણી હોવાના લીધે તથા સારી નિષ્ટાના કારણથી ઉદેપુર, ડુંગરપુર, અને વાંસવાડાની રાણાઈ (રાણાપણું એટલે રાજપણું) તેને બક્ષીસ કરવામાં

આવ્યું છે.

પહેલાં ઔરંગઝેબ બાદશાહના વખતમાં શુજાઅતખાનની હકુમત સુધી જમીનદારોનું લશ્કર સરકારી નોકરી કરવાને હાજર થતું હતું. ડુંગરપુર જમીનદારના માણસોની જગા જુના તળાવ ઉપર હવેલી પ્રગણાના ગામના બાગમાં હતી. ૧,૦૦,૦૦૦ રૂપિયા વાંસવાડાથી સુબાઓ પેશકશીમાં વસુલ કરતા આવ્યા છે.

સોંથ સરકાર :- અહમદઆબાદથી ૮૩ ગાઉ ઉપર પૂર્વ દિશાએ છે. અહીંનો જમીનદાર સુબાઓને ૧૫,૦૦૦ રૂપિયા સુધી પેશકશીના આપતા.

શીરોહી સરકાર :- અહમદઆબાદથી ૯૦ ગાઉ પૂર્વ ઉત્તર દિશાએ છે, એની સરહદ મારવાડથી મળે છે, આ દેશ પહાડોની અંદર આવેલો છે. તે પાલણપુરથી ૪૦ કોસ છે. એના ગામો ડીસા પરગણાથી મળેલા છે. આબુના પહાડના શીખર ઉપર એનો કિલ્લો છે તે ઉજ્જડ છે. એ પહાડમાં ૧૨ ગામો આબાદ છે અને પાણીના ઝરા વહે છે. ઘાસ તથા વૃક્ષોનું ઝુંડ છે. આખી જમીન લીલાલેરવાળી રહી છે. જ્યારે ગુજરાતનો સુબો અકબર બાદશાહના અધિકારીઓના કબજામાં આવ્યો. ત્યારે રાજા ટોડરમલને આખા સુબા દેશની તપાસણી ઉપર નીમ્યો હતો. તે વખતે ત્યાંનો જમીનદાર બહાદુરખાનની મારફતે આવીને મળ્યો હતો. ૫૦ હજાર રૂપિયા અને એકસો મહોરો પેશકશી દાખલ આપેલી. પોશાક, ગામ, એક હાથી અને શીરોહી સરકાર બે હજાર સવારોથી સુબાની નોકરી કરવાની શરતથી જાગીર પેટામાં આપવામાં આવી. બાદશાહઝાદા મુહમ્મદ દારાશીકોહની હકુમત અને ગેરતખાનની દીવાનીના વખતથી તેની રજુઆત નથી.

સુલેમાન નગર ઉર્ફે કચ્છ સરકાર :- અહમદઆબાદથી ૧૦૦ ગાઉ પશ્ચિમ ઉત્તર દિશાએ છે. એની સરહદ ઠઠ્ઠાની સરહદથી મળે છે. રસ્તાની અંદર કટારીઆના માર્ગે રણ આવે છે. જેનું વર્ણન ઉપર કરવામાં આવ્યું છે. અને રાધનપુરના રસ્તેથી પણ આઠ ગાઉથી રણમાં રસ્તો પડે છે. આ રાજ તાબે ગુજરાતી સુલ્તાનોના વખતમાં ૨૦૮૦ ગામો હતા અને ચાર હજાર સવારોથી રાજા નોકરી બજાવતો હતો. ભારા નામના રાજાના રાજ

કરવાનો જ્યારે વખત આવ્યો તે વખતે ગુજરાતનો સુબો બાદશાહના તાબામાં આવ્યો. આ દેશનો છેલ્લો સુલ્તાન મુઝફ્ફર નાશીને ત્યારે અહીંના રાજાના આશરામાં ગયો હતો. તે વખતના સુબા મોટાખાન અઝીઝ કોકલ તાશ **મીર**ઝા તેને પકડી હસ્તક કરવાને બહાર પડ્યો. ભારાએ બાદશાહી ભારે લશ્કરના સપાટા જોઈ નીશાની આપી કે, આવો, એ વિશેની હકીકત અકબર બાદશાહના વર્ણનમાં આવી ગઈ છે. મુઝફ્ફરને પકડીને હસ્ત કરાવી દેવાના ઈનામમાં ભારાએ દરખાસ્ત કરી કે, મોરબી જાગીરમાં અને નોકરીની માફી મળવી જોઈએ. તે દરખાસ્ત મોટાખાને કબુલ મંજુર કરી અને ભારાએ મોરબી પરગણું, કંથરી, સાંથલપુર, કનીકોબ વિગેરે ગામો ચાર બાજુથી મોરદવાડા પ્રગણેથી ધીમે ધીમે કબજે કરી લીધા. સુલ્તાન મેહમુદ બેગડે રોજબારનું પરગણું જે સીંધસાગરની હદ સુધી પહોંચે છે તે કબજે કરેલું હતું તે પણ પોતાના કબજા ભોગવટામાં કરી લીધું અને પોતાના રાજના વધારામાં દાખલ કરી લીધું. હવે એના વખતમાં આશરે ૮૦૦૦ ગામો તથા કેટલાક બંદરો છે. આ વખતમાં આ રાજ તથા વિસ્તારમાં આ ગુજરાતના સુબામાં એના કરતાં બીજું કોઈ રાજ સરસ નથી. દારાશીકોહના અમલમાં રાજને જોતાં કચ્છના રાજા તાબે ઠઠ્ઠાથી લઈને ગુજરાત સુધી તેનીજ હકુમત હતી. દારાશીકોહની હાર થઈ ત્યારે તેજ વખતે તે પાછો ફર્યો હતો. ઔરંગઝેબના વર્ણનમાં એ વિશે લખાઈ ગયું છે.

જ્યારે બાદશાહને ખબર થઈ કે, કંઈ માલ અને દારાશિકોહનું ઝવેરાત કચ્છના રાજાની પાસે છે તેથી હુકમ પ્રમાણે જુનાગઢનો ફોજદાર કુતુબુદીનખાન ખેશગી નાયબસુબા હોવાના લીધે લશ્કર લઈ તેને શિક્ષા આપવા ગયો. રાજા શરણે આવ્યો અને પેશકશીની ૩ લાખ મેહમુદી અને દારા શીકોહની ઘરવટની જણસો સરકારમાં દાખલ કરી દીધી. અને પોશાક તથા હાથી લઈને રવાને થયો.

પહેલાંથી આ દેશ રાજની ગણતરીમાં છે. તેથી તેની દરોબસ્ત નોંધણી દફતરે આવેલી નથી. કેટલાક પરગણાનાં બંદરોમાં આસપાસથી વહાણો આવતા જતા રહે છે. તેમાંના પ્રખ્યાત અને જે મળી આવ્યા તે

પ્રગણા, બંદરો વિગેરે હેઠળ આપવામાં આવે છે. (ફિર્દોસ આરામગાહ) બાદશાહના વખતમાં મુઈઝઝુદોલાના નાયબે છ લાખ મેહમુદી પેશકશીમાં વસુલ કરેલી.

ભૂજનગર (ભૂજ) :- રાજાની રાજધાની છે. પત્થરે બાંધેલો કોટ છે. તેમાં બુરજા અને વાડો છે. તે ઘણો મજબુત છે. એની ઉપર તોપખાનું રહે છે. આ વખતમાં પહાડના શીખર ઉપર એક બીજો કિલ્લો બાંધ્યો છે. ભૂજમાં બાદશાહી તથા માણાશાહી ભુંગ તલવાર ઘણી સરસ બને છે. પરગણાની વિગત નીચે મુજબ છે.

અંજાર :- ખારા સમુદ્ર ઉપર છે, ભૂજથી દક્ષિણ દિશાએ છે, તેમાં બંદર છે, એમાં બે મહાલો તથા પત્થર બાંધેલ કિલ્લો છે. ચોથારી ધણકા એક એક મહાલ છે. માંડવી :- ખારા દરિયા ઉપર ભૂજની દક્ષિણે બંદર સાથે એના બે મહાલો ગણાય છે, અહીં પત્થર બાંધેલો કિલ્લો છે. સરમા :- ખારા સમુદ્ર ઉપર બંદર સાથે બે મહાલો છે. હરમાકર :- એક મહાલ. વાડા :- એક મહાલ. બુઝબાણી :- એક મહાલ ભૂજથી ૫૦ ગાઉ. કુવાદરા :- એક મહાલ ભૂજથી ચાળીસ ગાઉ. પાદણી :- એક મહાલ. બરબરી :- એક મહાલ. કોઠરી :- એક મહાલ એમાં કિલ્લો છે. નારણસર :- એક મહાલ. નલીઆ :- એક મહાલ એમાં કિલ્લો છે, જગતથી ૪૦ ગાઉ છે. કશરા :- એક મહાલ. કનીકોટ :- એક મહાલ. રસીદા :- એક મહાલ. સંગાલુ બંદર :- એક મહાલ. દુગ હોડીબંદર :- પત્થર બાંધેલ કિલ્લો, એક મહાલ. મુંદ્રા બંદર :- એક મહાલ. કટરા :- એક મહાલ. નાગરી તથા સાંકમોત :- બે પરગણા. સાસરી :- એક મહાલ. અરમાબંદર :- એક મહાલ. ગોધરાબંદર :- એક મહાલ. નકી બંદર :- એક મહાલ. કંકરાલાબંદર :- એક મહાલ. ખારા દરિયા કાંઠે ઠઠા અને કચ્છની સરહદ વચ્ચે. ઓરંગાબંદર :- એક મહાલ. અહીંથી ઠઠ્ઠાની સરહદ અને તે દેશના બંદરો શરૂ થાય છે.

રામનગર સરકાર :- અહમદાબાદની દક્ષિણ દિશાએ સુરત સરકારથી મળેલી આ સરકાર છે. જ્યારે રાજા ટોડરમલ તે ભણી ગયો. ત્યારે ભરૂચ મુકામે ઝાહિરખાન ગુજરાતીની મારફતે અહીંનો રાજા આવીને મળ્યો. ૧૨૦૦૦ રૂપિયા, ચાર ઘોડા, અને બે તલવારો પેશકશીમાં આપી હતી. ઘોડા તથા પોશાકનું ઈનામ લીધું અને એના વાસ્તે પંદરસો

રૂપિયા જાતિ નીમણુંકનું મનસબ ઠરાવવામાં આવ્યું. અને નોકરી પેટામાં સ્વસ્થાન જાગીરમાં અપાએલું કાયમ રાખવામાં આવ્યું. અને ઠરાવ થયો કે એક હજાર સવારોથી સુબાના તાબામાં બાદશાહી નોકરી કરવી. રામનગરની પેશકશી સુરત બંદરનાં મુસ્સદીના તાબામાં છે.

દેસાઈ દસ્તુરી (નઝરાના) : (એટલે સુબાના દેસાઈઓની જુમેદારીની પેશકશીઓ) જ્યારે આ સુબો બાદશાહી તાબામાં આવ્યો. ત્યારે હુજુર હુકમથી રાજા ટોડરમલે આખા સુબાની તજવીજ કરી અને સઘળા મહાલોમાં દેશાઈગીરી ઠરાવી અને ખરા માલની ખરી કીંમતના સોના આંકડા ઉપર રા અઢી રૂપિયાનો રૈયત ઉપર ઠરાવ કર્યો. જેથી તેઓ સરકારી ચાકરી કરતા રહે. મોટા ખાનની હકુમતના વખતે તેની અડધી દસ્તુરી સરકારમાં જપ્ત થઈ અને અડધી તેમના નામ ઉપર બહાલ રહી. તેમાંથી અડધી એટલે દશ આના સરકારે લઈ લીધા. અને તે સરકારના હિસાબે સરકારી ખજાનામાં દાખલ થતા. અને તે વસુલ કરવાનો અધિકાર સુબાના દીવાનનો છે. અને દેશાઈઓને દશ આના માફીમાં અપાયા.

સુબાઓ લશ્કર લઈ જઈ પેશકશીઓ લે છે તે

જ્યારે ગુજરાતી સુલ્તાનોએ ગુર્જર દેશ સઘળો હસ્તક કર્યો તે વખતે બાપદાદાના વખતથી અત્રે રહેતા કોળી તથા રજપૂત લોકોએ ચારે તરફ તોફાન તથા હુલ્લડ મચાવ્યા. તે લોકોના ફિસાદ દુર કરવાને એવો ઠરાવ થયો કે જમીન ઉપજનો તેમના તાબાની જમીનનો ચોથો ભાગ આપવામાં આવ્યો કે તે લોકો ખેતીવાડીના ધંધામાં પડી તે તે જગ્યાની સંભાળ કરતા રહે અને તે માફીને ગુજરાતી બોલીમાં વાંટો કહે છે. બીજા ભાગ જે સુલ્તાની સરકારમાં લેવાનો ઠરાવ થયો તે તલબદ કહેવાયો. અને તે સલામી દાખલ જમીનની હાલત પ્રમાણે તેમની પાસેથી લેવાનો ઠરાવ કરવામાં આવ્યો કે દર વીધે તેમના વાવેતર ઉપર સરકારમાં આપતા રહે. જે હમણાં પેશકશી દાખલ સુબાઓ ફોજ લઈ જઈને વસુલ કરે છે. અને જમીનદારી પ્રગણાના નામની તેમના કબજા ભોગવટામાં રહી અને સલામીના બાદલામાં તેમની પાસેથી કામ પડે નોકરી લેવાનો ઠરાવ થયો કે તે લોકો આવી ને ભેગા કામ કરે . કાળ વીતતાં નોકરીના ધારાઓથી તે છુટા થયા અને પેશકશી દરેક પરગણામાં આપતા રહે છે. અને રૈયતી ગામોમાંથી કચેરી દાખલ કંઈ લે છે. પુસ્તકમાં પેશકશી લખી છે :-

પ્રગણાનાં નામ	કેટલા વાંટા સ્થળો	જમીનદારોની પેશકશી રૂપિયા	રૈયતથી હકના રૂપિયા	ગામ કચેરી	કેફીઅત
સાબરકાંઠા		૩૪૨૧૩પાા મે. ૪૪૧૯૧૧			બે બળદ પાંચ ઘોડા
કડી	૨૬	૪૪૦૯૫	૫૦૦૧	છે.	
ભીલ	૯	૩૧૫૯	૫૩૪૮	છે.	
વીજાપુર		જમીનદારોના ૪૬૪૮૧ાા પેશકશીના ૨૮૦૦૦	૧૦૦૦૯	છે.	
પીપલોદ ઉર્ફે ધારાસના	૨	૭૨૫	૪૧૬	છે.	
અહમદનગર	૬	૨૨૨૯	૧૫૧૫	છે.	
પ્રાંતિજ	૬	૨૪૩૯	૩૮૮૧	છે.	
ઈડર	૭	૩૧૧૫૭	૧૦૦૧	છે.	
રસુલનગર ઉર્ફ વીસલનગર	૧	૧૩૦૦૧	૭૦૦	છે.	
ઝાલાવાડ	૨	૧૯૦૨	૧૬૦૧	છે.	
ખેરાળુ	૨	૩૬૮૦૦	૨૦૨૫	છે.	
ચુંવાલ પટી	૪	૮૧૧૯	૪૨૪૨૫	છે.	નજરાણાના રૂા. ૧૫૬૭૫
પાટણ	૧૯	૧૯૬૭૫	૪૨૪૨૫	છે.	
સમી	૦	૦	૩૫૮૧	છે.	
મુઝપુર	૦	૦	૩૫૦૧	છે.	
તીરવાડા	૪	૫૨૨	૦	છે.	૧૧હજાર મે.૩ બળદ
પારકર	૧૦	૧૫૦૦૦ મેહમુદી	૦	છે.	બસો સવારોથી જમીનદાર સુબાની નોકરીમાં રહેતો અને પ્રગણાનો ચોથો ભાગ ખાતો. બે કચ્છી ઘોડા.
થરાદ	૪	૩૦૩૪૧૧ મે.	૪	છે.	
મોરવાડા	૨	૮૦૦૦ મે.	૦	છે.	
રાધનપુર	૧	૧૨૦૦૦ મે.	૦	છે.	

સાથલપુર	૫	૫૫૦૦ રૂા.	૦	છે.	
		૫૮૫૦૦ મેહ.	૦	છે.	
પાલણપુર	૧	૨૯૫૬ રૂા. કસ્બાથીનથી.	૦	નથી.	જમીનદારનો એક મહાલ. અહીંના કબજેદાર ફોજદારથી. ૧૭૦૦૦ રૂા.
શીરોહી	૧	૧૫૦૦૦ રૂા.	૦	છે.	
		૧૦૦ મહોરો		છે.	
વાત્રક કાંઠા	૦	૬૦૦૨૫૧ રૂા.			
મહીકાંઠા		૯૭૦૦૫૦ મેહ.	૦	છે.	
મેહમુદાબાદ	૧	૦	૧૫૦૦રૂા.	છે.	
			ગામ રૈય.	છે.	
			૬૭૦૦૫૦	છે.	
પેટલાદ	૧૫	૨૬૦૪૬	૨૦૦૦૦	છે.	
			ગામ રૈય.	છે.	
અરહર માતર	૫	૩૬૨૬	૨૦૫૭૮	છે.	
ખંભાત બંદર	૮	૨૬૯૬૦	૩૩૫૫૦	છે.	
ચોરાશી					
થામણા	૩	૨૮૫૫૨	૪૯૪૦	છે.	
મહુધા	૬	૧૩૯૫૦	૬૨૦૦	છે.	
ઠાસરા	૧૩	૨૧૨૫૦	૫૦૦૦	છે.	
શીહોર	૭	૧૬૪૦૦	૨૫૦૦	છે.	
કપડવંજ	૭	૨૮૯૩૨	૪૦૦૦	છે.	
મોડાસા	૬	૧૪૦૦૦	૧૬૬	છે.	
વીરપુર	૧	૮૭૦૦૦	૫૦૦	છે.	
હરસોલ	૧	૧૧૧૦	૫૦૦	છે.	
મેઘરેજ	૧	૧૫૦૦	૦		
મામુરઆબાદ	૧	૪૦૦	૧૬૬	છે.	
હૈદરાબાદ	૧	૦	૨૦૦	છે.	
શાહજહાંપુર ઉર્ફે કેસરા	૦	૦	૨૦૦	છે.	
ડુંગરપુર	૦	૧૩૫૦૦૦	૦	છે.	

મહીકાંઠા વડોદરા	૨૧	૧૯૧૩૮૫ મેહમુદી	૬૭૦૦૪ મેહમુદી	છે.	
ચોર્યાસી ચાંપા નેર ઉર્ફે વાઘોડીઆ	૪	૧૨૯૦૦ મેહમુદી	૭૦૦ મેહમુદી	છે.	
સાવલી	૮	મે.૪૧૯૦૯ાા	મે.૧૦૦૦૦	છે.	
હવેલી ચાંપાનેર ઉર્ફે હાલોલ કાલોલ	૨	૧૬૫૫૦ મેહમુદી	૮૦૦૦ મેહમુદી	છે.	
ગોધરા	૩	૩૭૫૦૦	૬૦૦૦ મે.	છે.	સોંથ સરકારથી
જમીનદારોના	૨	૧૭૫૦૦ મે.	૦		
દોહદ	૦	૦	૨૦૦	છે.	
ઝાલોદ	૧	૧૬૦૦૦	૦	છે.	મુહમ્મદ આઝમશાહ આવ્યો તે વખતે ત્યાંના જમીનદારે આપેલા.
ડભોઈ	૧	મે.૧૫૦૦૦	મે.૧૦૦૦૦	છે.	રામપુરના જમીનદારથી.
બહાદુરપુર	૦	૦	મે.૨૫૦૦	છે.	
સંખેડા	૭	મે.૮૪૨૦૦	મે.૨૫૦૦	છે.	
મોહાન	૧	મે.૫૨૦૦૦	૦	છે.	
આલી	૧	૧૦૦૦૦૦	મે.૦	છે.	ઔરંગઝેબના વખતમાં બહાદુરખાંએ લીધેલી જમીનદારોની પેશકશી.
તીલકવાડા	૬	૨૫૪૦૦	૦	છે.	
નાંદોદ	૦	૪૦૦૦	મે.૦	છે.	રાજપીપળાનો જમીનદાર

ગુજરાતી સુલ્તાનોનાવખતમાં પ્રગણાનો ચોથો ભાગ લેતો અને એમાં સોળ પરગણા છે તે નંદબાર સુધી છે, એ રાજા નોકરીમાં હાજર રહેતો. જ્યારે દીલ્હીની બાદશાહત આવી ત્યારે રાજા આવીને ટોડરમલને મળ્યો અને સુબાની હકીકત જાહેર કરી અને એવો ઠરાવ કરવામાં આવ્યો કે, નાંદોદના નજરબાર પાસેના પ્રગણાં સુધાં ચોથો ભાગ પહેલા પ્રમાણે લેવો અનેએક હજાર સવારોથી સુબાના સાથે નોકરી કરવી. ત્યાં દેશાઈ, કાજી, ખબરપત્રીનો ઠરાવ થયો, પણ તેણે દેશાઈને મારી નાખ્યો તેથી સુબે લશ્કર ચઢાવી તેનો મુલક જીતી લીધો. છેવટે રાજા શરણે આવ્યો, અને એક લાખ રૂપિયા પેશકશીના આપ્યા. રૂસ્તામ અલીખાંએ ફિરદોસઆરામગાહના વખતમાં રાજપીપળા ઉપર ચઢાઈ કરી જીતી લઈ બે લાખ પાંચ હજાર રૂપિયા

		જમીનદાર પાસેથી લીધા. પહેલી હકુમતમાં કચેરી હતી. ચાર હજાર મેહમુદી લેવાનો અમલ થતો હતો.		
સીનોર	૩	મે. ૬૪૦૦૦	મે૧૦૦૦૦	
મકબુલઆબાદ	૨	મેં.૬૩૦૦૦	મેં.૨૦૦૦	
ભરૂચ	૧	મેં. ૧૭૦૦૦	૧૬૦૦૦રૂા.	
			મુહમ્મદ અમીનખાંના વખતમાં	
જંબુસર	૪	મે.૨૭૫૦૦	મે૨૨૦૦૦	
તેજપારા	૧	મે.૨૦૦૦	મે.૫૦૦	
તલેસર	૧	૨૨૦૦૦	૦	ઝરમંડવીના જમીનદરાના
ખંડકાવાડા	૧	૨૫૦૦	૦	
રામનગર	૧	૯૦૦૦ રૂા.	૦	આજમખાના વખતમાં.
શાહપુર	૦	૩૫૮૧૮૬ મે.૧૧૪૩૪૮૧	૦	પેશકશી તથા રૈયતના મળીન ૧૪ ઘોડા, કમોદના ૧૦૦ મણ ચોખા, ૬૦ ઊંટો, ચાર તોપો, ૪ ચીતા.
વીરમગામ	૮	૩૭૩૩૧	૭૫૦૦	દેશાઈઓ માર્ફતે
રાણપુર	૪	૩૭૯૨૮	૪૨૧	
વઢવાણ	૪	૧૭૮૫૧	૯૫૪૮	
ધોળકા	૨	૪૦૦૦૦	૦	
એમુના	૨	૬૭૦૦ મે.	૨૫૦૦મે.	ત્રણ ઘોડા.
હવેલી-જુનાગઢ	૩	૪૬૧૦ મે.	૨૬૦૦૦મે	
ઝાડા	૧	૫૬૨ાા	૦	
બગસરા	૧૦	૧૭૬૮૦ મે.	૦	
વાંસાવડ	૧૫	૧૮૮૮૧ મે.	૦	
માંગરોળ	૮	૧૮૦૦૪ મે.	૧૨૦૦૦મે.	
ભમરાવ	૧	૨૮૧ મે.	૦	
કારીઆધાર	૨	૬૧૫૦૦ મે.	૦	
જેતપુર	૧	૩૦૦૩ મે.	૪૧૦૦મે.	
માંડવી	૧	૪૦૦ મે.	૦	
સુલ્તાનપુરદેવી	૧	૩૫૦૦ મે.	૨૫૦૦મે.	
સોરઠ સરકાર વિગેરે આરંજા	૪	૪૧૭૫ મે.	૦	
ઘોઘા	૨	૧૨૦૦૦ મે.	૦	

પોરબંદર દેવી બંદર	૧	૨૫૦૦ મે.	૦	
રાણપુર	૧૨	૪૭૫૭૦ મે.	૦	
કુતીઆણા	૧	૦	૩૫૦૦મે.	
ગોંડલ	૨ ૧	૧૦૩૧ાા રૂા. ૪૦૦૦ મેહ.		૧ ઘોડો.
ધાઉ	૧	૪૦૦મે.	૦	
મેંદરડા	૩	૨૫૭૫૧ મે.	૭૦૦૦મે.	
રાજકોટ	૬	૭૨૫૮	૧૯૫૩	
ઉના	૧	૫૧૦૦ મે.	૦	
મહુવા	૧	૨૦૦૦ મે.	૦	
ધંધુકા	૭	૪૮૬૩૧	૦	
તલાજા	૧	૧૯૦૦ મે.	૦	
બીલખા	૨	૧૫૦૦	૦	
ધારી	૧	૧૦૦૦	૫૦૦મે.	
કોડીનાર	૧	૧૦૦૦	૨૭૨૫રૂા. ૧૪૨૫મે.	
પાટણ દેવ	૨	૮૭૮૮ મે.	૨૦૮૦૦મે	મેહમાની દાખલ પેશકશી
હસ્તીચોક	૧	૧૬૦૦ મે.	૦	
બાટવા	૧	૦	૫૦૦૦મે.	
કુતીઆણા	૪	૯૫૦૦ મે.	૨૦૦૦મે.	
અમરેલી	૨	૨૪૬૭ મે.	૦	
દ્વારકા	૨	૦	૦	૪ તોપો પેશકશીમાં
અમરૂન વિગેર	૧૫	૯૩૭૫૦ રૂા. ૮૬૩૫૦ મે.	૦	
ઈસલામનગરના જામથી	૦	રોકડા પેશકશી ૬૦૦૦૦ રૂા.		૧૦ ઘોડા ૨૦૦ મણ કમોદના ચોખા, ૪ ચિત્તા શિયાગોશર
કચ્છ સરકાર પરગાણ સાથે	૦	૬૭૦૪૦૬ મેં.		

દેશાઈ દસ્તુરી.

નામ	સરકારમાંથીરૂા.	જમીનદારથી. રૂા.
ઈડર,આજમાબાદ	૨૨૦૧	૫૨૭૦ાા

કપડવણજ, મામુરાબાદ	૧૨૧૪	૧૨૨૪	
અહમદનગર	૩૧૨ા=	૧૮૭૯=	
અરહર માતર	૧૯૩૮ા=	૧૪૧ા	
પીપલોદ ઉર્ફે ધારાસડા	૧૯૩=	૧૫૧૯	
પ્રાંતીજ	૫૨૬ા=	૧૬૫૪	
ભીલ	૨૧૬૭ા	૦	
વાડાશીનોર	૫૧૫ા	૩૫ાા	
પાટણ વિગેરે થરાદ ત્રીરવાડા	૬૪૮૬ા	૬૫૦૫ાા	
સધનપુર સમી મુંજપુર, ખેરાળુ	૪૨૩)ા	૦	
પાલણપુર ડીસા	૪૨૩)ા	૦	
વીરપુર	૭૬૪ાા	૪૬૭૭ાા	
વીજાપુર	૦	૪૨૩)ા	
થામણા	૨૯૯ાા	૦	
થોરવાસણા	૨૩૯ાા	૦	
વસાઈ	૪૬૧ાા	૯ા	સરદારીના
ઝાલવાડ	૩૭૩ાા	૪૨૭૫ રૂા.	
વડોદરા, સંખેડા		૧૨૧૦૦ મે.	
બહાદુરપુર, સીનોર	૫૪૦૦	૨૫૫૦	
જંબુસર	૧૫૦૨ાા	૦	
ઝાલાવાડ	૩૧૭ાા	૩૪૪ાા	
ખંભાત ચોરાશી	૩૧૫૭	૦	
હેદરાબાદ	૨૫	૦	
ધંધુકા	૧૪૧૦)	૬૫૦ાા	
ભાલેજગામ	૧૩૧)	૦	રૂપસિંહ વિગેરે જમીનદારોથી
નડીઆદ	૧૯૪૮ા	૦	
હાલોલ ચાંપાનેર હવેલી વેલોલ	૧૫૦૪ાા	૦	
ડભોઈ	૧૨૭૨ાા	૦	
દેજબારા	૭૧ાા	૦	

સાંવલી	૧૦૩૫ા	૦		
ગોધરા	૮૨૬ા	૦		
સરનાલ (ઠાસરા)		૧૨૮૦ાા	૦	
ચોરાશી ચાંપાનેર		૫૧૧)	૦	
વેલોલ		૧૯૭ાા	૦	
ગોલવાડા	૧૭૮ા	૦		
મેહમુદાબાદ	૪૦૦ાા	૦		
મહુધા	૧૦૦૨ા	૦		
મોડાસા	૧૩૦૦)	૨૬૬૧		
મકબુલઆબાદ	૧૮૮૬	૦		
આતરસુંબાના કોળીઓથી	૪૨ા	૦		
વડાસ, ઘોડાસર	૪૯૧ા	૦		
જમીનદારો મહુધામાં				
વાંસાના જમીનદારથી	૧૫૨૫	૦		
પેથાપુરના જમીનદારથી	૮૭૭ા	૦		
ભડારીઆના જમીનદારથી	૮૭૭ા	૦		
વરસોરાના જમીનદારાથી	૦	૧૫૨૫		
હરસોલ	૧૨૫)	૮૮		સરદારીના
શાહજહાંપુર	૪૬	૦		
કડી	૫૧૬૯)	૩૮૫૮ાા=		

વિભાગ ૧૧મો

દરિયા કિનારાઓ અને બંદર બળ.

ખારા સમુદ્ર ઉપર આવેલા બંદરો તથા બારા અને અહમદાબાદના સુબામાં ૨૭ બંદરો તથા ૪૫ બારા છે. બારા અને બંદરમાં એટલોજ ફેર છે કે, બંદરોમાં મોટા વહાણો લંગર નાખી શકે છે. અને બારામાં ગુજરાતમાં કહેવાતી હોડીઓ આવી શકે છે.

પશ્ચિમ દિશાના બંદરો :- ખંભાત બંદર, વડગામબારા, પાંડર, ખંભાત તાબે છે. મકબુલઆબાદ, ટંકારીઆ, કાવી, આ બારા જંબુસરમાં છે. લુહાર ગામનું બારૂ, દહેજબારા પરગાણામાં છે. ખેરોજ બંદર, સુરત તાબે છે. સુહાલી બંદર, જલાલી બારા, જોલ બારા, વલસાડ બારા, નવસારી બારા, મરોલી બારા, ગણદેવી બારા, ચીકલી બારા, સરભોવન બારા, હીરા બારા, સુરતના મુત્સદીના તાબે છે. એથી ઉપર ગયા તો મુંબઈનો ઈલાકો ચાલુ થાય છે અને તે અંગ્રેજોના તાબે છે. વસઈ બંદર હમણાં બાલાજી રાવના અમલદારોના કબજામાં છે અને નાની દમણ બંદર ફીરંગીઓના કબજામાં છે. ગુજરાતી સુલ્તાનોના વખતમાં ટોપીવાળાઓના (?) બંદરો સુબાના તાબે હતા.

દક્ષિણ સોરઠના બંદરો :- (પશ્ચિમ દિશાના લત્તાના અને ઉત્તર પશ્ચિમ ભણીના) શાહપુર બારા, ઠીકરીઆ બારા, વીરમગામ તાબે છે. ભડીઆદ બારા, માનજી બારા, ભાણગઢ બારા, ધોલેરા બારા, ધંધુંકા તાબે છે. વડતેજ જુના વખતમાં આબાદ હતું, હમણાં શીહોરના ભાવસિંહજી જમીનદારે ભાવનગર બંદર વસાવ્યું તે ઘોઘા તાબે છે. ઘોઘા બંદર વહાણો અહીં લંગર કરે છે અને તે ખંભાતના મુત્સદીના તાબે છે. ઉંદી ઉર્ફે બંદર કોટ, ઘોઘાના કોળીઓના તાબામાં છે. સુલ્તાનપુર બારા, ભરતીની વખતે સમુદ્ર એની આસપાસ ફરી વળે છે, એજ પ્રગણામાં કોળીઓ તાબે છે. આલચ સુના, ઝાંઝમીર, કોતરા, અલંગ ઘડવાલા, તળાજા પરગણા તાબે છે. કુતુબપુર બારા, સુલ્તાનપુરની માફક સમુદ્રનું પાણી ફરી વળે છે, તે મહુવા તાબે છે, અને કોળી રજપુતોના તાબે છે. દાઠાઈ પરગણા બારા, મહુવા બારા, ખરબંદર, તથા નાગેસરી, મહુવા

પરગણાના છે. મુઝફ્ફર આબાદ, પહેલાં સુલ્તાન મુઝફ્ફરે કિલ્લો કરેલો. કોડીનાર બારા, પાટણ ગામમાં છે. ચુહારગામ બારા, કોડીનાર તાબે છે. ડુંગર બંદર, અહમદપુર બારા, ખોખલા બંદર, ઉના પ્રગણા તાબે છે, એની સામી બાજુએ દ્રીપ બંદર છે. રાજપુર બારા, કરીઆ કોટ, ઉના તાબે છે. નાગેસરી બંદર, મલિકપુર બંદર, સુતરા બારા, બિલાવલ બંદર ઉર્ફે વેરાવલ પાટણ, હીરાબંદર, (જેને હમણાં વેરાવલના કેટલાક રહેવાશીઓએ વસાવેલ છે.) એ સઘળા વેરાવલ તાબે છે. ચોરવાડ બારા, માંગરોળ બંદર, ઓધવપુર બારા અને પીપલી બારા, માંગરોળ તાબે છે. પોરંબદર બારા, નવી, કોસા, (ઝાંપા) ભૂરા બારા, ભાર બારા, અને તાજપુર બારા, પોરબંદર તાબે છે. દુદબારી બારા, ભાવડા, દ્વારકા, ગોમતી નદી બારા, બદરાલા બાલા, મેદાઆરા, શંખો દ્વાર બેટ, કોસી બારા, કરો બારા, રાજપુર બારા, હામડા બારા, કુહચ બારા, ઘણા બારા છે. તેના ઉપર કોઈનો ઈલાકો નથી. જગત ઉર્ફે દ્વારકા તેમાં દક્ષિણ તરફ રાવળ બારો છે. ઈસ્લામ નગર બંદર. હીમયાણી બારા, રાજપુર સલાણીઆ બંદર ખાના પ્રગણામાં હતા. વામના તથા બંદી બંદર ઉર્ફે આલમગીરપુર ઈસ્લામગરની ઉત્તરે છે. જહાંગીરબંદર ભડાના, વાગના, નાગમતી બારા, પારકરના રાજકર્તાના. જોડીઆમાં મોતી પેદા થાય છે, તે સઘળા ઈસ્લામગર તાબે છે, ત્યાંના બંદરો, માંડવી બંદર, મુંદરા, કુભારીઆ, દુમા બારા, ઓરંગાના, સરબંદીના કચ્છ સરકાર તાબે છે. આગળ કરાચી, કલીકોટ, ઠઠાના સુબા તાબેના છે.

વિભાગ ૧૨ મો.

દ્વીપદોલત.

ખારા સમુદ્રમાં ગુજરાત દેશના દ્વીપો.

સરીમ (પીરમ) બેટ :- એને વિશ્રામ પણ કહે છે. અહીં રાજા જુના વખતમાં રહેતો હતો. ઘોઘા તથા સુરત બંદરની વચ્ચે છે. ઘોઘા બંદરથી થોડેક દુર જાઓ તો જોવાય છે. મુઅઝમશાહના વખતમાં ઉત્તમ વહેપારી મુલ્લા મુહમદઅલીએ કિલ્લાને વાસ્તે બુરજા તથા બારા બનાવેલા અને વસ્તી મોકલી આપેલી એમાં સરપો ઘણા હતા તેથી આબાદ થયો

નહિ. હમણાં ઘોઘા વાસીઓ હોડીઓમાં ઢોરોને ત્યાં ચારવાને લઈ જાય છે. અહીં મીઠું પાણી છે, અને ખેતી થાય છે.

સુલ્તાનપુર :- આ બેટ તાબાના પ્રગણાના તાબામાં છે. અને ઘોઘાની પાસે છે. ભરતી વખતે સમુદ્ર જળ ચોમેર તેને ફરી વળે છે. અને આ બેટ થઈ જાય છે. અને એક રસ્તા સિવાય બીજો રસ્તો નથી. અને સમુદ્ર સંગમના કારણથી માત્ર એકજ માર્ગ છે તે સિવાય જઈ શકાતું નથી. અહીં પાણી મીઠું છે. અને ચાંચીઆ લોકોનું રહેઠાણ છે.

કુતુબપુર :- આ બેટ મહુવાના તાબામાં છે, સુલ્તાન પુરની પેઠે પાણી ફરી વળી બેટ થઈ જાય છે. અહીંઆ પણ ચાંચીઆ લોકો રહે છે.

દીપ બેટ :- આ ઉના તાબાનો બેટ છે. એની પહોળાઈ ત્રણ ગાઉની છે. એમાં મીઠા ફળવંત ઝાડો છે. અને વગર ફળના પણ ઘણા વૃક્ષો છે. સુલ્તાન મેહમુદ બેગડા ગુજરાતીના ગુલામ મલિક અયાઝે અડધા ગાઉ સુધી જમીનથી એનો માર્ગ જોડી દીધો હતો. તેને સમુદ્ર તાણી ગયો અને પાછું પાણી ફરી વળ્યું. તેને બંદર બનાવી દીધું અને તે આસપાસના બંદરોને શીખામણ આપતું ઉત્તમ બંદર થઈ પડ્યું. તેનો થોડોક જમીનનો ભાગ સમુદ્રમાંથી મળી આવ્યો તેનું નામ સાંકળ કોઠા આપવામાં આવ્યું. ત્યાંથી કિનારા સુધી લોઢાની સાંકળ નાખવામાં આવી હતી કે જેથી ફીરંગી લોકોના વહાણ તે રસ્તે થઈને જાય નહિ. તે બુરજ અત્યાર સુધી છે અને બેટમાં બાગ બગીચાઓ તેના (અયાઝ) કરેલા છે. અહીં સમુદ્રના બે ફાંટા થયેલા છે. તે ઉત્તર દિશાએ છે અને તેની ઉપર પત્થરાનો એક પૂલ બાંધ્યો હતો તેને હમણા બગાડી નાખ્યો છે. સુલ્તાન બહાદુરના વખતમાં ફીરંગીઓએ દગો કરી સુલ્તાનને મારી નાખી આ બંદરનો કબજો કર્યો હતો. આ વર્ણન તેના યોગ્ય સ્થળે કરવામાં આવ્યું છે અને તેનું પરિપૂર્ણ વર્ણન મીરાતે સીકંદરીમાં આપ્યું છે. હમણાં સુધી ફીરંગીઓના તાબામાં આ જગ્યા છે. અયાઝનો બાંધેલો કિલ્લો તોડી પાડ્યો છે અને પોતાની બુદ્ધિ પ્રમાણે બીજો કિલ્લો બાંધ્યો છે.

શંખોદ્ધાર બેટ :- જગત ઉર્ફે દ્વારકાના તાબામાં છે, ઔરંગઝેબના વખતમાં એની ઉપર કબજો થયો છે. અને એનું નામ મુસ્તફાનગર

પાડવામાં આવ્યું. એની પહોળાઈ બાર ગાઉ છે. એના પાણી મીઠાં છે. એમાં ફળતા તથા નહિ ફળતા ઝાડો છે. ખેતીવાડી અહિં થાય છે. હિંદુઓનું ઉત્તમ તીર્થનું ઠામ છે. અને મુસલમાનોમાંથી હાજી કીરમાનીની દરગાહ અહીં છે. ત્રણ ગાઉ સુધી હોડીઓમાં બેસી જળ માર્ગ કાપી ત્યાં પહોંચાય છે. શંખોદ્ધારની શબ્દ વ્યુત્પતિના વિશે કહે છે કે, એક તો શંખના આકારનો છે તેથી એને એ નામ આપેલું અને બીજી રીતે બ્રાહ્મણો કહે છે કે, પ્રાચીન કાળમાં શંખેશ્વર રૂષિનું આ ધામ હતું. સરદારખાંએ ઔરગઝેબ બાદશાહના વખતમાં બે વાર અહીંના લોકોની સાથે લડાઈ કરેલી અને આ મંદિર સાથે મુસલમાની ચિન્હો પણ યોજેલા હતા.

શંખોત્રેઠ બેટ :- આ બેટ મહુવા પરગણામાં છે. એનું મીઠું પાણી છે. સરદારખાનની ફોજદારીના વખતમાં આ ઠેકાણે આશરે બે હજાર માણસો મુકેલા હતા. જેથી તે તરફથી આવતા જતા વહાણોને સંતોષકારક રસ્તો મળતો હતો હમણાં કોળીઓના તાબે છે.

શીઆળ પેઠે બેટ :- મહુવા પરગણામાં છે. એનું પાણી મીઠું છે.

ડંડારાજ બુરી બેટ :- દક્ષિણના બંદરો તથા સુરતના રસ્તા ઉપર છે. આ યાકુતખાન સિદી (હબસી-આફ્રિકન) ના તાબામાં છે. અહીં માણસો રાખેલા તથા અહીંનું ખરચ સુરત બંદરથી પગાર થાય છે.

વિભાગ ૧૩ મો.

નદી નિર્મળતા

પર્વતોમાંથી આ દેશમાં નદી નાળાઓ અગણિત વહે છે. અને શીઆળાની રૂતુ આવે ત્યાં સુધી તે વહેતા રહે છે, તેમના ઘણા નામો છે તેથી જે લોક પ્રસિદ્ધ છે તે મારી ગુંજાશ પ્રમાણે જ્યાં સુધી મળ્યા છે તે લખ્યા છે.

સરસ્વતી :- બીજી નદીઓ કરતાં બ્રાહ્મણોના આખ્યાન પ્રમાણે સર્વોત્તમ છે. અને તેની પવિત્રતા અને શુદ્ધતા ગંગાથી ઉતરતી છે. એમ માનતા નથી. એ વિશે તીર્થ વિભાગમાં લખાઈ ગયું છે. કહે છે કે, કેટલાક ઠેકાણે ઉભરાઈ જઈ પ્રગટ થાય છે. અને અલોપ થઈ કેટલેક ઠેકાણે સંતાઈ જાય છે. આ દેશમાં શીરોહી તાબે આબુના પહાડમાંથી પ્રગટ

થઈ છે અને પાટણ તાબે સિદ્ધપુર કસ્બા આગળથી વહે છે અને પછી અલોપ થઈ સોરઠ સરકાર તાબાના કોડીનાર આગળ પાછી પ્રગટ થાય છે. તથા એના ઘણાં ફાંટા થયા છે. તે દરેક ફાંટાના જુદા જુદા નામો છે તે તીર્થતારણ વિભાગમાં વર્ણવેલા છે.

નર્મદા નદી :- આ પ્રખ્યાત નદી છે એને રેવા પણ કહે છે. આ દેશની અતિ ઉત્તમ નદી છે. ઝાર ખંડ દેશમાં કરા મંડલાની સરહદમાં એક રાજાના દેશમાં વાંસના ઝાડમાંથી એ નીકળે છે અને માળવાના સુબામાંથી વહીને આ દેશમાં આવી હેઠળ હેઠળ વહી ખારા દરિયાને જઈ મળે છે. એમાં સદાએ પાણી ભરપુર રહે છે. આ દેશમાં એનો ઉતાર નથી. અને વહાણ વિના સામે પાર જવું અશક્ય છે. પરંતુ ઉનાળામાં એક બે ઉતારો છાતી અને ગળા સમાન થઈ જાય છે. મુખ્ય કરીને બાબા પ્યારાના ઘાટનો ઉતાર રહે છે. અને દુશ્મનનું લશ્કર આવી ન શકે તે માટે સુબાનું લશ્કર રાખવામાં આવતું એનું પાણી ઘણુંજ મીઠું છે. અને હલકું છે. તથા ટાઢું છે, તેમજ ચોખ્ખું છે અહીં હિંદુઓનું મુખ્ય તીર્થ છે જેનું વર્ણન તીર્થ તારણ વિભાગમાં કરવામાં આવ્યું છે.

તાપી નદી :- એને તપતી નદી પણ કહે છે. આ દક્ષિણના પહાડોમાંથી નીકળે છે અને બુરહાનપુર હેઠળથી વહી તે સુરત આગળ ખારા સમુદ્રને મળે છે.

કીમ નદી :- દક્ષિણના પર્વતોમાંથી નીકળીને તાપી તથા નર્મદાની વચ્ચે વહે છે. અને સુરત પાસે ઓલપાડ નજીક ખારા દરિયાને મળે છે. ઉનાળામાં ઘણી ખરી સુકાઈ જાય છે.

જાંબુવા પહાળોમાંથી નીકળી ડભોઈની હદમાંથી તથા
ઢાઢર વડોદરાથી ઉપર વહે છે.

વશખંડી :- પાવાગઢના પર્વતમાંથી નીકળે છે, અને ઉપરની નદીઓને મળે છે અને ત્રણ ભેગી મળી મકબુલઆબાદ તથા જંબુસર પ્રગણામાં વહીને મહીનદીને મળીને સમુદ્રમાં પડે છે. જાંબુવા નદી ઉનાળામાં સુકાઈ જાય છે. અને બીજીઓમાં પાણી ઓછુ થાય છે.

ઉદર નદી :- પર્વતોમાંથી નીકળીને માંડવા તથા જાંબુવા આગળ

થઈ ચાંદોદ કરનાળીના હિંદુ તીર્થની પાસે નર્મદા નદીને મળે છે.

કેટલીક નદી તથા નાળા દક્ષિણમાંથી સુરતની ઉપર વહીને ખારા દરિયાને મળે છે કે, જેમના નામો મળ્યા નથી. અને તેથી ઈતિહાસને કંઈ લાભ નથી. એમ જાણી મુકી દેવામાં આવી છે.

મહંદરી નદી :- એને મહી નદી પણ કહે છે. મહેંદ્ર પર્વતમાંથી નીકળી પેટલાદ તથા સુબાની સરહદમાં વહીને ખંભાત હેઠળ ખારા સમુદ્રને મળે છે.

સાબરમતી :- ક્ષેમ ક્ષેત્ર અજમેરના પર્વતોથી પૂર્વ ઉત્તર દિશાએ નીકળી સાબર તળાવમાંથી વહીને વીજાપુર તાબે શંખપુર આગળ હાથમતીને મળીને અહમદાબાદ શહેરની પશ્ચિમ દિશાએ વહે છે. સાબર હાથમતીથી મળી તેથી એ સંગમથી એનું નામ સાબરમતી પડેલું છે. ખંભાતની હદમાં બીજી નદીઓથી મળીને ખારા સમુદ્રમાં પડે છે.

વાત્રક નદી :- પૂર્વ ઉત્તર દિશાના ઈડરના પર્વતમાંથી નીકળી તે હેઠળ વહી વઉઠા આગળ સાબર તથા મતી બેઉને મળે છે મેહમુદાબાદના ઘાટથી એનું પાણી ઘણું પાચન છે.

મેશ્વા નદી :- પાલનપુર તથા મધુરીથી ઉપરથી નીકળીને હરસોળ હેઠળ વહીને અરહર માતર તાબાના ખેડા કસબા આગળ વાત્રકને મળે છે.

શેઢી નદી :- વીરપુર પાસે ધામોદની ડુંગરીમાંથી નીકળે છે. અને ખેડા પાસે વાત્રકને મળે છે.

મહુર નદી કપડવંજ આગળ મળે છે અને મહુધા તાબે
બાંસી નદી સરાતેજ આગળ શેઢીને મળી ઉપરની નદીઓ ભેગી ખેડા આગળ જઈ એમનું નામ વાત્રક થાય છે. અને તે સઘળીઓના સાબરમતીના સંગમ પછી ખારા સમુદ્રને મળવાનું થાય છે.

શેત્રુંજી નદી :- સોરઠના પહાડોમાંથી નીકળી પાલીતાણા હેઠળ વહી તળાજાથી વધી તે સમુદ્રને મળે છે.

ઘર્મા નદી :- સોમનાથની હદમાં નીકળી તે સરહદમાં વહે છે. આ સરસ્વતીનો એક ફાંટો છે એવા પાંચ ફાંટા જુદા જુદા નામના છે.

તેમનું વર્ણન તીર્થ તારણમાં આવી ગયું છે.

મચ્છુ નદી :- સોરઠના પશ્ચિમના પર્વતોમાંથી નીકળીને મોરબી પ્રગણામાંથી વહી પૂર્વ મુખે ખારા સમુદ્રમાં જાય છે.

ભાદર :- સોરઠના પશ્ચિમ પર્વતોમાંથી નીકળી જેતપુર હેઠળ વહી ખારા સમુદ્રને મળે છે.

નાગમતિ રંગમતિ નદી :- નવાનગર જીલ્લા તથા કચ્છના પહાડોમાંથી નીકળી તે નવાનગર આગળ એક બીજીથી થોડેક અંતરે વહી ખારા સમુદ્રને મળે છે. અહીં એના પાણીથી પાઘડીઓ તથા ખારવા સારા રંગાય છે તેથી વણાટ તથા રંગનું કામ ચાલે છે. રંગમતિના પાણીથી જે રંગ રંગાય છે તે ભભકદાર રંગ હોય છે અને પરસેવા તથા તાપ તડકાથી એ રંગ ઉડી જતો નથી.

સોનરેખા નદી :- જુનાગઢના પહાડમાંથી વરસાદમાં વહે છે અને આખું વરસ એ સિવાય સુકી રહે છે. અહીં ધોવરામણથી સોનું મળી આવે છે. પરંતુ તેથી કંઈ લાભ થતો નથી.

બનાસ નદી :- શીરોહી તરફના પર્વતોમાંથી નીકળે છે. અને પાલણપુરની પેલી તરફ દાંતીવાડા હેઠળ પશ્ચિમ દિશાએ કચ્છ તરફ વહે છે.

નદીઓ તથા નાળા સોરઠ જીલ્લામાં એટલા બધા છે કે, સઘળાના નામો તથા વર્ણન કેવળ લંબાણ છે. તે વરસાદમાં વહે છે, અને કેટલાક શિયાળા વિત્યા પછી પણ વહે છે.

નવલી (લુંણી) :- ગોધરા કસ્બાની હદમાં છે. વરસાદમાંજ વહે છે. ટોપાગામ આગળ તે નદીમાં કુંડા દાટ્યા છે. તેમાં પાણી ટાઢું અને ભરેલું રહે છે. આ હિંદુઓનું તીર્થ ધામ છે.

ખારી નદી :- વર્ષાઋતુમાં વહે છે અને કદી શિયાળામાં પણ પાણી રહે છે. શહેરથી ચાર ગાઉ ઉપર થઈને વહે છે.

વિભાગ ૧૪મો.

જીલ્લાઓના પ્રાચિન પ્રયોચ્ચાર.

ગુજરાત દેશમાં પ્રાચિન કાળથી મુખ્ય જગાઓ અથવા સઘલા ભાગોના મુખ્ય નામ વાપરે છે અને એ નામો વિશે વિચિત્ર વાર્તાઓ બોલે છે. જે લખતાં જણાઈ આવ્યા છે તે લખવામાં આવ્યા છે.

ડંડાઈ :- કડી પરગણું તથા તેની સરહદ.

વૈરાટ નગરી :- ધોળકા.

તાંબા નગરી :- ખંભાત બંદર

ઝાલાવાડ :- વીરમગામ પરગણું એવું કહે છે કે, ૧૮૦૦ ગામ ઝાલાવાડમાં છે. નામ તથા ગામની સંખ્યા વિશે વિચિત્ર વાર્તાઓ કહેવાય છે. ઝાલા રજપૂતો હમણાં પણ તેમાં રહે છે

પારપસ :- મુંઝપુર તથા પાટણનો કેટલોક ભાગ.

કાકરેજ :- પાટણ પાસે તથા પાલણપુરની સરહદ.

વાઘડ :- રાધનપુર તથા તેની સરહદ.

ધાનદાર :- પાલણપુર, ડીસા તથા દાતીવાડા પરગણા.

હરિશચંદ્ર નગરી :- હરસોલ તથા અહમદનગરની સરહદ.

અડાયમ :- મોડાસા તથા ઈડર.

માલવાડા :- કપડવંજ, વાડાશીનોર પ્રગણા તથા થામણાના કેટલાક ગામો.

પારખર દેશ :- કચ્છના રસ્તાના રણની પેલી બાજુ ખારા સમુદ્રના કાંઠા સુધી.

સૌરાષ્ટ દેશ :- સોરઠના સમુદ્ર સુધી તથા ઈસ્લામ નગર અને કચ્છના કેટલાક જીલ્લા એમાં છે.

કચ્છ દેશ :- ભૂજ અને તેના તાબાનો દેશ.

હાલાર :- નવાનગર અને તેની સીમા.

કાઠિયાવાડ, ગોહેલવાડ, બાબરીઆવાડ, ચોરવાડા, પંચાલ :- સૌરાષ્ટમાં છે.

ઓખા ક્ષેત્ર :- દ્વારકાની સરહદ.

પ્રભાસ ક્ષેત્ર :- સોમનાથ પાટણ તથા તેની સરહદ.

વાગડ :- ચૌદ ગાઉ આ જમીન છે. તેની સાથે ૩૦ ગાઉ સુધીનું જંગલ છે. તેમાં સ્વાભાવિક મેવાના ઝાડ છે, થોડાક ભાગમાં કોળીઓ વસે છે.

નલકંઠા :- ધોળકા તથા ધંધૂકા વચ્ચે છે.

ચરોતર :- નડીઆદ, મહુધા પેટલાદની થોડીક સરહદ તથા થામણાના થોડાક ગામો.

મહીંદ્ર દેશ :- મહીનદી પેલેપારની સરહદ, એમાં કેટલાક ગામો છે.

પરક્ષેત્ર :- વડોદરા પરગણું.

કાનમ :- જંબુસર તથા મકબુલઆબાદ.

પાલવાડાં :- રાજપીપળા, વાલી મોહાન, ગોધરા તથા તેની સરહદ. પાલવાડાના હવા પાણી ઘણાજ રોગીલા છે. ગુજરાતમાં એ વિશે કહેતી ચાલે છે.

નિરા :- જત વાડ.

ખેડા :- ભીલ પરગણું તથા તેની સરહદ.

વિભાગ ૧૫ મો.

પર્વત પ્રૌઢતા.

આ સુબાની સરહદી ઉપર પર્વતો છે. નાના મોટા પહાડો પૂર્વ દિશાએ ઘાવા, લુણાવાડા, સોંથ, વાંસવાડા, ડુંગરપુરના પહાડો, ઉદેપુરના પહાડોને જઈ મળે છે. અને પૂર્વ ઉત્તર દિશામાં ઈડર, દાંતા, સનહર તથા દાતીવાડાનાં પર્વતો શીરોહી તાબે આબુ પર્વતના છે તે ક્ષેમ ક્ષેત્ર અજમેરના પહાડોમાં જઈ મળે છે. પશ્ચિમ દક્ષિણ તરફના કચ્છના પહાડો ખારા દરિયા સુધી પહોંચ્યા છે. પશ્ચિમે સોરઠ સરકારની ઘણી ખરી ધરતી પહાડી છે. દક્ષિણ ખારા દરિયા કાંઠે પર્વતો છે. તે સરકાર સુરત બંદર, નજરબાર તથા બકલાણા વાળાને દક્ષિણના સુબાની હદથી મળે છે. પૂર્વ દક્ષિણે પર્વતો છે તે રાજપીપળા તથા નાદોદ સરકાર વાળા છે. તે આલીમોહન તથા ઝાબવા કતલખાનાપુરથી આગળ વધીને કેટલાક પહાડો પોતાના જુદા

જુદા નામો ધારણ કરે છે. તેમાંથી ઉંચા ઉંચા ચાર પર્વતો છે તેની ઉપર હિંદુઓના ધર્મ ધામો છે. તેમાં દરેકની ભીન્ન ભીન્ન વાર્તાઓ ચાલે છે. તે બ્રાહ્મણોના ભોગવટામાં છે.

અરીદાચલ પર્વત :- શીરોહી સરકારમાં એક ઘણો ઉંચો પર્વત છે. તે ઘણો લાંબો છે તેમજ પહાળો પણ ઘણો છે, તેની ઉપર ઘણી નહેરો વહે છે, અને મીઠાં પાણીનાં તળાવો છે, આંબાની ઝાડી છે અને ગુલાબ તથા ડમરાનું ક્ષેત્ર છે. તેની ઉપર બાર ગામો વસે છે અને તેની ઉપર ઘણો મજબુત કિલ્લો છે. તેને આબુખંડ કહે છે અને સરસ્વતી નદીનું પ્રગટ થવાનું સ્થાન આંબા વૃક્ષનું છે. કહે છે કે, ચંપાના એટલા બધા ઝાડો છે કે, ઢોર તેનો ચારો ચરે છે તેમાંથી સુગંધી તેલ કાઢવામાં આવે છે, અહીં મેશ્રી લોકોના ઘણા ધામો છે અને તેમાં શ્રવાકોના દહેરા છે. એમનું વર્ણન ધર્મ ધામ વિભાગમાં લખાયું છે.

વિંધ્યાંચળ પર્વત :- એ પર્વત નાંદોદમાં છે અને એને રાજપીપળાના નામથી લોકોએ પ્રસિદ્ધ કર્યો છે, તેના ઉપર રાજનું રહેવાનું મકાન છે. આ પર્વત આલી મોહાન તથા ઝાબવાના પર્વતને મળેલો છે અને કતલ ખાનાપુર થઈને બંગાલાની સરહદે પહોંચે છે. તેની પુરી એંધાણી આપવામાં આવે છે. કહે છે કે, કેટલાક પંથીઓ તથા સન્યાસીઓ સુરત બંદરથી ત્યાં જાય છે. આલી મોહાન આગળ જંગલી હાથીઓનું જંગલ છે. જહાંગીર બાદશાહ તથા શાહજહાં બાદશાહના વખતમાં સરકારના વાસ્તે હાથીઓ અહીંથી પકડાતા હતા. તેમના રાજવર્ણનની વખતે એ વિશે લખવામાં આવ્યું છે, ઔરંગઝેબ બાદશાહના વખતમાં જમીનદારો એ કબજો કરી એ ધારાને બંધ કરી દીધો છે અને હાથીઓના આવવાનો રસ્તો બંધ થઈ ગયો છે. આ પર્વતમાં વહેતી નહેરો, મીઠા પાણીના તળાવો, તથા ફળ ફળાદીના તથા તે વિનાના ઘણા વૃક્ષો છે તથા મહાદેવનું મંદિર ત્યાં આગળ છે.

પાવા પર્વત :- ચાંપાનેર સરકારમાં ત્રણ ગાઉની ચઢાઈનો છે. એમાં નહેરો, તળાવો, ઝરા તથા નાલા ઘણાં છે. અને એમાંથી નદીનાળાઓ નીકળે છે. અહીં કેટલાક હરડાનાં ઝાડો હતા. એની ઉપર મજબુત કિલ્લો

છે. એની અંદર પત્થરના બાંધેલા મહેલો છે અને એ બાંધણી જુના રાજાઓની છે. એના બાર દરવાજા છે. લગભગ ૬૦ ગજ ઊંડી ખાઈ છે. તેની ઉપર પાટીઆ મુકી કિલ્લાની અંદર જવાય છે. અને જોખમના વખતે પાટીઉં ખસેડી લે છે, એનું નામ પાટીઆ પૂલ કહેવાય છે. છેક શીખરે ભવાનીનું મંદિર છે. અને તેની ઉપર એક અલ્લાહના વલી સદનશાની જગ્યા છે.

ગિરનાર પર્વત :- સોરઠમાં જુનાગઢની પાસે છે એની સાત કોસની ચઢાઈ છે. સોરઠના રાજા રાય ખેંગારના વખતમાં આ પર્વતના મધ્ય ભાગમાં પાંચ ગાઉની ચઢાઈએ એક કિલ્લો બાંધવામાં આવેલો છે. ઘણાં લાંબાકાળ સુધી ત્યાંના રાજાઓનું રહેવાનું તે મથક હતું. ઘણા નાણા વાપરીને બનાવેલા આ કિલ્લાની હવે દીવાલો તથા બુરજાઓ રહી ગયા છે અને મધ્ય નામથી ઉપરની તરફ (કોઈએ તેના ઠેઠ ઠરવાના ઠેકાણને જોયું નથી, પરંતુ માત્ર જોનાર વિચાર શક્તિની આંખો છે; કોઈ તેની પૂંઠ ઉપર ચઢ્યો નથી, પરંતુ ચઢનાર વહેમનો પગ છે.)ઘણીજ કઠણ ચઢાઈ છે. અને તેનો ફેર પાંત્રીશ ગાઉનો છે. વપરાતા ઘણા ઝાડ તેની ઉપર છે. આંબાવાડીઆ છે. ભાત ભાતની વનસ્પતિ, જાત જાતના પુષ્પો વહેતા ઝરા, વાવો, તળાવો, તથા ઘણા કુંડો છે. કહે છે કે, ગુલાબ પાશેરનું થાય છે. પક્ષીઓના રહેઠાણ, પશુઓના ઠામ, હરણો, રોઝ, જંગલી ગાયો, ભોંય કીડા તથા ખોઓ અગણીત છે. આ ખોઓમાંથી ઘણી ખરી જગાએ સન્યાશી જોગીઓ તથા સાધુઓએ એકાંતવાસ કરેલો છે. અને અતિશય મંડયા રહે છે, મેવા તથા મુળીઆં જે ત્યાં પેદા થાય છે અને જેને તેમની ઓળખ છે. ત્યાગીઓના આ ભોજનને કોઈ માણસ લઈ જઈ શકતા નથી. તેઓને જ્યારે ફળ ફળાદિ મળી ન આવે તે વખતે મુળીઆ ઉપર ગુજરાન ચલાવે છે. મેશ્રી અને શ્રાવકોમાં ગીરનો પહાડ ઘણો પવિત્ર છે અને એ બેઉ જ્ઞાતિના મોટા મોટા ધર્મ ધામો એની ઉપર છે. આ તીથાર્થે દુર દેશાવરથી લોકો આવે છે. તેમાં વિશેષ કરીને શીવરાત્રીના દિવસો કે જે દહાડે સૂર્ય મેશરાશીમાં આવે છે. અને જેને શીવરાત્રી કહે છે. ત્યારે પાસેના તથા દુરથી હજારો માણસો ત્યાં ભેગા થાય છે.

જમીઅલ પર્વત :- ગિરનારમાં એક પર્વત છે, તે ગિરનારથી મળેલો છે. ખરૂં જોતા તેની એક શાખા છે. મુસલમાનો જમીઅલશાહ નામના એક અલ્લાહના વલીના નામથી એને બોલાવે છે. ને કહે છે કે ત્યાં એકાંત વાસમાં રહેતા હતા અને હિંદુઓ તેને મહાદેવના નામથી બીજી રીતે પ્રસિદ્ધ કરે છે. એ બેઉ જાતિના લોકો દર્શનાર્થે ત્યાં એકાંત વાસમાં રહેતા હતા અને હિંદુઓ તેને મહાદેવના નામથી બીજી રીતે પ્રસિદ્ધ કરે છે. એ બેઉ જાતિના લોકો દર્શનાર્થે ત્યાં જાય છે. અને સોનરેખા, ગીરનાર તથા જમીઅલશાહની વચમાંથી નીકળે છે.

ઓસમ પર્વત :- સોરઠ સરકારમાં એક પર્વત છે. અને જુનાગઢથી દશ ગાઉ ઉપર છે એના ઉપર કિલ્લો છે ત્યાં તળાવ અને કેટલાક રાજાઓના રહેવાનો મહેલ છે.

કુફા પર્વત :- એ પર્વત સોરઠ સરકારમાં દ્વારકાની પાસે છે. કહે છે કે, શ્રી કૃષ્ણના ઘોડાનો અહીં તબેલો છે અને કૃષ્ણની સ્ત્રીઓ જે ગોપીકા કહેવાય છે તેમણે શ્રી કૃષ્ણનો દેવલોક થયા પછી તેમની પાસે પોતાનો અંત આણ્યો હતો.

બરડા :- સોરઠ સરકારમાં એક પહાડ છે તેની લંબાઈ ઘણી છે. તેની અંદર આંટામાં આંટા પડેલા છે.

સદાચલ પર્વત :- એને શેત્રુંજો પર્વત પણ કહે છે. સોરઠ સરકાર તાબે પાલીતાણામાં શેત્રુજી નદી ઉપર છે, એનો ચઢાવ ત્રણ ગાઉનો છે. એમાં વહેતી નહેરો, કુવા, વાવો, વિગરેમાં મીઠું પાણી છે. અને તેની ઉપર શ્રાવકોના દહેરાં છે.

ઈડરનો પર્વત :- અહમદાબાદ સરકાર તાબે ઈડરમાં છે. એનો ચઢાવ ત્રણ ગાઉનો છે. એમાં વહેતા ઝરા છે. કુવાઓ તથા વાવો છે જેમાં મીઠું પાણી છે. આંબાવાડી છે અને વૃક્ષો ઘણા છે. શીરોહી તથા ઉદેપુરના પહાડમાં જઈને આ પર્વત મળે છે. અને તેની વચ્ચોવચ દોઢ ગાઉ ઉપર પહેલાના રાજઓનો બનાવેલો કિલ્લો છે. તેના સાત દરવાજા છે. તેમના રહેવાનું આ ઠેકાણું છે, જુના લોકો રહેતા અને હમણાં પણ રહે છે.

વિભાગ ૧૬મો

(ગુજરાતની કિંમતી વસ્તુઓ) શોધના સાર

ગુર્જર દેશ ઘણો લાંબો પહોળો છે તેથી ઘણી જાણવા જોગ બાબતો એમાં હશે જે લાંબો પંથ હોવાને લીધે સાંભળવામાં આવેલું હોય એમ જણાતું નથી. આ ઈતિહાસ લખતી વખતે જણાયું તે તેનાં વિશયની જગાએ અને કેટલોક ભાગ તીર્થ તથા દેવ દર્શન વિભાગમાં લખાયો છે. તેમાંનું થોડુંક લખતા રહી ગયેલું તેને પરચુરણ વિશયમાં દાખલ કરૂં છું.

વાયુયંત્ર :- એટલે લોકોમાં કહેવાતી પવનચકી. એવું કહે છે કે ગતકાળમાં શાહ ભીકન (કાજીના બાગ) થી ઉપર શહેરની સરહદમાં એક ઘંટી હતી કે વા ચાલવાથી અને પડદા બાંધ્યાથી ફરતી હતી. હમણાં તેનો હેઠલો પત્થરો ભોંગે પડેલો છે. તે માલુમ ન પડ્યું કે, ક્યા બાદશાહના વખતમાં અને ક્યારે આ યંત્ર હતું.

કાંકરીઆ તળાવ :- ઉપર શહેરની હદમાં કેટલાક કુવા છે કે જ્યાં રૂનું વણાટ કામ તથા કિનખાબ અને ઈલાયચાને તેમાં ધુવે છે. તેથી લુગડાનું પાણી રંગ તથા મુલમાં વધારો થાય છે.

કંટુરીઆ તળાવ :- એક તળાવડી છે. જેને કંટુરી કહે છે. તે નેનપુરના બારાની પાસે છે તથા સાલ્લુ જાતના લુગડા ધોવાય છે. તેથી રંગ ખુલ્લો થઈ જાય છે જ્યારે ઉન્હાળામાં તળાવ સુકાઈ જાય છે ત્યારે તેના કાંઠા ઉપરના તળાવમાંથી પાણી કાઢી તળાવના ખાડામાં નાંખે છે.

ચાંદાસમા :- ગામમાં (કે જે પાટણ શહેરની પાસે છે.) એક મસજીદ હતી. જેની પશ્ચિમ દિશાની દિવાલમાં બાર ગોખલા કરેલા હતા. જેમાંથી બીજનો ચંદ્ર ઘણી સહેલાઈથી જણાઈ આવતો. જે રાશીમાં ચંદ્ર હોય ત્યાં જોયાથી તરત નજરે આવતો અને તેમાં વાંધો પડતો નહોતો. અને એ સદેહ દુર કરવાને વાસ્તે ઔરંગઝેબ બાદશાહના વખત સુધી ચંદ્રની ખબર કરવા સાઢણી સવાર અહમદાબાદમાં આવતો હતો હમણાં તે દીવાલ તુટી ભાગી ગઈ છે અને કેટલાક ગોખ બગડી ગયા છે.

છાકડીઆ :- આ પ્રગણું સુરત તાબામાં છે, ત્યાં લોખંડની ખાણ છે.

વાલી બંદર :- નવાનગરની સરહદ અને તાબામાં ખારા દરિયામાંથી મોતી નીકળે છે. કહે છે કે અહીંના મોતીની પાંચસો રૂપિયા

સુધી કીંમત થતી. નવાનગરના મોતી પ્રખ્યાત છે. શહેરમાં વેચવાને વાસ્તે ઘણા લોકો લાવે છે. દેશ ઉપર કંઈ આફત ન આવી પડે તે વાસ્તે ત્યાનો રાજા છાનોમાનો કઢાવે છે.

વડનગર :- આ પરગણામાં એક જગાએ સુરા મળેલી મટોડી છે. જેનો મેળવણી કરીને બંદુકનો દારૂ બનાવે છે.

કપડવંજ :- અહીં શીશાના પત્થરા થાય છે જેના કાચ કામ કરનારા શીશા અને બંગડીઓ બનાવે છે, પરંતુ તેનો કાચ લીલા રંગનો છે અને તેમનાથી ધોળો થઈ શકતો નથી. બાબા ઘોરીના પત્થરાં ત્યાંના કસ્બા હેઠળ વહેતી મહુરત નદીમાંથી તથા માઝુમ નદીમાંથી કાઢી લાવે છે અને ખંભાતમાં અકીક કામ કરનારા તેના છરીઓના હાથા તથા મોંતાલો બનાવે છે.

કપડવંજ :- આ કસ્બાની હદમાં લોખંડની ખાણ છે. જુના વખતમાં લોખંડ નીકળતું હતું. હમણાં પણ લોખંડ ચોખ્ખુ કરીને તેના કાટ નાખેલાં ઢગલે ઢગલા જોવામાં આવે છે. એવું કહેવાય છે કે, પ્રાચીન કાળમાં ત્યાં ચાંદીની ખાણ પણ મળી આવેલી હતી. તે પછી નીકળતી બંધ પડી ગઈ.

ડભોઈ :- કસ્બામાં જુના કાળથી પત્થરનું એક કુંડળ છે. અને લોકોમાં તે મામા ડોકરીના નામથી ઓળખાય છે. તે તરફના માણસો સાચા જુઠની તેને કસોટી કહે છે. કેમ કે સમ ખાતી વખતે જે માણસ સાચો હોય તેનું માથું તે ચક્રની અંદર પેશી જાય છે અને જો કે તે જાડો માણસ હોય તો પણ તેમાં પેસે છે. અને જેના વસ્ત્રે અસત્યના છાંટા નડેલા હોય તે તેમાં રોકાઈ જાય છે. પછી ગમે તો તે કેટલોએ દુબળો હોય. એ ચક્રને છોડે નહિ ત્યાં સુધી તેનું માથું બહાર આવે નહિ. એમાં શો ભેદ છે તેની માહીતી મળી નથી. કે કયા કાળથી એ ચક્રની ઉત્પત્તિ થઈ છે. અને મામા ડોકરી કોણ માણસ હતો.

ખંભાત બંદર :- કહે છે કે, જુના વખતમાં ખંભાતબંદરથી દોઢ ગાઉ ઉપર નગરા નામનું ઘણું વિશાળ શહેર હતું તેના કોટની દીવાલો તાંબાની હતી અને તે ત્રાંબાનગરીના નામથી પ્રખ્યાત હતું અને તે વિશે નવાઈની વાર્તાઓ ચાલે છે. કોઈએ એક કુવો ખોદેલો તેમાંથી તાંબાની એક ઈંટ નીકળી હતી. તે ઉપરથી તે સત્ય હશે એવું અનુમાન થયેલું. સાચ જુઠ વર્ણન કરતા ધણીને શીર.

ખેડા :- કહે છે કે, ઘણા વરસો ઉપર ખેડા એક મોટું શહેર હતું. અને તેમાં બ્રાહ્મણો રહેતા હતા, જે હમણાં ખેડાવાળના ઉપનામથી ઓળખાય છે. અહીં એક રાજા રાજ કરતો હતો, અને કહે છે કે, વાત્રક નદી તે શહેરની વચમાં વહેતી હતી અને કોઈ પાપનું કામ ક્યાથી શ્રાપ નડી તે શહેર ઉધું મરાયું અને ભોંયે ધશી ગયું. હમણાં તેમાંથી ઈંટો વિગેરે નીકળે છે તેથી ઉપલી વાત ખરી છે એમ સિદ્ધ થાય છે. તેની દરેક ઈંટ અડધી વેંત જાડી અને દોઢ વેંત પહોળી, લાંબી એક ગજ તેમાં બરાબર કુંડલો પડેલા હતા અને તેનું વજન આશરે વીશ શેર શાહજહાની અને ઓરડા તથા ઘરોની ઘણી દીવાલો ઘાંસ વિંટાળેલી આખી નીકળી આવે છે. મે આ પુસ્તક કર્તાએ મારી નજરે જોયેલ છે. નદીની ભેખડોમાં ઈમારતની એધાંણીઆં જણાય છે અને પાણી જે જમીનને કાપી નાખે તેમાં પણ ઈમારતોની નિશાનીઓ જોવામાં આવે છે. તે ઉપર પ્રમાણે મેં જોઈ છે. અને તેની ઉપર એક ભાલાની લાકડી જેટલી ઉંચી માટી ચઢી ગયેલી અને કેટલીક જગાએ માટી ખોદતા ઓરડી સારા ગોખવાળી નીકળી આવેલી તેમાં એક ઉપર એક તાંબાની થાળીઓ જે મુકી હતી તેવીજ પરંતુ વખત ઘણો લાંબો થઈ ગયો હતો તેથી અને હાથ નહિ અડયાથી માટી જેવી માટી થઈ ગયેલી. કોઈ કોઈ વખતે વરસાદ થઈ ગયા પછી રૂપાના કકડા મળી આવે છે. અને તેની એક બાજુએ ગધેડાની મુરતી હોય છે અને કહે છે કે ગધેસિંહ રાજાનો એ સિક્કો છે. એ વિશે અચંબા જેવી વાર્તાઓ બોલાય છે. મુહમદખાન બાબીએ વસ્તી ફરતો આ વખતમાં કોટ કરેલો છે અને તેની ઈમારત ચણતાં તેજ ઈંટો વાપરેલી છે. અને જ્યાં કુવા ખોદે છે ત્યાંથી અગણીત ઈંટો નીકળી આવે છે.

નરોડા :- નરોડા ગામના ખેતરોમાંથી કે જે પ્રગણા હવેલીમાં શહેરથી ત્રણ ગાઉ ઉપર છે ત્યાંથી લોખંડના ઘણા જુના કકડા મળી આવે છે તેને મંદુર કહે છે અને વૈધો તેમને તૈયાર કરીને કેટલાક રોગ ઉપર ખવરાવવાનાં કામમાં લે છે. અને પાસે તથા દુર દેશાવર લઈ જાય છે.

સોરઠ :- દેશના પર્વતોમાં કેટલીક ઉજડ જગાઓ છે. તેમાં એક એવું ઝાડ છે કે, કોઈ જીવવાળો પ્રાણી તેની હેઠળ થઈને જાય અને કોઈ પક્ષી તેની ઉપર થઈને ઉડી જાય તો તરતજ મરી જાય છે. કહે છે કે, પેશકશી લેવાને એક લશ્કર સોરઠમાં ગયું હતું. લશ્કરીઓમાંથી ફેરે જવા જંગલમાં એક માણસ ગયો હતો, અને ડાળ દાતણના વાસ્તે કાપી તેને

લઈ આવ્યો. તે દાતણ કરતાજ તેના દાંતો મોંમાથી બહાર નીકળી પડ્યા. સોરઠ સરકારના ઉના ગામની પાસે એક કુવો હતો. સારી નામની ત્યાની તલવારને તેનાથી પાણી પાતા હતા. તેથી તેનો કાટ વધી જતો. એવું કહે છે કે, કોઈ માણસ પેટ ઉપર તે તલવાર રાખીને હેઠળ બેશી તે કુવાનું પાણી પીવાનું ધારતો હતો અને ખોબામાં પાણી લઈ જેવો પીવા જાય છે કે, પાણીના લીધે મ્યાન કપાઈ જઈ તેની સાંથળો કાપી કેડ ઉપર તે તલવાર ચાલુ થઈ ગઈ અને તેને પુરો ઘાયલ કરી દીધો. તેથી લોકોએ તે કુવામાં માટી નાખી પુરી દીધો. કહે છે કે, હવે તે કુવા ઉપરની મટોડીને પાણી દેવાને વાસ્તે વાપરે છે. ઉનાની જુની તલવાર આ દેશમાં ઘણી વખણાય છે.

રાજપીપળા :- પર્વતોમાં વનસ્પતિ મળી આવે છે. જે ઔષધીમાં વપરાય છે. તેમાં મુખ્ય કરીને રગતરોડા નામનું એક ઝાડ છે તેની લાકડીને ઘશીને ચંદનની માફક કેટલાક રોગ ઉપર વૈદ્યો ખવડાવે છે.

ગિરનાર :- આ પર્વતમાં કહે છે કે, ફળવાળા અને વગર ફળના ઝાડો અને વનસ્પતિ ઘણી થાય છે. તેમાંથી એવું કહેવાય છે કે, કેટલીક બુટીઓ કીમીઆના કામમાં આવે છે. તેથી ઘણા સન્યાસીઓ તથા જોગીઓ ઘણા દુર દેશાવરથી તેની શોધમાં ત્યાં આગળ આવે છે. તેના ઉપર પાણીની ઘણી નહેરો વહે છે. તેમાં જમીયલશાનો પર્વત છે કે જ્યાંની માટીમાંથી સોનું મળી આવે છે. વર્ષાઋતુમાં ત્યાંથી એક નદી સોનરેખા નામની વહે છે તેની રેતીમાંથી સોનું નીકળે છે એ વિશે નદી નિર્મળતા વિભાગમાં કહેલું છે. એવું કહેવાય છે કે, જે લોકો ગીરનારના પહાડમાં પ્રવાસ કરે છે તે લોકો જ્યારે ત્યાંની સ્વભાવિક રીતે ઉગેલી બુટીઓ તથા ફુલો સુંઘતા. કોઈ ફુલની એવી વાસ થાય છે કે સુંઘતા વારજ માણસ સર્પ બની જાય છે. એવો એક માણસ બની ગયો અને ગભરાઈને ખોમાં ભરાઈ ગયો. તેથી જે કોઈ તે પહાડની ઉપર જાય છે તે તેને ખબર ન હોય અને ઓળખમાં ન આવતા હોય એવા ફુલ સુંઘવાથી દુર રહે છે, અને અજાણ્યા ફળ ચાખતા નથી. તથા વગર જાણ્યા ફુલ સુંઘતા નથી.

કાળીભવાની :- કહે છે કે, કાળીભવાની માતાનું મંદિર ગીરનારની સર્વથી ઉંચા શીખર ઉપર છે અને મહા મુશીબતે ત્યાં પહોંચાય છે. જ્યારે દશ માણસો ત્યાં જાય છે. તેમાંથી એક ગુમ થઈ જાય છે.

વસાલકુ :- જે જુનાગઢની પાછળ ખારા સમુદ્રની અંદર એક

માછલું થાય છે તેને થોડીવાર સૂર્યના તાપમાં મુકે તો ગળી જાય છે.


કહે છે કે જુના વખતમાં ગીરનાર પર્વત ઉપર એક પંથી સહેલ કરવા ગયેલો તે એક વાવ ઉપર પહોંચ્યો અને તેમાંથી તુંબડી ભરવાનો મનસુબો કરતો હતો કે તેને એક વાણી થઈ કે અરે સંત એમાંથી પાણી લઈશ નહિ. તે અચંબીત થઈ ડાબે જમણે જોવા લાગ્યો એને ત્યાં આગળ કોઈ જોવામાં આવ્યું નહિ. તેણે બીજી વખત પહેલા પ્રમાણે પહેલા પાણી લેવાનું ધાર્યું કે ફરીથી તેવોજ અવાજ સાંભળવામાં આવ્યો. અને ત્રણવાર એજ પ્રમાણે બન્યું છેવટે તે ન રોકાતા તે વાવમાં ગયો અને તુમડી ભરીને બહાર આવ્યો. ફરીથી અદ્રશ્ય કહેનારની વાણી સાંભળાવમાં આવી કે, લે પરંતુ રાયકાના નશીબમાં છે.

ટુંકામાં તે પંથી પહાડની હેઠળ ઉતરી આવ્યો અને પાસેની વસ્તીમાં ગયો અને એક વાણીઆની દુકાન પાસે જઈને ઉભો રહ્યો તે દુકાનદારનું રાયકા નામ હતું અને તેને તે નામની ખબર નહોતી. પછી તે તુંબડીને તેની દુકાને લટકાવી તે જોતા રહેવાનું કહી ફેરે જવાને બહાર ગયો. ભોગ જોગે તે વાણીઆની દુકાન આગળ પેલી તુંબડી હેઠળ એક પત્થરો પડેલો હતો તેની ઉપર તે તુંબડી માંથી એક ટીપું પાણી ટપક્યું તે પડતાંજ પહેલો પત્થરો સોનાનો થઈ ગયો. રાયકો આ જોઈને ઘણો અચંબામાં પડ્યો અને જાણ્યું કે આ પાણીમાં એ ગુણ છે. ઘણી ઉતાવળે તે સોનું તથા પાણી દુકાનેથી ઘેર લઈ ગયો, અને તેમને પાકા બંદોબસ્તમાં રાખી દુકાનને અગ્નિ મૂકી બાળી નાખી. જ્યારે ભડકા ઉઠ્યા ત્યારે રડવા કુટવા લાગ્યો કે જેથી લોકો ખરૂં સમજી ભૂલમાં ભરાય. એટલામાં પહેલો તુંબડીવાળો માણસ પણ આવી પહોચ્યો અને પોતાના પાણી વિશે પુછવા લાગ્યો ત્યારે તેણે જવાબ દીધો કે, પ્રગટ વિશે શો પ્રશ્ન. તારા પાણીની દરિદ્રતાથી મારી દુકાન બળી ગઈ. સાધુને તેના ગુણની માહીતી નહોતી તેથી છાનો રહ્યો. તે સાધુ ફરીથી પર્વત ઉપર ગયો અને તે વાવની ઘણી શોધ કરી પણ તે ફરીથી મળી નહિ અને અમૃત કુંડની પેઠે અલોપ થઈ ગઈ.

કહે છે કે, શ્રાવકોના ઘણા નાણા ખરચેલા દેરાંઓ જે હમણાં સુધી જોવામાં આવે છે તે રાયકાના બનાવેલા છે. તેના વંશના લોકોએ વાવને જાણી છે. પરંતુ સઘળા લોકોની પેઠે પોતાનો નિરવાહ કરે છે. પ્રભુ જાણે કે ખરી હકીકત શી છે.

સમાપ્ત

realpatidar.com


ખ્વાજા મહમૂદ
દરિયાઈ દૂલ્હા
(બીરપુર)
હઝરત
મુહમ્મદ શાહેઆલમ
(શાહઆલમ)
હઝરત શેરઅલી બાબા
(સરખેજ)
હઝરત કાજી અહમદ જુદ
(પાટણ)
હઝરત ઉસ્માન શમ્એબુર્હાન
(ઉસ્માનપુરા)
હઝરત અહમદશાહ
બાદશાહ
(અહમદઆબાદ)
પીર મહમૂદશા
બુખારી (ભડિયાદ
KALIM BOOK DEPOT AND OFFSET PRINTERS - AHMEDABAD